Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Parmar, Vimal R., 2009, *"ગુજરાત રાજ્યનાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા બાળ કામદારો' (પંચમહાલ જીલ્લાના વિશિષ્ટ સંદર્ભમાં)",* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/742

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# " CHILD LABOUR IN UNORGANISED SECTOR IN GUJARAT "
**(WITH SPECIAL REFERENCE TO PANCHMAHAL DISTRICT)**

A
THESIS

**" ગુજરાત રાજયનાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં બાળ કામદારો "**
**(પંચમહાલ જીલ્લાનાં વિશિષ્ટ સંદર્ભમાં)**

**THESIS SUBMITTED TO**
**SAURASHTRA UNIVERSITY**
**FOR THE DEGREE OF**
**DOCTOR OF PHILOSOPHY**
**IN LAW**
**UNDER THE FACULTY OF LAW**

By
**Vimal R. Parmar**
(B.Com., LL.M.)

Guided By:
**Dr. DIPTIBEN KALPAKBHAI TRIVEDI**
LECTURER
Shree P.D. Malavia Commerce College,
Rajkot.

**Registration No : 3608** **Registration Date : 28/2/2007**

**May. 2009**

**SAURASHTRA UNIVERSITY**
DEPARTMENT OF LAW
RAJKOT.

# ***CERTIFICATE***

This is to certify that work embodied in this thesis. **"CHILD LABOUR IN UNORGANISED SECTOR IN GUJARAT" (WITH SPECIAL REFERENCE TO PANCHMAHAL DISTRICT)**, has been carried out by **Mr. Vimal R. Parmar**, under my direct guidance and supervision. I also declare that work done and presented in this thesis is original and Independent.

Date : 25/05/2009
Place : Rajkot

Dr.Diptiben Kalpakbhai Trivedi
Lecturer,
Shree P.D. Malavia Commerce
College - Rajkot.

# SAUREASHTRA UNIVERSITY

DEPARTMENT OF LAW

RAJKOT.

## જાહેરનામું

આથી હું સોગંદપૂર્વ જાહેર કરું છું કે, પ્રસ્તુત મહાનિબંધ રૂપે રજૂ થયેલું સંશોધન કાર્ય મેં વિવિધ સંદર્ભગ્રથાના આધારે તૈયાર કરેલ છે. આ મહાનિબંધમાં આવતા નિરૂપણ અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક છે. આથી હું તેની મૌલિકતાની ખાતરીપૂર્વક જાહેરાત કરું છું. ઉપરાંત તેમાં રજૂ થયેલાં મંતવ્યો અને વિગતો માટે હું એકલોજ સંપૂર્ણ પણે જવાબદાર છું . તે પણ હૂં આથી જાહેર કરું છું.

તારીખ : ૨૫/૦૫/૨૦૦૯ (વિમલ આર. પરમાર)

સ્થળ : રાજકોટ સંસોશન કર્તા

# <u>*ઋણ સ્વીકાર*</u>

પ્રગટ ગુરૂ હરી પ. પુ. પ્રમુખસ્વામી મહારાજના રૂડા આશિર્વાદથી આ સંશોધન કાર્ય કરવાની મને પ્રેરણા મળેલી અને તેમના રૂડા આશિર્વાદથી આ કાર્ય પૂર્ણ થયેલ છે.

આ મહાશોધ નિબંધ લખવા માટે મને જેમણે સતત માર્ગદર્શન, પ્રેરણા, વાત્સલ્યમય વલણ અને મારા આ શોધકાર્ય માટે સતત ઉત્સાહમાં વધારો કરનાર એવા મારા માર્ગદર્શક ડો. દિપ્તીબેન કલ્પકભાઈ ત્રિવેદીનો હું સદાય ઋણી રહીશ.

મારા આ શોધકાર્યમાં પ્રેરણા અને ઉત્સાહ વધારનાર એવા ડો. કમલેશભાઈ જોશીપુરા સાહેબ (વાઈસ ચાન્સેલરશ્રી, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ) અને શ્રી કલ્પકભાઈ ત્રિવેદી સાહેબ (પ્રો. વાઈસ ચાન્સેલરશ્રી, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ) નો હું આભાર પ્રગટ કરું છું.

આ શોધકાર્યમાં મને સતત માર્ગદર્શન આપનાર મારા વડીલ શ્રી બી. એન. ગાંધીસાહેબ(ભૂતપૂર્વ એકેડેમીક સેક્રેટરીશ્રી, પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા), ડો. ઈન્દ્રાયણ સાહેબ તથા સ્ટાફ મેમ્બર્સનો હું અત્યંત આભારી છું. આ ઉપરાંત પોતાનો કિંમતી સમય આપી અને મારા સંશોધનના ભાગરૂપે માહિતી આપનાર એવા તમામ ઉત્તરદાતાઓનો તથા મારા સર્વેક્ષણ દરમ્યાન મારી સાથે રહેનાર મારા વિદ્યાર્થીઓનો પણ હું આભાર માનું છું.

શ્રીમતિ અંજલીબેન વિજયભાઈ રૂપાણી (પુજીત રૂપાણી ટ્રસ્ટ) શ્રી નિલેશભાઈ સોની (ગ્રંથપાલશ્રી, સૌરાષ્ટ્ર યુનિ., રાજકોટ), શ્રી ફાલ્ગુનભાઈ (શૈશવ, ભાવનગર) મહાત્માગાંધી લેબર ઈન્સ્ટીટયુટના અધિકારીશ્રીઓ, શ્રી ભાવસિંહભાઈ રાઠવા (માહિતી નિયામક, પંચમહાલ, ગોધરા), ડો. ગીલ સાહેબ (લેબર ડીપાર્ટમેન્ટ, ગોધરા), શ્રી પાટીલ સાહેબ (સર્વશિક્ષા અભિયાન, જિલ્લા પંચાયત ગોધરા) ઉપરાંત અમારા કોલેજના તમામ કર્મચારી ગણનો પણ આભાર પ્રગટ કરું છું.

હંમેશા મને શ્રધ્ધારૂપી દીપ પ્રગટાવી મારા આ સંશોધનકાર્યમાં સતત સાથ આપનાર અને પ્રેરણા આપનાર મારા માતા–પિતા, પત્નિ શ્રીમતી દીપા પરમાર અને મારા પુત્ર વંદનનો પણ આભાર પ્રગટ કરું છું. આ ઉપરાંત પ્રત્યક્ષ અને પરોક્ષ સાથ આપનાર તમામનો આભાર પ્રગટ કરું છું.

*....વિમલ આર. પરમાર*

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| પ્રાકકથન | | ૧ થી ૭ |
| પ્રકરણ ૧ | પૂર્વભૂમિકા | ૮ થી ૧૬ |
| ૧. | પ્રસ્તાવના | ૯ |
| ૨. | આબોહવા અને વરસાદ | ૧૦ |
| ૩. | જમીન | ૧૧ |
| ૪. | વસ્તી | ૧૧ |
| ૫. | લઘુ ઉદ્યોગો | ૧૨ |
| ૬. | મધ્યમ કદના અને મોટા ઉધોગો | ૧૩ |
| ૭. | રોજગાર | ૧૩ |
| ૮. | બિનકામદારોની સંખ્યા | ૧૪ |
| ૯. | પરિશિષ્ટ - ૧ | ૧૬ |
| પ્રકરણ ૨ | માવન અધિકારનો ખ્યાલ, ઉત્પત્તિ, વિકાસ, વિચારસરણીઓ, વર્ગીકરણ અને બાળકોના માનવ અધિકાર | ૧૭ થી ૪૨ |
| ૧. | પ્રસ્તાવના | ૧૮ |
| ૨. | માનવ અધિકારનો ખ્યાલ અને એનો ઉદ્‌ભવ | ૨૨ |
| ૩. | માનવ અધિકારોનો વિકાસ | ૨૩ |
| ૪. | ભારતમાં માનવ અધિકારનો ઉદ્‌ભવ અને વિકાસ | ૩૦ |
| ૫. | માનવ અધિકારોની વિવિધ વિચાર સરણીઓ | ૩૩ |
| | ૫.૧ કુદરતી કાયદાની વિચારસરણી | ૩૩ |
| | ૫.૨ આજ્ઞાત્મક કાયદાની વિચારસરણી | ૩૪ |
| | ૫.૩ કાનૂની વાસ્તવવાદની વિચાર સરણી. | ૩૫ |
| | ૫.૪ માર્કસવાદની વિચારસરણી | ૩૬ |
| | ૫.૫ મૂળભૂત અધિકારોની વિચાર સરણી | ૩૭ |
| ૬. | માનવ અધિકારોનું વર્ગીકરણ | ૩૮ |
| | ૬.૧ દીવાની અને રાજકીય અધિકારો | ૩૮ |
| | ૬.૨ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો | ૩૯ |
| | ૬.૩ ઐક્ય અધિકારો | ૩૯ |
| ૭. | બાળકોના માનવ અધિકારો | ૪૦ |
| | ૭.૧ જીવનનો અધિકાર | ૪૧ |
| | ૭.૨ રક્ષણનો અધિકાર | ૪૧ |
| | ૭.૩ વિકાસનો અધિકાર | ૪૨ |
| | ૭.૪ સહભાગી થવાનો અધિકાર | ૪૨ |
| પ્રકરણ - ૩ | બાળમજૂરીનો ખ્યાલ | ૪૩ થી ૬૪ |
| ૧. | પ્રસ્તાવના | ૪૪ |
| ૨. | બાળમજૂરીનો ખ્યાલ | ૪૯ |
| ૩. | બાળમજૂરીનો અર્થ અને વ્યાખ્યા | ૫૦ |

| | | |
|---|---|---|
| ૪. | ભારતમાં બાળમજૂરીનો પ્રશ્ન | ૫૨ |
| ૫. | બાળ મજૂરીનો ઉદ્દ્ભવ અને તેના કારણો | ૫૫ |
| | ૫.૧ બાળ મજૂરીનો ઉદ્દ્ભવ | ૫૫ |
| | ૫.૨ બાળ મજૂરીના કારણો | ૫૬ |
| | ૫.૨.૧ ગરીબી | ૫૬ |
| | ૫.૨.૨ બેકારી | ૫૬ |
| | ૫.૨.૩ કુટુંબની ઓછી આવક | ૫૭ |
| | ૫.૨.૪ વાલીનું મૃત્યુ | ૫૭ |
| | ૫.૨.૫ પરંપરાગત વ્યવસાય | ૫૭ |
| | ૫.૨.૬ શિક્ષણ | ૫૮ |
| | ૫.૨.૭ વિશાળ અને અશિક્ષીત કુટુંબ | ૫૮ |
| | ૫.૨.૮ બાળમજૂર એટલે સસ્તો શ્રમ | ૫૯ |
| | ૫.૨.૯ સ્થળાંતરનું પરિબળ | ૫૯ |
| | ૫.૨.૧૦ સામાજિક સુરક્ષાનો અભાવ | ૫૯ |
| | ૫.૨.૧૧ દેખાદેખીની અસર | ૬૦ |
| ૫.૩ | બાળમજૂરો સાથે સંકળાયેલા મહત્વના પ્રશ્નો. | ૬૦ |
| | ૫.૩.૧ આરોગ્ય | ૬૦ |
| | ૫.૩.૨ સ્ત્રી બાળ મજૂર | ૬૦ |
| | ૫.૩.૩ ચાલીઓના બાળકો | ૬૧ |
| | ૫.૩.૪ ફિલ્મો અને ટીવી સિરિયલોમાં કામ કરતા બાળકો | ૬૧ |
| પ્રકરણ–૪ | બાળમજૂરીના સંદર્ભમાં વિવિધ કાયદાકીય જોગવાઈ | ૬૫ થી ૧૦૦ |
| ૧. | પ્રસ્તાવના | ૬૭ |
| ૨. | ભારતીય બંધારણ | ૬૮ |
| | ૨.૧ મૂળભૂત અધિકારો | ૬૮ |
| | ૨.૧.૧ અનુચ્છેદ – ૧૫ | ૬૯ |
| | ૨.૧.૨ અનુચ્છેદ – ૨૧ | ૬૯ |
| | ૨.૧.૩ અનુચ્છેદ ૨૩ | ૭૦ |
| | ૨.૧.૪ અનુચ્છેદ ૨૪ | ૭૦ |
| ૨.૨ | રાજ્યનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો | ૭૨ |
| | ૨.૨.૧ માર્ગદર્શક સિધ્ધાંતોની મૂળભૂતતા | ૭૩ |
| | ૨.૨.૨ અનુચ્છેદ ૩૯ | ૭૪ |
| | ૨.૨.૩ અનુચ્છેદ ૪૫ | ૭૪ |
| | ૨.૩ અનુચ્છેદ ૫૧ એ | ૭૪ |
| | ૨.૩.૧ અનુચ્છેદ ૫૧ એ (કે) | ૭૪ |
| ૩. | અન્ય કાયદાકીય જોગવાઈઓ | ૭૫ |
| | ૩.૧ ભારતીય કરારધારો - ૧૮૭૨ | ૭૫ |
| | ૩.૨ કારખાના ધારો ૧૮૮૧ | ૭૬ |
| | ૩.૩ વાલીઓ અને આશ્રિતો અંગેનો કાયદો ૧૮૯૦ | ૭૬ |
| | ૩.૪ ખાણનાં કાયદો ૧૯૦૧ | ૭૮ |
| | ૩.૫ કારખાનાંનો કાયદો ૧૯૯૧ | ૭૮ |

| | | | |
|---|---|---|---|
| | ૩.૬ | કારખાનાનો (સુધારા) કાયદો ૧૯૨૨ | ૭૮ |
| | ૩.૭ | ભારતીય ખાણનો કાયદો ૧૯૨૩ | ૭૯ |
| | ૩.૮ | કારખાનાં (સુધારા) નો કાયદો ૧૯૨૬ | ૭૯ |
| | ૩.૯ | ભારતીય બંદર (સુધારા) ધારો - ૧૯૯૧ | ૭૯ |
| | ૩.૧૦ | બાળ (મજૂરી ગીરવી મૂકવા અંગેનો) ધારો ૧૯૩૩ | ૭૯ |
| | ૩.૧૧ | કારખાના (સુધારા) ધારો ૧૯૩૪ | ૮૧ |
| | ૩.૧૨ | ખાણ (સુધારા) ધોરો ૧૯૩૫ | ૮૧ |
| | ૩.૧૩ | ધી એમ્પલોયમેન્ટ ઓફ ચિલ્ડ્રન એકટ ૧૯૩૮ | ૮૨ |
| | ૩.૧૪ | ફેકટરી એકટ ૧૯૪૮ | ૮૨ |
| | ૩.૧૫ | લઘુત્તમ વેતનધારો ૧૯૪૮ | ૮૩ |
| | ૩.૧૬ | ગુમાસ્તાધારો ૧૯૪૮ | ૮૪ |
| | ૩.૧૭ | એમ્પ્લોયમેન્ટ ઓફ ચિન્ડ્રન સુધારા) ધારો ૧૯૫૧ | ૮૫ |
| | ૩.૧૮ | ધી પ્લાન્ટેશન ૧૯૫૧ (બગીચા ધારો) | ૮૫ |
| | ૩.૧૯ | ખાણનો કાયદો ૧૯૫૨ | ૮૭ |
| | ૩.૨૦ | કારખાનાનો (સુધારા) કાયદો ૧૯૫૪ | ૮૮ |
| | ૩.૨૧ | વ્યાપારી વહાણવટા ધારો ૧૯૫૮ | ૮૮ |
| | ૩.૨૨ | મોટર વાહન કામદાર ધારો ૧૯૬૧ | ૯૦ |
| | ૩.૨૩ | ધી એપ્રેન્ટીશીપ એકટ ૧૯૫૮ | ૯૨ |
| | ૩.૨૪ | અણુશક્તિધારો ૧૯૬૨ | ૯૪ |
| | ૩.૨૫ | બીડી અને સીગારેટ કામદાર (રોજગારી શરતો) ૧૯૬૬ | ૯૪ |
| | ૩.૨૬ | વેઠપ્રથા (નાબુદી) ધારો ૧૯૭૬ | ૯૫ |
| | ૩.૨૭ | ધી એમ્પ્લોયમેન્ટ ઓફ ચિલ્ડ્રન (સુધારા) ધારો ૧૯૭૮ | ૯૬ |
| | ૩.૨૮ | બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬ | ૯૬ |

પ્રકરણ–૫ બાળમજૂરીના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીયસ્તરે યોજાયેલા વિવિધ સંમેલનો, વિવિધ સમિતિઓની ભલામણો અને વિવિધ યોજનાઓ — ૧૦૧ થી ૧૬૯

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | | ૧૦૪ |
| ૨. | ઔધોગિકરણ પહેલા બાળમજૂરી | | ૧૦૫ |
| ૩. | ઔધોગિકરણની અસરો | | ૧૦૫ |
| ૪. | આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની ભૂમિકા | | ૧૦૬ |
| | ૪.૧ | યુવાન વ્યક્તિઓ તેમજ બાળકોની રોજગારી અંગેના આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાના ઠરાવો. | ૧૦૭ |
| | ૪.૨ | ઠરાવો અને ભલામણો વચ્ચેનો ભેદ | ૧૦૭ |
| | ૪.૩ | લઘુત્તમ વયને લગતા ઠરાવો. | ૧૦૮ |
| | ૪.૩.૧ | ૧૯૧૯નો ઠરાવ ક્રમાંક ૫ | ૧૦૮ |
| | ૪.૩.૨ | ૧૯૨૦નો ઠરાવ ક્રમાંક ૭ | ૧૦૯ |
| | ૪.૩.૩ | ૧૯૨૧ નો ઠરાવ ક્રમાંક ૧૦ | ૧૧૦ |
| | ૪.૩.૪ | ૧૯૨૧નો ઠરાવ ક્રમાંક ૧૫ | ૧૧૧ |
| | ૪.૩.૫ | ૧૯૩૨નો ઠરાવ ક્રમાંક ૩૩ | ૧૧૧ |
| | ૪.૩.૬ | ૧૯૩૬ નો ઠરાવ ક્રમાંક ૫૮ | ૧૧૨ |
| | ૪.૩.૭ | ૧૯૩૭ નો ઠરાવ ક્રમાંક ૫૯ | ૧૧૨ |

| | | | |
|---|---|---|---|
| | | ૪.૩.૮ ૧૯૩૭નો ઠરાવ ક્રમાંક ૬૦ | ૧૧૩ |
| | | ૪.૩.૯ ૧૯૬૫નો ઠરાવ ક્રમાંક ૧૨૩ | ૧૧૪ |
| | | ૪.૩.૧૦ ૧૯૭૩નો ઠરાવ ક્રમાંક ૧૩૮ | ૧૧૫ |
| | ૪.૪ | તબીબી તપાસને વગતા ઠરાવો. | ૧૧૫ |
| | | ૪.૪.૧ ૧૯૨૧ નો ઠરાવ ક્રમાંક ૧૬ | ૧૧૫ |
| | | ૪.૪.૨ ૧૯૬૫નો ઠરાવ ક્રમાંક ૧૨૪ | ૧૧૬ |
| | ૪.૫ | રાત્રિ દરમ્યાનનાં કામને લગતા ઠરાવો. | ૧૧૭ |
| | | ૪.૫.૧ ૧૯૧૯નો ઠરાવ ક્રમાંક ૬ | ૧૧૭ |
| | | ૪.૫.૨ ૧૯૪૬ નો ઠરાવ ક્રમાંક ૭૯ | ૧૧૮ |
| | | ૪.૫.૩ ૧૯૪૮નો ઠરાવ ક્રમાંક ૯૦ | ૧૧૮ |
| ૫. | બાળકોના અધિકારો | | ૧૧૯ |
| ૬. | સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણા | | ૧૨૦ |
| | ૬.૧ | પ્રસ્તાવના | ૧૨૦ |
| | ૬.૨ | આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાનો પ્રતિસાદ | ૧૨૩ |
| | ૬.૩ | સંયુકત રાષ્ટ્રસંઘના પ્રયાસો | ૧૨૪ |
| ૭. | વૈશ્વિક શિખર સંમેલન | | ૧૩૧ |
| | ૭.૧ | પ્રસ્તાવના | ૧૩૧ |
| | ૭.૨ | વૈશ્વિક શિખર સંમેલનના ધ્યેયો | ૧૩૧ |
| | ૭.૩ | દુનિયાના બાળકોની હાલત | ૧૩૨ |
| | ૭.૪ | ૧૯૯૨માં પ્રકાશિત થયેલ બાળકો અંગેના વિશ્વ વાલ પ્રમાણે | ૧૩૩ |
| ૮. | આંતરરાષ્ટ્રીય બાળમજૂરી નાબૂદી કાર્યક્રમ (આઇપેક) | | ૧૩૬ |
| | ૮.૧ | ઉદ્દેશો અને કાર્ય | ૧૩૬ |
| | ૮.૨ | ભારત અને આઇપેક | ૧૩૯ |
| | ૮.૩ | આઇપેકના કાર્યક્રમનાં ક્ષેત્રો | ૧૩૯ |
| ૯. | સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણા | | ૧૪૩ |
| ૧૦. | ભારત સરકાર દ્વારા રચાયેલી વિવિધ સમિતિઓ | | ૧૪૩ |
| | ૧૦.૧ | રોયલ કમિશન | ૧૪૩ |
| | ૧૦.૨ | ગુરૂપ્રસાદ સમિતિ | ૧૪૫ |
| ૧૧. | રાષ્ટ્રિય બાળનીતિ | | ૧૪૬ |
| | ૧૧.૧ | પ્રસ્તાવના | ૧૪૬ |
| | ૧૧.૨ | નીતિ અને ઉપાય | ૧૪૭ |
| | ૧૧.૩ | કાર્યક્રમ બનાવવામાં પ્રાથમિકતા | ૧૪૯ |
| | ૧૧.૪ | રાષ્ટ્રિય બાળ મંડળની રચના | ૧૪૯ |
| | ૧૧.૫ | સ્વયં સેવક સંગઠનોની ભૂમિકા | ૧૫૦ |
| | ૧૧.૬ | વૈધાનિક અને વહીવટી ઉપાય | ૧૫૦ |
| ૧૨. | નેશનલ એકશન પ્લાન ૧૯૯૨ | | ૧૫૧ |
| | ૧૨.૧ | પ્રસ્તાવના | ૧૫૧ |
| | ૧૨.૨ | ૧૯૯૧-૨000 દરમ્યાન સ્ત્રી બાળકો માટે 'સાર્ક' એકશન પ્લાન | ૧૫૨ |
| ૧૩. | નેશનલ ચાઇલ્સ લેબર પોલીસી - ૧૯૮૭ | | ૧૫૨ |

| | | |
|---|---|---|
| | ૧૩.૧ પ્રસ્તાવના | ૧૫૨ |
| | **૧૩.૨ ધારાકીય યોજના** | ૧૫૨ |
| | **૧૩.૩ મોજણી અને મૂલ્યાંકન.** | **૧૫૪** |
| **૧૪.** | **નેશનલ ચાઇલ્ડ પ્રોજેકટ** | **૧૫૪** |
| **૧૫.** | **બાળ મજૂરી દૂર કરવા માટેની રાષ્ટ્રીય સત્તામંડળ, ૧૯૯૪** (નેશનલ ઓથોરીટી ફોર એલીમીનેશન ઓફ ચાઇલ્ડ લેબર - ૧૯૯૪) | **૧૫૫** |
| | ૧૫.૧ પ્રસ્તાવના | ૧૫૫ |
| | **૧૫.૨ સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન** | **૧૫૬** |
| | **૧૫.૩ બાળ મજૂરીની નાબૂદી માટે આંતર રાષ્ટ્રીય કાર્યક્રમ** | **૧૫૭** |
| | **૧૫.૪ શેરીના બાળકો માટે સંકલિત કાર્યક્રમ** | **૧૫૮** |
| | **૧૫.૫ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોને સેવા (સગવડતા)** | **૧૫૯** |
| | **૧૫.૬ ચાઇલ્ડ લાઇન સેવા દાખલ કરવી.** | **૧૫૯** |
| | **૧૫.૭ ગુજરાત રાજ્યમાં ચાઇલ્ડ લાઇનની સેવા** | **૧૬૦** |
| **૧૬.** | **રાષ્ટ્રીય બાળ શ્રમ નીતિ** | **૧૬૦** |
| **૧૭.** | **નેશનલ ચાઇલ્ડ લેબર પ્રોજેકટ** | **૧૬૧** |
| | **૧૭.૧ NCLP Society** | **૧૬૩** |



| | | |
|---|---|---|
| પ્રકરણ–૬ | બાળ મજૂરીના સંદર્ભમાં ભારતની સુપ્રિમકોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા વિવિધ ચુકાદાઓ | ૧૭૦ થી ૧૮૮ |
| ૧. | પ્રસ્તાવના | ૧૭૧ |
| **૨.** | **સુપ્રિમ કોર્ટ ચુકાદા** | **૧૭૧** |
| | **૨.૧ ફ્રાન્સિસ મુલીન વિ. પ્રશાસક, કેન્દ્ર શાસિત વિસ્તાર દીલ્હી** | **૧૭૨** |
| | **૨.૨ ફર્ટીલાઇઝર** કોર્પોરેશન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા | ૧૭૨ |
| | **૨.૩ સલાલ હાઇડ્રોપ્રોજેકટ વિ. જમ્મુ એન્ડ કશ્મીર રાજ્ય** | **૧૭૩** |
| | **૨.૪ લક્ષ્મીકાંત વિ. યુનિયન ઓફ ઇન્ડીયા** | **૧૭૩** |
| | **૨.૫ પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઇટ્સ વિ. યુનિયન ઓફ ઇન્ડીયા** | **૧૭૩ / ૧૭૪** |
| | **૨.૬ બંધુઆ મુક્તિ મોરચા વિ.** ભારત સંઘ | ૧૭૫ |
| | **૨.૭ મોહિની જૈન વિ.** સ્ટેટ ઓફ કર્નાટક | ૧૭૫ |
| | **૨.૮ જે.પી.ઉન્નીક્રિશ્નન વિ. સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ** | **૧૭૬** |
| | **૨.૯ એમ. સી. મહેતા વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ** | **૧૮૫** |
| ૩. | ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ | ૧૮૫ |
| | **૩.૧ સત્યપાલ આનંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત** | **૧૮૫** |
| | **૩.૨ સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભુપેન્દ્રકુમાર જગજીવનદાસ પટેલ** | **૧૮૬** |
| | **૩.૩ મે.હરીયા જીંનીગ એન્ડ પ્રેસીંગ ફેકટરી વિ. મામલતદાર અને બીજાઓ.** | **૧૮૭** |

| | | |
|---|---|---|
| પ્રકરણ–૭ | બાળ મજૂરીના સંદર્ભે કામકરતી વયં સેવી સંસ્થાઓ અને તેની ભૂમિકા | ૧૮૯ થી ૧૯૮ |
| ૧. | પ્રસ્તાવના | ૧૯૦ |
| ૨. | **બાળમજૂરીને નાથવામાં સક્રિય રીતે પ્રવૃત્ત એવી કેટલીક ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ** | **૧૯૨** |
| | **૨.૧ શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ રાજકોટ** | **૧૯૨** |
| | **૨.૨ 'શૈશવ', ભાવનગર** | **૧૯૪** |
| | **૨.૩ બાળકામદારો (છોકરીઓ)નું પુન સ્થાપન અમદાવાદ** | **૧૯૫** |
| ૩. | ગુજરાત રાજય સિવાયના અન્ય પ્રકલ્પો | ૧૯૬ |
| | **૩.૧ ભારતીય ગ્રામીણ કામદાર સંસ્થાન (આંધ્રપદેશ)** | **૧૯૬** |
| | **૩.૨ જય રેગેન્દ્ર ચીંથરા ઉપાડનારાઓની પરિયોજના (પ્રકલ્પ), બંગલોર** | **૧૯૬** |
| પ્રકરણ–૮ | પંચમહાલ જીલ્લાના અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા બાળ કામદારોનો સર્વે | ૧૯૯ થી ૨૨૯ |
| ૧. | પ્રસ્તાવના | ૨૦૦ |
| ૨. | સર્વેનો અહેવાલ | ૨૦૧ |
| પ્રકરણ–૯ | **ઉપસંહાર અને સૂચનો** | ૨૩૦ થી ૨૪૨ |
| ૧. | ઉપસંહાર | ૨૩૧ |
| **૨.** | **સૂચનો** | **૨૪૦** |

Appendix

૧. ઓફીસીયલ ગેઝેટની ફોટોકોપી

૨. એન.સી.એલ.પી. પ્રોજેકટ શાળાના વિદ્યાર્થીઓની
મોજણી પત્રકની ફોટોકોપી

૩. પ્રશ્નાવલી

૪. પ્રથમવર્ગના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ સમક્ષ બાળમજૂર
અંગે કેસ કરવા દાખલ કરવા માટેનો નિયત કરેલો નમૂનો

૫. સર્વશિક્ષા અભિયાન(પંચમહાલ) નો રીપોર્ટ

સંદર્ભસૂચિ

કાયદાઓ

ચુકાદાઓ

પ્રસિદ્ધ થયેલા અહેવાલો

સંદર્ભગ્રંથ

અંગ્રેજી

ગુજરાતી

અપ્રકાશિત મહાનિબંધ

સામયિકો અને સમાચાર પત્રો

રીપોર્ટસ (કાયદા)

વેબસાઈટ

ફોટોગ્રાફસ

પ્રેસકટીંગ્સ

# પ્રાકકથ્થન

**૧. પ્રસ્તાવના :-**

બાળકોથી જ કોઇ પણ રાષ્ટ્રનો ભાવિ નાગરિક અને સમાજ બને છે. વસ્તુત: કોઇપણ રાષ્ટ્રનું ભાવિ એના બાળકોના હાથમાં હોય છે. સમાજના વિવિધ ક્ષેત્રોની સજ્જતા, નિષ્ઠા તેમજ પ્રવર્તમાન કાયદાઓનું પાલન કરવાની વૃત્તિ વગેરે પરિબળો જ, નિ:સંદેહ, રાષ્ટ્રના વિકાસ અને પ્રગતિમાં સહાયક પુરવાર થાય છે. અત: બાળકના સર્વાંગી વિકાસ માટે સમાજમાં કેવા પ્રકારની સુવિધાઓ અને કાયદા દ્વારા કેવા અધિકારો આપવામાં આવ્યા છે એ બાબત ખૂબ જ મહત્વની સાબિત થાય છે. બીજા વિશ્વયુદ્ધના ભયંકર વિનાશકારી પરિણામો તેમજ તાનાશાહી શાસકો દ્વારા સમાજમાં સર્જવામાં અનિષ્ટ વ્યવસ્થા અને અમાનવીય અત્યાચારોના કારણે ઉદ્ભવેલ વિવિધ પ્રકારની સમસ્યાઓનું નિરાકરણ લાવવાના શુભ હેતુથી આંતરરાષ્ટ્રીય સંસ્થા, સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ૧૯૪૮માં માનવ અધિકારોની ઘોષણા કરવામાં આવી. બેશક, ઘોષિત કરવામાં આવેલ માનવ અધિકારો કાયદાથી બંધનકર્તા નથી. એના અમલનો આધાર રાજ્યોની શુભનિષ્ઠા પર રહેલ છે. વિશ્વના લગભગ તમામ દેશોમાં માનવ અધિકારો સ્વીકૃતિ પામ્યા છે. માનવ અધિકાર એટલે “Right thought to belong to the individual under natural law as a consequence of his/her being human.”

સ્વતંત્રતા પ્રાપ્તિ (૧૯૪૭) બાદ ભારતની બંધારણ સભાએ નિર્મિત કરેલ બંધારણમાં (૧૯૫૦) મૂળભૂત અધિકારોને સમાવિષ્ટ કર્યા છે એટલું જ નહિ પણ એમને ન્યાયિક અધિકારોનું સ્વરૂપ પણ આપ્યું છે. આ અધિકારો ભારતના પ્રત્યેક નાગરિકને  જાતિ, ધર્મ, સંપ્રદાય, લિંગ અને ભાષા વગેરેના કોઇપણ પ્રકારના ભેદભાવ વગર પ્રાપ્ત છે. આ અધિકારોથી પ્રત્યેક ભારતીય નાગરિકને સ્વતંત્રતા અને

સમાનતાના અધિકાર પ્રાપ્ત થયા છે. વધુમાં બંધારણમાં ભારતને એક કલ્યાણકારી રાજ્ય બનાવવા માટેની પ્રતિબધ્ધતા પણ વ્યક્ત કરવામાં આવી છે. આથી સરકાર બાળકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને વિકાસ પ્રત્યે ઉદાસીન રહી શકે નહિ.

## ૨. સંશોધનની દરખાસ્ત :-

વિશ્વમાં ઝડપથી થઇ રહેલ વૈશ્વીકરણ અને જ્ઞાનના વિસ્ફોટની પ્રક્રિયાના વાતાવરણમાં, વિશ્વના અન્ય પ્રગતિશીલ અને સમૃધ્ધ દેશોની સમકક્ષ થવા માટે ભારતે પ્રત્યેક ક્ષેત્રમાં સુસજ્જ થવું અનિવાર્ય બનેલ છે. આવી સ્થિતિનું નિર્માણ બાળકો ભાવિ નાગરિકોને યોગ્ય રીતે સુસજ્જ બનાવવા પર નિર્ભર છે. પણ ભારતમાં આજે પણ બાળ શ્રમ/મજૂરીની અનિષ્ટ પ્રથા સારા એવા પ્રમાણમાં અસ્તિત્વમાં છે. આના કારણે બાળકોનો વિકાસ રૂંધાય છે. બાળકોને સાંપ્રત સમયની જરૂરીયાતોને પૂર્ણ કરે એ રીતે સુસજ્જ કરવા પડે.

ગુજરાત રાજયના બાળમજૂરોનો અભ્યાસ કરનાર ઇન્દિરા હિરવેએ પોતાના ક્ષેત્રીય કાર્ય દ્વારા પ્રાપ્ત કરેલ વિગતોના આધારે આપેલ નિષ્કર્ષોથી એમની સ્થિતિ સ્પષ્ટ થાય છે. ૬ થી ૧૪ વર્ષની વયજૂથના લગભગ ઘણાખરાં બાળકો આર્થિક પ્રવૃત્તિઓમાં સહભાગી થાય છે. તેઓ સરેરાશ અઠવાડિક ૨૨ કલાક એટલે કે રોજના ૩ થી ૪ કલાક આવી પ્રવૃત્તિઓ કરે છે. ૬ થી ૯ વર્ષની વયજૂથના બાળકો સરેરાશ અઠવાડિક ૧૭ કલાક એટલે કે રોજના ૨.૫ કલાક આવી પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે છે. નીચે આપેલ કોઠાથી ગુજરાતના બાળમજૂરોની સ્થિતિ વધુ સ્પષ્ટ થશે.[૧]

---

[૧] ઈન્દીરા હિરવે, દ. મહાદેવીયા, ગુજરાતનો માનવ વિકાસ અહેવાલ : ૨૦૦૪, મહાત્માગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ(પ્ર.વ.ન.), પૃ. ૧૬૧–૧૬૨.

| | આર્થિક પ્રવૃત્તિ | વય જૂથ ૬-૯ વર્ષ | | | વય જૂથ ૬-૧૪ વર્ષ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | છોકર | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ |
| ૧. | પાક ખેતી આંગણ | ૨.૦૪ | ૧.૫૫ | ૧.૮૨ | ૪.૮૬ | ૩.૫૩ | ૪.૨૭ |
| | શાકવાડી | (૪.૨૮) | (૫.૫૨) | (૪.૬૭) | (૧૮.૫૪) | (૨૨.૩૩) | (૧૯.૭૦) |
| ૨. | પશુપાલ | ૫.૭૦ | ૯.૨૮ | ૭.૨૮ | ૮.૮૯ | ૧૪.૪૩ | ૧૧.૩૬ |
| | | (૧૫.૧૨) | (૧૦.૮૬) | (૧૨.૮૦) | (૧૮.૬૩) | (૧૧.૬૭) | (૧૪.૭૩) |
| ૩. | મચ્છીમારી, વન બાગાયત, બાગકામ | ૦.૪૧ | ૦.૨૬ | ૦.૩૪ | ૦.૩૪ | ૦.૩૧ | ૦.૩૨ |
| | | (૭.૯૩) | (૧૦.૫૦) | (૮.૪૯) | (૩.૮૪) | (૭.૪૯) | (૫.૩૮) |
| ૪. | ફળ, પાણી, છોડ વગેરે એકત્રિત કરવા, સંગ્રહવા | ૧.૬૩ | ૫.૧૫ | ૩.૧૯ | ૩.૩૫ | ૯.૪૫ | ૬.૦૮ |
| | | (૧૩.૪૧) | (૮.૮૩) | (૧૦.૨૦) | (૯.૩૪) | (૧૧.૧૨) | (૧૦.૫૫) |
| ૫. | બાંધકામ પ્રવૃત્તિ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૫ | ૦.૨૧ | ૦.૨૩ |
| | | (૦.૦૦) | (૦.૦૦) | (૦.૦૦) | (૬૧.૬૫) | (૬૦.૫૩) | (૬૧.૬૬) |
| ૬. | ઉત્પાદન પ્રવૃત્તિ | ૦.૪૧ | ૦.૦૦ | ૦.૨૩ | ૦.૮૪ | ૦.૬૨ | ૦.૭૪ |
| | | (૬.૬૪) | (૦.૦૦) | (૬.૬૪) | (૧૩.૬૬) | (૭.૭૫) | (૧૦.૬૫) |
| ૭. | રાષ્ટ્રીય હિસાબ પધ્ધતિની બધી જ પ્રવૃત્તિઓ | ૧૩.૧૮ | ૧૩.૬૨ | ૧૩.૪૦ | ૮.૮૯ | ૧૪.૪૩ | ૧૧.૩૬ |
| | | (૧૬.૪૫) | (૧૩.૬૧) | (૧૫.૦૦) | (૨૨.૨૦) | (૨૦.૪૨) | (૨૧.૨૮) |

કૌંસની બહારના આંકડા (૧૯૯૯-૨૦૦૦) આર્થિક પ્રવૃત્તિઓમાં બાળકોના સહયોગની ટકાવારી દર્શાવે છે, જ્યારે કૌંસમાં આપેલ આંકડા (૧૯૯૯-૨૦૦૦) સરેરાશ અઠવાડિક કલાક દર્શાવે છે.

આદિવાસીઓ અને પછાત ગણાતા વર્ગોમાં અક્ષરજ્ઞાનનું મહત્વ ઓછું હોય છે. માબાપોને બાળકોના શિક્ષણમાં રસ હોતો નથી, અને તેઓ શિક્ષણને જીવન માટે ઉપયોગી હોવાનું માનતા નથી. આથી એમના બાળકો એક યા બીજા પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં લાગી જાય છે. ગુજરાતનો પંચમહાલ જિલ્લો સામાજિક, શૈક્ષણિક અને આર્થિક દૃષ્ટિએ પછાત છે. જિલ્લાની વસ્તીમાં

આદિવાસીઓ અને પછાત વર્ગની બહુમતી છે. જિલ્લામાં સારા એવા પ્રમાણમાં બાળમજૂરો અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરે છે. પ્રવર્તમાન કાયદાઓના સંદર્ભમાં પંચમહાલના અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત બાળમજૂરોની સમસ્યાનો અભ્યાસ સંશોધનકારે રજૂ કરવા વિચારેલ છે.

## ૩. હેતુઓ :-

૧. માનવ અધિકારો તેમજ બાળમજૂરીના ખ્યાલની સમજને સ્પષ્ટ કરવી.

૨. બાળમજૂરીના સંદર્ભમાં અમલી કાયદાઓમાં કરવામાં આવેલ વિવિધ જોગવાઇઓની ચકાસણી કરવી.

૩. બાળમજૂરોના સંદર્ભમાં રાષ્ટ્ર તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાયેલ વિવિધ સંમેલનો તથા યોજનાઓની માહિતી જાણવી.

૪. બાળમજૂરોની સમસ્યાના ઉદ્‌ભવ માટે જવાબદાર પરિબળોની જાણકારી મેળવવી.

૫. ભારતની સર્વોચ્ચ અદાલત અને ગુજરાતની ઉચ્ચ ઉદાલતે બાળમજૂરીના સંદર્ભમાં આપેલ ચુકાદાઓની ચકાસણી કરવી.

૬. પંચમહાલમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા બાળમજૂરીની સમસ્યાનો અભ્યાસ ક્ષેત્રીય કાર્યથી કરવો અને પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ કરી, સમસ્યાને સમજવી.

## ૪. સંશોધનની અવધારણા :-

સંશોધનકર્તા પોતાના સંશોધનના વિષયથી પ્રસ્તુત હોય એવી અવધારણા નીચે મુજબની છે.

૧. શું બાળકો ખરેખર એમને પ્રાપ્ત અધિકારો ભોગવે છે ?

૨. શું બાળમજૂરીની નાબૂદી માટે કરવામાં આવેલ કાયદાકીય જોગવાઇઓ પર્યાપ્ત છે ?

૩. શું બાળમજૂરી નાબૂદ કરવાના સંબંધિત કાયદાઓનો અમલ યોગ્ય અને વ્યવસ્થિત રીતે કરવામાં આવે છે ?

૪. શું બાળમજૂરીનું પ્રમાણ ઘટી રહ્યું છે ?

**૫. અભ્યાસના ક્ષેત્રની મર્યાદા :-**

ગુજરાતમાં ઉપલબ્ધ ઉત્પાદનના વિવિધ તેમજ રોજગારના અન્ય ક્ષેત્રોમાં બાળ કામદારો સારા એવા પ્રમાણમાં કાર્યરત છે. અને એમનું આર્થિક શોષણ થાય છે એ નિર્વિવાદ બાબત છે. ગુજરાતના ૨૬ જિલ્લાઓના વિવિધ સ્થળો પર સંગઠિત તેમજ અસંગઠિત ક્ષેત્રોમાં કાર્ય કરતા તેમજ પ્રચ્છન્ન રીતે કાર્યરત બાળમજૂરોનો વિશાળ ફલક (કેનવાસ) પર અભ્યાસ ખૂબ વધુ શ્રમ અને સમય માંગી લે, સંશોધક કોલેજમાં પૂર્ણ સમયના અધ્યાપક હોવાથી તેને પોતાના સંશોધનનું ક્ષેત્ર મર્યાદિત બનાવ્યું છે. પણ આ મર્યાદિત ક્ષેત્રમાં સમસ્યાનો ઊંડાણપૂર્વક અધ્યયન કરવાનો પ્રયાસ કર્યો છે. બાળમજૂરોથી સંબંધિત કાયદાઓ, અદાલતોના ચુકાદાઓ, સરકારની યોજનાઓ અને ક્ષેત્રીય કાર્ય દ્વારા પ્રાપ્ત કરેલ માહિતીના આધારે સંશોધકે પોતાના અભ્યાસ અને તારણોને રજૂ કર્યા છે.

## ૬. માહિતી અને પધ્ધતિ :-

(૧) આ સંશોધન કાર્ય એક સામાજીક અને કાયદાકીય વ્યવસ્થાનો અભ્યાસ છે. આથી અભ્યાસને પ્રસ્તુત હોય એવી માહિતી મેળવવા માટે ક્ષેત્રીયા કાર્ય કરવું પડે. માહિતી મેળવવા માટે એક પ્રશ્નાવલી તૈયાર કરી છે. આ પ્રશ્નાવલી ભરાવવા માટે તેમજ બાળમજૂરોનું પ્રત્યક્ષ નિરિક્ષણ કરવા જિલ્લાના વિવિધ તાલુકાઓના પસંદ કરેલ ગામોની મુલાકાત લેશે.

(૨) કાયદાના પુસ્તકો, કાયદાનાં મેગેઝીનો, સમાચારપત્રો, ઓલ ઇન્ડિયા રીપોર્ટર, Socio-Economic Review, સરકારી ગેઝેટ વેબ સાઇટ્સ (ઇન્ટરનેટ), આંતરરાષ્ટ્રીય દસ્તાવેજો વગેરેનો ઉપયોગ કરશે.

(૩) અંગ્રેજી અને ગુજરાતીમાં પ્રસિધ્ધ થયેલ વિષયથી પ્રસ્તુત ગ્રંથો.

## ૭. જ્ઞાનનાં વધારા માટે ફાળો :-

વર્તમાન સંશોધન બાળશ્રમની સમસ્યા વિશે સંશોધન કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ, સંશોધનકર્તાને ઉપયોગી થશે.

વર્તમાન સંશોધન વિષયનાં શિક્ષકો માટે ઉપયોગી થશે.

વર્તમાન સંશોધન અધ્યયનના આધારે સરકારી કે બિન સરકારી સંગઠનો કે જે માનવ અધિકાર અને બાળ કામદારોનાં જતન માટે કાર્યરત છે તેમને ઉપયોગી માર્ગદર્શન મળી રહેશે.

## ૮. સંશોધન આયોજન :–

૧. પૂર્વભૂમિકા : પંચમહાલ જિલ્લાના ભૂસ્ચના વગેરેની ભૌગોલિક સ્થિતિની માહિતી

૨. માનવ અધિકારનો ખ્યાલ, ઉદ્‌ભવ, વિકાસ, વિચારસરણીઓ, વર્ગીકરણ અને બાળકોના માનવ અધિકાર

૩. બાળમજૂરીનો ખ્યાલ

૪. બાળમજૂરીના સંદર્ભમાં વિવિધ કાયદાકીય જોગવાઇઓ

૫. બાળમજૂરીના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે યોજાયેલ વિવિધ સંમેલનો, વિવિધ સમિતિઓની ભલામણો અને વિવિધ યોજનાઓ.

૬. બાળમજૂરીના સંદર્ભમાં ભારતની સુપ્રીમ કોર્ટ અને ગુજરાતની હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલ વિવિધ ચુકાદાઓ.

૭. એન.જી.ઓ. અને તેની ભૂમિકા

૮. પંચમહાલ જિલ્લાના અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા બાળ કામદારોનો સર્વે અને તેના તારણો

૯. ઉપસંહાર અને સૂચનો

# પ્રકરણ : ૧
# પૂર્વભૂમિકા

૧. પ્રસ્તાવના
૨. આબોહવા અને વરસાદ
૩. જમીન
૪. વસ્તી
૫. લઘુ ઉદ્યોગો
૬. મધ્યમ કદના અને મોટા ઉદ્યોગો
૭. રોજગાર
૮. બિનકામદારોની સંખ્યા
૯. પરિશિષ્ટ - ૧

# પ્રકરણ : ૧

# પૂર્વભૂમિકા

## ૧. પ્રસ્તાવના

ગ્વાલિયરના સિંધિયા શાસન હેઠળ હાલોલ, કાલોલ, ગોધરા, ઝાલોદ અને દાહોદ મહાલોની સંખ્યા પાંચ હોવાથી એમના પ્રદેશ વિસ્તારનું 'પંચમહાલ' તરીકે નામાભિધાન કરવામાં આવ્યું. આ પ્રદેશનો વહીવટ હાલોલની નજીક આવેલ ચાંપાનેર-પાવાગઢથી કરવામાં આવતો. વિપુલ પ્રમાણમાં ચંદનના વૃક્ષો અને જંગલી હાથીઓના પ્રદેશ તરીકે ઓળખાતો 'પંચમહાલ' બ્રિટિશ શાસન દરમિયાન મુંબઇ ઇલાકાનો એક જિલ્લો હતો. આ જિલ્લામાં લુણાવાડા, સંજેલી સંતરામપુર, જાંબુઘોડા અને દેવગઢ બારીયાના દેશી રાજ્યો પણ આવેલ હતા. ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ના રોજ બ્રિટિશ 'તાજ'ના શાસનનો અંત આવવાની સાથે આ રાજ્યો પણ સ્વતંત્ર બન્યા. સ્વતંત્ર બનેલ ભારત અખંડિત રહે એ માટે ઉપપ્રધાનમંત્રી તથા ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલે કરેલ કુનેહ પૂર્વકના પ્રયાસોના પરિણામે આ રાજ્યો ભારત સંઘમાં જોડાતાં, એમનો સમાવેશ પંચમહાલ જિલ્લામાં કરવામાં આવ્યો. ૧૯૫૬માં પુનઃ ગઠિત થયેલ આ જિલ્લો દ્વિભાષી મુંબઇ રાજ્યનો એક ભાગ બન્યો. ૧૯૬૦માં ભાષાવાર રાજ્યની રચના થતાં ગુજરાતનું અલગ રાજ્ય બન્યું જેમાં સૌરાષ્ટ્રના ૨૨૨ દેશી રાજ્યોના બનેલ સૌરાષ્ટ્ર યુનિયન અને કેન્દ્ર શાસિત કચ્છ રાજ્યનો સમાવેશ કરવામાં આવ્યો. ૧૯૯૭માં તત્કાલીન ગુજરાત સરકારના નિર્ણયાનુસાર પંચમહાલ જિલ્લાનું વિભાજન કરી દાહોદનો એક પૃથક જિલ્લો બનાવવામાં આવ્યો. આ નવ નિર્મિત જિલ્લામાં સમાવવામાં ન આવેલ વિસ્તારનો એક જિલ્લો બનાવવામાં આવ્યો, જેનું નામ પંચમહાલ ચાલુ રાખવામાં આવ્યું. પંચમહાલમાં ગોધરા, હાલોલ, કાલોલ, જાંબુઘોડા, શહેરા, લુણાવાડા અને

સંતરામપુરના જૂના તાલુકાઓ ઉપરાંત બીજા ચાર નવા બનાવેલ તાલુકા : કડાણા, ખાનપુર, ઘોઘંબા, અને મોરવા હડફનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજ્યની પૂર્વ પટ્ટીમાં આવેલ 'પંચમહાલ' જિલ્લો પૃથ્વીના ગોળાર્ધમાં ૭૩.૧૫૦ થી ૭૪૦ પૂર્વ રેખાંશ અને ૨૦.૩૦૦ થી ૨૩.૩૦૦ ઉત્તર અક્ષાંશ વચ્ચે આવેલ છે.[૧] જિલ્લાની ઉત્તર દિશામાં રાજસ્થાન રાજ્યનો વાંસવાડા જિલ્લો અને ગુજરાત રાજ્યનો સાબરકાંઠા જિલ્લો સ્પર્શે છે, જ્યારે તે દક્ષિણમાં ગુજરાત રાજ્યના વડોદરા જિલ્લાની તેમજ પશ્ચિમમાં ખેડા જિલ્લાની સરહદ સુધી વિસ્તરેલ છે.[૨] જિલ્લામાં ૧૨૦૨ ગામો આવેલ છે. સ્થાનિક વહીવટ માટે કુલ ૬૫૮ ગ્રામ પંચાયતો અને ૬ નગરપાલિકાઓ છે.[૩]

## ૨. આબોહવા અને વરસાદ :-

પંચમહાલ જિલ્લાની આબોહવા મુખ્યત્વે ગરમ અને શુષ્ક છે. માર્ચથી જૂન માસ દરમિયાન ઉનાળાની ઋતુમાં અતિશય ગરમી પડે છે. નવેમ્બરથી ફેબ્રુઆરીના સમયગાળામાં ઠંડી પડે છે. જૂનના અંતથી લગભગ ઓકટોબરના મધ્ય સુધી ચોમાસુ રહે છે. જિલ્લામાં વરસાદનું સરેરાશ પ્રમાણ ૧૦૨૬મિ.મી જેટલું રહે અને સરેરાશ ૩૩ દિવસ સુધી વરસાદ પડે છે. ચોમાસા ઋતુની અનિયમિતતાના કારણે અકાંતરે વર્ષે આ જિલ્લામાં અછત / અર્ધ અછત જેવી પરિસ્થિતિ ઊભી થાય છે.

---

[૧] ભાવસિંહ રાઠવા (સંપાદન). પુરુષાર્થી પંચમહાલ : પરિચય પુસ્તક, માહિતી કમિશ્નરની કચેરી, ગાંધીનગર, ૨૦૦૯, પૃ. ૨.

[૨] એજન, પૃ.૩

[૩] એજન, પૃ.૧

### ૩. જમીન :-

વન સૃષ્ટિ અને આદિવાસી સંસ્કૃતિના વિશિષ્ટ છાપ ધરાવતો પંચમહાલ જિલ્લો ડુંગરાળ અને જંગલ વિસ્તારથી પથરાયેલો છે. સંતરામપુર, ઘોઘંબા, કડાણા, જાંબુઘોડા અને મોરવા હડફ તાલુકાઓ ડુંગર અને વૃક્ષોથી આચ્છાદિત છે. કાલોલ, શહેરા, લુણાવાડા, ગોધરા અને ખાનપુર તાલુકાઓમાં જમીન સમથળ છે. હાલોલ તાલુકાનો પાવાગઢ વિસ્તાર ખડકાળ અને ડુંગરાળ છે. આ જિલ્લામાં ઉત્તર તથા પૂર્વ ભાગમાં જમીન છીછરી, ડુંગરાળ, ખડકાળ અને કાળી છે, જ્યારે દક્ષિણ ભાગના વિસ્તારની જમીન સપાટ, કાંપવાળી, રેતાળ અને ગોરાડુ પ્રકારની છે.[૪]

જિલ્લાનો કુલ વિસ્તાર ૫,૧૩,૮૨૦ હેક્ટર છે. જેમાં ૧,૧૬,૭૯૩ હેક્ટર વિસ્તારમાં જંગલો આવેલ છે. ચોખ્ખા વાવેતર હેઠળ વિસ્તાર ૨,૭૬,૦૦૯ હેક્ટર છે.[૫]

### ૪. વસ્તી :-

૨૦૦૧ની જનગણના અનુસાર ગુજરાત રાજ્યની કુલ વસ્તી ૫,૦૬,૭૧,૦૦૦ માંથી પુરુષોની સંખ્યા ૨,૮૩,૮૬,૦૦૦ અને સ્ત્રીઓની સંખ્યા ૨,૪૨,૮૫,૦૦૦ની હતી.[૬] પંચમહાલના પ્રત્યેક તાલુકાની વસ્તી, ગામોની સંખ્યા અને ગ્રામપંચાયતોની સંખ્યા આ પ્રકારણના અંતે આપવામાં આવેલ **પરિશિષ્ટ ૧**માં દર્શાવેલ છે.

પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિ (આદિવાસી) ની વસ્તીનું બહુમુલ્ય છે, જે નીચે આપેલ કોઠા પરથી સ્પષ્ટ થાય છે.[૭]

---

[૪] એજન, પૃ.૪

[૫] એજન, પૃ.૨

[૬] એજન, પૃ.૪

[૭] Directorate of Economics and Statistics, Government of Gujarat, Gandhinagar, Socio-Economic Review, Gujarat State: 2007-2008, February-2008, Table S.26 and S.27.

| જિલ્લો | અનુ. જાતિ | | | | અનુ. જન જાતિ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુલ | પુરુષ | સ્ત્રી | રાજયની કુલ વસ્તીમાં % | કુલ | પુરુષ | સ્ત્રી | રાજયની કુલ વસ્તીમાં % |
| પંચમહાલ | ૫૫૬૦૦૦ | ૨૮૪૩૩૪ | ૨૭૧૬૬૬ | ૨૭.૪૫ | ૯૨૪૯૨ | ૪૭૩૮૩ | ૪૫૧૦૯ | ૪.૨૭ |
| દાહોદ | ૧૧૮૨૫૦૯ | ૫૯૩૭૬૬ | ૫૮૮૭૪૩ | ૭૨.૨૬ | ૩૨૮૮૪ | ૧૬૬૨૦ | ૧૬૨૦૪ | ૨.૦૧ |
| વડોદરા | ૯૬૭૩૯૩ | ૪૯૬૦૫૮ | ૪૭૧૩૩૫ | ૨૬.૧૬ | ૨૦૪૨૮૫ | ૧૦૬૪૯૭ | ૯૭૭૮૮ | ૫.૬૧ |

## ૫. લઘુ ઉદ્યોગો :-

જિલ્લામાં લઘુઉદ્યોગોના એકમોની સંખ્યા અને એમાં રોજગારી મેળવનારાઓની સંખ્યા નીચે કોઠામાં દર્શાવેલ છે.[૮]

| જિલ્લો | એકમો | સંખ્યા કામદારોની |
|---|---|---|
| પંચમહાલ | ૩૦૫૧ | ૧૧૦૧૫ |
| દાહોદ | ૧૧૫૭ | ૩૨૮૦ |
| વડોદરા | ૫૫૦૭ | ૩૭૫૧૩ |

[૮] એજન, પૃ.૬૦

## ૬. મધ્યમ કદના અને મોટા ઉધોગો :-[૯]

| જિલ્લો | એકમો | સંખ્યા કામદારોની |
|---|---|---|
| પંચમહાલ | ૬૩ | ૯૯૩૫ |
| દાહોદ | ૦૧ | ૧૯૧ |
| વડોદરા | ૧૭૮ | ૭૮૦૮૪ |

## ૭. રોજગાર :-

વિવિધ ક્ષેત્રોમાં રોજગાર મેળવનારાઓની સંખ્યા નીચે દર્શાવેલ છે.[૧૦]

| જિલ્લો | ખેડૂત | ખેતમજૂરો | કુટીર ઉધોગ | અન્ય | કુલ | જિલ્લાની કુલ વસ્તી |
|---|---|---|---|---|---|---|
| પંચમહાલ | ૩૭૩૩૬૦ | ૬૭૧૩૦ | ૮૫૮૨ | ૧૬૭૮૭૪ | ૬૧૬૮૮૫ | ૨૦૨૫૨૭૭ |
| દાહોદ | ૩૪૮૨૭૬ | ૪૧૬૦૧ | ૫૬૨૩ | ૧૦૦૯૧૦ | ૪૯૬૪૧૦ | ૧૬૩૬૪૩૩ |
| વડોદરા | ૨૭૬૧૯૦ | ૨૭૨૨૫૩ | ૧૫૬૯૫ | ૬૩૮૪૮૨ | ૧૨૦૨૬૨૦ | ૩૬૪૧૮૦૨ |

[૯] એજન, S-62
[૧૦] એજન, S-33 & S-18

## ૮. બિનકામદારોની સંખ્યા :-

પ્રતિ હજાર કામદારોએ બિનકામદારોની સંખ્યા : ૧૯૯૧-૨૦૦૧[11]

| | ૨૦૦૧ | | | ૧૯૯૧ | | |
|---|---|---|---|---|---|---|
| જિલ્લો | શહેરી | ગ્રામીણ | કુલ | શહેરી | ગ્રામીણ | કુલ |
| પંચમહાલ | ૨૪૧૭ | ૯૬૦ | ૧૦૭૧ | ૨૫૧૪ | ૧૦૩૮ | ૧૧૪૪ |
| દાહોદ | ૨૧૯૨ | ૯૩૧ | ૧૦૦૭ | ૨૩૭૩ | ૧૦૨૫ | ૧૧૦૦ |
| વડોદરા | ૨૧૦૦ | ૧૦૧૭ | ૧૩૯૬ | ૨૩૦૮ | ૧૦૭૦ | ૧૪૭૫ |

પંચમહાલ આર્થિક અને શૈક્ષણિક દ્દષ્ટિએ પછાત હોવાથી અનેક કુટુંબો પાસે જીવનનિર્વાહ માટે ખેતી તે પણ આકાશી પર આધાર રાખવો પડતો હોવાથી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. પૂરક આવક મેળવવા માટેની શકયતા ન હોવાના કારણે, કુટુંબના નિર્વાહ માટે, બાળકોને કામ પર મોકલવા પડે એવી પરિસ્થિતિમાં, કુટુંબના વડીલ વિવશ બને છે.

૧૯૯૩-૯૪ અને ૧૯૯૯-૨૦૦૦ માં અખિલ ભારતના આંકડાની સરખામણીમાં ગુજરાતમાં બાળ શ્રમનું પ્રમાણ ઓછું હતું. રાજ્યના શહેરી વિસ્તારોની સરખામણીમાં ગ્રામીણ વિસ્તારોમાં બાળ શ્રમનું વધારે પ્રમાણ ગ્રામીણ વિસ્તારોમાં ઓછા પ્રવેશ નોંધણી દર અને અભ્યાસ છોડી દેનારના વધુ દર જોવા મળે છે. ૧૯૯૩-૯૪માં ૬ થી ૧૪ વર્ષની વયજૂથમાં આશરે ૫.૯ ટકા બાળકો

[11] બી. કે. ભટ્ટ, ગુજરાતનું અર્થતંત્ર, ન્યુ પોપ્યુલર પ્રકાશન, સૂરત, પૃ. ૧૮૧

ગ્રામીણ ગુજરાતમાં આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલ હતા. ૧૯૯૯-૨૦૦૦ માં એ પ્રમાણ ૬ ટકા હતું.[૧૨]

ગુજરાતમાં ૬-૧૪ વર્ષની વયના લગભગ ઘણાં બાળકો આર્થિક પ્રવૃત્તિઓમાં સામેલ હોય છે. તેઓ સરેરાશ અઠવાડિક ૨૨ કલાક એટલે કે રોજના ૩ કલાક આ પ્રવૃત્તિઓ કરે છે. ૬-૯ વર્ષના બાળકો રોજના આશરે ૨.૫ કલાક આ પ્રવૃત્તિઓ કરે છે. મુખ્યત્વે તેઓ ઓછા કૌશલવાળી, વેતન વિનાની કે જીવન નિર્વાહની પ્રવૃત્તિ કે કુટુંબના વ્યવસાયમાં મદદ કરવાની કે ઢોર ચરાવવાં કે બળતણ માટે લાકડાં ભેગા કરવા વગેરે પ્રવૃત્તિઓ કરે છે.[૧૩]

બાળમજૂરી સંબંધિત વિવિધ બાબતો- માનવ અધિકારો, બાળકોના અધિકારો, બાળમજૂરીના કારણો અને અસરોની ચર્ચા જે તે સંબંધકર્તા પ્રકરણમાં કરી છે. બાળમજૂરી સંબંધિત કાયદાઓ, ન્યાયાલયોના ચૂકાદાઓ તેમજ સર્વેક્ષણ દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે આ પ્રશ્નની છણાવટ કરવામાં આવી છે.

---

[૧૨] ઈન્દીરા હિરવે, દ. મહાદેવીયા, ગુજરાતનો માનવ વિકાસ અહેવાલ : ૨૦૦૪, મહાત્માગાંધી શ્રમ સંસ્થાન, અમદાવાદ(પ્ર.વ.ન.), પૃ. ૧૫૯.

[૧૩] એજન, પૃ.૧૬૦

## ૯. પરિશિષ્ટ - ૧

| અનુ.નં. | તાલુકાનું નામ | સમાવિષ્ટ ગામો | ગ્રામ પંચાયતો | ૨૦૦૧ મુજબ કુલ વસ્તિ | | | એસ.સી. | એસ.ટી |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરૂષ | સ્ત્રી | કુલ | | |
| ૧. | ગોધરા. | ૧૧૫ | ૯૪ | ૨૦૩૬૧૧ | ૧૯૩૬૬૩ | ૩૯૩૬૬૩ | ૨૨૯૯૧ | ૪૭૭૬૦ |
| ૨. | હાલોલ | ૧૨૬ | ૭૨ | ૧૦૨૦૨૯ | ૯૩૨૭૧ | ૧૯૫૩૦૦ | ૫૪૦૪ | ૫૪૬૮૦ |
| ૩. | કાલોલ | ૬૯ | ૫૫ | ૧૦૦૧૮૨ | ૯૧૮૦૩ | ૧૯૧૯૮૫ | ૧૨૮૭૮ | ૧૮૭૭૨ |
| ૪. | જાંબુઘોડા | ૫૫ | ૧૫ | ૧૮૫૩૫ | ૧૭૭૮૪ | ૩૬૩૧૯ | ૬૩૯ | ૧૧૭૭૯ |
| ૫. | લુણાવાડા | ૨૪૩ | ૯૭ | ૧૧૮૮૭૬ | ૧૧૦૯૨૨ | ૨૨૯૭૯૮ | ૧૫૭૩૦ | ૨૨૧૦૮ |
| ૬. | કડાણા | ૧૩૬ | ૩૪ | ૫૬૬૪૩ | ૫૩૭૪૬ | ૧૧૦૩૮૯ | ૪૪૩૨ | ૮૦૮૧૦ |
| ૭. | સંતરામપુર | ૧૫૩ | ૪૪ | ૧૧૧૮૮૩ | ૧૦૭૧૫૮ | ૩૧૯૦૪૧ | ૬૪૯૮ | ૧૫૭૮૫૨ |
| ૮. | ઘોઘંબા | ૯૫ | ૭૫ | ૯૨૬૮૨ | ૮૬૯૭૭ | ૧૭૯૬૫૯ | ૪૩૫૩ | ૭૨૧૨૩ |
| ૯. | મોરવા(હ) | ૫૨ | ૪૮ | ૭૭૭૧૦ | ૭૫૦૪૧ | ૧૫૨૭૫૧ | ૩૭૬૯ | ૫૫૪૪૫ |
| ૧૦ | ખાનપુર | ૮૬ | ૨૫ | ૪૩૭૦૯ | ૪૧૩૩૮ | ૮૫૦૪૭ | ૪૯૪૧ | ૮૩૧૩ |
| ૧૧. | શહેરા | ૯૨ | ૭૦ | ૧૧૯૦૭૭ | ૧૧૨૨૪૮ | ૨૩૧૩૨૫ | ૧૦૮૫૦ | ૩૬૩૫૮ |

# પ્રકરણ : ૨
# માવન અધિકારનો ખ્યાલ, ઉત્પત્તિ, વિકાસ, વિચારસરણીઓ, વર્ગીકરણ અને બાળકોના માનવ અધિકાર

૧. પ્રસ્તાવના

૨. માનવ અધિકારનો ખ્યાલ અને એનો ઉદ્‌ભવ

૩. માનવ અધિકારોનો વિકાસ

૪. ભારતમાં માનવ અધિકારનો ઉદ્‌ભવ અને વિકાસ

૫. માનવ અધિકારોની વિવિધ વિચાર સરણીઓ

   ૫.૧ કુદરતી કાયદાની વિચારસરણી

   ૫.૨ આજ્ઞાત્મક કાયદાની વિચારસરણી

   ૫.૩ કાનૂની વાસ્તવવાદની વિચાર સરણી.

   ૫.૪ માર્કસવાદની વિચારસરણી

   ૫.૫ મૂળભૂત અધિકારોની વિચાર સરણી

૬. માનવ અધિકારોનું વર્ગીકરણ

   ૬.૧ દીવાની અને રાજકીય અધિકારો (**Civil & Political rights**)

   ૬.૨ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો
   **[Economic, Social & Cultural Rights]**

   ૬.૩ ઐકય અધિકારો : (**Solidarity rights**)

૭. બાળકોના માનવ અધિકારો

   ૭.૧ જીવનનો અધિકાર (**Right to survival**)

   ૭.૨ રક્ષણનો અધિકાર (**Right to protect**)

   ૭.૩ વિકાસનો અધિકાર (**Right to Development**)

   ૭.૪ સહભાગી થવાનો અધિકાર (**Rigth to participation**)

# પ્રકરણ : ૨

# માવન અધિકારનો ખ્યાલ, ઉત્પત્તિ, વિકાસ, વિચારસરણીઓ, વર્ગીકરણ અને બાળકોના માનવ અધિકાર

## ૧. પ્રસ્તાવના :-

ગ્રીક ચિંતક એરિસ્ટોટલ કહે છે તેમ 'Man is a social and rational animal' સૃષ્ટિ પરના તમામ જીવોમાં મનુષ્યને અન્ય તમામ જીવો કરતાં ઊંચો દર્શાવવામાં આવે છે કેમ કે તે કુદરતનું એક અનોખું અને સર્વશ્રેષ્ઠ સર્જન છે. તે પોતાને પ્રાપ્ત બુધ્ધિશક્તિ વડે કોઇપણ બાબત સાચી કે ખોટી હોવા વિશેનો નિર્ણય કરવાની ક્ષમતા ધરાવે છે. તે આ જગતમાં એવું જીવન જીવવાની ખેવના રાખે છે કે જે વ્યવસ્થિત અને નિયમબધ્ધ હોય. વધુમાં તે 'જીવો અને જીવવા દો' 'Live and let live' - ના સિધ્ધાંતમાં વિશ્વાસ ધરાવે છે. વિશ્વ સમાજમાં સહાનુભૂતિ, દયા, પ્રમાણિકતા, ક્ષમા, ધીરજ, ઉદારતા અને સહનશીલતા વગેરે વિવિધ સામાજિક મૂલ્યોની તુલનામાં, નિ:સંદેહ, માનવ મૂલ્યનું અત્યાધિક અને સવિશેષ મહત્વ છે.

માનવમૂલ્ય વગરનું જીવન, જંગલી, આસુરી અને શેતાની બની જાય છે. માનવ મૂલ્યોની અવગણના કરી જીવન વ્યતિત કરનાર મનુષ્ય કામ, ક્રોધ, લોભ અને મોહ જેવા તત્વોને તાબે થઇ સમાજમાં વિવિધ પ્રકારના અનિષ્ટો અને દુષ્કૃત્યો કરે છે, જેમ કે ગુનાઓ, ચોરી, લૂંટફાટ, અત્યાચારો, બળાત્કારો અને હિંસા વગેરે. અન્યના અધિકારો પર તરાપ મારી તે સભ્ય સમાજને એક જંગલ સમાન બનાવી મૂકે છે. આવી વ્યક્તિ, ખરેખર, સમાજ-માનવ જગત માટે શ્રાપરૂપ બની જાય છે.

જ્યાં કાયદાના શાસનનો લોપ થાય છે ત્યાં અમાનવીય શક્તિઓનું રાજ અસ્તિત્વમાં આવે છે.[૧]

આવી સ્થિતિ સ્થાપિત ન થઇ જાય એ હેતુથી સમાજ વ્યવસ્થા અને એને જાળવી રાખવા કેટલાંક નીતિ - નિયમોનો સમાજમાં અમલ કરવામાં આવે છે. ગ્રીક તત્વચિંતક પ્લટો પોતાની સુપ્રસિધ્ધ રચના 'રિપબ્લિક' માં આદર્શ રાજયની કલ્પનાનું નિરૂપણ કરે છે. તેના મતે ન્યાય એટલે રાજ્ય અથવા સમાજના વિવિધ અંગો વચ્ચે સુમેળભર્યા સંબંધો. દરેક વ્યક્તિએ તેની પ્રકૃત્તિ પ્રમાણે સમાજમાં જે વર્ગમાં તેનું સ્થાન હોય તે પ્રમાણે વર્તન કરવું જોઇએ, અને બીજા વર્ગના કાર્યોમાં ખલેલ પહોંચાડવી ન જોઇએ. વ્યક્તિએ પોતાની અંગત વૃત્તિઓને સમાજની એકતાના હિતમાં ગૌણ બનાવવી જોઇએ.[૨] આપણે જેને સમાજ જીવનના લાભ કહીએ છીએ તેને કાયદો 'અધિકાર' તરીકે અને જેને ગેરલાભ કહીએ છે તે કાયદાની ભાષામાં ફરજો (કર્તવ્યો) તરીકે ઓળખાય છે.

કાળક્રમે વિશ્વમાં આવેલ પરિવર્તનો તેમજ ઉદ્‌ભવેલ અસામાન્ય પરિસ્થિતિઓને લક્ષમાં રાખી બહુજનના કલ્યાણ માટે કેટલીક જોગવાઇઓ દ્વારા જનસમાજ માટે વિશિષ્ટ અધિકારોનું સર્જન કરવું પડે છે. બીજા વિશ્વયુધ્ધ દરમિયાનની કરૂણ ઘટનાઓ, અને સરમુખત્યારશાહી શાસનતંત્રોના નિષ્ઠુર કાર્યોને જોયા પછી પોતાની ફરજ અને જવાબદારી સમજી આંતરરાષ્ટ્રીય સંસ્થા-સુયંકત રાષ્ટ્ર સંઘના સભ્યોએ વિશ્વના માનવ સમાજને માનવ અધિકારો તેમજ મૂળભૂત સ્વતંત્રતા મળી રહે એ માટે જરૂરી કાર્યવાહી કરી હતી.[3] બીજા વિશ્વયુધ્ધના પરિણામે સમગ્ર વિશ્વમાં ઉદ્‌ભવેલ વિવિધ પ્રકારની સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં સહાયરૂપ બને એવા શુભ આશયથી ડિસેમ્બર ૧૯૪૮માં સંયુકત રાષ્ટ્રસંઘની મહાસભાએ માનવ

---

[૧] દિપ્તી કે. ત્રિવેદી, ભારતમાં માનવ–અધિકારોની બંધારણીય વ્યવસ્થા : એક વિશ્લેષણાત્મક અધ્યયન, અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૦, પૃ.૧૧.

[૨] એમ. એસ. પંડિત, એચ. પી. ધોળકીયા, વિધિ મિમાંસા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૮૧, પૃ. ૬૬.

[3] International Encyclopaedia of Social Sciences, Vol. 5 & 6 , Collier Macmillan , New York, 1972, pp.541-542.

અધિકારોનું ૩૦ કલમોનું સમાવેશ કરતું જાહેરનામું બહાર પાડ્યું. એમાં માનવ અધિકારોના પાલનની બાબતમાં કોઇ પ્રકારના ભેદભાવ ન રાખવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

માનવ અધિકારના ખ્યાલ અને ઉદ્ભવ વિશેની ચર્ચા કરતાં પૂર્વે માનવ અધિકાર અંગેની કેટલીક વિશિષ્ટ વ્યાખ્યાઓની જાણકારી મેળવી લઇએ.

ઇન્સાઇકલોપીડિઆ બ્રિટાનીકા મુજબ :-

"Rights thought to belong to the individual under natural law as a consequence of his/her being human" [૪]તમામ પ્રજાઓ અને તમામ રાષ્ટ્રની સિધ્ધિઓ માટેના સર્વસામાન્ય ધોરણો અભિવ્યકત કરવાનો એનો હેતુ છે.

"માનવ અધિકાર એટલે માનવ હોવાના કારણે કોઇપણ પ્રકારના ભેદભાવ વિના વ્યક્તિને પ્રાપ્ત થતાં અધિકારો."[૫]

ઇન્સાઇકલોપીડિઆ ઓફ હ્યુમનરાઇટસ મુજબ

"Human Rights are entiilements due to every man, woman and child because they are human. They include rights pertaining to the security of the person, including the right not be deprived of life or liberty without due process of law."[૬]

---

[૪] The New Encyclopaedia Britanica: Micropaedia , Vol. V , p.200.
[૫] ગુજરાતી વિશ્વકોશ.
[૬] E. Camson (ed.), encyclopaedia of Human Rights, Taylor and Francis, ---------------, 1996, p.1

Concise law Dictionary મુજબ

"…a law which so necessarily agrees with the nature and state of man that without observing its maxims, the peace and happiness of society can never be preserved "[૭]

પેનગ્વિન ડિકશનરી ઓફ પોલિટિકસ પ્રમાણે :

"Natural Rights are those human rights or entitlements wich are hold to stem from natural law, whatever definition may be given to the latter concept."[૮]

"Human Rights means the rights relating life, liberty, equality and of the individual guaranteed by the constitution or embodied in the International Covenants and enforceable by courn in India."[૯]

આંતરરાષ્ટ્રીન માનવ અધિકારોને એમનાથી સંબંધિત ઐતિહાસિક, રાજકીય અને દાર્શનિક ઘટકોને લક્ષમાં લીધા વગર સમજવાનું અશક્ય છે. ઇતિહાસ અને રાજનીતિશાસ્ત્રની પ્રસ્તુતા માનવ અધિકારના પૂર્વાપર સંબંધિત પરિમાણોને

[૭] Concise Law Dictionary, Wadhawa, Nagpur, 2006, p.772

[૮] Quoted by N. K. Jaykar, Intrnational Law and Human Rights, at p. ----- from --- Penguin Dictionary of Politics.

[૯] Panel of Legal Commentators, Law Relating to Human Rights

દર્શાવવામાં રહેલી છે, દર્શનશાસ્ત્ર એમને અર્થ પ્રદાન કરે છે. અને કાયદાનો સંબંધ એમના અમલીકરણની પધ્ધતિ (વિધિ) સાથે છે.[૧૦]

## ૨. માનવ અધિકારનો ખ્યાલ અને એનો ઉદ્‌ભવ :-

માનવનું જીવન અમૂલ્ય છે. પ્રત્યેક માનવને જન્મથી જ મૂળભૂત રીતે જીવન અને સ્વાતંત્ર્યનો અધિકાર પ્રાપ્ત થયેલાં છે. માનવ અધિકારોનો આ ખ્યાલ ઇતિહાસના જુદા જુદા તબક્કાઓ ધ્વારા વિકાસ પામ્યો છે.[૧૧]

વૈચારિક સ્તરે માનવ અધિકારના બીજ ગ્રીસનાં સ્ટોઇક ચિંતકોએ રજૂ કરેલાં 'પ્રાકૃતિક કાયદા' (નૈસર્ગિક)ની વિભાવનામાં નિહિત છે. તેઓ માનતા કે સૃષ્ટિનાં તમામ જીવંત સર્જનમાં એક સનાતન અને વિધવ્યાથી શક્તિ રહેલી છે. આથી જ માનવ વર્તનને રાષ્ટ્રના કાયદાઓ કરતાં પ્રાકૃતિક નિયમોને આધારે મુલવવું જોઇએ. રોમન વિચારક સિસેરોએ આ પ્રાકૃતિક નિયમોને સર્વોપરી અને સર્વવ્યાપી નિયમો તરીકે ઓળખાવ્યા. આમાંથી ક્રમશ: પ્રાકૃતિક અધિકારોનો ખ્યાલ વિકસ્યો તેમજ વ્યાપક બન્યો. ઉદારમતવાદના દાર્શનિક અને વ્યક્તિવાદી પાસાઓ ધર્મસુધારણાની સાથે વિકાસ પામ્યા, જેમાં પ્રત્યેક ક્ષેત્રમાં બૌધ્ધિક, સામાજિક, ધાર્મિક, રાજકીય અને આર્થિક સ્વાતંત્ર્ય માટેની માંગ હતી. આથી માનવ અધિકારનો પાયો નંખાયો.[૧૨]

---

[૧૦] N. K. Jaykar , International Law and Human Rights, Buterworths, New Delhi, 2005 p. 331.

[૧૧] એ. એન. કારીઆ, માનવ અધિકારો, સી. જમનાદાસ, અમદાવાદ, ૨૦૦૬, પૃ. ૧૧

[૧૨] ગુજરાતી વિશ્વકોશ, પૃ. ૬૮૦.

હોલેન્ડ અધિકારની વ્યાખ્યા આપતાં જણાવે છે કે "એક વ્યક્તિની, બીજાના વર્તન ઉપર, તેની પોતાની તાકાતથી નહિ, પણ સમાજના બળ કે અભિપ્રાયોની તાકાતથી અસર પહોંચાડવાની શક્તિ."[૧૩]

સામંડના મત પ્રમાણે વૈધ ન્યાયના નિયમ વડે માન્ય રખાયેલ અને રક્ષાયેલ હિતને માનવીનો અધિકાર કહેવાય. કોઇપણ હિતને અધિકારનું સ્વરૂપ ત્યારે જ પ્રાપ્ત થઇ શકે જ્યારે તેને રાજ્યની માન્યતા તેમજ રક્ષણ  પ્રાપ્ત થયેલ હોય.[૧૪]

બેશક, માન અધિકારો વિશ્વ સ્તરે સ્વીકૃતિ પામ્યા છે પણ એ કાયદાથી બંધનકર્તા નથી. વસ્તુત: એના અમલનો આધાર રાજ્યનો શુભનિષ્ઠા પર નિર્ભર છે.

## ૩. માનવ અધિકારોનો વિકાસ :

પ્રારંભિક તબક્કામાં, માનવ અધિકારોનો પ્રાથમિક હેતુ નિરકુંશ રાજાશાહીની જુલ્મશાહી સત્તા પર મર્યાદા મૂકવાનો હતો. પરિણામે તે રાજ્ય પુરતો તેમજ ઉચ્ચ વર્ગના લોકો પુરતા જ મર્યાદિત રહ્યા.

ધર્માધ્યક્ષો, ઉમરાવો અને લંડનના પ્રજાજનોએ રનીમેડ મુકામે ઈંગ્લેન્ડના રાજા જહોને (૧૧૯૯-૧૨૧૭) એક મહાન ખત 'મેગ્નાકાર્ટા' પર સહી સિક્કા કરવાની ૧૫ જૂન ૧૨૧૫ના રોજ ફરજ પાડી હતી. મહદંશે આનો હેતુ ઉમરાવોના અધિકારોનું રક્ષણ કરવાનો હતો. ગમે તે સમયે કોઇ વ્યક્તિની ધરપકડ કરવાની હોઇ વ્યક્તિની મિલ્કત ખાલસા કરવાની સામે રાજાની સત્તા પર કેટલાંક નિયંત્રણો આવ્યા. એનુ કુલ ૬૩ કલમોમાંથી ૨૪ કલમો ઉમરાવોના સામંતશાહી અધિકારોથી સંબંધિત હતી. એમાં તમામ લોકોને લાગુ પડે એવી જોગવાઇઓ કલમો ખૂબ જ જૂજ હતી. આમ છતાં, એને પહેલાના યુગની આપખુદ અને બિનજવાબદાર

[૧૩] દિપ્તી કે. ત્રિવેદી, ભારતમાં માનવ–અધિકારોની બંધારણીય વ્યવસ્થા : એક વિશ્લેષણાત્મક અધ્યયન, અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૦, પૃ.૨૯.

[૧૪] સામંડ, જ્યુરિસપ્રુડન્સ, ૧૯૩૨, પૃ. ૧૯૨.

રાજાશાહીનો અંત આણ્યો. જેથી અંકુશિત રાજાશાહીની સ્થાપના માટેનો માર્ગ પ્રશસ્ત થયો.[૧૫] ૧૬૮૮ની રક્તવિહીન ક્રાંતિ બાદ ઈંગ્લેન્ડનો 'તાજ' ધારણ કરનાર વિલિયમ અને મેરીના શાસન દરમિયાન ૧૬૮૯માં હક્કોનો ખરડો પસાર કરવામાં આવ્યો. શરૂઆતમાં, જાહેરનામું તૈયાર કરવા બાબતની સમિતિમાં પ્રજાની તમામ સ્વતંત્રતાઓ તેમજ અધિકારોનો ખરડામાં ઉલ્લેખ કરવાનો વિચાર કરવામાં આવ્યો. પણ એ તમામ રાજાને નિ:શંકપણે સ્વીકાર્ય છે એમ માનીને સમગ્ર બંધારણીય પરિસ્થિતિનું તેમાં સંકલન કરવામાં આવ્યું. ખરડા દ્વારા નિર્મિત પરિસ્થિતિના કારણે પાર્લામેન્ટ અને પ્રજાને હસ્તક સાર્વભૌમસત્તા આવી ગઇ હતી. રાજાને રાજયના મૂળભૂત કાયદાઓનો ભંગ કરવાનો અધિકાર નથી એ તથ્ય સ્પષ્ટ બન્યું હતું.

આ ખરડા દ્વારા વ્યક્તિના મૂળભૂત અધિકારોના વિકાસનો પાયો નાંખવાનું અદ્‌ભૂત કાર્ય ઈંગ્લેન્ડમાં થયું હતું. ૧૭૦૧માં રાજા અને પ્રજા વચ્ચે થયેલ એકટ ઓફ સેટલમેન્ટમાં વ્યક્તિના મૂળભૂત અધિકારો અને વ્યક્તિ સ્વાતંત્ર્યો જાહેર કરવામાં આવ્યા. આ બધાંને ઈંગ્લેન્ડની પ્રજાના 'જન્મસિધ્ધ અધિકારો' તરીકે રજૂ કરવામાં આવ્યા હતા.[૧૬]

૪ જુલાઇ ૧૭૭૬ના રોજ અમેરિકાએ પ્રસિધ્ધ કરેલ સ્વતંત્રતાના જાહેરનામાની પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યું છે, "માનવીય ઘટનાચક્રમાં જ્યારે એક રાષ્ટ્રના લોકો માટે બીજા રાષ્ટ્ર સાથેના પોતાના સંબંધોનો વિચ્છેદ કરી, પ્રકૃતિ અને ઇશ્વરના નિયમોથી પ્રાપ્ત અધિકારોના આધારે વિશ્વના રાષ્ટ્રોમાં પોતાના માટે પૃથક અને સમાન સ્થિતિ જાહેર કરવાનું જરૂરી બને છે, ત્યારે લોકમત પ્રત્યેની સમ્માનની

[૧૫] વધુ વિસ્તૃત માહિતી માટે જૂઓ, એસ. એન. કાઝી, ઈંગ્લેન્ડનો બંધારણીય ઈતિહાસ, ખંડ–૧, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩, પ્રકરણ–૫, પૃ. ૯૩–૧૧૮.
[૧૬] એજન, પૃ. ૩૯૯.

ભાવનાની એ માંગ રહે છે કે તેઓને સંબંધ, વિચ્છેદ માટે વિવશ કરનાર કારણોની જાહેરાત કરવી જોઇએ."[૧૭]

આ ઉલ્લેખ પછી જાહેરનામામાં રાજકીય વિચારસરણી અને માન્યતાઓની સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી છે. "અમે આ સત્યને સ્વયં સિધ્ધ માનીએ છીએ કે બધા મનુષ્ય સમાન જન્મે છે. અને સર્જનહારે તેઓને છીનવી ન શકાય એવા અધિકારોથી - જીવન, સ્વતંત્રતા અને સુખની શોધ -સંપન્ન કરેલ છે. આ અધિકારોને સુરક્ષિત રાખવા માટે લોકોમાં શાસનતંત્રની સ્થાપના કરવામાં આવે છે અને તેઓને ઉચિત શાસનાધિકાર શાસિત લોકોની સંમતિથી જ પ્રાપ્ત થાય છે. જ્યારે કોઇપણ શાસન આ ઉદ્દેશ્યોથી ચલિત થાય ત્યારે એને બદલી નાખવાનો કે સમાપ્ત કરવાનો (to alter or ot abolish) લોકોને અધિકાર છે." આ અધિકારોની સુરક્ષા અને સુખ સમૃધ્ધિને સ્થાયી બનાવે એવા શાસનની સ્થાપના કરવાનો તેઓને અધિકાર છે.[૧૮]

જાહેરનામાંમાં, જે સરકાર મનુષ્યના નૈસર્ગિક અધિકારો, જીવન, સ્વતંત્રતા અને સુખની શોધ-ની રક્ષા ન કરતી હોય, એની સામે વિદ્રોહ કરવાના શાસિત પ્રજાના અધિકારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. એમાં એ સિધ્ધાંતનો પણ સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે કે બધા મનુષ્યો સમાન રીતે સર્જાયેલ છે અર્થાત ઇશ્વરની દ્રષ્ટિમાં તથા કાયદા સમક્ષ બધા સમાન છે. નેવિન્સ અને કોમેજરના શબ્દોમાં "આ એક એવી વિચારસરણી છે જે આટાલા સંક્ષિપ્ત અને સ્પષ્ટ સ્વરૂપમાં અગાઉ કયારે પણ પ્રસ્તુત કરવામાં આવી ન હતી."[૧૯]

---

[૧૭] Commager, H.S. Documents of American History, Appleton-Cenrury-Crofts, New or, 7th Edn., 1962. Doc. No. 66, p.100.

[૧૮] એજન

[૧૯] વધુ વિગતો માટે જૂઓ, નેવિન્સ, એ. કોમેજર, એચ. એસ. સંયુકત રાજય અમેરિકા ઈતિહાસ, ૧૯૭૨, પૃ. ૯૭–૯૯.

૩ નવેમ્બર ૧૭૯૧ના રોજથી અમેરિકાના બંધારણમાં કરાયેલ પ્રથમ દશ સુધારાઓનો અમલ કરવામાં આવ્યો. પ્રથમ સુધારાથી કેટલાંક અધિકારોને બંધારણિય રક્ષણ આપવામાં આવ્યું છે.

"Congresss shall make no law respecting an estabishment or religion or prohibiting the free exercise there of; or abridging the freedom of speech or of the press; or the right of the people peaceably to assemble, and to petition the government for a redress of grievances." [૨૦]

ફ્રાંસની રાજાશાહીના નિરંકુશ અને અત્યાચારી શાસનનો અંત લાવવા માટે, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવનાઓથી ફ્રાંસની જનતાએ સંઘર્ષની શરૂઆત કરી. પરિણામે લોહિયાળ ક્રાંતિ થઇ. ક્રાંતિને મળેલ સફળતા પછી ૪ ઓગસ્ટ ૧૭૮૯ના રોજ રાષ્ટ્રીય બંધારણ સભાએ સામંતશાહી અને જૂના તમામ વિશેષાધિકારોને સમાપ્ત કરવાની જાહેરાત કરી. સામંતશાહીની નાબૂદી પર્યાપ્ત ન હતી. ફ્રાંસની જનતા હવે અમેરિકાના આદર્શને ધ્યાનમાં રાખી માનવ અધિકારોના ઘોષણાપત્રને બનાવવા માટે તત્પર બની હતી. ૨૭ ઓગસ્ટ ૧૭૮૯ના રોજ બંધારણ સભાએ ઘોષણાપત્રને સ્વીકૃતિ આપી.

માનવઅધિકારોના ઘોષણાપત્રની પ્રસ્તાવનામાં કહેવામાં આવ્યું છે, "રાષ્ટ્રીય મહાસભાના રૂપમાં સંગઠિત ફ્રેંચ જનતાના પ્રતિનિધિઓએ એ સમજીને કે અજ્ઞાનતા , ભૂલ કે માનવ અધિકારોની ઉપેક્ષા જ આમ-જનતાના દુર્ભાગ્ય તથા શાસનના ભ્રષ્ટાચારના મૂળ કારણ છે. નિશ્ચય કર્યો છે કે એક ઘોષણાપત્રમાં માનવના પ્રાકૃતિક અને પવિત્ર અધિકારોને લિપિબધ્ધ કરી દેવામાં આવે કે જેથી હંમેશ આ

[૨૦] Documents, Doc. No. 87, p. 146.

ઘોષણાપત્ર સામાજિક સંગઠનના બધાં જ સભ્યોની સમક્ષ રહી, તેઓને એમના અધિકારો અને કર્તવ્યોની યાદ કરાવતો રહે...."[૨૧]

પ્રસ્તાવના બાદ માનવ અધિકારો સંબંધી ૧૭ કલમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાંની કેટલીક મહત્વપૂર્ણ કલમો નીચે મુજબ છે.

"પોતાના અધિકારોની દ્રષ્ટિએ બધાં જ મનુષ્યો સ્વતંત્ર અને સમાન જન્મે છે અને જીવન પર્યન્ત સ્વતંત્ર અને સમાન રહે છે. સામાજિક ભેદનો આધાર ફકત સામાજિક ઉપયોગિતા જ હોઇ શકે."

"બધાં જ રાજનૈતિક સંગઠનોનો ઉદ્દેશ્ય મનુષ્યના પ્રાકૃતિક અને જન્મસિધ્ધ અધિકારોની રક્ષા કરવાનો છે. આ અધિકાર છે - સ્વતંત્રતા, સંપત્તિ, સુરક્ષા અને અત્યાચારનો પ્રતિકાર કરવાનો અધિકાર."

સાર્વભૌમત્વ રાષ્ટ્રમાં નિહિત છે. લોકસંમતિ-સમિષ્ટની ઇચ્છાની અભિવ્યક્તિનું નામ વિધાન છે. વિધાન બનાવવાનું કાર્ય સર્વોચ્ચ સત્તાનું છે અને જનતા જ સર્વોચ્ચ છે.

બધા નાગરિકો કાયદા સમક્ષ સમાન છે.

સંપત્તિ પવિત્ર અને અમૂલ્ય અધિકાર છે.... પૂર્વ સૂચના અને યોગ્ય વળતર વગર કોઇની સંપત્તિ ન લેવી જોઇએ.[૨૨]

આ ઘોષણાપત્રના બે આધારભૂત સિધ્ધાંતો - રાજયસત્તા અનિવાર્યરૂપે રાષ્ટ્રમાં નિહિત છે અને કાયદો સામાન્ય ઇચ્છાની અભિવ્યક્તિ છે. - યુરોપની પુરાતન વ્યવસ્થાની આધારશીલાને હચમચાવી મુકવા પર્યાપ્ત હતા. લોર્ડ એકટનના

[૨૧] બી. કે. પંજાબી, ફ્રાંસ કી રાજય ક્રાંતિ, મધ્યપ્રદેશ હિન્દી ગ્રન્થ અકાદમી, ભોપાલ, ૧૯૭૫, પૃ. ૧૮૬.
[૨૨] એજન, પૃ. ૧૮૭–૧૮૮.

મતે "આ ઘોષણાપત્રનું એક પૃષ્ઠ અનેક ગ્રંથાલયોના મહત્વને નગણ્ય બનાવી દે છે અને નેપોલિયનની સમસ્ત સેનાઓ કરતાં પણ વધુ શક્તિશાળી છે." [૨૩]

માનવ અધિકારોનો ખ્યાલ કાયદાકીય રીતે સૌ પ્રથમ બ્રિટન, ફ્રાંસ અને ડેન્માર્કના ગુલામી નાબૂદીના કાયદાઓમાં વ્યક્ત કરાયો હતો. તેનો પ્રાથમિક હેતુ રાજયના જુલ્મી કાયદાઓ અને નીતિ સામે લોકોનું રક્ષણ કરવાનો હતો. અમેરિકન ક્રાંતિ અને ફ્રેંચ, ક્રાંતિ પછી તેમજ બીજા વિશ્વયુધ્ધના અંત બાદ વિશ્વમાં ઉદ્ભવેલ અનેક રાષ્ટ્રોમાં આ ખ્યાલ મજબુત રીતે વ્યક્ત થતો રહ્યો અને સ્થાપિત થયો. રાજ્યની તમામ પ્રવૃત્તિઓમાં માનવ કેન્દ્ર સ્થાને રહેવો જોઇએ. રાજ્યને મુખ્ય હેતુ સ્થિરતા, શાંતિ અને પ્રગતિ તેમજ લોક કલ્યાણનો જ રહેવો જોઇએ. ક્યારેક આ હેતુઓને સિધ્ધ કરવા માટે લોકોના અધિકારો પર નિયંત્રણો મૂકવાની આવશ્યકતા ઊભી થઇ શકે પણ કેટલાક અધિકારો એવા છે કે જેનો ભંગ રાજ્ય કયારે પણ ન કરી શકે. રાજ્યે એ અધિકારોનું રક્ષણ કરવું જ જોઇએ.

માનવ અધિકારોનો ખ્યાલ આંતરરાષ્ટ્રીય કાયદાનો જ ભાગ છે. તેને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યું છે. આથી તે દેશના સીમાડાંના બંધન વગર તમામ દેશોમાં સ્વીકૃત બન્યો છે. આ અધિકારોનો સમૂહ ઓછામાં ઓછા અધિકારોનો બનેલો છે. દરેક દેશે માનવ વિકાસ અને કલ્યાણ માટે એનો સ્વીકાર કરવો જ જોઇએ. બીજા વિશ્વ યુધ્ધના અંત પછી માનવ અધિકારોના જાહેરનામામાં કહેવામાં આવ્યું કે વિશ્વના દરેક રાષ્ટ્રોએ માનવ અધિકારો અને માનવ ગૌરવ જાળવવું, જેના પરિણામે સમગ્ર વિશ્વમાં ન્યાય, શાંતિ અને સ્વતંત્રતાનો પાયો નંખાશે. ૧૯૪૫માં સંયુકત રાષ્ટ્રોનો હક્કપત્ર રજૂ થયો પણ તે કોઇ રાષ્ટ્રને બંધનકર્તા ન હતો. એમાં ફકત માનવ અધિકારોના આદર્શોનો જ નિર્દેશ હતો. આ હક્કપત્રથી માનવ અધિકારોની શરૂઆત થઇ. ૧૯૪૮માં યુનોની મહાસભામાં માનવ અધિકારોની

[૨૩] એજન, પૃ. ૧૮૭–૧૯૪.

શરૂઆત થઇ. ૧૯૪૮માં યુનોની મહાસભામાં માનવ અધિકારોના જાહેરનામાને બહાલી આપવામાં આવી.[૨૪]

આ જાહેરનામામાં ૩૦ કલમો છે. જેવી કે,

- દરેક વ્યક્તિનાં જીવન સ્વાતંત્ર્ય અને સલામતિનાં અધિકાર
- દરેક વ્યક્તિનને મફ્ત શિક્ષણ મેળવવાનો અધિકાર
- આર્થિક સમાજીક અને સાંસ્કૃતિક અધિકારો
- ગુલામી કે ગુલામનામાં વેપાર પર પ્રતિબંધ
- કાયદાનું સમાન રક્ષણ અને કાયદા સમક્ષ સમાનતા
- બીજા દેશોમાં શરણાર્થી તરીકે રહેવાનો અધિકાર
- દેશની જાહેર સેવામાં સરકારનાં પ્રતિનિધિત્વનો અધિકાર.
- દરેક વ્યક્તિને સ્વદેશમાં સ્થળાંતરનો અને વસવાટ કરવાનો અધિકાર
- શાંતિથી સભા સંમેલન ભરવાનો અધિકાર
- કોઇપણ વ્યક્તિનાં ગૌરવ અને પ્રતિષ્ઠાની જાળવણી
- મૂળભૂત અધિકારોનાં ભંગ સામે ઇલાજ મેળવવાનો અધિકાર.
- વિચારોની અભિવ્યક્તિ કરવાનો અધિકાર
- ધંધામાં વ્યવસાયની મુકત પસંદગીનો અધિકાર અને સમાન કામ માટે સમાન વેતનનો અધિકાર
- પુરુષો અને સ્ત્રીઓને લગ્ન અંગે કોઇપણ ભેદભાવ વિનાની સ્વતંત્રતા
- વૃદ્ધાવસ્થા કે બેકારીનાં સમયમાં આર્થિક સમાજિક સલામતિનો અધિકાર.

[૨૪] દિપ્તી કે. ત્રિવેદી, ભારતમાં માનવ–અધિકારોની બંધારણીય વ્યવસ્થા : એક વિશ્લેષણાત્મક અધ્યયન, અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૦, પૃ. ૫૪–૫૫.

## ૪. ભારતમાં માનવ અધિકારનો ઉદ્‌ભવ અને વિકાસ :-

ભારતમાં પણ બંધારણના ઘડવૈયાઓએ જેફરસનના ‘બીલ ઓફ રાઇટસ’ અંગેના વિધાનોને ટાંકતા વ્યક્તિના અધિકારો પર ભાર મુકયો હતો અને ભારતનું બંધારણ ઘડતિ વખતે તેનો ખ્યાલ રખાયો હતો. આથી જ ભારતનું બંધારણ લોકોના અધિકારોનું રાજય વડે થતાં ઉલ્લંઘન સામે રક્ષણ આપે છે અને વધુમાં ઉચ્ચત્તમ ન્યાયાલય ચોકી પહેરો કરે છે. ભારતીય બંધારણની રચના ૨૬-૧૧-૨૯૪૯ના રોજ થઇ અને ૨૬-૦૧-૧૯૫૦થી ભારતીય બંધારણનો અમલ શરૂ થયો અને બંધારણનાં ભાગ-૩માં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો એક પ્રકારનાં માનવ અધિકારો જ છે પરંતુ,

માનવ અધિકાર વિશેનાં ભારતીય મૂલ્ય સૌથી જુના છે. સૌથી જૂનો દસ્તાવેજ જે ગણાય છે તે રૂગ્વેદ તેમાં જાહેર કરવામાં આવ્યું છે કે, [૨૫]

अजेयष्ठासो अफनिष्ठास एते ।

सं भ्रातरो वावृघुः सौभगाय ।।

એટલે કે, કોઇ ચઢિયાતું કે ઉતરતું નથી. બધા ભાઇઓ છે. દરેકે એક બીજાના હીતમાં જ વર્તવું જોઇએ અને સામુહિક રીતે વિકાસ કરવો જોઇએ.

यथा सर्वाणि भूतानि धरा घरायते समम् ।

तथा सर्वाणि भूतानि विभ्रतः पार्थिवं व्रतम् ।।

જેવી કે પૃથ્વી માતા દરેક (માણસ જાતને) સમાન આશ્રય આપે છે. એવી રીતે રાજાએ પણ કોઇપણ જાતના ભેદભાવ વગર તેવું જ રક્ષણ આપવું જોઇએ. [૨૬]

---

[૨૫] ઋગ્વેદ મંડલ (૫), શ્લોક (૬૦).

[૨૬] મનુસ્મૃતિ, IX–૩૧

અથર્વવેદ પ્રમાણે દરેક માનવનો ખોરાક અને પાણી (કુદરતી સ્ત્રોત) પર સમાન અધિકાર છે. બધાવેદ ઉપનિષદ સહિત ધર્મના લખાણ પહેલાના સ્ત્રોત હતા. એટલે કે જ્યારે લખાણ અસ્તિત્વમાં ન હતું ત્યારના મૌખિક રીતે રહેલા સ્ત્રોત હતાં તે બધાં ટૂંકા છતાં માનવ અધિકારો અને ફરજ વિશેના અર્થસભર સુત્ર છે. દરેક ધાર્મિક કાર્ય વ્યક્તિગત અને સામાજીક સુખ શાંતિ માટે જરૂરી ગણવામાં આવતા. "સ્મૃતિ" અને "પુરાણ" એટલે ધર્મના નિયમોનું સંકલન, તેમાં સામાજીક હક્ક અને ગુનાહિત જવાબદારી (વ્યવહાર ધર્મ) નો સમાવેશ થાય છે અને રાજધર્મ (બંધારણીય કાયદો) પણ કે જેમનાં વેદોમાં સમાવિષ્ટ મૂળભૂત આદર્શોના પાયાપર વિકસાવવામાં આવ્યો હતો. તદ્ઉપરાંત રાજધર્મ પર ઘણા બીજા ઉલ્લેખનીય કાર્યો, ગ્રંથ વિગેરે છે, જેમાં સૌથી અગત્યના કમંડક, શુક્રનિતી અને કૌટીલ્યનું અર્થશાસ્ત્ર દરેક ગ્રંથ સમાજમાં સુખશાંતિ પ્રાપ્ત થાય તેવો ઇરાદો વ્યક્ત કરતાં હતા.

ભારતીય સર્વોચ્ચ અદાલત ધ્વારા એ.એસ.નારાયણ દીક્ષીતુલુ વિ. આંધ્રપ્રદેશ રાજય[૨૭]નાં ચુકાદામાં ધર્મના મહત્વ વિશેની વિસ્તૃત છણાવટ કરવામાં આવી છે. આ ચુકાદામાં ન્યાયમૂર્તિશ્રી કે.રામાસ્વામી ધ્વારા આપણા શાસ્ત્રની કંડીકાઓનો ઉલ્લેખ કરી ને ધર્મના અર્થ વિશે વિસ્તૃત છણાવટ કરતા કહ્યું હતું કે,

"ધર્મ" એ શબ્દ દર્શાવે છે કે માણસ જાતિના ઉત્થાન માટે, પ્રગતિ માટે, સમાજમાં સ્થિરતા લાવવા માટે, સામાજીક ન્યાય અને સામાન્ય પ્રજાની સુખ શાંતિ માટેના કાર્યોમાં જે સહકાર આપે છે, ટેકો આપે છે, સવારે છે તે કાર્ય કરવા માટેના જે પણ વર્તાવ કરવામાં આવે છે તે ધર્મ.

ધર્મ એટલે જે પોતાની જાતને પોતાના આત્મા પાસે સાબિત કરે છે અથવા સુજાગરૂકતા અથવા કોઇ પોતાના પોતિકી ખૂશી માટે કે બીજા અન્ય જીવોના કલ્યાણ માટે તેમને ભય, ઇચ્છા, રોગ વિગેરેથી મુકત કરવા માટે સારી

[૨૭] 1996(a) S.C.C. p. 548.

લાગણીઓને પસરાવવા માટે કે ભાઇચારાની લાગણીને વેગ આપવા માટે એકદમ કાળજી પૂર્વકનું મનન કરીને અને તેમાં જ કાર્ય કરે છે એજ ધર્મ.

આ રીતે બધા નિયમો જે વેદોમાં પ્રસ્થાપિત કરેલ મૂળભૂત સિધ્ધાંતો સાથે સામ્યતા ધરાવે છે. આ બધા જ નિયમો સામાન્ય જનની ખુશીને નિ:શંક રીતે પ્રાપ્ત કરવાનાં ઇરાદાથી બનાવેલ છે અને તે જ ધર્મને પ્રસ્થાપે છે, આ બધા માનવિય અધિકારોનો સમાવેશ કરે છે. જે કોઇ પણ નિયમ, રીત, રિવાજ એના ઉપયોગ સહિત જેઓનો "સ્મૃતિ" અને "પુરાણ" માં સમાવેશ થતો હોય પરંતુ વેદમાં પ્રસ્થાપિત ધર્મના મૂળભૂત નિયમોની વિરૂધ્ધમાં જતા હોય તેવા નિયમોને નિરર્થક છે તેમ ગણીને તેમને સ્વીકારવામાં નથી આવતા. આ સિધ્ધાંત વેદ વ્યાસ ધ્વારા સંસ્થાપિત કરવામાં આવ્યો છે. તે જ રીતે જરૂરી છે કે "ધર્મ"ના નિયમોને મેળવવામાં આવે બધા જ માનવ અધિકારો અને ફરજો અપાર્થિવ મુલ્ય ધરાવે છે, કે જે દરેક ધાર્મિક કાર્ય, રીતી રિવાજો ફક્ત બધાની સુખ શાંતિ માટે જ છે.

"ધર્મ"ના બધા જ નિયમોનું પૃથ્થકરણ દર્શાવે છે કે, મુલ્યવાન માનવ અધિકારો ભારત વર્ષમાં આદિકાળથી જ્ઞાનમાં હતાં અને રાજ્ય પર તેમજ ખાસ વ્યક્તિને તેમના (માનવ અધિકાર) રક્ષણ માટેની ફરજો સોંપી હતી. તે એ પણ દર્શાવે છે કે "માનવીય અધિકારોના વૈશ્વિક જાહેરનામા" માં સમાવિષ્ટ અનેક માનવ અધિકારોમાં આ મૂલ્યો સમાયેલા છે. અને ભારતીય બંધારણના ભાગ-૩ માં પણ વિવિધ મૂળભૂત અધિકારોને સમાવ્યાં છે. આજ અભિપ્રાયને સુપ્રિમકોર્ટ ઓફ ઇન્ડિયા ધ્વારા શ્રીમતી મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઇન્ડિયાના કેસમાં દર્શાવેલ છે.[૨૮]

"આ મૂળભૂત અધિકારો એટલે વૈદિક કાળથી આ દેશના લોકોએ હ્રદયસ્થ કરેલ મૂળભૂત મૂલ્યોનું પ્રતિનિધિત્વ અને તેઓ ચોક્કસ રીતે અગાઉથી એવી

---

[૨૮] 1978(1) S.C.C. p. 248

પરિસ્થિતિનું સર્જન કરેલ છે કે જેમાં દરેક માનવ તેના વ્યક્તિત્વનો વિકાસ પુરેપુરી શક્તિથી કરી શકે અને વ્યક્તિની ખાનદાનીનું રક્ષણ થાય.

હિન્દુ સંસ્કૃતિનો માનવીય જીવનનો સર્વસામાન્ય ઉચ્ચત્તમ આદર્શ :"

सर्वे जनाः सुखिनो भवन्तु । (એટલે દરેક લોકો સુખી થાય)

## ૫. માનવ અધિકારોની વિવિધ વિચાર સરણીઓ :

### ૫.૧ કુદરતી કાયદાની વિચારસરણી :

કુદરતના સિધ્ધાંતો હોય તે કુદરતી કાયદો છે. આ કાયદો રાજયના આજ્ઞાત્મક કાયદા કરતાં પણ ચડિયાતો છે. અમેરિકન સ્વાતંત્ર્યની ઘોષણા કુદરતી કાયદાની વિચારસરણી પર આધારિત છે આ કાયદામાં નોંધપાત્ર કામ સંત થોમસ એકવાઇનાસ ધ્વારા થયુ છે. તેમણે આ કાયદાને ઇશ્વરની ભેટ તરીકે વર્ણવ્યો છે. જોકે ત્યારબાદ આ વિચારસરણીમાં એવો સુધારો થયો કે દરેક વ્યક્તિનું વ્યક્તિત્વ રાજય કરતાં સ્વતંત્ર છે કુદરતી અથવા સ્વાભાવિક અધિકારોનાં મુળ આપણને આ કાયદામાં જોવા મળે છે.

આંતરરાષ્ટ્રીય કાયદાના પિતા તરીકે ઓળખાતા હ્યુગો ગ્રોસીયસ એવોમત રજુ કર્યો હતો કે કુદરતી કાયદાને તર્કબધ્ધ બનાવવો જોઇએ. ૧૭મી સદીમાં ગ્રોસીયસ ધ્વારા રજૂ કરવામાં આવેલી વિચારસરણીમાં જહોન લોક અને બીજા વિધ્વાનોએ સુધારા કર્યા હતા. તેઓનો મત એવા હતા કે દરેક માનવને કુદરત તરફથી જીવન, સ્વાતંત્ર્ય અને મિલકતના અધિકારો પ્રાપ્ત થાય છે. આ અધિકારો માનવના પોતાના જ છે. અને રાજય તેમાં કોઇ દરમ્યાનગીરી કરી શકે નહી. મુકી શકે નહી. જો કોઇ રાજય આવા કોઇ અધિકારમાં દખલ કરે તો પ્રજા તેને દૂર કરવાનો અધિકાર ધરાવે છે. આ વિચારસરણીને સામાજિક કરાર વિચારસરણી તરીકે

ઓળખવામાં આવે છે. રૂસો અને કાન્ટ નામના વિચારકોએ પણ આ વિચારસરણીનું સમર્થન કર્યું છે.

જો કે કુદરતી અધિકારો સામેની એક ટીકા એ છે કે આ અદિકારો વૈજ્ઞાનિક રીતે ચકાસી શકાય તેમ નથી. આ અધિકારોનો સ્ત્રોત, તેનું સ્વરૂપ અને તેની વિગતો જાણવાનું મુશ્કેલ છે. બેન્થામે જણાવ્યું કે, અધિકાર કાયદામાંથી આવે છે કુદરતી કાયદાની વાત કાલ્પનિક છે અને તેથી કુદરતી અધિકારો સંભવી શકે નહિ. કુદરતી અધિકારની વિચારસરણી સામે આ વિરોધ હોવા છતાં, માનવ અધિકારોના વિકાસમાં, કુદરતી કાયદાની વિચારસરણી એ સારી અસર ઉપજાવી છે. અમેરિકન ક્રાંતિ અને ફ્રેંચક્રાંતિના અધિકારોની ઘોષણાના દસ્તાવેજો આ વિચારસરણી પર આધારિત હતા. બીજા વિશ્વ યુધ્ધ પહેલાં અને તે દરમિયાન રાજય સત્તાએ લોકો પર કરેલાં અત્યાચારોના પરિણામે કુદરતી અધિકારોની વિચારસરણીને ફરીથી ટેકો મળ્યો હતો અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે માનવ અધિકરા અંગેના દસ્તાવેજો પ્રગટ થયા હતા.

### ૫.૨ આજ્ઞાત્મક કાયદાની વિચારસરણી :

આ વિચારસરણી મુજબ કાયદો એ રાજય તરફથી અપાયેલ આજ્ઞા છે. રાજ્યની દરેક આજ્ઞા પ્રજાની દરેક વ્યક્તિને અમુક રીતે વર્તવાની ફરજ પાડે છે. આ વિચારસરણીના સ્થાપક જહોન ઓસ્ટિન હતા. તેના મતે રાજયની આજ્ઞાનું પાલન ફરજીયાત હોય છે. જો પાલન મરજીયાત હોય, તો તે કાયદો નથી. દરેક સુસંસ્કૃત રાજ્યમાં આજ્ઞાત્મક કાયદાઓ હોય છે. તેની મદદથી કાયદો અને વ્યવસ્થા જળવાય છે. સામંડ પણ આ વિચારસરણીનું સમર્થન કરે છે. તેના મતે કાયદાઓના મૂળ, સંમતિ, રિવાજ અથવા તર્ક કે કુદરતમાં રહેલાં નથી. પરંતુ સત્તા તરફથી અપાયેલ આજ્ઞામાં રહેલાં છે.

માનવજીવન સુખો અને દુ:ખોથી ભરપુર હોય છે. સુખમાં વધારો થાય અને દુ:ખનો નાશ થાય, તો માનવજાતનો ઘણો વિકાસ થાય. બેન્થામ ધ્વારા આ વિચારસરણી રજૂ કરવામાં આવી હતી. આ વિચારસરણીને ઉપયોગીતાવાદ તરીકે પણ ઓળખવામાં આવે છે. બેન્થામના મત મુજબ જો માનવજાતે સુખી ખવું હોય તો, કેટલીક આજ્ઞાઓનું પાલન કરવું જોઇએ. આ વિચાર સરણીની ઉણપ એ છે છે કે તેમાં સમાજના નૈતિક મુલ્યોનો વિચાર કરાયો નથી. રાજય તરફથી આપવામાં આવતી આજ્ઞાઓનો જ વિચાર કરાયો છે રાજયની આજ્ઞા અનૈતિક અને સામાજિક વિચાર સરણીની વિરુધ્ધની હોય તો પણ તેનું પાલન થવું જોઇએ આ વિચારસરણી મુજબ માનવ અધિકારનું મૂળ કુદરતી કાયદાની વિચારસરણીમાં રહેલું નથી. અધિકારો રાજ્ય તરફથી ઉત્પન્ન કરવામાં આવ્યા છે અને તેથી તેનું પાલન ફરજીયાત છે.

### **૫.૩ કાનૂની વાસ્તવવાદની વિચાર સરણી.**

રોસ્કો પાઉન્ડ આ વિચારસરણીના સમર્થક હતા. તેમના મતે કાયદો શું કરે છે તેના કરતાં કાયદો શું છે તે વધારે મહત્વનું છે. તેમના મતે અધિકારો નીતિનો ભાગ છે. અધિકારો ઘડતી વખતે સમાજના નૈતિક મુલ્યો તેમાં વ્યક્ત થાય છે. Yale school of International Law તરફથી એવી વિચારસરણી રજુ કરાઇ હતી કે માનવ અધિકારો, માનવગૌરવના રક્ષણના મુલ્ય ઉપર આધારિત છે. માનવ અધિકારો ઉદ્દાત આંતરરાષ્ટ્રીય મુલ્યોમાંથી ઉત્પન્ન થયો છે. સામાજિક હિત, આરોગ્ય, કૌશલ્ય, સંતોષ, આદર, સદાચાર, પ્રામાણિકતા વગેર ઉદ્દાત તત્વોને ધ્યાનમાં રાખીને માનવ અધિકારોની રચના થયેલી છે. આ તમામ તત્વોમાં માનવ ગૌરવનું મુલ્ય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ તમામ મુલ્યો તરફ આદરની નજરે જોવામાં આવે છે. અને તેથી માનવ અધિકારોનો જન્મ થયો છે.

આ વિચારસરણી સામેની ટીકા એ છે કે માનવ અધિકારોમાં જે તે સમયનાં સામાજિક મુલ્યો વ્યક્ત થયા હોય, તો તેઓના અર્થ એ છે કે આ અધિકારો

પરિવર્તન શીલ છે. આપણે જે માનવ અધિકારોની વાત કરીએ છીએ તે સાર્વત્રિક, કુદરતી અને અપરિવર્તનશીલ છે.

## ૫.૪ માર્કસવાદની વિચારસરણી

માર્કસે કુદરતની વિચારસરણીને ઐતિહાસિક આદર્શવાદ ગણીને નકારી કાઢી હતી. માર્કસની માન્યતા એવી હતી કે કાયદો શાસન વર્ગને મદદ કરવા માટેનો જ હોય છે. માર્કસના મતે ચોકકસ પ્રકારના અધિકારોની મદદથી સમાજને વિકાસશીલ બનાવી શકાય. મૂડીવાદી સમાજમાં, માનવી ઇચ્છાની પૂર્તિના સાધનોનું નિયંત્રણ શાસક વર્ગના હાથમાં હોય છે. માનવની શક્તિનો વિકાસ થવાની શકયતા ત્યારે જ રહે છે કે, દરેક માનવને સમાજનાં એક અંગ તરીકે ગણવામાં આવે અને ઉત્પાદનનાં તમામ સાધનોની માલિક કોઇ એક વર્ગના હાથમાં નહિ, પરંતુ સહિયારી હોય અને વર્ગ સંઘર્ષનો અભાવ હોય. આ સામ્યવાદી વિચારસરણી છે. માર્કસના મતે આવા રાજ્યે કાયદાનો ઉપયોગ સમાજના પરિવર્તન માટે કરવાનો હોય છે. સમાજના પરિવર્તન માટે રાજ્યે કેટલાક અધિકારો માન્ય કરવા પડે છે. આ તમામ અધિકારો કાનૂની અધિકારો હોય છે. આ કાનૂની અધિકારો સામાજિક કે આર્થિક હોય શકે છે. કારણ કે ઉત્પાદનમાં સાધનોની માલિકી સહીયારી બનાવવાની હોય છે. આ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી દરેક વ્યક્તિ મુકત બને છે અને કોઇ અધિકારોની જરૂર રહેતી નથી, કારણ કે અધિકારો સામાજિક પરીવર્તનનું ચોક્કસ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેનું હથીયાર છે.

અત્યારે મોટાભાગના દેશોએ માર્કસવાદનો ત્યાગ કર્યો છે. ચીન અને ઉત્તર કોરીયા આ વિચારસરણીને વળગી રહ્યા છે. પૂર્વ સામ્યવાદી દેશો, હંગેરી અને ચેકોસ્લોવાકીયા જેવા દેશોએ માનવ અધિકારોનો સ્વીકાર કર્યો છે. આમ છતાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક અધિકારો અંગેના આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં માર્કસવાદની અસર રહી છે તે આપણે ભૂલવું ના જોઇએ.

### ૫.૫ મૂળભૂત અધિકારોની વિચાર સરણી

એક સરસ્સરણી એવી છે કે માનવ અધિકારોએ મૂળભૂત અધિકારો છે, યુનોના ચાર્ટરમાં મૂળભૂત માનવ અધિકારો વિશે જણાવવામાં આવ્યું છે. આનો અર્થ એ થાય કે યુનોના ચાર્ટરના અસ્તિત્વ પહેલાથી જ આ મૂળભૂત માનવ અધિકારો હતો. આ માનવ અધિકારોને મૂળભૂત એટલા માટે ગણવામાં આવે છે કે આ અધિકારો એટલા બધા પ્રાથમિક, ઉચ્ચ અને જરૂરી છે કે રાજ્ય તરફથી સ્વીકૃતિની તેને જરૂર નથી. આંતરરાષ્ટ્રીય સામાજીક વ્યવસ્થા માટે આ અધિકારો જરૂરી છે. માનવ અધિકારોમાં ધર્મ, જાતિ અને લિંગ ભેદ પર પ્રતિબંધ છે. માનવ અધિકારો અંગેના તમામ આંતરરાષ્ટ્રીય દસ્તાવેજોમાં આ પ્રતિબંધ સ્વીકારેલ છે.

યુરોપ, અમેરિકા અને આફ્રિકાનાં માનવ અધિકારો અંગેના કેટલાંક દસ્તાવેજોમાં સ્પષ્ટપણે જાહેર કરાયું છે કે યુધ્ધ અને રાષ્ટ્રીય કટોકટીના સમયે પણ કેટલાંક અધીકારોનો ભંગ કે તેમાં ફેરફાર કરી શકાય નહી. આવા અધિકારોમાં જીવન સ્વાતંત્ર્ય, અત્યાચાર સામે રક્ષણ, ગુલામીમાંથી મુક્તિ, વિચાર અને ધર્મ સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.

તે સિવાયના કેટલાક અધિકારોનો અમલ યુધ્ધ અને કટોકટીના સમય દરમ્યાન મોકુફ રાખી શકાય. આ રીતે જોઇએ તો કેટલાંક માનવ અધિકારો મૂળભૂત અધિકારો છે. ભારતીય બંધારણમાં પણ એવી જોગવાઇ કરવામાં આવી છે કે અનુચ્છેદ-૨૧ હેઠળના જીવન સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારોમાં કટોકટીના સમય દરમ્યાન પણ ફેરફાર કરી શકાતો નથી. આવા મૂળભૂત માનવ અધિકારો, રાજ્ય તરફથી સ્વીકૃતિના મળી હોય તો પણ રાજયને બંધનકર્તા છે. [૨૯]

---

[૨૯] કૌશિક રાવલ, માનવ અધિકારો, પૃ. ૩૪૦.

## ૬. માનવ અધિકારોનું વર્ગીકરણ :-

Karel vasak નામના ફ્રેન્ચ ન્યાયશાસ્ત્રીએ નીચે મુજબ વર્ગીકરણ કરેલ છે.

(૧) દિવાની અને રાજકીય અધિકારો.

(૨) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો.

(૩) ઐકય અધિકારો

### ૬.૧ દીવાની અને રાજકીય અધિકારો (Civil & Political rights) :-

અંગ્રેજી, ફ્રેન્ચ અને રશિયન ક્રાંતિઓનાં કારણે જુદીજુદી નવી અને સુધારક વિચારસરણીઓનો જન્મ થયો. આ અર્થમાં માનવ અધિકારો હકારાત્મક કરતાં, નકારાત્મક વધારે છે. આ પ્રકારનાં માનવ અધિકારોમાં ઓછામાં ઓછી રાજ્ય દખલગીરી અપેક્ષીત છે. મોટાભાગનાં રાજ્યો પોતાના જુદાજુદા કાયદાઓથી પ્રજા પર નિયંત્રણો મુકતા હોય છે. યુનોએ ૧૯૪૮માં જાહેર કરેલ માનવ અધિકારોના અનુચ્છેદ ૨ થી ૨૧ માં દીવાની અને રાજકીય અધિકારો વિશે જોગવાઇ કરાયેલ છે આ અધિકારોમાં જીવન સ્વાતંત્ર્ય, જીવન સુરક્ષા, ગુલામી સામે રક્ષણ, અમાનવીય જુલ્મ અને અટકાયત સાથે રક્ષણ, યોગ્ય અને વ્યાજબી ઇન્સાફી કાર્યવાહી, ખાનગીપણાનો અધિકાર, હરવા-ફરવા અને નિવાસ સ્થાનનો અધિકાર, વિચારની અભિવ્યક્તિ અને ધાર્મિક સ્વાતંત્ર્ય, મિલકત વગેરેનો આ વર્ગીકરણમાં સમાવેશ થાય છે.

જીવન સ્વાતંત્ર્ય, જીવન સુરક્ષા, વિચાર અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, મુક્ત હેરફેરનો અધિકાર, વ્યાજબી અને યોગ્ય ઇન્સાફી કાર્યવાહી, ધાર્મિક સ્વાતંત્ર્ય વગેરેનો ભારતીય બંધારણમાં પણ સમાવેશ કરાયો છે. ભારતીય બંધારણનાં અનુચ્છેદ ૧૯(૧) માં વિચાર અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય, હેરફેર, સંગઠન સ્વાતંત્ર્ય

વગેરેનો સમાવેશ કરાયો છે. અનુ.૨૧માં જીવન સ્વાતંત્ર્યનો સમાવેશ કરાયો છે. અનુ.૨૫ ધર્મ સ્વાતંત્ર્યની જોગવાઇ કરે છે મિલકત સ્વાતંત્ર્ય અંગે ૩૦૦ એ માં જોગવાઇ કરેલ છે.

## ૬.૨ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો :

## [Economic, Social & Cultural Rights]

૧૯ મી સદીની શરૂઆતમાં આ અધિકારોની વિચારસરણીની શરૂઆત થઇ હતી. મૂડીવાદી અર્થવ્યવસ્થાના દૂષણો અને તેમાં થયેલ કામદારોનાં શોષણે આ અધિકારોની વિચારસરણીને જન્મ આપ્યો છે. યુનોએ ૧૯૪૮ માં જાહેર કરેલા માનવ અધિકારોનાં અનુચ્છેદ ૨૨ થી ૨૭માં આ પ્રકારના અધિકારોનો સમાવેશ કરાયો છે. આ અધિકારોમાં સામાજીક સુરક્ષા, કામ કરવાનો અધિકાર, બેકારી સામે રક્ષણ, ગુલામી અને શોષણ સામે રક્ષણ સારા જીવન ધોરણનો અધિકાર, શિક્ષણ અને આરોગ્યનાં અધિકારનો સમાવેશ થાય છે.

ભારતીય બંધારણમાં અનું. ૨૧માં જીવન સ્વાતંત્ર્યનાં અધિકાર હેઠળ સાર, જીવન ધોરણ, સ્વચ્છ હવા-પાણી અને આરોગ્યનાં અધિકારનો સમાવેશ કરાયો છે. ઉન્નીક્રિશ્નના કેસમાં દરેક બાળકને શિક્ષણનો મૂળભૂત અધિકાર હોવાની વાત સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે. ભારતીય બંધારણના અનુ.૨૩ અને ૨૪માં શોષણ સામેના અધિકારની જોગવાઇ કરાયેલ છે. અનુ. ૨૫ થી ૨૮માં ધાર્મિક સ્વાતંત્ર્ય વિશે અનુ. ૨૯ અને ૩૦ માં સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો વિશે જોગવાઇ કરાયેલ છે.

## ૬.૩ ઐક્ય અધિકારો : (Solidarity rights)

યુનોએ જાહેર કરેલ માનવ અધિકારોના અનુચ્છેદ ૨૮ જણાવે છે કે “દરેક વ્યક્તિ એવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે હકદાર છે કે જેમાં આ ઘોષણામાં નિર્દિષ્ટ કરાયેલ અધિકારો અને સ્વાતંત્ર્યો પૂર્ણત: પ્રાપ્ત કરી શકાય.”

આ અધિકારોમાં સત્તા, સંપતિની વૈશ્વીક ધોરણે પુન: વહેંચણી, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક આત્મનિર્ણયનો અધિકાર, આર્થિક અને સામાજીક વિકાસ, માનવજાતે કરેલ વિકાસમાં હિસ્સેદારીનો અધિકાર, શાંતિ અને સ્વચ્છ પર્યાવરણ અને દુર્ઘટના સમયે માનવીય રાહતના અધિકારોનો સમાવેશ થાય છે.

આ પૈકીનાં મોટાભાગનાં અધિકારોને ઘણા દેશોમાં કાનુની સ્વરૂપ અપાયુ નથી, જેમ કે ભારતીય બંધારણમાં રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક આમ નિર્ણયના અધિકારની જોગવાઇ નથી અનુ.૨૧માં પર્યાવરણનાં અધિકારનો સમાવેશ કરાયેલ છે. પરંતુ દુર્ઘટના સમયે માનવીય રાહતનાં અધિકારની આપણાં બંધારણમાં જોગવાઇ નથી. દુર્ઘટના વખતે સરકાર રાહતની જોગવાઇ કરે છે. તેટલું સાચું છે.

## ૭. બાળકોના માનવ અધિકારો :-

બાળકોના માનવ અધિકારોનો પ્રશ્ન, સ્ત્રીઓના માનવઅધિકારોના પ્રશ્ન જેટલા જ ઉગ્ર અને કરૂણ છે. ભારતીય બંધારણમાં અનુચ્છેદ ૧૫ થી સ્ત્રીઓ બાળકોની ઉન્નતી માટે વિશેષ કાયદાઓ કરવાની છૂટ આપવામાં આવેલ છે, અને આ પ્રકારે સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ કાયદાઓ બનાવવામાં આવે જેનાથી ભારતીય બંધારણનાં અનુચ્છેદ -૧૪ નો ભંગ થયો નથી.

ભારતીય બંધારણના અનુ. ૧૫(૩) માં બાળકલ્યાણ, અનુ. ૨૧(એ) માં ૬ થી ૧૪ ઉમરના બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણ, અનુચ્છેદ ૪૫થી દરેક રાજ્યને ૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકો માટે મફત, સાર્વજનિક અને ફરજિયાત શિક્ષણની જોગવાઇ કરવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ છે. તે જ રીતે અનુચ્છેદ  ૩૪ માં રાજયને એવી નિતી ઘડવાનો આદેશ અપાયો છે કે જેથી બાળકોને જેથી બાળકોને તંદુરસ્ત રીતે વિકાસ કરવાની તક પ્રાપ્ત થાય, અને બાળકોને શોષણ સામે રક્ષણ મળે.

ભારતના બંધારણમાં ઉપરોક્ત તમામ જોગવાઇઓ હોવા છતાં છેક ૧૯૯૪ માં બાળકો માટેની રાષ્ટ્રીય નીતિ જાહેર કરી છે. ૧૯૯૨ માં બાળ અધિકારો પરની સમજૂતી પર ભારતે સહી સિક્કા કર્યા છે. આ સમજૂતી પર સહી-સિક્કા કરનાર દરેક દેશને બાળકો માટે નીચેના અધિકારોનું પાલન કરવા જણાવવામાં આવેલ છે. ૧૯૯૦માં ન્યુયોર્કમાં બાળકોના અધિકારો અંગેનું વિધ શિખર સંમેલન યોજવામાં આવેલ હતુ જે અંગેના જાહેરનામાં બાળકો માટે નીચે મુજબના અધિકારોનો સમાવિષ્ટ કરાયો હતો.

**બાળકોના માનવ અધિકારો :**

### ૭.૧ જીવનનો અધિકાર (Right to survival)

બાળકોના જીવન જીવવાના અધિકારમાં સર્વોચ્ચ આરોગ્ય ધોરણ, પોષણ અને જીવનધોરણનો તેમજ નામ અને રાષ્ટ્રીયતાનો સમાવેશ થાય છે.

### ૭.૨ રક્ષણનો અધિકાર (Right to protect)

બાળકના આ અધિકારમાં શોષણના તમામ સ્વરૂપો, અત્યાચાર, અમાનવીય અને અપમાનકારક વ્યવહાર અને ઉપેક્ષા સામે રક્ષણના અધિકારનો સમાવેશ થાય છે. કટોકટી અને સશસ્ત્ર સંઘર્ષમાં ખાસ રક્ષણ મેળવવાનો પણ દરેક બાળકોનો અધિકાર છે.

## ૭.૩ વિકાસનો અધિકાર (**Right to Development**)

બાળકોના વિકાસના અધિકારમાં શિક્ષણ, કાળજી અને બાળપણના વિકાસ માટે અવલંબન, સામાજીક સુરક્ષા, ફુરસદ, મનોરંજન તેમજ સાંસ્કૃતિક અધિકારોનો સમાવેશ થાય છે.

## ૭.૪ સહભાગી થવાનો અધિકાર (**Rigth to participation**)

બાળકોના આ અધિકારમાં બાળકોના અભિપ્રાયો માટે આદર, અભિવ્યક્તિ - સ્વાતંત્ર્ય, યોગ્ય માહિતી, વિચાર તથા વિવેક બુધ્ધિ અને ધર્મ સ્વાતંત્ર્યનો સમાવેશ થાય છે.[૩૦]

ઉપરોકત સમજૂતિનું પાલન અને તેનોઅમલ ભારત માટે ફરજીયાત છે તેવું શિલાબાર્સેના કેસમં ભારતીય સુપ્રીમકોર્ટે ઠરાવેલ છે.[૩૧]

---

[૩૦] એ. એન. કારીઆ (ઉપરોકતમાં ઉલ્લેખિત).

[૩૧] શીલાબાર્સે વિ. યુનિયન ઓફ ઈન્ડીયા.

# પ્રકરણ - ૩

# બાળમજૂરીનો ખ્યાલ

૧. પ્રસ્તાવના
૨. બાળમજૂરીનો ખ્યાલ
૩. બાળમજૂરીનો અર્થ  અને વ્યાખ્યા
૪. ભારતમાં બાળમજૂરીનો પ્રશ્ન
૫. બાળ મજૂરીનો ઉદ્‌ભવ અને તેના કારણો
   ૫.૧  બાળ મજૂરીનો ઉદ્‌ભવ
   ૫.૨  બાળ મજૂરીના કારણો
   ૫.૨.૧ ગરીબી
   ૫.૨.૨ બેકારી
   ૫.૨.૩ કુટુંબની ઓછી આવક
   ૫.૨.૪ વાલીનું મૃત્યુ
   ૫.૨.૫ પરંપરાગત વ્યવસાય
   ૫.૨.૬ શિક્ષણ
   ૫.૨.૭ વિશાળ અને અશિક્ષીત કુટુંબ
   ૫.૨.૮ બાળમજૂર એટલે સસ્તો શ્રમ
   ૫.૨.૯ સ્થળાંતરનું પરિબળ
   ૫.૨.૧૦ સામાજિક સુરક્ષાનો અભાવ
   ૫.૨.૧૧ દેખાદેખીની અસર
   ૫.૩  બાળમજૂરો સાથે સંકળાયેલા મહત્વના પ્રશ્નો.
   ૫.૩.૧ આરોગ્ય
   ૫.૩.૨ સ્ત્રી બાળ મજૂર
   ૫.૩.૩ ચાલીઓના બાળકો
   ૫.૩.૪ ફિલ્મો અને ટીવી સિરિયલોમાં કામ કરતા બાળકો

# પ્રકરણ - ૩

# બાળમજૂરીનો ખ્યાલ

## ૧. પ્રસ્તાવના :-

ભારતની નામદાર સર્વોચ્ચ અદાલતે લક્ષ્મીકાંત પાંડ્યે વિ. યુનિયન ઓફ ઇન્ડિયા કેસમાં પોતાનું અવલોકન આ શબ્દોમાં વ્યકત કર્યું છે, "બાળકો રાષ્ટ્રની સર્વોચ્ચ મહત્વ ધરાવતી અકસ્યામત છે. તેમની માવજત અને કાળજીએ આપણી જવાબદારી છે. માનવ સંસાધનોના વિકાસ માટેની રાષ્ટ્રીય યોજનાઓમાં બાળકોના વિકાસ માટેના કાર્યક્રમને અગ્રતા આપવી જોઇએ. કે જથી તેઓ સમાજને જરૂર છે એવા કાર્યકુશળ અને પ્રેરણાથી સુસજ્જ, ખડતલ, તંદુરસ્ત, જાગરૂક અને નૈતિક રીતે સ્વસ્થ નાગરિકો તરીકે પુખ્ત બની રહે. આપણું લક્ષ્ય, તમામ બાળકોને તેમના ઉછેરના સમય દરમિયાન, એક સમાન તકો મળી રહે, એ હોવું જોઇએ. કેમ કે તે અસમાનતાને ઘટાડવામાં તેમજ સામાજિક ન્યાયને નિશ્ચિત બનાવવામાં ઉપયોગી બની રહેશે." [૧]

ભારતમાં વિશ્વના અન્ય કોઇ દેશ કરતાં બાળમજૂરોનું પ્રમાણ વધુ છે. આધુનિક રાજ્યોની નીતિ સમાજશાસ્ત્રીય દ્દષ્ટિએ નિર્ધારીત થાય છે એટલે કે બાળપણ એ સ્કૂલમાં શિક્ષણ, મનોરંજન અને અન્ય પ્રવૃત્તિઓનો સમય છે, નહિ કે આવક આપતાં કાર્યોમાં વ્યસ્ત રહેવાનો, ભારતની નીતિ આવ કોઇ સમજ પર આધારિત નથી. માયરોન વેઇનર પોતાના ગ્રંથ The Child and the state

---

[૧] AIR 1984 SC 469. Quoted in Government of Gujarat State Action Plan for Elimination of Child Labour, MGLI, Ahmedabad and Department of Labour and Employment, Government of Gujarat, 2008, p.1.

in India માં લખે છે કે "ભારતમાં ન તો બાળમજૂરી બિનકાયદેસર છે અને ન તો સ્કૂલ શિક્ષણ ફરજિયાત."[૨]

ઉપર ઉલ્લેખિત વિચારોના આધારે એ નિષ્કર્ષ કાઢી શકાય કે બાળકો કોઇપણ સમાજનું ભવિષ્ય છે અને તેઓ જ વિશ્વના ભવિષ્યને નિશ્ચિતકરે છે. બાળકો એ દેશની સંપદા છે. કોઇપણ દેશનો બાળસમાજ જેટલો શિસ્તબધ્ધ, ક્રિયાશીલ, સ્વસ્થ અને તાલીમયુકત હશે તેટલું જ તે દેશનું ભવિષ્ય ઉજળું હશે. પણ જો દેશના સમાજમાં આવા ગુણોનો અભાવ હશે તો આવનાર ભવિષ્યમાં એ પતન તરફ જશે. બાળકોનું સમાજ માટે આવું મહત્વ હોવાથી વિશ્વ રંગમંચ એમનાથી સંબંધિત પ્રશ્નો અને સમસ્યાઓને સર્વાધિક પ્રાથમિકતા આપવામાં આવે છે.

સંયુકત રાષ્ટ્રસંઘના જણાવ્યા મુજબ હવે એ સમય દૂર નથી કે જ્યારે કોઇપણ રાષ્ટ્રની પ્રગતિના માપદંડ તરીકે આર્થિક અને લશ્કરી સત્તા જેવા પરંપરાગત પરિબળોના બદલે બાળકોને આપવામાં આવતા અધિકારો, એમના વિકાસ, તંદુરસ્તી અને કેળવણી માટેની સુવિધાઓ વગેરે પરિબળો રાષ્ટ્રની પ્રગતિનો માપદંડ બનશે. આથી જ ૧૯૯૦માં બાળકો માટેની વિશ્વ સમિતિના એજન્ડામાં દરેક રાષ્ટ્રને તાકીદ કરવામાં આવી છે. UNICEF (UNITED NATIONS INTERNATIONAL CHILDREN'S EMERGENCY FUND) બાળકોના અધિકારોની પ્રાપ્તિ અને અમલીકરણના આધારે દર વર્ષે વિશ્વના દેશોના પ્રગતિ આંક દર્શાવે છે.

બાળ મનોવિજ્ઞાનના વિશેષજ્ઞના મતે બાળકો પાસેથી એમનું બાળપણ છીનવી લેવું એ મોટો સામાજિક અપરાધ છે. સાંપ્રત સમયમાં સૌથી વધુ સંખ્યામાં બાળમજૂરો ભારતમાં છે. સંયુકત રાષ્ટ્ર સંઘના મહામંત્રી યુ. થાન્ટે ૧૯૭૧માં કહ્યું

---

[૨] M. Swaminathan, 'Child Labour' in K. Basu (ed.), The Oxford Companian to ecoomics in India, OUP, 2007, p. 53.

કે, "માનવીનું ગૌરવ આપણી બધી જ મિલકતોમાં અપૂર્વ અને સૌથી મૂલ્યવાન છે." આજે બાળકોને સાંજના સમયમાં રમતના મેદાન અને સવારે સ્કૂલના બદલે મજૂરી કરતા જોઇએ છીએ, ત્યારે એ પ્રતીતિ થવી જોઇએ બાળમજૂરી દ્વારા મૂલ્યવાન બાળસંપત્તિ વેડફાઇ રહી છે. [3] બાળમજૂરીના કારણે બાળકો પોતાના મૂળભૂત અધિકારોથી વંચિક રહે છે અને વિવિધ રોગો તથા શોષણનો ભોગ બને છે.

પ્રાચીન ભારતના વિચારકોએ સુધ્ધાં બાળકોના મહત્વનો સ્વીકાર કર્યો છે. મનુસ્મૃતિમાં બાળકોના ગુરૂકુળના શિક્ષણનું મહત્વ દર્શાવી સ્પષ્ટત: કહ્યું છે કે આવું ન કરનારના મા-બાપ રાજદંડના ભાગીદાર બનશે. [૪]

કૌટિલ્યે પણ પૂર્વ વ્રતમાં જણાવ્યું છે કે આર્ય બાળકોને ગુલામ બનાવી ખરીદવાના ધંધામાં સામેલ તમામ વ્યક્તિઓ દંડને પાત્ર છે. [૫]

બાળકોનું સમાજમાં ખૂબ જ મહત્વ હોવા છતાં વિશ્વનો કોઇપણ દેશ બાળમજૂરોના પ્રશ્નનો અપવાદ નથી. અલબત, એમનું (બાળમજૂરો) પ્રમાણ વધતું ઓછું રહ્યું છે. આઇ.એલ.ઓ એના ૨૦૦૩ના અહેવાલમાં જણાવે છે કે વિશ્વમાં ૧૪ વર્ષ કે એથી ઓછી વયના ૨૪૬ મિલ્યન (એક મિલ્યન એટલે દશ લાખ) બાળમજૂરો છે. ૧૯૫૦ ની સરખામણીમાં ૨૦૦૦માં બાળમજૂરોની સ્થિતિ નીચે આપેલ કોઠામાં દર્શાવેલ છે. [૬]

---

[3] કે.વી. ઓઝા, બાળ મજૂરીની સમસ્યા : ઉકેલ, સમૃધ્ધવર્ગની સામાજિક જવાબદારી, યોજના, અંક–૨, મે. ૨૦૦૮, પૃ. ૨૪.

[૪] મનુસ્મૃતિ....

[૫] વધુ વિગતો માટે જૂઓ, R. Shambasastry, (tr.) Kautilya's Arthsashtra, Mysore Printing and Publishing House, Mysore, 8th ed., 1967, BK.3 Ch. XIII, 208-211.

[૬] State Action Plan for elimination of Child Labour, MGLI, Ahmedabad, p.5

| દેશો | ૧૯૫૦ (ટકા) | ૨૦૦૦ ટકા |
|---|---|---|
| વિશ્વ | ૨૨.૫૭ | ૧૧.૩૨ |
| આફ્રિકા | ૩૮.૪૨ | ૨૪.૯૨ |
| એશિયા | ૩૬.૦૬ | ૧૦.૧૮ |
| યુરોપ | ૬.૪૯ | ૦.૦૪ |
| ભારત | ૩૫.૫૨ | ૧૨.૦૭ |
| ચીન | ૪૭.૮૫ | ૭.૮૬ |

નિ:સંદેહ બાળમજૂરોનું પ્રમાણ ઘટ્યું છે, તેમ છતાં હજુ પણ તેનું પ્રમાણ એફ્રો એશિયા દેશોમાં નોંધપાત્ર રહ્યું છે.

૧૯૭૧માં ભારતમાં બાળમજૂરોની  સંખ્યા જનગણના એ આપેલ આંકડાઓ મુજબ ૧૦.૭૫ મિલ્યન હતી જે પછીના દશકામાં વધીને ૧૩.૬૪ મિલ્યન થઇ હતી. ૧૯૮૭માં કેન્દ્રીય સરકારે અમલમાં મૂકેલ નીતિના કારણે તે ઘટીને ૧૧.૨૧ મિલ્યન થઇ હતી. ૧૯૯૧-૨૦૦૧ દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારો ધ્વારા બાળમજૂરી નાબૂદ કરવા માટે અનેક પગલાંઓ લીધા. કાયદા દ્વારા અને ધંધાઓ અને પ્રક્રિયાઓમાં બાળકોને કામ પર રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. પણ ૨૦૦૧ની જનગણના ૫ થી ૧૪ વર્ષની વયજૂથના બાળમજૂરોની સંખ્યા ૧૨.૬૭ મિલ્યન થઇ હતી. [૭]

દેશના અન્ય કેટલાંક રાજ્યોની તુલનામાં ગુજરાતમાં બાળમજૂરોની (૫ થી ૧૪ વર્ષનું વય જૂથ) સંખ્યાનું પ્રમાણ નીચે આપેલ કોઠાથી સ્પષ્ટ થાય છે. [૮]

---

[૭] State Action Plan for elimination of Child Labour, MGLI, Ahmedabad, p.5
[૮] એજન, પૃ. ૮.

| અનુ.ન. | રાજ્ય | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૯૧ | ૨૦૦૧ | ૨૦૦૧ (ટકા) |
|---|---|---|---|---|---|---|
| ૧. | ઉત્તર પ્રદેશ | ૧૩૨૬૭૨૬ | ૧૪૩૪૬૭૫ | ૧૪૧૦૦૮૬ | ૧૯૨૭૯૯૭ | ૧૫.૩૧ |
| ૨. | રાજસ્થાન | ૩૮૭૩૮૯ | ૮૧૯૬૦૫ | ૭૭૪૧૯૯ | ૧૨૬૨૫૭૦ | ૧૦.૦૩ |
| ૩. | મધ્યપ્રદેશ | ૧૧૧૨૩૧૯ | ૧૬૯૮૫૯૭ | ૧૩૫૨૫૬૧ | ૧૦૬૫૨૫૯ | ૮.૪૬ |
| ૪. | મહારાષ્ટ્ર | ૯૮૮૩૫૭ | ૧૫૫૭૭૫૬ | ૧૦૬૮૪૧૮ | ૭૬૪૦૭૫ | ૬.૦૭ |
| ૫. | ગુજરાત | ૫૧૮૦૬૧ | ૬૧૬૯૧૩ | ૫૨૩૫૮૫ | ૪૮૫૫૩૦ | ૩.૮૫ |
| ૬. | પંજાબ | ૨૩૨૭૭૪ | ૨૧૬૯૩૯ | ૧૪૨૮૬૮ | ૧૭૭૨૬૮ | ૧.૪૧ |
| ૭. | દિલ્હી | ૧૭૧૨૦ | ૨૫૭૧૭ | ૨૭૩૫૧ | ૪૧૮૯૯ | ૦.૩૩ |
| ૮. | કેરાલા | ૧૧૧૮૦૧ | ૯૮૫૪ | ૧૪૮૦૦ | ૨૬૧૫૬ | ૦.૨૧ |
| | સમગ્ર રાજ્યો/ ભારત | ૧૦૭૫૩૯૮૫ | ૧૩૬૪૦૮૭૦ | ૧૧૨૮૫૩૪૯ | ૧૨૬૬૬૩૭૭ | |

ભારતમાં બાળમજૂરોની કુલ સંખ્યાના ૯૦ ટકા ગ્રામીણ વિસ્તારોમાં અને એના ૮૦ ટકા કૃષિ કામ સાથે સંલગ્ન હોય છે.[૯] પ્રત્યેક દશ બાળમજૂરોમાંથી નવ દેશના અસંઠિત ક્ષેત્રમાં કામ કરે છે.[૧૦] અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા બાળમજૂરોની દશા સૌથી વધુ દુ:ખદ હોય છે. અનેક લઘુ અને કુટીર ઉધોગો, દા.ત. હાથશાળ, વણાટકામ, બીડી વાળવાના, અને ગાલીચા માં બાળમજૂરોનું પ્રમાણ તેમજ એમની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક સ્થિતિએ પહોંચેલ છે.

પ્રત્યેક દેશ કાયદા અને કલ્યાણકારી કાર્યક્રમો દ્વારા આ વિશ્વવ્યાપી સમસ્યાનું નિવારણ કરવા પ્રયત્નશીલ છે. દેશના ભવિષ્ય માટે બાળકોનું મહત્વ જોતાં કોઇ પણ દેશ  કે સમાજને એમની ઉપેક્ષા કરવાનું શક્ય જ નથી.

[૯] Kiran Desai, Child Labour in Informal Sector Activities of Surat, Paper Submitted in National Workshop on Socio-Economic Issues in child Labour, MGLI, ahmedabad, March 2007.

[૧૦] એજન

## ૨. બાળમજૂરીનો ખ્યાલ :-

વિ.વિ.ગિરિની દૃષ્ટિએ “બાળમજૂરીનું સામાન્ય રીતે બે જુદી જુદી રીતે અર્થઘટન કરવામાં આવે છે. પહેલું આર્થિક પ્રવૃત્તિના સંબંધમાં અને બીજું સામાજીક અનિષ્ટ તરીકે. પહેલો અર્થ કુટુંબની આવકમાં વધારો કરવા માટે લાભકર્તા વ્યવસાયોમાં બાળકોની રોજગારીનો નિર્દેશ કરે છે. સામાન્યત: બાળમજૂરી શબ્દ બીજા અર્થમાં વધુ વપરાય છે. આ સામાજિક અનિષ્ટના વ્યાપ અને સ્વરૂપનું મૂલ્યાંકન કરતી વખતે બાળકોને જે કામોમાં રોકવામાં આવતા હોય તેમના પ્રકાર, તેમાં રહેલાં જોખમો અને વિકાસની જે તકોથી તેમને વંચિત રાખવામાં આવ્યા છે, તે પણ ધ્યાનમાં લેવું જરૂરી છે.” [૧૧]

એ ફ્રાયફે ના મતે “ Child labour is work which impairs the health and development of children” [૧૨] બાળમજૂરીની લાક્ષણિકતાઓ નીચે જણાવ્યા મુજબની હોય છે.

૧) નાની યુવાન વયે કામ

૨) લાંબા સમય સુધી કામ કરવું

૩) શારીરિક, સામાજિક કે મનોવૈજ્ઞાનિક - દબાણ હેઠળ કામ કરવું

૪) કામના સ્થળનું બિન આરોગ્યપ્રદ વાતાવરણ

૫) ઓછા વેતન પર કામ.

૬) ઓછી પ્રોત્સાહનજનક સ્થિતિમાં કામ કરવું.

૭) ધાકધમકીને પરાધીન[૧૩]

---

[૧૧] www.vvgnli.org

[૧૨] M. I. Siddiqui, Child Labour : How to Investigate, Deep and Deep Publications, Delhi, 2003

[૧૩] એજન

બાળમજૂરી એ સામાજિક - આર્થિક બાબત છે સામાજિક - આર્થિક પછાતપણું ગરીબી, નિરક્ષરતા, બેરોજગારી, સામાજિક પૂર્વગ્રહો તેમજ સરકારની ઉદાસીનતાના કારણે નિપજે છે. "અધિકૃત રીતે એ કહેવામાં આવે છે કે બાળમજૂરી એ હવે આર્થિક શોષણનું માધ્યમ રહી નથી પણ મા-બાપોની આર્થિક આવશ્યકતાનું તેમજ બાળક પોતાના વલણનું પરિણામ છે."

## ૩. બાળમજૂરીનો અર્થ અને વ્યાખ્યા :-

ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪ અનુસાર અને ૧૯૮૬ના બાળમજૂરી પ્રતિબંધક કાયદા અનુસાર ૧૪ વર્ષની નીચેની કોઇપણ વ્યક્તિ બાળક કહેવાય, તેથી કહી શકાય. જે બાળકો ૧૪ વર્ષથી નીચેની ઉંમરે મજૂરી કરતાં હોય તે બાળમજૂર કહેવાય.

બાળક ઘરનું કોઇ કામ કરે કે જેના દ્વારા તેની બુધ્ધિ અને વ્યક્તિત્વનો વિકાસ થાય તો તેને મજૂરી કહેવાતી નથી. પરંતુ જો તે બાળકના શિક્ષણ, રમત-ગમત અથવા શારિરીક, માનસિક કે નૈતિક આરોગ્ય મળવામાં દખલરૂપ હોય તો તે મજૂરી કહેવાય.

"Child Labour includes children prematurely leading adult live working long hours for low wages, under conditions damaging to their families, frequently deprived of meaningful education and training opportunities that could open up for them a better future." - International Labour Organisation.

When the business of wages earning of participation in self or family support conflicts directly or indirectly with the business of growth and education, the result is Child Labour.

The function if work in childhood is primarily developmental and not economic, children's work then as a social good is the direct antithesis of child labour as a social evil.

Encyclopaedia of social sciences. [૧૪]

આ રીતે બાળકામ અને બાળમજૂરી એ બન્નેમાં તફાવત છે. યુવાન છોકરીઓ તેમના માતા-પિતાને કામમાં મદદ કરે છે. જેમકે ખેતરના વાવણી, લણણી, રોપવાનું તેમજ અન્ય કાર્યો કરે છે. તેજ રીતે બળતણ વીણી લાવવા, ઢોર ચરાવવા જવું તેમજ ઘરમાં સફાઇ કરવી, પાણી ભરવું રસોઇ કરવી, વાસણ - કપડાં સાફ કરવાં, નાનાભાઇ-બહેનોને સાચવવાં વગેરે કાર્યો પણ કરે છે. આથી તે શીખે છે. તેના દ્વારા તેનો વિકાસ થાય છે. તેને બાળકામ કહેવાય છે.

જ્યારે કાળીમજૂરીમાં બાળક મને-કમને, ગમે કે ના ગમે તેણે પરાણે કામ કરવું પડે છે અને તેના બદલામાં તેને વેતન પણ મળે છે. જેમ કે બુટપાલીસ, કચરો સાફ કરવાનું વગેરે.

ટૂંકમાં કહી શકાય કે જે ૧૪ વર્ષથી નીચેનું બાળક હોય કે જેનો શારીરિક, માનસિક વિકાસ રૂંધાતો હોય, જેમના સ્વાસ્થ, ખોરાક, રહેઠાણ તથા બાળપણના

[૧૪] M. C. Naidu, K. D. Ramaiah, 'Child Labour in India : An Overview, ' Journal of Scial Sciences, 13(3), 2006, p.201.

સમગ્ર અધિકારો જળવાતા ન હોય અને વ્યવસાયમાં કામ કરવા જોડાયેલી હોય તેને બાળમજૂર કહેવાય.

## ૪. ભારતમાં બાળમજૂરીનો પ્રશ્ન :-

બાળમજૂરીનો પ્રશ્ન ભારતમાં અત્યંત ગંભીર, જટિલ અને તાત્કાલિક ઉકેલ માંગતો પ્રશ્ન છે. ભારતમાં સંગઠીત અને અસંગઠીત ક્ષેત્રોમાં બાળમજૂરો કામ કરે છે. આ બાળકોની સ્થિતિ પર વારંવાર ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં આજે પણ બાળમજૂરીની સમસ્યા એમની એમ જ છે.

ભારતની ૧૯૭૧ની વસ્તી ગણતરી મજુબ ૫૫ કરોડ જેટલી કુલ વસ્તીમાંથી ૧ કરોડ બાળકો કામદાર હતા જેમાં ૩૦ લાખ બાળાઓ કામદાર હતી. ભારતમાં ૧૯૯૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૨૦.૨૩ કરોડ બાળકો કામ કરી રહ્યા હતા. આમાથી ૮૦.૫૨ લાખ છોકરાઓ કામદારો હતા અને ૪૬.૫૮ લાખ કામદારો બાળાઓ હતી.

વિશ્વ મજૂર સંઘ (આઇ.એલ.ઓ.)ના અધિકૃત આંકડા મુજબ ૫ થી ૧૩ વર્ષની વય ધરાવતા બાળમજૂરોની સંખ્યા સતત ઘટતી જાય છે. બાળમજૂરી અંગેનો પ્રતિબંધક કાયદાઓ છતાં ભારતમા વિશ્વના સૌથી વધુ બાળમજૂરો છે. જેની સંખ્યા લગભગ ૧.૭૫ કરોડ જેટલી છે.

તેમજ ભારત સહિતના વિકાસશીલ દેશોમાં બાળમજૂરોની સંખ્યા ૭ કરોડ ૩૦ લાખથી વધીને ૨૫ કરોડ સુધી પહોંચી છે. આમાંથી ૬૧ ટકા બાળમજૂરો માત્ર એશિયામાં છે.

ભારતના પ્રધાનમંત્રીએ ૧૯૯૪ના સ્વાતંત્ર્ય દિને આપેલ વકતવ્યમાં જણાવ્યું કે ભારતમાં ૨૦ મિલીયન બાળમજૂરો હોવાનો અંદાજ છે.

રાષ્ટ્રીય સેમ્પલ સર્વેના અંદાજ પ્રમાણે ૧૯૮૩માં ૫ થી ૧૫ વર્ષના બામળમજૂરોની સંખ્યા ૧,૭૩,૬૦,૦૦૦ (૧૭.૩૬ મિલીયન) હતી. વડોદરાના ઓપરેશન રીસર્ચ ગ્રુપના અંદાજ મુજબ ભારતમાં ૧૯૮૩માં (૪૪ મિલીયન)૪,૪૦,૦૦,૦૦૦ બાળ મજૂરો હતા.

ભારતના કેન્દ્ર સરકારના શ્રમસચિવ ડૉ.એલ મિશ્રાનો અંદાજ છે કે ભારતમાં લગભગ ૨૦ લાખ બાળકો જોખમવાળા ઉધોગોમાં કામ કરે છે. આ જોખમવાળા ઉધોગોમાં કામ કરતા બાળ મજૂરોનો પુરવઠો ૧૩ રાજ્યોનો ૧૩૨ જિલ્લાઓમાં કેન્દ્રીત થયો છે. જેમાં આંધ્રપ્રદેશનો પ્રથમ નંબર આવે છે.

ગુજરાતમાં ૧૯૮૧ની વસ્તી ગણતરી પ્રમાણે જોખમી અને બિનજોખમી વ્યવસાયમાં કામ કરતા કુલ ૬,૭૬,૯૧૩ બાળમજૂરો છે. ભારત સરકારના લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી સંગ્માના જણાવ્યા પ્રમાણે ગુજરાતમાં જોખમી ઉધોગોમાં કામ કરતા બાળમજૂરોની સંખ્યા ૧,૩૬,૫૪૨ છે. જેમાં પંચમહાલ જિલ્લામાં ૮૧,૭૭૦ છે.

સર્વોચ્ચ અદાલત બાળમજૂરી પ્રતિરો અંગેના ચુકાદા બાબતે હાથ ધરાયેલી બાબતની સમીક્ષા કરવા ડૉ.મિશ્રાના અધ્યક્ષ પણ મળેલ બેઠકમાં તેમના જણાવ્યા મુજબ ૧૯૯૬માં હાથ ધરાયેલા સર્વેક્ષણ મુજબ જામનગર જિલ્લામાં ૫૬૧૦ બાળ કારીગર પિત્તળ ઉધોગોમાં પ્રવૃત્ત હતાં. ૧૯૯૬માં સુરત શહેરમાં શ્રમિક વિદ્યાપીઠ કરેલ અભ્યાસ મુજબ સુરત શહેરના હીરા ઉધોગમાં ૪૯૩૪ બાળમજૂરો કામ કરતા હતા.

સંયુકત રાષ્ટ્રસંઘના સ્વયંસેવિકા નિરા બુરા એ પોતાની પુસ્તિકા "ભારતમાં બાળમજૂરી" માં નોંધાવ્યું છે કે સુરતના હીરા ઉધોગોમાં આશરે ૧૫,૦૦૦ જેટલા બાળમજૂરો છે. તેમજ ટેક્ષ્ટાઇલ માર્કેટ અને જી.આઇ.ડી.સી.માં ચાલતા કારખાનાઓમાં બાળમજૂરો મળીને સુરતના બાળમજૂરોની સંખ્યા ૨૫,૦૦૦ જેટલી થાય તેવી શકયતા છે.

બાળમજૂરોની વાસ્તવિકતાનો ચિતાર આપતાં ચુકાદામાં જસ્ટીસ પી.એન.ભગવતી કહે છે. તેઓ અમાનવીય જીવે છે. આપણી સભ્યતાથી બહિષ્કૃત છે. જાનવરોથી પણ બદતર જીંદગી જીવે છે. જાનવરો તો જ્યાં ઇચ્છે ત્યાં હરીફરી શકે છે. ભૂખ લાગે તો ગમે ત્યાં માથું મારીને ખાઇ લે છે. પરંતુ સમાજથી બહિષ્કૃત આ બાળશ્રમિકો અનેક બંધનોમાં જકડાયેલા છે. તેમની સ્વતંત્રતા છીનવાઇ ગઇ છે. તેમને પેટ પુરતું ખાવાનું પણ મળતું નથી. એવી દયનીય સ્થિતિ છે. કાચા મકાનો કે ખુલ્લા આકાશ નીચે એ રહે છે. તેમની ઇચ્છાઓ મરી પરવારી છે. ગરીબી અને ભૂખમરાથી ગ્રસ્ત બંધનાવસ્થાએ તેમને અધંકારમય જીવનમાં ધકેલી દીધા છે. ક્રુર શોષણયુકત સમાજમાં અંતહીન અંધકારમય જીવનમાં એ સબડે છે. જસ્ટીસ પી.એન.ભગવતીની વાત ઉપરથી આપણને ભારતના બાળશ્રમિકોની પરિસ્થીતિ વિષેનો એક દર્દજનક ચિતાર મળે છે.

આપણે બાળમજૂરોના ઘણાં બધા જુદા-જુદા આંકડાઓ મેળવ્યા પણ આવતીકાલના નાગરિકોને પેટનો ખાડો પુરવા માટે મજૂરી કરવી પડે છે કે એક કડવું સત્ય છે. આ બાળકો મજૂરી કરે છે. ખેતરોમાં, કારખાનાઓમાં, મીલોમાં, હોટલોમાં, દુકાનોમાં, રેલ્વે સ્ટેશન ઉપર, થિયેટરોમાં કે અન્ય જાહેર સ્થળોએ બુટપોલીશ કરવા એ ફરે છે. કચરો કે કાગળના ડુચા વીણે છે. ને ક્યારેક ભીખ પણ માંગે છે. દુનિયામાં સૌથી વધારે (૫૦ હજાર) બાળમજૂરો ધરાવતું શહેર દક્ષિણ ભારતમાં આવેલુ શીવાકાશી છે. જ્યાં ફટાકડાના કારખાનાઓમાં બાળમજૂરો કામ કરે છે. આ સિવાય ફિરોઝાબાદની બંગડી અને કાચની ફેરટરીઓમાં, બનારસના સાડી અને જરી કસબમાં, ઈંટોના ભઠ્ઠાઓ ઉપર, ભીવંડીની પાવરલુમ્સ પર જેવી અસંખ્ય જગ્યાઓ પર બાળશ્રમિકો કામ કરે છે.

ગુજરાતમાં પણ હીરાઉધોગ, કિનખાબ, સ્લેટપેન, અકીક, પથ્થર, તાળા બનાવવાનો ઉધોગ અને દારૂખાના જેવા ઉધોગોમાં બાળમજૂરોની વિશેષ સંખ્યા માલુમ પડે છે. આ ઉપરાંત ગુજરાતના જુદા-જુદા વિસ્તારો જેવા કે દક્ષિણ ગુજરાતમાં હીરા ઘસવામાં, પાવરલુમમાં, હોટલોમાં, ગેરેજોમાં, જારી ઉધોગોમાં,

ચાની લારીઓમાં, બાળ મજૂરો છે. મધ્ય ગુજરાતમાં અકીક ઉધોગોમાં અગરબત્તી, કવોરી, તમાકુની ખળી, બાંધકામમાં, રસ્તા બનાવવામાં, ઈંટ ઉધોગમાં, પોટરી ઉધોગમાં, ઘડીયાળ કામમાં સીરેમીક ઉધોગ, દોરડાં કામમાં, પીત્તળ ઉધોગ, મીઠાના અગરમાં બાળમજૂરો છે.

## ૫. બાળ મજૂરીનો ઉદ્ભવ અને તેના કારણો :-

### ૫.૧ બાળ મજૂરીનો ઉદ્ભવ

આપણે જ્યારે કોઇ બાળકની આંખોમાં જોઇએ તો આપણે તેમાં એક આશા, વિશ્વાસ તથા માસુમિયતની અપેક્ષા રાખીએ પણ તેમાં આપણને ભૂખ, બીક તથા નિરાશા જોવા મળે ત્યારે આપણને તેમાં એક બાળમજૂરનો ચહેરો દેખાય છે.

બાળમજૂરી એ સમગ્ર માનવજાત માટે એક અભિશાપ છે. કોઇપણ દેશમાં બાળમજૂરોનું અસ્તિત્વ તે દેશ માટે એક કલંક સમાન છે. બાળમજૂરોનો ઉદ્ભવ ઔધોગિક ક્રાંતિને લીધે થયો. ઔધોગિક ક્રાંતિના પરિણામે શહેરોમાં મશીનો દ્વારા મોટા પાયા પર ઉત્પાદન થવા લાગ્યું. આને કારણે ગામડાઓના ગૃહઉધોગો પડી ભાંગ્યા આથી, ગામડાના લોકો બેકાર અને બેહાલ બન્યા. તેઓ રોજીરોટી કમાવવા શહેરોમાં આવવા લાગ્યા. તેઓ પોતાના કુટુંબને લઇને આવ્યા અને શહેરમાં કારખાનાઓમાં નોકરી કરવા લાગ્યા. એ વખતે મજૂર કાયદાઓ ઘડાય ન હતા. આથી, કારખાનાના માલિકો મજૂરો પાસે ખૂબ જ કામ કરાવતા અને બદલામાં ખૂબ ઓછી મજૂરીમાં તેઓ કુટુંબનું ભરણપોષણ કરી શકતા ન હતા તેથી તે પોતાની પત્ની તથા બાળકોને પણ કામે લઇ જતા હતા. આ બાળકો પોતાના મા-બાપ સાથે કામે જતા હોવાથી, સ્વભાવિક છે કે શાળાએ નહિ જઇ શકતા હોય અને પરિણામે શિક્ષણથી વંચિત રહી જતા હશે. આ બાળકો જ્યારે મોટા થઇને પોતાનું ઘર વસાવે છે ત્યારે તેઓ પોતે શારીરિક રીતે બહુ નબળા બની ગયા હોય છે અને તેથી વધારે કામ કરી શકતા નથી. તેઓ અશિક્ષિત અથવા અલ્પશિક્ષિત હોવાથી બીનકુશળ

કામ જ કરી શકે છે. જેમાં તેમને મશીનોમાં બધા દિવસ કામ નથી મળતું અને ઉપરથી તેમને વેતન પણ ઓછું મળે છે. આ કારણોસર તેમના કુટુંબનું પુરૂ કરવા માટે તેઓ પણ તેમના બાળકોને કામ કરવા મોકલે છે અને આમ બાળમજૂરીનું વિષચક્ર ચાલ્યા જ કરે છે. અમુક બાળકો અશિક્ષિત હોવાને કારણે મોટા થઇને કોઇ કામ મેળવી શકતા નથી ત્યારે તેઓ ખોટે રસ્તે ચઢી જાય છે જેમ કે દારૂના ધંધામાં, જુગાર, ચોરી વિગેરે. બાળકો નાની ઉંમરે કામે લાગી જતા હોવાથી તેમના બાળપણના સુવર્ણ દિવસો ગુમાવીને અકાળે પુખ્ત બની જાય છે. આથી બાળમજૂરી એ સામાજિક તથા આર્થિક પ્રશ્ન છે.

## **૫.૨ બાળ મજૂરીના કારણો**

### **૫.૨.૧ ગરીબી**

બાળમજૂરી માટે પાયાનું જવાબદાર પરિબળ ગરીબી છે. માતાપિતા પોતાની આર્થિક જરૂરિયાતો પૂર્ણ કરવા બાળકોને મજુરી કરવા પ્રેરે છે. ગરીબ કુટુંબના માતાપિતા માટે એ પ્રશ્ન હોય છે કે તેમના બાળકોને શાળાએ મોકલે જેથી તે સારું ભણીને ભવિષ્યમાં સારું કમાય કે અત્યારે જ મજુરીએ મોકલે કે જેથી તેમના કુટુંબને આવક થાય આ આવક બાળક સહિત તેના કુટુંબના અસ્તિત્વ સાટે જરૂરી હોય છે.

### **૫.૨.૨ બેકારી**

બાળમજૂરીનું બીજું જવાબદાર પરિબળ બેકારી છે. કામ કરતી કોઇ વ્યક્તિને ઓછું વેતન મળે તો તે વ્યક્તિને વધુ ગરીબ બનાવે છે પણ જો તેને કામ જ ન મળે અને બેકાર રહે તો તે ભૂખે મરે. આથી કુટુંબમાં જો પુખ્ત વ્યક્તિ બેકાર હોય તો બાળકને મજુરી માટે દબાણ કરે છે.

### ૫.૨.૩કુટુંબની ઓછી આવક

કુટુંબની પુખ્ત વ્યક્તિ કે કમાનાર વ્યક્તિને પુરતું વેતન મળતું હોય કે જેનાથી તેના કુટુંબનું ભરણપોષણ થાય તો તે પોતાના બાળકોને મજુરીએ મોકલશે નહિ. પરંતુ જો કુટુંબની કમાનાર વ્યક્તિ લઘુત્તમ વેતન કે કુટુંબની જરૂરીયાત જેટલું વેતન ન મેળવી શકે તો બાળકોને મજુરીએ મોકલવાની શકયતા વધુ રહે છે.

### ૫.૨.૪વાલીનું મૃત્યુ

ઘણા બાળકો પોતાની માતા કે પિતા કે બંનેના મૃત્યુના કારણે નાની ઉંમરે કામમાં જોડાય છે. કુટુંબમાં કમાનાર વ્યક્તિનું આકસ્મિક મૃત્યુ થાય ત્યારે પોતાના અને કુટુંબના ભરણરોષણ માટેના દબાણથી અનિચ્છાએ બાળકે કામમાં જોડાવું પડે છે. ભારતમાં આવા કુટુંબને મદદ મળે તેવી કોઇ યોજના નહિ હોવાથી બાળકે પોતે કામ કરીને કુટુંબનું રક્ષણ કરવું પડે છે.

### ૫.૨.૫પરંપરાગત વ્યવસાય

ગ્રામીણ વિસ્તારોમાં બાળકોને પરંપરાગત વ્યવસાય જાળવી રાખવા આગ્રહ કરવામાં આવે છે. આ કારણથી બાળકો શાળામાં અભ્યાસ કરી શકતા નથી. ગ્રામીણ કારીગરોના બાળકો નાનપણથી જ પૂર્ણ રીતે કે અર્ધ રીતે કુટુંબના વ્યવસાયમાં મદદ કરે છે. અને પાછળથી તે જ ધંધો અપનાવી લે છે. કુટુંબના લોકો શાળા કરતાં ધંધામાં સુઝ કે કુનેહ વધારવાને વધુ મહત્વ આપે છે.

### ૫.૨.૬ શિક્ષણ

ભારતમાં શાળાએ નહિ જતા અને કામ કરતા બાળકોની સંખ્યા ઘણી ઉંચી છે. ગરીબ મા-બાપ એવું માનતા હોય છે કે બાળકો શાળાએ જઇ કશું શીખશે નહી અને તેમની પુખ્ત વયે આ શિક્ષણ તેમને રોજગારી આપવામાં મદદ કરશે નહી. મા-બાપ એવું વિચારતા હોય છે કે ભવિષ્યમાં જો તેણે કામ જ કરવાનું છે તો તે કામ વહેલા શરૂ કરી દેવું જોઇએ જેનાથી તે વધુ કમાશે અને આવડત પણ વધારશે.

બાળકો શાળાએ જાય અને કામ કરવા ના જાય એ પ્રકારની વ્યૂહરચના એટલા માટે સફળ નથી થતી કે બાળકની આર્થિક સામાજીક સ્થિતિ જ તેને કામ કરવા મજબૂર કરે છે. શાળા માત્ર બાળકની શિક્ષણની જરૂરીયાત પુરી કરી શકે છે પરંતુ અન્ય સામાજીક - આર્થિક પ્રશ્નો ઉકેલી શકશે નહી.

ઘરથી શાળાનું દૂર હોવું, મોંઘુ અને ખર્ચાળ શિક્ષણ, છોકરીઓ માટે અલગ શિક્ષણ વ્યવસ્થાનો અભાવ જેવા કારણો પણ બાળકને શાળાએ જતા રોકે છે. ઘણીવાર બાળકને શાળાએ જતા રોકે છે. ઘણીવાર બાળકને શિક્ષણમાં રુચિ ન હોવાથી, જીવનમાં શિક્ષણ જરૂરી ન લાગે તથા શરૂઆતના શિક્ષણમાં જ ખરાબ અનુભવો થવાથી પણ તેઓ શાળાએ જવાના બદલે કામ પર જવાનું પસંદ કરે છે.

### ૫.૨.૭ વિશાળ અને અશિક્ષીત કુટુંબ

કુટુંબ વિશાળ અને અશિક્ષિત હોય એ પણ બાળમજૂરી માટે જવાબદાર પરિબળ છે. કુટુંબ વિશાળ હોવાથી બાળકોના શિક્ષણ પર પુરતું ધ્યાન અપાતું નથી. વિશાળ કુટુંબની જરૂરીયાતોને પહોંચી વળવા બાળકોને મજુરીએ મોકલાય છે. માબાપ શિક્ષણમાં રોકાણનું મહત્વ સમજતા નથી. સમાજમાં ગરીબ અને અશિક્ષિત કુટુંબો એવું માને છે કે બાળકોની સંખ્યા વધારે હશે તો તેઓ કુટુંબની આવક વધારવામાં મદદરૂપ બનશે. તેમના મતે કુટુંબની આવકમાં વધારો, શિક્ષણ કરતા મહત્વ ધરાવે છે, જે બાળમજૂરો વધારવામાં પરિણમે છે.

### ૫.૨.૮બાળમજૂર એટલે સસ્તો શ્રમ

પૈસા બચાવવાના ઇરાદાથી શ્રમિક રાખનાર બાળમજૂરોને પસંદ કરે છે. બાળમજૂર સસ્તો પડે છે અને અન્ય મજુરોને આપવા પડતા કાયદાકીય લાભોમાંથી બચી શકાય છે. બાળમજૂરોની પ્રતિકાર અને સોદાશક્તિ ઓછી હોય છે. તે કામ પ્રમાણે તૈયાર કરી શકાય છે. આથી ઉપલબ્ધ શ્રમમાં બાળમજૂર પર પસંદગી ઉતારાય છે.

### ૫.૨.૯સ્થળાંતરનું પરિબળ

ગ્રામીણ વિસ્તારો કે જ્યાં હજુ સુધી વિકાસના ફળ પહોંચ્યા નથી અને ખેતીક્ષેત્ર પણ અત્યંત પછાત અવસ્થામાં છે ત્યાંના બેરોજગાર લોકો આજિવિકા માટે વેતનવાળી નોકરી મેળવવા શહેરોમાં આવે છે. આવા ગરીબ જરૂરિયાતવાળા કુટુંબના બાળકો પણ કુટુંબને મદદ કરવા વ્યક્તિગત રીતે કે કૌટુંબિક રીતે શ્રમબજારમાં જોતરાય છે.

### ૫.૨.૧૦ સામાજિક સુરક્ષાનો અભાવ

ભારતમાં સામાજિક સલામતી કે સુરક્ષાનો અભાવ છે. જેનાથી વૃધ્ધ, બિમાર, અશક્ત વ્યક્તિઓના બાળકોએ મજબૂરીથી કામ કરવા જવું પડે છે. હાલમાં જે થોડીગણી સામાજિક સુરક્ષા ઉપલબ્ધ છે તે તદ્દન અપૂરતી છે જેનું પરિણામ બાળકોએ બાળમજૂરીના સ્વરૂપે ભોગવવું પડે છે.

### ૫.૨.૧૧ દેખાદેખીની અસર

શહેરોમાં ગીચ વિસ્તારો અને ચાલીઆ, મહોલ્લામાં રહેતા ગરીબ કુટુંબોમાંથી અમૂક કુટુંબના બાળકો કામ કરવા જતા હોય અને કમાતા હોય તો બીજા માબાપો પણ દેખાદેખીની અસરના કારણે પોતાના બાળકોને આંશિક રીતે કે પૂર્ણ રીતે કામ કરવા પ્રેરે છે. આ રીતે આવા વિસ્તારોમાંથી બાળમજૂરોનો પુરવઠો ધીરે ધીરે વધે છે. અને શાળાઓમાંથી બાળકોની સંખ્યા ઘટે છે.

આ પરિબળો એવા છે જેના કારણે બાળકોએ બળજબરીથી નાની ઉંમરથી જ કામ કરવા જવું પડે છે. જેનાથી તેમના ભવિષ્ય પર પ્રશ્નાર્થ મૂકાય છે.

## ૫.૩ બાળમજૂરો સાથે સંકળાયેલા મહત્વના પ્રશ્નો.

### ૫.૩.૧ આરોગ્ય

બાળમજૂરો જે જગ્યાઓ પર કામ કરતા હોય છે ત્યાં આરોગ્યના પ્રશ્નો પણ ખૂબ જ ગંભીર હોય છે. ખાસ કરીને જોખમકારક કારખાના જેવા કે માચીસ, ફટાકડા, પ્લાસ્ટીક વગેરેમાં મોટા મશીનોમાં અકસ્માતથી ક્યારેક આજીવન ખોડખાંપણ પણ આવી જાય છે. હોટલ રેસ્ટોરન્ટ કે ચાની લારી પર અત્યંત ગંદી જગ્યાએ કામ કરવું પડે છે. બાળમજૂરો સાથે અકસ્માતના નાના-મોટા બનાવો અવારનવાર બનતા હોય છે. બાળમજૂરોની ઉંમર વધવાની સાથે તેમની સમક્ષ આરોગ્યના ગંભીર પ્રશ્નો ઉભા થાય છે.

### ૫.૩.૨ સ્ત્રી બાળ મજૂર

ઘણા માબાપ છોકરીઓ બાળપણથી જ કામ કરવા જાય અને તેનાથી તેને પોતાને અને કુટુંબને મદદ કરે તેમ ઇચ્છતા હોય છે. છોકરીઓએ પણ ઘરની ઘણી મોટી જવાબદારીઓ નિભાવવી પડતી હોય છે. આથી પોતાના કુટુંબના ભરણપોષણ માટે છોકરીઓ શિક્ષણ છોડી કે શાળાએ ગયા વગર જ કામ કરવા માંડે છે. સ્ત્રી

બાળ મજૂરો ખાસ કરીને ખેતીક્ષેત્રમાં, બાંધકામ ઉધોગોમાં, બીડી, અગરબત્તી ઉધોગમાં જોવા મળે છે. ઘણી મોટી સંખ્યામાં છોકરીઓ બિન આર્થિક ઘરેલું કામમાં કે આર્થિક ઘરેલું કામમાં જોવા મળે છે. સ્ત્રી બાળ મજુરોનું કારણ તેમની સામાજીક-આર્થિક સ્થિતી છે. તેઓ તેમના હક્કથી માહિતગાર હોતા નથી.

છોકરીઓએ પણ નાની ઉંમરથી કામ કરવા જવું પડે તે સમાજ માટે અત્યંત શરમજનક કહેવાય. તેઓ જ્યાં કામ કરે છે ત્યાં પણ કામની સ્થિતિ અને આરોગ્યની સ્થિતિ પ્રતિકુળ હોય છે.

### ૫.૩.૩ ચાલીઓના બાળકો

ભારતના બાળમજૂરો કામના જુલ્મ, જાતિગત પ્રશ્નો, શારીરિક ભૂખ, દમન તથા શોષણના પ્રશ્નોથી પીડાય છે. શહેરોના ચાલીઓના બાળમજૂરોને બળજબરીથી રેસ્ટોરન્ટની બહાર રહેલી કચરાટોપલીના ખોરાકને પોતાની ભૂખ સંતોષવા ખાવા ફરજ પડાય છે. ઘણીવાર આ બાળકો પોલીસના જુલ્મનો પણ શિકાર બને છે. ચાલીઓના બાળકો મોટાભાગે વિવિધ સામાન ઉંચકવામાં કે કચરો વીણવા જેવા કામમાં જોવા મળે છે. ચાલીઓના બાળકોને ઘણીવાર શાળાઓમાંથી કાઢી મૂકાયા હોય છે અથવા તેઓ શાળાએ ગયા જ નથી હોતા. તેઓ જે કમાય છે તે ખૂબ જ ઓછું હોય છે પરંતુ તેમના અસ્તિત્વ ટકાવવા જે ખૂબ જરૂરી હોય છે.

### ૫.૩.૪ફિલ્મો અને ટીવી સિરિયલોમાં કામ કરતા બાળકો

હાલમાં ફિલ્મો અને ટીવી સિરોયલોમાં ઘણી મોટી સંખ્યામાં બાળકો નાના મોટા રોલ કરતા હોય છે. અનુભવીઓ આને બાળમજૂર કહેવાય કે કેમ તે બાબતે દ્વિધા અનુભવે છે. આવા બાળકો રમવાની ભણવાની ઉંમરે કામ કરતા હોય છે. કાયરેક લોકપ્રિયતા કે પૈસાની લાલચમાં માતાપિતા આ ક્ષેત્રે કામ કરતા હોય છે.

કયારેક લોકપ્રિયતા કે પૈસાની લાલચમાં માતાપિતા આ ક્ષેત્રે કામ કરવા દબાણ કરતા હોય છે. આ ક્ષેત્રે કામ કરતા બાળકોએ પણ શિક્ષણના બદલે કામ કરીને વિવિધ પ્રશ્નો અને શોષણનો સામનો કરવો પડતો હોય છે.

આમ ઉપરોકત કારણો ઉપરાંત અન્ય અનેક કારણોસર ઉપસ્થિત થતાં બાળ મજૂરોના પ્રશ્નના કારણે  બાળકોના ભાવિ ઉપર ખુબ વ્યાપક અસર થાય છે.સમાજને દેખીતી રીતે તેમજ પ્રચ્છન્ન રૂપે અતિ નુકશાનકારક સાબિત થતાં આ અનિષ્ટને નાબૂદ કરવા માટે ભારત અને રાજ્યોની સરકારો તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વિવિધ પ્રકારના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.[૧૫]

બાળમજૂરીની સમસ્યા નિવારણ અંગે ભારત સરકાર અને આંતરરાષ્ટ્રીય પ્રયાસો બાળકોના ભાવિ પર ખૂબ વ્યાપક અસર થાય છે.

બાળમજૂરીની સમસ્યા નિવારણ માટે ભારતમાં કેટલાય કાયદાઓ ઘડવામાં આવ્યા છે. આ કાયદાઓનો ઉદ્દેશ બાળમજૂરીની સમસ્યાનું નિરાકરણ વધારે અસરકારક રીતે કરવાનું છે. પરંતુ બાળમજૂરીની સમસ્યાનો ઉકેલ ફકત કાયદા બનાવીને જ કરી શકાય નહી. આ બાબતને ધ્યાનમાં રાખતા ભારત સરકારે બાળ મજૂરોની સંખ્યા જે ક્ષેત્રોમાં વધારે છે ત્યાં બાળ-શ્રમ કલ્યાણ યોજનાઓ શરૂ કરી છે. આ યોજનાઓ હેઠળ બાળશ્રમિકોને પ્રશિક્ષણ અપૌપચારિક શિક્ષણ પૌષ્ટિક આહાર તથા સ્વસ્થ્યની દેખરેખ વગેરે મુખ્ય છે. અત્યાર સુધી આવી નવ યોજનાઓને સ્વીકૃત આપવામાં આવી છે. ૫૮૦૦ બાળકોને લાભ આપવાના હેતુથી ૧૦૨ વિશેષ વિદ્યાલયો શિવાકાશી, વયપુર, મંદેસૌર, ભારકાપુર, મિર્જાપુર, ભદ્રોહી, ફિરોજાબાદ તથા અલીગઢમાં સ્થાપવામાં આવ્યા છે.

[૧૫] Gita Lal, Child Labour Some issues, paper presented in National workshop on Child Labour, M.G.L.I. Ahmedabad, 2008.

ભારતમાં બાળમજૂરોના કલ્યાણ માટે ઘણી બધી સ્વયંસેવી સંસ્થાઓ કામ કરી રહી છે. આ સંસ્થાઓ સરકાર પાસેથી આર્થિક સહાયતા મેળવીને જુદાજુદા બાળશ્રમ કલ્યાણ કાર્યક્રમ ચલાવી રહી છે.

આખા વિશ્વમાં બાળમજૂરીની સમસ્યાના નિવારણ માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા બાળમજૂરી નિવારણ પર વિશેષ ધ્યાન આપી રહી છે. ૧૮૯૨-૯૩ સાલમાં બાળમજૂરી નિવારણ કાર્યક્રમ બનાવવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તર પર યુનિસેફ નિરાધાર બાળકોના હિતમાં કામ કરી રહ્યું છે. આ સંસ્થાએ અનેક દેશોમાં નિ:સહાય બાળકની સેવા માટે બિનસરકારી સંગઠનો તૈયાર કર્યા છે. જેમનું યુનિસેફ આર્થિક સહાય કરે છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાની મદદથી કામ કરતા બાળકોના હિત માટે બે યોજનાઓ (આંતરરાષ્ટ્રીય બાળમજૂરી નાબુદી કાર્યક્રમ બાળ-મજૂરી કાર્ય તથા સહાય યોજના) પણ ચલાવવામાં આવી રહી છે.

બાળમજૂરીની સમસ્યાનો ઉકેલ લાવવા માટે એક આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ ૨૦ જાન્યુઆરી, ૧૯૯૩થી શરૂ કરવામાં આવ્યો છે, જે ૩૦ બિનસરકારી સંગઠનો દ્વારા ચલાવવામાં આવશે. આ યોજના હેઠળ લોકોમાં બાળમજૂરીના પ્રશ્ન અંગે જાગૃતિ લાવવામાં પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ સંબંધમાં સૌથી પહેલા બંધવા મજૂરો, જોખમકારક ઉધોગમાં ૧૨ વર્ષથી નાની ઉંમરના બાળકો પર ધ્યાન આપવામાં આવશે. બાળમજૂરોને રક્ષણ આપવું, તેમને કામ પર લગાવવાની ઘટનાઓ ઓછી કરવી અને છેલ્લે આ પ્રથાનો અંત લાવવો, તે આ કાર્યક્રમનો ઉદ્દેશ છે.

કેટલાક વિકસિત દેશો, ખાસ કરીને અમેરિકા અને જર્મનીએ એવો કાયદો બનાવ્યો છે કે જે દેશોમાં બાળ શ્રમિકો દ્વારા ચીજ ઉત્પાદન કરવામાં આવે છે તે દેશોમાંથી આવી વસ્તુઓની આયાત કરવામાં આવશે નહિ.

આમ, બાળમજૂરીની કુપ્રથાનો અંત લાવવા માટે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણાં પ્રયત્નો થઇ રહ્યા છે. પણ પ્રશ્ન એ છે કે શું આ બધી યોજનાઓ બધા બાળમજૂરો સુધી પહોંચે છે કે પછી ફકત ગણ્યા ગાંઠ્યા બાળમજૂરો જ તેનો લાભ લઇ શકે છે ?

# પ્રકરણ–૪
# બાળમજૂરીના સંદર્ભમાં વિવિધ કાયદાકીય જોગવાઈ

૧. પ્રસ્તાવના

૨. ભારતીય બંધારણ :

૨.૧ મૂળભૂત અધિકારો

૨.૧.૧ અનુચ્છેદ – ૧૫

૨.૧.૨ અનુચ્છેદ – ૨૧

**૨.૧.૩અનુચ્છેદ ૨૩ મનુષ્ય વેપાર અને બળજબરી મજુરી પર પ્રતિબંધ**

**૨.૧.૪અનુચ્છેદ ૨૪ કારખાના વગેરેમાં બાળકોને નોકરીએ રાખવાનો પ્રતિબંધ**

**૨.૨ રાજ્યનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો**

**૨.૨.૧ માર્ગદર્શક સિધ્ધાંતોની મૂળભૂતતા**

**૨.૨.૨અનુચ્છેદ ૩૯ નીતીના ચોક્કસ સિધ્ધાંતો રાજય અનુસરશે**

**૨.૨.૩** અનુચ્છેદ ૪૫

**૨.૩ અનુચ્છેદ ૫૧ એ (કે) મૂળભૂત ફરજો**

**૨.૩.૧**અનુચ્છેદ ૫૧ એ

૩. અન્ય કાયદાકીય જોગવાઈઓ

**૩.૧ ભારતીય કરારધારો - ૧૮૭૨**

**૩.૨ કારખાના ધારો ૧૮૮૧**

**૩.૩ વાલીઓ અને આશ્રિતો અંગેનો કાયદો ૧૮૯૦**

**૩.૪ ખાણનાં કાયદો ૧૯૦૧**

**૩.૫ કારખાનાંનો કાયદો ૧૯૯૧**

**૩.૬ કારખાનાનો (સુધારા) કાયદો ૧૯૨૨**

**૩.૭ ભારતીય ખાણનો કાયદો ૧૯૨૩**

**૩.૮ કારખાનાં (સુધારા) નો કાયદો ૧૯૨૬**

**૩.૯ ભારતીય બંદર (સુધારા) ધારો - ૧૯૯૧**

**૩.૧૦ બાળ (મજૂરી ગીરવી મૂકવા અંગેનો) ધારો ૧૯૩૩**

**૩.૧૧ કારખાના (સુધારા) ધારો ૧૯૩૪**

**૩.૧૨ ખાણ (સુધારા) ધોરો ૧૯૩૫**

**૩.૧૩ ધી એમ્પલોયમેન્ટ ઓફ ચિલ્ડ્રન એકટ ૧૯૩૮**

**૩.૧૪ ફેકટરી એકટ ૧૯૪૮**

**૩.૧૫ લધુત્તમ વેતનધારો ૧૯૪૮**

૩.૧૬ ગુમાસ્તાધારો ૧૯૪૮
૩.૧૭ એમ્પ્લોયમેન્ટ ઓફ ચિન્ડ્રન સુધારા) ધારો ૧૯૫૧
૩.૧૮ ધી પ્લાન્ટેશન ૧૯૫૧ (બગીચા ધારો)
૩.૧૯ ખાણનો કાયદો ૧૯૫૨
૩.૨૦ કારખાનાનો (સુધારા) કાયદો ૧૯૫૪
૩.૨૨ મોટર વાહન કામદાર ધારો ૧૯૬૧
૩.૨૩ ધી એપ્રેન્ટીશીપ એકટ ૧૯૫૮
૩.૨૪ અણુશક્તિધારો ૧૯૬૨
૩.૨૫ બીડી અને સીગારેટ કામદાર (રોજગારી શરતો) ૧૯૬૬
૩.૨૬ વેઠપ્રથા (નાબુદી) ધારો ૧૯૭૬
૩.૨૭ ધી એમ્પ્લોયમેન્ટ ઓફ ચિલ્ડ્રન (સુધારા) ધારો ૧૯૭૮
૩.૨૮ બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬

# પ્રકરણ–૪
# બાળમજૂરીના સંદર્ભમાં વિવિધ કાયદાકીય જોગવાઈ

## ૧. પ્રસ્તાવના :–

ભારતીય સંવિધાને જે આદર્શો સિધ્ધ કરવા ઇચ્છે છે તે આદર્શો તેના આમુખમાં કર્ણ પ્રિય શબ્દોમાં વ્યકત થયેલા છે. આમુખમાંથી જ સંવિધાનના આદર્શો અને સિધ્ધાંતોનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ મળે છે. ભારતના પ્રજાજનોની સાર્વભૌમ ઇચ્છા આપણા સંવિધાનના આમુખમાં વ્યક્ત થયેલી છે. આમુખના શબ્દો ઉપરથી સંવિધાનના ઘડવૈયાઓનો હેતુ અને તેમની વિચારસરણી જાણી શકાય છે.

આપણા સંવિધાનનું આમુખ અમેરિકાના સંવિધાનના આમુખ કરતાં "અમેરિકન ડેકલેરેશન ઓફ ઇન્ડિપેન્ડન્સ (૧૭૭૬)" ને વધારે મળતું આવે છે. આપણા સંવિધાનનું આમુખ કોઇ સત્તા અર્પણ કરતું નથી પરંતુ તે સંવિધાનના હેતુઓ અને આદર્શોને વ્યક્ત કરે છે. આપણા સંવિધાનના ભાગ-૩માં આપવામાં આવેલ મુળભૂત અધિકારો અને ભાગ-૪માં આપવામાં આવેલ રાજ્ય નિતીના માર્ગદર્શક સિધ્ધાંતો, એ આમુખમાં દર્શાવેલા હેતુઓ અને આદર્શોનું જ પ્રતિબિંબ પાડે છે.

આમુખમાં મુકવામાં આવેલા ગંભીર અને મહત્વપૂર્ણ શબ્દો આપણા સંવિધાનને પ્રભાવશાળી બનાવે છે. અને આ ગંભીર અને મહત્વપૂર્ણ શબ્દોને લક્ષમાં રાખ્યા વગર જો સંવિધાનના ત્રીજા ભાગની જોગવાઇઓનું કોઇ અર્થઘટન કરવામાં આવે તો તેનાથી ભુલ થવા સંભવ છે. [૧]

આપણા સંવિધાનનો હેતુ ભારતમાં 'કલ્યાણ રાજ્ય' સ્થાપવાનો છે. અને આ હેતુ સંવિધાનના સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવેલ છે. સંવિધાન દેશ સમક્ષ કલ્યાણ રાજ્યનો આદર્શ મુકેલો છે. તે બંધારણીય જોગવાઇઓ ઉપરથી સમજાય છે. સંવિધાનના આમુખ, માર્ગદર્શક સિધ્ધાંતો અને અન્ય બંધારણીય જોગવાઇઓ

---

[૧] 1950 (SCJ), p. 174.

ઉપરથી એ સ્પષ્ટ છે કે સંવિધાનના ઘડવૈયાઓનો હેતુ ભારતમાં કલ્યાણ રાજ્ય સ્થાપવાનો હતો.[૨]

બધારણના ઘડવૈયાઓએ ઉગતા નાગરિકોના કલ્યાણ અને રક્ષણ માટે મહત્વની જોગવાઇઓ કરી છે, અને બાળકો રાષ્ટ્રની સંપત્તિ છે એ વિચારમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

## ૨. ભારતીય બંધારણ :–

### ૨.૧ મૂળભૂત અધિકારો

ભારતીય સંવિધાનના ભાગ-૩માં મૂળભૂત અધિકારો આપવામાં આવેલા છે.[૩] ભારતીય સંવિધાનના આ ભાગને મેગનાકાર્ટા તરીકે દર્શાવવામાં આવે છે.[૪] મૂળભૂત અધિકારોનું મહત્વ દર્શાવતા ન્યાયાધિશ ભગવતીએ જણાવ્યું હતું કે

These fundamental rights respects the basic values cherished by the people of country (India) since the Vedic times and they are calculated to protect the dignity of the individual and create conditions in which every human being can develop his personality to the fullest extent. They were a pattern Guarantee on the basic structure of human rights and impose negative

---

[૨] હસમુખરાય છો. ધોળકીયા, સુરેશચન્દ્ર એન. પરીખ, ભારતીય સંવિધાનનો કાયદો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ ૧૯૭૭, પૃ. ૩.

[૩] J. N. Pandey, Constititional Law of India, Central Law Agency, Allahabad, 2003, p. 49.

[૪] V. G. Ramchandran, Fundamental Rights and Constitutional Remedies, Vol. 1 (1964), p.1.

obligations on the State to encroach to individual liberty to in its various dimensations.[૫]

### ૨.૧.૧ અનુચ્છેદ – ૧૫

ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૧૫ મુજબ, "ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મ સ્થાનના કારણોસર ભેદભાવ પર પ્રતિબંધ પરંતુ અનુચ્છેદ ૧૫(૩) અનુસાર આ અનુચ્છેદમાંનુ કંઇ રાજયને સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ જોગવાઇ કરતા અટકાવશે નહી."[૬]

### ૨.૧.૨ અનુચ્છેદ – ૨૧

ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૧ મુજબ જીવન સ્વાતંત્ર્યનું રક્ષણની ખાતરી આપવામાં આવેલ છે. તે અનુસાર કાયદાથી સ્થાપિત થયેલ કાર્યવાહી અનુસાર હોઇ તે સિવાય કોઇ વ્યક્તિને તેના જીવન અને શારિરીક સ્વાતંત્ર્યથી વંચિત કરી શકાય નહી. પરંતુ ભારતીય સંવિધાનના ૮૬માં બંધારણીય સુધારાથી અનુચ્છેદ ૨૧ (એ) નવો ઉમેરાયો છે[૭] અને તે અનુસાર નિ:શુલ્ક અને ફરજીયાત શિક્ષણ, રાજ્ય કાયદાથી નક્કી કરે તે રીતે રાજ્ય ૫૬ થી ૧૪ વર્ષની ઉમરના તમામ બાળકોને નિ:શુલ્ક અને ફરજીયાત શિક્ષણ આપશે.

ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૩ અને ૨૪ શોષણ સામેના હક્કો પ્રદાન કરે છે.

---

[૫] Menka Gandhi v/s. Union of India, A.I.R. 1978, S.C. p. 619.
[૬] એ. એન. કારીઆ, ભારતીય બંધારણ, સી. જમનાદાસ ની કંપની, અમદાવાદ, ૨૦૦૯, પૃ. ૩૪.
[૭] P. M. Bakshi, The Constitution of India, Universal Law Publishing Co., New Delhi, 2009, p. 57.

### ૨.૧.૩અનુચ્છેદ ૨૩ મનુષ્ય વેપાર અને બળજબરી મજુરી પર પ્રતિબંધ

(૧) મનુષ્ય વેપાર, વેઠ અને બળજબરીથી કરાવવાની અન્ય કોઇપણ પ્રકારની મજુરી પ્રતિબંધિત છે. અને આ જોગવાઇઓનો ભંગ કાયદા અનુસાર શિક્ષાપાત્ર ગુન્હો બનશે. દત્તોપંત ઠેંગડીની દ્દષ્ટિએ આ કલમોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓનો જાણી જોઇને ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પરંતુ મોટા ભાગના વેઠિયા મજુરો આ વર્ગના હોવાથી આ અનુચ્છેદનું એમની દ્દષ્ટિએ વિશેષ મહત્વ છે.[૮]

(૨) જાહેર હેતુઓ માટે ફરજીયાત સેવા કરાવવામાં આ અનુચ્છેદમાંનું કંઇ રાજયને રોકશે નહી. અને આવી સેવા કરાવવામાં રાજ્ય ફક્ત ધર્મ જાતિ, જ્ઞાતિ વર્ગ કે તેમાનાં કોઇ કારણે ભેદભાવ રાખશે નહી.

### ૨.૧.૪અનુચ્છેદ ૨૪ કારખાના વગેરેમાં બાળકોને નોકરીએ રાખવાનો પ્રતિબંધ

આપણા સંવિધાનના ૨૪ અનુચ્છેદમાં જણાવવામાં આવ્યું છે કે, “૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને કોઇ કારખાનામાં કે ખાણમાં કામે રાખી શકાશે નહી. તેમજ બીજા કોઇ જોખમવાળા કામમાં રાખી શકાશે નહી.”

કોઇપણ ઉધોગમાં બાળકોને નોકરીએ રાખવા ઉપર અમેરિકામાં કોઇ બંધારણીય પ્રતિબંધ મુકવામાં આવ્યો નથી. પરંતુ અમેરિકાની સુપ્રિમકોર્ટે યુ.એસ. વિરૂધ્ધ ડર્બી લંબર કંપની (૧૯૪૧) ૩૧૨ યુ.એસ.૧૦૦) ના કેસમાં ઠરાવ્યા મુજબ આંતરરાજ્ય વાણીજ્યને લગતા ઉઘોગોમાં બાળકોને નોકરીએ રાખવા ઉપર નિયમન મુકવાની અમેરિકાની કોંગ્રેસને સત્તા છે.

ઈંગ્લેન્ડમાં કારખાના ધારો ૧૯૩૭ અને માાઇન્સ એન્ડ ક્વોરી એકટ ૧૯૫૪ દ્વારા બાળકોને કારખાનામાં કે ખાણોમાં નોકરીએ રાખવા ઉપર પ્રતિબંધ

---

[૮] ગોવિંદભાઈ ચૌહાણ અને અન્ય (અનુ.) ડો. આંબેડકર અને સામાજિક ક્રાંતિની યાત્રા, લેખક દત્તોપંત ઠેંગડી, સામાજિક સમરસતા મંચ, અમદાવાદ, ૨૦૦૭, પૃ. ૧૫૨.

મુકવામાં આવ્યો છે. તદુપરાંત ચિન્ડ્રન એન્ડ યંગ પર્સન એકટ ૧૯૩૩ દ્વારા બાળકોને ભયજનક જાહેર પ્રવૃત્તિમાં રોકવા ઉપર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ભારતીય સંવિધાનના ૨૪મા અનુચ્છેદમાં એવું સ્પષ્ટ પણે ફરમાવવામાં આવ્યું છે કે ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને કોઇ કારખાના કે ખાણમાં કામે રાખી શકાશે નહી. એટલું જ નહી પણ બીજા કોઇ જોખમવાળા કામમાં રોકી શકાશે નહી. આ અનુચ્છેદ બાળશ્રમિકોની પ્રથા પર રોક લગાવવા માટે છે. અહીયાં પણ અનૂસુચિત જાતિ અને જનજાતિનો અલગ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મહેનતના કામમાં જોડાતા મોટા ભાગના બાળમજૂરો આજ વર્ગના હોય છે એ દ્રષ્ટિએ આ અનુચ્છેદ ઉપોયગી છે. [૯] આમ, ૨૪મા અનુચ્છેદ હેઠળની આ જોગવાઇ અમેરીકાની બંધારણીય જોગવાઇ કરતાં પણ આગળ નીકળી જાય છે. કારણ કે આપણું બંધારણ સ્પષ્ટ રીતે પ્રતિબંધ મુકે છે કે કોઇ (૧) કારખાનામાં (૨) ખાણમાં કે (૩) બીજા કોઇ જોખમકારક કામમાં ૧૪ વર્ષથી નીચેની વયના બાળકોને કામે રોકી શકાશે નહી. 'બીજા કોઇ જોખમવાળા કામોમાં' એ શબ્દો બહુ વ્યાપક અર્થવાળા છે. અને તેની કોઇ વ્યાખ્યા આપણા સંવિધાનમાં આપવામાં આવેલ નથી. [૧૦]

ભારતીય સંવિધાનના ૭મા પરિશિષ્ટમાં આપવામાં આવેલ (૧) યુનિયન લીસ્ટ (૨) સ્ટેટ લીસ્ટ (૩) કનકરન્ટ લીસ્ટમાં ૨૪મી નોંધમાં જણાવ્યા મુજબ,

welfare of labour including conditions of work, provident funds, employees liability, workmen's compensations including and old age pensions and maternity benefits. [૧૧]

---

[૯] એજન

[૧૦] હસમુખરાય છ. ધોળકીયા (ઉપરોકતમાં ઉલ્લેખિત), પૃ. ૨૪૫–૨૪૬.

[૧૧] Acharya, Durga Das Basu, Intradaction to the Constitution of India, Seventh Edition, Prentice Hall of India, New Delhi, 1995, p. 460.

ભારત સરકાર દ્વારા થોડા સમય પૂર્વે ઓફીશીયલ ગેજેટમાં જાહેરનામું બહાર પાડીને ૧૦ ઓકટોબર ૨૦૦૬ પછી ૧૪ વર્ષથી ઓછી વયના બાળકામદારોને કામે રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. અને તેના ભંગ બદલ કામે રાખનારને ૧ વર્ષની સજા થઇ શકે છે. [૧૨] **Annexure 1**

### ૨.૨ રાજ્યનિતીના માર્ગદર્શક સિધ્ધાંતો :-

ભારતના સંવિધાનના ચોથા ભાગમાં આપવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંતો રાજયની ફરજો સુચવે છે. અને રાજ્ય શબ્દનો અર્થ અન્યથા અપેક્ષિત ન હોય તો સંવિધાનના ત્રીજા ભાગમાં જે અર્થ થાય છે તે જ થશે. સંવિધાનના અનુચ્છેદ ૧૨માં રાજ્યની વ્યાખ્યા આપવામાં આવી છે. અને તે મુજબ રાજ્યમાં ભારતની સરકાર અને સંસદ તથા રાજ્યો પૈકી દરેક રાજ્યની સરકાર અને તેનું વિધાન મંડળ તથા ભારતમાં રાજ્યક્ષેત્રો અંદરના અથવા ભારત સરકારના નિયંત્રણ હેઠળના તમામ સ્થાનિક કે બીજા સત્તાધીકારીઓનો સમાવેશ થાય છે. આમ રાજ્ય શબ્દમાં માત્ર સંઘ અને રાજ્યોની સત્તાઓનો જ નહી પરંતુ સ્થાનિક સત્તાઓનો પણ સમાવેશ થાય છે. તેથી સ્થાનિક સત્તાઓને પણ માર્ગદર્શક સિધ્ધાંતોનો અમલ કરવાની નૈતિક ફરજ છે.

ભારતીય સંવિધાનના ૪ ભાગમાં આપવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંતોએ ભારતીય સંવિધાનનું એક વિશિષ્ટ લક્ષણ છે. આ સિધ્ધાંતોને ત્રણ જુથમાં વહેંચી શકાય.

(૧) આપણા સંવિધાનના ઘડવૈયાઓની ઇચ્છા ભારતમાં કલ્યાણ રાજ્ય સ્થાપવાની હતી. તેથી આર્થિક બાબતોમાં ભારતની નિતી કેવી હશે તે ચોથા ભાગમાં દર્શાવવામાં આવેલ છે. માર્ગદર્શક સિધ્ધાંતોનું ઘણું મહત્વ છે, કારણ

[૧૨] The Gazette of India, Government of India, New Delhi, Dt. 10/10/2006.

કે તે બતાવે છે કે આપણો આદર્શ રાજકીય લોકશાહી ઉપરાંત આર્થિક લોકશાહી પણ છે.[૧૩]

(૨) ભાવિ વિધાન મંડળે અને ભાવિ કારોબારીએ તેમની ધારાકીય અને કારોબારી સત્તા કઇ રીતે વાપરવી તે અંગે માર્ગદર્શન આપતી અમુક જોગવાઇઓ કરવામાં આવી છે.

(૩) નાગરિકોના અમુક હક્કો કે જેમનો અમલ મુળભૂત હક્કોની જેમ કોર્ટથી કરાવી શકાશે નહી તેમ છતાં ધારાકીય અને વહીવટી નિતીથી તે હક્કો નિશ્ચિત કરી આપવા રાજ્ય પ્રયત્ન કરશે.

### ૨.૨.૧ માર્ગદર્શક સિધ્ધાંતોની મૂળભૂતતા :

મૂળભૂત હક્કોની યાદી તૈયાર કરવા માટે બંધારણ સભાની એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવી હતી આ સલાહકાર સમિતિએ સન ૧૯૪૭ના ઓગષ્ટ માસમાં બંધારણ સભાને એક પુરક અહેવાલ સુપ્રત કર્યો હતો.[૧૪] આ અહેવાલના પ્રથમ ખંડમાં જ જણાવવામાં આવ્યું હતું કે રાજ્યના માર્ગદર્શન માટે આ પ્રકરણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો દર્શાવવામાં આવ્યા છે. જો કે આ સિધ્ધાંતોને માન્ય રાખવાની કોઇ કોર્ટની ફરજ રહેશે નહિ. તેમ છતાં આ સિધ્ધાંતો દેશના વહીવટમાં મૂળભૂત છે. અને કાયદા બનાવતી વખતે આ સિધ્ધાંતો લાગુ પાડવાની રાજ્યની ફરજ રહેશે. ૨૫મી ઓગષ્ટ ૧૯૪૭ના રોજ બંધારણ સભાના પ્રમુખને લખેલા પત્રમાં સલાહકાર સમિતના અધ્યક્ષે જણાવ્યું હતું કે આ સમિતિ એવા નિર્ણય પર આવી છે કે, ન્યાય માંગી શકાય તેવા અધિકારો ઉપરાંત સંવિધાનમાં કેટલાક રાજ્યનીતીના માર્ગદર્શક સિધ્ધાંતોનો સમાવેશ થવો જોઇએ. આ માર્ગદર્શક સિધ્ધાંતોનો કોઇ કોર્ટ દ્વારા અમલ કરાવી શકાય નહી. તેમ છતાં તેમને દેશના રાજ્ય વહીવટમાં મૂળભૂત ગણવા જોઇએ.[૧૫]

---

[૧૩] દત્તોપંત ઠેંગડી (ઉપરોકતમાં ઉલ્લેખિત), પૃ. ૧૫૪.

[૧૪] Hindustan Standards New Delhi, Dt. 17-050-1958, p. 7.

[૧૫] Constituent Assembly Debates, Vol. V, Appendix A, p. 406.

**૨.૨.૨અનુચ્છેદ ૩૯ નીતીના ચોક્કસ સિધ્ધાંતો રાજય અનુસરશે**

**૨.૨.૨.૧** ૩૯ (ઇ) પુરુષ અને સ્રી કામદારોના આરોગ્ય અને શક્તિનું અને બાળકોની કુમળી વયનો દુરઉપયોગ ન થાય અને આર્થિક જરૂરીયાતના કારણે તેમની ઉંમર કે શક્તિને અનુકૂળ ન હોય તેવા રોજગારમાં જોડવાની નાગરિકોને ફરજ ન પડે.

**૨.૨.૨.૨** ૩૯ (એફ) બાળકોને સ્વસ્થ રીતે અને સ્વાતંત્ર્ય અને ગૌરવયુકત સ્થિતિમાં વિકાસની તકો અને સગવડ આપવામાં આવે અને બાળકો તથા યુવાનોને શોષણ સામે અને તેમની નૈતિક અને આર્થિક ઉપેક્ષા સામે રક્ષણ મળે.

**૨.૨.૩** અનુચ્છેદ ૪૫ છ વર્ષ હેઠળના બાળકોના શરૂઆતના બચપણની કાળજી અને શિક્ષણ માટે જોગવાઇ

રાજ્ય ૬ વર્ષ હેઠળના બાળકોના શરૂઆતના બચપણની કાળજી અને શિક્ષણ પુરુ પાડવા માટે જોગવાઇ કરવાનો પ્રયત્ન કરશે.[૧૬]

**૨.૩ અનુચ્છેદ ૫૧ એ (કે) મૂળભૂત ફરજો :**

**૨.૩.૧**અનુચ્છેદ ૫૧ એ (કે) જેઓ માતાપિતા અને વાલી છે તેમણે પોતાના બાળકોને અભ્યાસની તકો પુરી પાડવાની રહેશે. [૧૭]

બંધારણ દ્વારા નાગરિકોને આપવામાં આવેલ મૂળભૂત અધિકાર વિશે ડૉ.બાબાસાહેબ આંબેડકરે યથાર્થ કહ્યાં હતું કે, “પ્રત્યેક વ્યક્તિને મૂળભૂત અધિકાર આપવાની સંકલ્પના ખરેખર વાસ્તવમાં વખાણવા લાયક છે. પ્રશ્ન માત્ર એટલો છે કે

[૧૬] J. N. Pandey (as above mentioned)

[૧૭] http://indiacode.nic.in/coiweb/amend/amend86.htm

એને કઇ રીતે પરિણામકારક બનાવવામાં આવે..... અધિકારનું રક્ષણ કાયદાથી થતું નથી. ... જો સામાજિક વિવેક બુદ્ધિ હશે, તો જે કાયદાથી અધિકારોને અમલી બનાવવા શક્ય બનશે...."[૧૮]

૩. **અન્ય કાયદાકીય જોગવાઈઓ**

ભારતમાં બાળમજૂરી નિયંત્રણ માટે અનેક દસકાઓથી પ્રયત્ન થયેલા જેના સંદર્ભે કાયદાકીય જોગવાઇઓ પણ થયેલી છે.

## ૩.૧ ભારતીય કરારધારો - ૧૮૭૨[૧૯]

કોઇપણ વ્યકત્તિ દ્વારા બાળક અને પુખ્ત વ્યક્તિની રોજગારી, રોજગારી માટેના કરારમાંથી ઉદ્ભવે છે. પછી તે કરાર લેખિત હોય કે મૌખિક અથવા સ્પષ્ટ હોય કે ગર્ભિત કરાર હોવાથી તે કાયદેસર અને અમલી કરી શકાય તેવો હોવો જ જોઇએ. તે કોઇપણ વ્યક્તિ ઉપર બળજબરીથી લાદી શકાય નહી. તે કરારમાં તેની મુક્ત સંમતિ હોવી જોઇએ. તેથી કરાર કરનાર વ્યક્તિ કરાર કરવાને માટે સક્ષમ હોવી જોઇએ. ભારતીય કરાર ધારાની કલમ ૧૧ મુજબ કરાર કરનારી વ્યકિત પુખ્ત હોવી જોઇએ. કલમ ૧૧ જણાવે છે કે દરેક પુખ્ત વ્યક્તિ કરાર કરવા સક્ષમ છે. તેથી ૧૮ વર્ષથી નીચેની વયની વ્યક્તિ સગીર હોવાથી કરાર કરી શકતી નથી. તેથી વાલી સગીર બાળકનાં કલ્યાણનો ખ્યાલ રાખવા સક્ષમ હોવાથી તે તેના બાળકની મજૂરી અંગે તેમજ પોતાના ગુજરાન માટે તેની પાસે કોઇ સાધન ન હોવાથી વાલી પોતે જ બાળકને પૈસા કમાવવા માટે કામ કરવા ફરજ પાડે છે.

બાળકોને તેમના માબાપ દ્વારા અથવા વાલી અનાદિકાળથી કામમાં જોતરવામાં આવતા પણ બાળમજૂરીનો પ્રશ્ન ઔધોગક ક્રાંતિ બાદ મોટી સંખ્યામાં લોકો દ્વારા કરતાં ઉત્પાદનની જગ્યાએ મોટા પ્રમાણમાં દાખલ કરી તેમાંથી જન્મે છે. પોતે જાતે જ કોઇ વસ્તુ પેદા કરીને રોટલો રળી લેનાર કારીગરની રોજી છીનવાઇ

---

[૧૮] દત્તોપંત ઠેંગડી (ઉપરોકતમાં ઉલ્લેખિત), પૃ. ૧૪૭.
[૧૯] ારતીય કરારધારો - ૧૮૭૨

જતાં તેમને પોતાના ગામડાં છોડી રોજગારીની શોધમાં શહેરોમાં હિજરત કરવાની ફરજ પડી તેથી ખાણો, વાહન વ્યવહાર જેવા કે રેલ્વે મોટર વાહન વ્યવહાર કારખાના અન્ય જગ્યાઓએ નોકરીની નવી દિશાઓ ખુલી.

### ૩.૨ કારખાના ધારો ૧૮૮૧[૨૦]

- ઓછામાં ઓછી કામ માટેની ઉંમર ૭ વર્ષની રહેશે.
- બે કારખાનામાં એક જ દિવસે કામ કરવા પર પ્રતિબંધ રહેશે.
- વધુમાં વધુ કામના કલાકો એક દિવસના ૯ રહેશે. અને મહિનામાં ૪ દિવસ રજાના આપવાના રહેશે.
- જે કારખાનામાં ૧૦ કે તેથી વધારે કામદારો કામ કરતા હશે ત્યાં આ કાયદો લાગુ પડશે.

ઉપરોકત કારખાનાંનો કાયદો ૧૮૮૧ એ ૧૮૯૧ની સાલમાં રીવાઇઝડ કરવામાં આવશે અને કામદારોની ઓછામાં ઓછી ઉંમર ૯ વર્ષની રહેશે.

- એક દિવસમાં વધુમાં વધુ કામનાં ૭ કલાક રહેશે અને રાત્રીના ૮ થી સવારે ૫ વાગ્યા સુધી કામ પર બોલાવવા પર પ્રતિબંધ રહેશે.

### ૩.૩ વાલીઓ અને આશ્રિતો અંગેનો કાયદો ૧૮૯૦[૨૧]

વાલીઓ અને આશ્રિતો અંગેનો કાયદો ૧૮૯૦ વાલી નીમતી વખતે અમુક બાબતો ધ્યાનમાં લેવાની અદાલત પર ફરજ નાખે છે.

આ કાયદાની કલમ ૧૭ વાલીની નિમણૂંક કરતી વખતે અદાલતે ખ્યાલમાં લેવાની બાબતો જણાવે છે. અદાલત સંજોગો પ્રમાણે જ હિતમાં લાગે તેને અનુસરશે અને તે આ કલમની જોગવાઇઓને આધીન રહેશે.

---

[૨૦] કારખાના ધારો ૧૮૮૧- ૧૮૭૨

[૨૧] વાલીઓ અને આશ્રિતો અંગેનો કાયદો ૧૮૯૦

બાળકનું હિત-કલ્યાણ શામાં લાગે છે તે નક્કી કરતી વખતે અદાલતે તે સગીરની વય, જાતિ (લિંગ) ધર્મ તેમજ જે વાલી તરીકે નિમાનાર હોય તેનું ચારિત્ર્ય, સગીર સાથેની નિકટતા, શક્તિ તેની તેમજ તેનાં મૃત માતા-પિતાની કોઇ ઇચ્છા હોય તો તેમજ વાલી તરીકે નિમાનારના હાલના અને પહેલાંના સગીર અને તેની સંપતિ સાથેના સંબંધો લક્ષમાં લેવાના રહે છે. જો સગીર બાળકો પરિપૂર્ણ સમજદારીપૂર્વક પોતાની પસંદગી નક્કી કરી શકે તેમ હોય તો અદાલતે તેની પસંદગીને ધ્યાનમાં લેવી જોઇએ. અદાલતે કોઇપણ વ્યક્તિને તેની ઇચ્છા વિરૂધ્ધ વાલી તરીકે નીમવી કે જાહેર કરવી જોઇએ નહી.

મા-બાપે પોતાનાં બાળકોને જીવનમાં જરૂરી બાબતો શીખવવી જોઇએ અને શિક્ષણ આપવું જોઇએ જેથી તે બાળક મોટો થઇને નાગરિક તરીકે તેનાં જીવનમાં સ્થાયી થઇ શકે. તેથી સ્વાભાવિકપણે તેના પિતાને પોતાનું કામ (ધંધો) તેનાં બાળકને શીખવવું જોઇએ. બાળક કામ પાછળ પરસેવો ન પાડે ત્યાં સુધી તેમાં કુશળતા પ્રાપ્ત ન કરી શકે. સ્વાભાવિક રીતે તેને તેનાં કામ-મહેનતમાંથી કાંઇક (પૈસા) મળી શકે તેમ હોય તો કોઇ તે જવા ન દે.

બાળ મજૂરીનો પ્રશ્ન મુખ્યત્વે ગુજરાત માટે પાયાની જરૂરિયાતો પૂરી કરવા પૂરતું, કમાવવાનાં સાધનોનો અભાવ તેમજ મા-બાપ તથા વાલીઓનાં બેજવાબદારી ભર્યા કૃત્યોનો બોજો તેમનાં પર નાખવામાંથી ઉદ્ભવે છે. બાળ મજૂરીના કાનુની પાસાના મૂળ માનવજાતનો ધરતી પર પ્રાદુર્ભાવ થયો ત્યારબાદનાં આદિ ન્યાશાસ્ત્રમાં રહેલાં છે, કારણ કે ત્યારે સ્ત્રી અને બાળકોનાં ભરણ પોષણની જવાબદારી નખાયેલી તે માટે જરૂર પડે તો ચોરી કરીને પણ ભરણ પોષણ તો કરવું જોઇએ. બાળકો અને સ્ત્રીઓને સંપત્તિ તરીકે ગણવામાં આવતાં તેથી સ્વાભાવિક રીતે સંપતિનાં દરેક લક્ષણો તેને લાગુ પડે, એટલે કે વારસામાં મેળ, તબદીલ (ફેરબદલ) કરી શકાય તેમજ તેને ટાંચમાં લઇ શકાય. તેને જપ્ત કરી શકાય, પોતાનું દેવું વસૂલ કરવા દેવાંદારને તેની પાસે કામ કરીને પૈસા ભરપાઇ કરવા ફરજ પાડે તો તે માટે બાળકોના પિતા તેનાં બાળકોની મજૂરી લેણદાર પાસે ગીરવી મૂકી

શકતો તેમજ છેલ્લી કક્ષાના કિસ્સાઓમાં પોતાની પત્ની અથવા બાળકોને વેચી શકતો હતો.

### ૩.૪ ખાણનાં કાયદો ૧૯૦૧[૨૨]

આ કાયદા અનુસાર બાર વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કામ પર રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો હતો.

### ૩.૫ કારખાનાંનો કાયદો ૧૯૯૧[૨૩]

- સાંજના ૭ થી સવારે ૫.૩૦ વાગ્યા સુધી કામ પર પ્રતિબંધ રહેશે.
- અમુક ભયજનક કામની પ્રક્રીયા પર પ્રતિબંધ રહેશે.
- ઉંમર અને યોગ્યતા (ફીટનેસ)નું પ્રમાણપત્ર જરૂરી રહેશે.

### ૩.૬ કારખાનાનો (સુધારા) કાયદો ૧૯૨૨[૨૪]

આંતરરાષ્ટ્રીય મઝદુર સંગઠન (આઇ.એલ.ઓ.) કન્વેશન નં.૫ ૧૯૧૯ના અમલના કારણે નીચે મુજબ સુધારો કરવામાં આવશે.

- કામદારની ઓછામાં ઓછી ઉંમર ૧૫ વર્ષની રહેશે.
- કામના વધુમાં વધુ એક દિવસના છ કલાક રહેશે અને તેમાં અડધો કલાકનો રીસેસ આપવાનો રહેશે.
- આ કયાદાની જોગવાઇ લાગુ પડશે.
- અઢાર વર્ષથી નીચેના અને સ્ત્રીઓને અમુક કામ પર રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો છે.
- મેડીકલ ઓફીસર પાસેથી યોગ્યતાનું પ્રમાણપત્ર અને તે પુન: પરીક્ષણને પાત્ર રહેશે.

---

[૨૨] ખાણનાં કાયદો ૧૯૦૧
[૨૩] કારખાનાંનો કાયદો ૧૯૯૧
[૨૪] કારખાનાનો (સુધારા) કાયદો ૧૯૨૨

## ૩.૭ ભારતીય ખાણનો કાયદો ૧૯૨૩[૨૫]

- આ કાયદાની જોગવાઇ અનુસાર કામદારની ઓછામાં ઓછી ઉંમર બાર વર્ષથી વધારીને તેર વર્ષ કરવામાં આવી.

## ૩.૮ કારખાનાં (સુધારા) નો કાયદો ૧૯૨૬[૨૬]

- આ કાયદા અનુસાર વાલી અને માબાપને પોતાનાં બાળકોને એકસરખા દિવસે બે કારખાનામાં કામ કરવા અંગેની પરવાનગી આપવા અંગે સજાની જોગવાઇ કરવામાં આવેલી હતી.

## ૩.૯ ભારતીય બંદર (સુધારા) ધારો - ૧૯૯૧[૨૭]

- આ કાયદા અનુસાર બંદર પર માલની હેરફેર માટે ઓછામાં ઓછી બાર વર્ષની ઉંમર  નક્કી કરવામાં આવેલી.

## ૩.૧૦ બાળ (મજૂરી ગીરવી મૂકવા અંગેનો) ધારો ૧૯૩૩[૨૮]

બાળ મજૂરો સસ્તા પડતાં હોવાથી ઉધોગપતિઓને બાળમજૂરોને કામે રાખવાનું ગમ્યું તે માટે તેમણે જુદી જુદી પધ્ધતિઓ શોધી કાઢી, તેમાંની એક બાળકોને કામ માટે ગીરવી મૂકવાની પધ્ધતિ છે. બાળ મજૂરો સસ્તા હોવા છતાં તેઓનો સતત પ્રવાહ વહેતો રહે તે માટે તેમને સારી કામની પરિસ્થિતિ અને વાતાવરણ આપવું જરૂરી હતું પણ અયોગ્ય લાભ મેળવવા માટે બાળકોને યોગ્ય કામની શરતો વાતાવરણ પુરું પાડવામાં આવતું ન હતું. બાળકામદાર પ્રત્યેના આ ગેરવ્યવહાર સરકારનાં ધ્યાનમાં આવ્યો અને ૧૯૨૯માં નીમાયેલા શાહી શ્રમપંચ

---

[૨૫] ભારતીય ખાણનો કાયદો ૧૯૨૩
[૨૬] કારખાનાં (સુધારા) નો કાયદો ૧૯૨૬
[૨૭] ભારતીય બંદર (સુધારા) ધારો - ૧૯૯૧
[૨૮] બાળ (મજૂરી ગીરવી મૂકવા અંગેનો) ધારો ૧૯૩૩

(વિટલી કમિશન) દ્વારા આ બાબત સરકારનાં ધ્યાનમાં આવ્યા હતા. કેટલાક કિસ્સાઓમાં બાળ મજૂરોની કારખાનામાંની અસંતોષકારક કામની પરિસ્થિતિ જોવા મળી. તેનાં પરિણામે બાળ (મજૂરી ગીરવી મૂકવી અંગેનો) કાયદો, ૧૯૩૩ ઘડવામાં આવ્યો. આ કાયદાની કલમ ૨માં બાળકની મજૂરી ગીરવી મૂકવા અંગેનો) કાયદો, ૧૯૩૩ઘડવામાં આવ્યો. આ કાયદાની કલમ ૨માં બાળકની મજૂરી ગીરવી મૂકવાના કરારની વ્યાખ્યા અપાયેલ છે. અને કલમ ૩ આવા કરારોને (રદબાતલ) જાહેર કરે છે. પણ કાયદામાં તેના અમલ માટે કોઇ તંત્ર - વ્યવસ્થા અંગે કોઇ જોગવાઇ નથી આ કાયદાની કલમ ૨ બાળકની મજૂરી ગીરવી મુકવા અંગેના કરારની વ્યાખ્યા આપે છે કે

"બાળકામદારની મજૂરી ગીરવી મૂકવાનો કરાર એટલે જેના દ્વારા કોઇ બાળકનાં માતા-પિતા કે વાલી, મળેલ કે મળનાર લાભના બદલામાં બાળકની સેવાઓ, કામ - રોજગારી માટે ઉપલબ્ધ કરવા કે વાપરવાની પરવાનગી આપવાની બાંહેધરી આપે તેવા મૌખિક કે લિખિત કે લિખિત  સ્પષ્ટ અથવા ગર્ભિત કરાર." તેમ છકાં એવા કરાર કે જે બાળક માટે નુકશાનકારક ન હોય, અન્ય કોઇ લાભના બદલામાં નહી, પણ આવકને તેની સેવાઓના બદલામાં વ્યાજબી વેતન ચૂકવવાની શરતે અને વધારેમાં વધારે (વ્યાજબી પગાર) તે એક અઠવાડિયાં પહેલા જાણ કરીને રદ કરી શકાય. તેવો કરાર ઉપરની કલમ ૨ની વ્યાખ્યા પ્રમાણેનો ગણાય નહી. તેવી કલમ ૨માં સ્પષ્ટતા કરવામાં આવી છે.

બાળક એટલે ૧૫ વર્ષથી નીચેની વ્યક્તિ, વાલી અને એટલે કોઇપણ વ્યક્તિ જે બાળક ઉપર કાયદેસર કબજો અથવા અંકુશ ધરાવતો હોય તે

કલમ  ૩: ઉપરોકત કાયદાની વિરૂધ્ધનો કરાર રદબાદલ છે. આ કાયદાની વિરૂધ્ધ બાળકની મજૂરી ગીરવી મૂકવા અંગેનો કોઇપણ કરાર રદ બાદલ ગણાવે છે.

કલમ ૪,૫,૬ સૂચિત દંડની સજા અંગેની જોગવાઇઓ

બાળકની મજૂરી ગીરવી મુકવાનો કરનાર માબાપ અથવા વાલીને રૂ. ૫૦-૦૦ સુધી દંડની સજા થઇ શકે છે.

બાળકનાં મા-બાપ અથવા વાલી સાથે તે બાળકની મજૂરી ગીરવી રાખવા અંગેનો કરાર કરનાર માલિકને રૂ. ૨૦૦ સુધી દંડની સજા થઇ શકે છે.

જે બાળકની મજુરી ગીરવી રાખવામાં આવેલ હોય તેને (બીજા કોઇ મારફતે) કામ પર રોજગારમાં રાખનાર માલિકને રૂ. ૨૦૦ સુધીના દંડની સજા થઇ શકે છે.

### ૩.૧૧ કારખાના (સુધારા) ધારો ૧૯૩૪[૨૯]

આ કાયદો કારખાનામાં વિવિધ ઉંમર ધરાવતા બાળકોના કામપર નિયંત્રણ અંગેની જોગવાઇ કરેલી છે જે મુજબ

- અમુક કામનાં વિસ્તારોમાં જે બાળકોની ઉંમર બારથી પંદર વર્ષની છે તેને કામ પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો હતો.
- જે બાળકોની ઉંમર બારથી પંદર વર્ષની છે તેનાં કામનાં પાંચ કલાક રહેશે.
- પંદરથી સત્તર વર્ષની ઉંમરના બાળ કામદારોને અમુક કામ પર પ્રતિબંધ ફરમાવવામાં  આવેલો હતો.

### ૩.૧૨ ખાણ (સુધારા) ધોરો ૧૯૩૫[૩૦]

આ કાયદા અનુસાર ઉંમર પ્રમાણે  બાળકોનાં કામના પ્રકારો આપવામાં આવેલા હતા.

- પંદર વર્ષથી ઓછી વયનાં બાળકોને કામ પર રાખવા અંગે પ્રતિબંધ મુકવામાં આવેલો.
- ખાણની અંદર પંદરથી સત્તર વર્ષની ઉંમરના બાળકોને કામ કરવું હોય તો પ્રમાણિત સર્જનનું શસકતતાનું પ્રમાણપત્ર રજુ કર્યે કામ કરવાની પરવાનગી અપાવી શકાય.

---

[૨૯] કારખાના (સુધારા) ધારો ૧૯૩૪
[૩૦] ખાણ (સુધારા) ધોરો ૧૯૩૫

- ખાણની અંદર કામ કરનાર માટે કામના કલાકો એક દિવસના વધુમાં વધુ દશ કલાક અને અઠવાડીયાના ૫૪ કલાક.

### ૩.૧૩ ધી એમ્પલોયમેન્ટ ઓફ ચિલ્ડ્રન એકટ ૧૯૩૮[૩૧]

આંતરરાષ્ટ્રીય મજદુર સંગઠન (૧૯૩૭)નાં કન્વેનશનનાં ૨૩માં સેશન બાર આ કાયદો બનાવવાની જરૂરીયાત થયેલી તે મુજબ

- તેર વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને પેસેન્જરની હેરફેર, રેલ, બંદર પર માલની હેરફેર, કવોરી વગેરેમાં કામ પર પ્રતિબંધ ફરમાવેલો.

### ૩.૧૪ ફેકટરી એકટ ૧૯૪૮[૩૨]

ખાણો, વહાવવટુંસ બંદરો અને કારખાનાઓ કે જ્યાં મોટા પ્રમાણમાં ઉત્પાદન લેવાની ને રાખવામાં આવે છે ત્યાં રોજગારનાં નવાં ક્ષેત્રો ખૂલ્યાં છે. ખાણોની કામગીરી મહદ્અંશે જમીનની નીચે હોય છે અને તેમાં અણગમતું વાતાવરણ હોય છે, અને તે તેમનાં રહેઠાણથી દૂર હોય છે. કામદારો માટે કામની સારી પરિસ્થિતિ દ્રષ્ટિએ તેમનાં બાળકોનું સ્વાસ્થ્ય છે. કારણ કે બાળકો ઘણાં જ કોમળ હોય છે. ૧૯૫૨ના ખાણોના કાયદાની કલમ ૪૦ હેઠળ વર્ષની નીચેની વયની વ્યક્તિઓને ખાણમાં રોજગાર પર રાખવા સામે પ્રતિબંધ ફરમાવે છે.

કલમ ૪૦ : ૧૮ વર્ષથી નીચેની વયની વ્યક્તિની રોજગારી પર ભરતી

(૧) ખાણોના કાયદો (નવો સુધારો) ૧૯૮૩ અમલમાં આવ્યા પછી કોઇ પણ ૧૮ વર્ષથી નીચેની વયની વ્યક્તિને ખાણમાં કે તેના કોઇપણ ભાગમાં કામે રાખી શકાય નહી.

[૩૧] ધી એમ્પલોયમેન્ટ ઓફ ચિલ્ડ્રન એકટ ૧૯૩૮

[૩૨] ફેકટરી એકટ ૧૯૪૮

(૨) તેમ છતાં આ કલમી પેટાકલમ-૨ મુજબ ૧૬ વર્ષથી નીચેની વયના એપ્રેન્ટિસ અને અન્ય શીખાઉ તાલીમાર્થીઓને યોગ્ય દેખરેખ નીચે ખાણ કે તેના કોઇ ભાગમાં તેના મેનેજર દ્વારા કામ કરવાની મંજૂરી આપી શકાય.

આ કાયદામાં તેની જોગવાઇઓ લાગુ પાડવા માટે યોગ્ય વહીવટી તંત્રની જોગવાઇ છે તેના ઉપર ખાણ નિરીક્ષક અને અન્ય સંબંધિત સત્તાધીશ સીધો અંકુશ ધરાવે છે. તેથી ખાણ ઉધોગોમાં બાળમજૂરી પર પૂરેપૂરો અંકુશ છે. આ કાયદાની કલમ ૬૮ મુજબ ૧૮ વર્ષની નીચેની વ્યક્તિને રોજગાર પર રાખનારને ત્રણ માસની કેદની અથવા રૂ. ૨૫૦-૦૦ સુધીના દંડની અથવા બંનેની સજા થઇ શકે.

## ૩.૧૫ લઘુત્તમ વેતનધારો ૧૯૪૮[૩૩]

બાળક મુખ્યત્વે પોતાનું તેમજ પોતાના કુટુંબનું પેટ ભરવા માટે કામ કરે છે પણ જો તેને પુરતું વેતન ન મળે તો તેનો હેતુ સરતો નથી. કામદારોને શોષણ સામે રક્ષવા તેમજ કમાણવાળા નાગરિકોને લઘુત્તમ, વ્યાજબી અને તેમની મહેનતનું ન્યાયી વળતર મળી રહે તે માટે લઘુત્તમ વેતન ધારો, ૧૯૪૮ ઘડવામાં આવ્યો છે.

બાળ કામદારો અસંગઠિત છે તેમના માલિકને તેમણે મુકેલી માગણીઓ સ્વીકારવા માટે ફરજ નથી પાડી શકતાં. તેથી બાળ કામદારોનાં કલ્યાણનું ધ્યાન રાખવાની રાજ્ય પર ફરજ આવી પડે છે. કારખાનાઓમાં કાયદા અંગે ચર્ચા વખતે આપણે જોયું કે બાળકોનું કલ્યાણ લક્ષમાં રાખીને કારખાનાંઓનાં કાયદા હેઠળ બાળકોના કામના કલાકો ઉપર નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે.

લઘુત્તમ વેતન ધારાની કલમ ૨(એ) માં કારખાનાંઓના કાયદો, ૧૯૪૮ માં અપાયેલ પુખ્ત, કિશોર અને બાળકની વ્યાખ્યા અને અર્થને સ્વીકારેલ છે.

લઘુત્તમ વેતન ધારાની કલમ ૩(૩) લઘુત્તમ વેતનમાં નિર્ધારણને સ્પર્શે છે. લઘુત્તમ વેતનનના દરો નક્કી કરવા વખતે કે સુધારવા વખતે

અ. નીચે પ્રમાણે અલગ અલગ લઘુત્તમ વેતનોના દરો નક્કી કરી શકાય છે.

[૩૩] લઘુત્તમ વેતનધારો ૧૯૪૮

૧. પરિશિષ્ટમાંની જુદી જુદી રોજગારીઓ માટે.

૨. પરિશિષ્ટમાંની એક જ રોજગારી હેઠળનાં જુદાં જુદાં કામો માટે.

૩. પુખ્તો, કિશોરો, બાળકો અને એપ્રિન્ટિસિઝ (તાલીમાર્થીઓ માટે)

૪. જુદા જુદા વિસ્તારો માટે

૧. કલાક પ્રમાણે (૨) મહિના પ્રમાણે (૩) દર્શાવવામાં આવે તેવા બીજા કોઇ લાંબા વેતન ગાળા પ્રમાણે લઘુત્તમ વેતન (કેન્દ્રિય) નિયમો, ૧૯૫૦ ના ૨૪માં નિયમ પ્રમાણે બાળકોના કિસ્સામાં ૪.૫ કલાક "સામાન્ય કામનો દિવસ" ગણાશે. આમ આ નિયમ જે કોઇ રોજગારી કે ધંધાને લઘુત્તમ વેતન ધારો, ૧૯૪૮ લાગુ પડતો હોય ત્યાં કોઇપણ દિવસે બાળકોને ૪.૫ કલાકથી વધારે વખત કામ પર રાખવાની મનાઇ ફરમાવે છે.

જો કોઇ માલિક આ કાયદાની કોઇ જોગવાઇ કે તેના હેઠળ ઘડવામાં આવેલ કોઇ પણ નિયમનો ભંગ કરે તો તે માટે કોઇ સજા ગણાવવામાં ન આવી હોય તો રૂ. ૫૦૦ સુધીના દંડની સજાને પાત્ર બને છે.

### ૩.૧૬ ગુમાસ્તાધારો ૧૯૪૮[૩૪]

આ રાજ્યનો કાયદો દુકાનો અને વ્યાપારી પ્રતિષ્ઠાનો સંસ્થા કે પેઢીઓમા કામ કરતી સ્ત્રીઓ અને બાળકો સહિતના કામદારોના લાભાર્થી ઘડાયેલ છે.

કલમ ૨(૨) "બાળક"ની વ્યાખ્યા એ રીતે આપે છે કે " જેણે ૧૫ વર્ષ પૂર્ણ ન કર્યુ હોય તેવી વ્યક્તિ તેમ છતાં આ કાયદો અમલમાં આવતા પહેલાં જેને ૧૨ વર્ષ પૂરાં થઇ ગયેલ હોય અને આ કાયદો અમલમાં આવ્યો તેની તદ્દન પહેલાંની ચોક્કસ તારીખ તે જ્યાં આ કાયદો લાગુ પડતો હોય તેવાં કોઇ પ્રતિષ્ઠાન, સંસ્થા કે પેઢીમાં કામ કરતી હોય તેવી વ્યક્તિએ ૧૫ વર્ષ પૂરા ન કર્યા હોત તો પણ બાળક ન ગણાય."

---

[૩૪] ગુમાસ્તાધારો ૧૯૪૮

### ૩.૧૭ એમ્પ્લોયમેન્ટ ઓફ ચિન્ડ્રન સુધારા) ધારો ૧૯૫૧[૩૫]

આંતરરાષ્ટ્રીય મજદુર સંગઠવનાં નાઇટ વર્ક ઓફ પર્સનનાં કન્વેનશનને કારણે આ કાયદામાં ફેરફાર થયેલા જે મુજબ જે બાળકની ઉંમર પંદરથી સત્તર વર્ષની હોય તેને રાત્રીના રેલ્વે અને પોર્ટ પર કામ કરવા પર પ્રતિબંધ ફરમાવેલો.

### ૩.૧૮ ધી પ્લાન્ટેશન ૧૯૫૧ (બગીચા ધારો)[૩૬]

આપણે દેશના પૂર્વ તરફના વિસ્તાર અને પશ્ચિમ કિનારાના વિસ્તારોમાં જયાં બગીચાઓ (ચા-કોફી, રબર, સિંકોના વગેરે) પુષ્કળ પ્રમાણમાં છે. ત્યાં મજૂરોની રોજગારી અને તેમના મોટાં પ્રમાણમાં થતાં શોષણનાં  પરિણામે બગીચાઓના સંચાલકોને મજૂરીને સારી રોજગારીની પરિસ્થિતિ પૂરી પાડવાની ફરજ પાડવા આ કાયદો બનાાવવામાં આવ્યો છે. આ કાયદો બાળકોને કામ પર રાખવાની પરવાનગી આપે છે. પણ તેમના પાસેથી અઠવાડિયામાં ૨૭ કલાકથી વધારે કામ લઇ શકાય નહી. આ કાયદામાં બાળક, કિશોર અને નાની વયની વ્યક્તિની વ્યાખ્યા એ રીતે અપાયેલ કે બાળક એટલે જેણે ૧૪ વર્ષ પૂરાં ન કર્યા હોય, કિશોર એટલે ૧૪ વર્ષ પૂરાં  કર્યા હોય પણ ૧૮ વર્ષ પૂરાં ન કર્યા હોય અને નાની વયની વ્યક્તિ એટલે બાળક અથવા કિશોર.

પ્રકરણ-૩ ની કલમો ૭,૯,૧૦ સ્વાસ્થ્ય, પીવાનું પાણી, જાજરૂ, મુતરડી અને વૈદકીય સારવારની વ્યવસ્થા અંગેની જોગવાઇઓ ધરાવે છે.

પ્રકરણ-૪ માં કામદારોનાં કલ્યાણને લગતી જોગવાઇઓ કરવામાં આવી છે. જેના હેઠળ માલિકે કેન્ટિન (નાસ્તાગૃહ), ઘોડિયાઘર, મનોરંજનની સુવિધાઓ, શિક્ષણના સુવિધાઓ અને રહેઠાણની વ્યવસ્થા રાખવાનું સૂચવવામાં આવેલ છે. ઉપરોકત સુવિધાઓ બાળકામદારોનાં કલ્યાણ માટે પણ કરવામાં આવી છે.

[૩૫] એમ્પ્લોયમેન્ટ ઓફ ચિન્ડ્રન સુધારા) ધારો ૧૯૫૧

[૩૬] ધી પ્લાન્ટેશન ૧૯૫૧ (બગીચા ધારો)

કલમ ૧૪ જૈ શૈક્ષણિક સુવિધાઓ કોઇપણ બગીચા ઉધોગ જે જ્યાં બગીચામાં કામ કરતાં કામદારોનાં ૬ થી ૧૨ વર્ષની વયનાં બાલકોની સંખ્યા ૨૫ કરતાં વધારે હોય ત્યાં રાજ્ય સરકાર તેમના શિક્ષમ માટે માલિકો દ્વારા સુવિધા પૂરી પાડવા અંગેનાં નિયમો ઘડી શકે છે. અને તેના માટે માલિકે શૈક્ષણિક સુવિધા પૂરી પાડવાની પધ્ધતિ અને કયાં કયાં ધોરણ માલિકે પાળવાનાં તે નકકી કરી શકે છે.

કલમ ૧૯ : જણાવે છે કે કોઇપણ કિશોર અથવા બાળક પાસેથી અઠવાડિયામાં ૨૭ કલાકથી વધુ કામ લઇ, કે કરવા દઇ શકાશે નહિ.

કલમ ૨૫ : જણાવે છે કે રાજ્ય સરકારની પરવાનગી મેળવ્યા વિના કોઇપણ બાળકને સાંજે ૬-૦૦ વાગ્યાથી બીજા દિવસે સવારે ૭-૦૦ વાગ્યા સુધીના સમયગાળામાં કોઇ બગીચામાં રોજગાર પર રાખી શકાશે નહી.

કલમ ૨૬ : ફરમાવે છે, કે બિન પુખ્ત કામદારોએ જિલ્લા રાખવા પડશે કોઇપણ બાળક કે કિશોર કામદારને કામ કરવા કે દઇ કે રાખી શકાય નહીં સિવાય કે તેના અંગેનું કલમ ૨૭ હેઠળનું સશકતતાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય અને તે માલિકના કબજામાં હોય,

(બ) ઉપરોકત બાળક અથવા કિશોર ઉપરોકત પ્રમાણપત્રની વિગતો ધરાવતો બિલ્લો તેનાં રોજગારનાં સ્થળે તેનાં સાથે રાખવો પડશે.

કલમ ૨૭ : કિશોર વ્યકિત અથવા તેના માતા-પિતા અથવા વાલીની તે કિશોરને જો કામ કરવા માટે સશકત પ્રમાણિત કરવામાં આવશે તે તો તે બગીચામાં કામ પર રાખવામાં આવનાર છે, તેવા માલિક કે તેના વતી અન્ય વ્યક્તિના પત્ર સાથે અરજી મળતાં અથવા માલિકની કે તેના વતી અન્ય કોઇ અરજી મળતાં પ્રમાણપત્ર આપવા સર્જન તે કિશોર અથવા બાળકને તે બાળક કે કિશોર તરીકે કામ કરવા સશકત છે કે કેમ તે તપાસીને નક્કી કરશે.

(૨) આ કલમ હેઠળ આપેલ સશકતતાનું પ્રમાણપત્ર તે અપાયાની તારીખથી ૧૨ મહિના સુધી કાયદેસર ગણાય છે. પછી તે તાજું (રીન્યું) કરાવી શકાય છે.

(૩) ઉપરોકત પ્રમાણપત્ર મેળવવા માટે આપવી પડતી ફી તેના માલિકે ચૂકવવાની રહે છે અને તે કિશોર વ્યક્તિ અથવા તેના વાલી કે મા-બાપ પાસેથી વસુલ કરી શકાય નહી.

કલમ ૨૮ : નિરીક્ષક અનુક પ્લેટફોર્મ પર કામ પર રોકાયેલ હોય તેવી કિશોર વ્યક્તિની ચકાસણી સક્ષમ સર્જન દ્વારા કરાવવાની ફરજ પાડી શકે છે. આ કાયદા હેઠળ ઠરાવાયેલ સજાઓ નીચે પ્રમાણે છે.

કલમ ૩૪ : સશકતતાનાં ખોટાં પ્રમાણપત્રના ઉપયોગ બદલ એક મહિના સુધીની કેદ અથવા રૂ. ૫૦ નો દંડ અથવા બન્નેની સજા થઇ શકે છે.

કલમ ૩૫ : કામદારોને રોજગાર પર રાખવા અંગેની જોગવાઇઓના ભંગ બદલ એક મહિના સુધીની કેદ અથવા રૂ. ૫૦૦ સુધીનો દંડ અથવા બન્નેની સજા થઇ શકે છે.

### ૩.૧૯ ખાણનો કાયદો ૧૯૫૨[૩૭]

આ કાયદા અનુસાર પંદર વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિ માટે ખાણ પર કામ કરવા પર પ્રતિબંધ ફરમાવેલો હતો.

(૧) ખાણોનો કાયદો (નવો સુધારો) ૧૯૮૩ અમલમાં આવ્યા પછી કોઇ પણ ૧૮ વર્ષથી નીચેની વ્યક્તિને ખાણમાં કે તેના કોઇપણ ભાગમાં કામે રાખી શકાય નહી.

(૨) તેમ છતાં આ કલમની પેટાકલમ-૨ મુજબ ૧૬ વર્ષથી નીચેની વ્યના એપ્રેન્ટિસ અને અન્ય શીખાઉ તાલીમાર્થીઓને યોગ્ય દેખરેખ નીચે ખાણ કે તેના કોઇ ભાગમાં તેના મેનેજર દ્વારા કામ કરવાની મંજૂરી આપી શકાય.

આ કાયદામાં તેની જોગવાઇઓ લાગુ પાડવા માટે યોગ્ય વહીવટી તંત્રની જોગવાઇ છે તેના ઉપર ખાણ નિરીક્ષક અને અન્ય સંબંધિત સત્તાધીશ સીધો અંકુશ ધરાવે છે. તેથી ખાણ ઉધોગોમાં બાળમજૂરી પર પૂરેપૂરો અંકુશ છે. આ કાયદાની

---

[૩૭] **ખાણનો કાયદો ૧૯૫૨**

કલમ ૬૮ મુજબ ૧૮ વર્ષની નીચેની વયની વ્યક્તિને રોજગાર પર રાખનારને ત્રણ માસની કેદની અથવા રૂ.૨૫૦ સુધીના દંડની અથવા બંનેની સજા થઇ શકે.

### ૩.૨૦ કારખાનાનો (સુધારા) કાયદો ૧૯૫૪[૩૮]

આ કાયદામાં થયેલા સુધારા અનુસાર સતર વર્ષથી નીચેની ઉંમરની વ્યક્તિને રાત્રીનાં કામ પર રાખવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલો.

### ૩.૨૧ વ્યાપારી વહાટણવટા ધારો : ૧૯૫૮[૩૯]

ભારત લગભગ ૫૦૦૦ કિમી લાંબો દરિયાકિનારો છે. તેથી વહાણવટાંની ભારત પાસે પરંપરા છે. ૧૮મી સદીમાં થયેલ વિવિધ શોધોને પરિણામે વિશાળ જહાજો બનવા લાગ્યાં. આ ભારતીય માલિકીના તેમજ વિદેશી માલિકીના જહાજોમાં કર્મચારી તરીકે ભારતીયોની ભરતી કરાવવા લાગી પણ સાથે સાથે તેમનું ખૂબ શોષણ કરવામાં આવતું. આ શોષણના લીધે આંતરરાષ્ટ્રીય કાયદા સાથે સુસંગત વ્યાપારી વહાવટા ધારો, ૧૯૫૮ ઘડવામાં આવ્યો આ કાયદાની કલમ ૧૦૯, ૧૫ વર્ષની નીચેની વયનાં બાળકોને રોજગારી પર રાખવા પર પ્રતિબંધ ફરમાવે છે.

જેણે પંદરમું વર્ષ પૂર્ણ કર્યું ન હોય તેવી પણ વ્યક્તિને જહાજ પર રોજગારી પર રાખવામાં કે કોઇપણ પ્રકારનું કામ કરવા દરિયામાં લઇ જઇ શકાશે નહી, સિવાય કે તે (૧) નિર્ધારિત શરતો અનુસાર શિક્ષણ આપવાનું જહાજ હોય અથવા જહાજ પર તાલીમ અપાતી હોય અથવા (૨) એ જહાજ પર કામ કરતા બધા કર્મચારીઓ એક જ કુટુંબના સભ્યો હોય અથવા (૩) એ જહાજનું વજન ૨૦૦ ટન કરતા ઓછું અને તે આંતરિક વ્યાપારી માટેનું હોય અથવા (૪) એ વ્યક્તિને ઓછાં કે નામનાં પ્રતિક રૂપે વેતને રાખવામાં આવી હોય તેના પિતા અથવા નજીકના પુખ્તવયના પુરુષની સંબંધની દેખરેખ હેઠળ હોય.

---

[૩૮] **કારખાનાનો (સુધારા) કાયદો ૧૯૫૪**
[૩૯] **વ્યાપારી વહાટણવટા ધારો : ૧૯૫૮**

આમ એ જોઇ શકાશે કે વ્યાપાર વહાણવટાં ધારા હેઠળ કોઇપણ બાળક તેનાં મા-બાપ કે વાલીનાં સીધાં અંકુશ હેઠળ હોય તો જ તે બાળકના હિતમાં તેને નોકરી પર મૂકી શકાય છે.

કલમ ૧૧૦: જણાવે છે કે કોઇપણ કિશોરને જહાજ પર જેને ટ્રીમર (સાફ સફાઇ કરનાર અથવા સ્ટોક (કોલસા ભરનાર) ના રૂપમાં કામ પર રાખી શકાય નહિ.

કલમ ૧૧૦ (૩) : ૧૧૦ ની પેટા કલમ (આઇ) આમાં લાગું પડશે નહિ તેમ છતાં નિર્ધારિત શરતો અનુસાર ૬ વર્ષથી મોટી ઉંમરની વ્યક્તિને તાલીમ માટેના જહાજ પર ટ્રિમર, શીખવાના કે કિશોર વ્યક્તિને લાગુ પડશે નહી. અથવા (૧) વરાળ સિવાય ચાલતા (૨) જહાજ ઉપર સ્ટ્રીપર કે સ્ટોકરનું કામ (૩) કોઇપણ જહાજ જે ૧૬ વર્ષની ઉંમરની વ્યક્તિને કામ કરવા લઇ જવા બાબત નિર્ધારિત શરતો અનુસાર કિનારા પર જ ચાલતાં (આંતરિક) જહાજ રૂપમાં તેની પર ટ્રીમર અને સ્ટોકરના રૂપમાં કામે રાખવા બાબત...

કલમ ૧૧૧: ફરમાવે છે કે ૧૮ વર્ષથી નીચેની વયની કોઇપણ વ્યક્તિ (એટલે કે કિશોર) વ્યક્તિને જહાજ પર ઉપર જણાવ્યા પ્રમાણે આ કાયદા હેઠળ નિર્ધારીત અધિકારીનાં સશકતતાનાં પ્રમાણપત્ર વગર કામ પર રાખી શકાશે નહિ. અને તે પ્રમાણપત્ર અપાયાની તારીખથી ૧ વર્ષ માટે અમલમાં રહેશે. વૈદકીય તપાસની જરૂરિયાતો જ્યારે આ બધી વ્યક્તિઓ કોઇ સંસ્થાની રોજગારીમાં હોય અથવા તાત્કાલિક જરૂરિયાતના કિસ્સામાં લાગુ નહિ પડે.

કલમ ૧૧૨ : જયાં જહાજના કર્મચારીઓ સાથે કરાર હોય ત્યાં જહાજ પર કામ કરતી યુવાન વ્યક્તિનું રજીસ્ટર કે યાદી રાખવી જરૂરી છે.

કલમ ૧૧૩ : (૧) કેન્દ્ર સરકારને નીચેની બાબતો નિર્ધારિત કરતાં નિયમો ઘડવાની સત્તા છે.

(ક) કિશોર વ્યક્તિને શૈક્ષણિક જહાજો કે તાલીમ માટેનાં જહાજ પર કોઇ હોદ્દા પર રાખવા અંગેની શરતો અને તેમાં કામનું નિરીક્ષણ કરવા માટેના કોઇ અધિકારી અને નિરીક્ષણની પધ્ધતિ

(ખ) કિશોર વ્યક્તિઓને ટ્રિમર અને સ્ટોકર તરીકે કામ પર રાખવા અંગેની શરતો.

(ગ) શારિરીક સશકતાના અંગેનાં કલમ ૧૧૧ પ્રમાણેનાં જેમનાં પ્રમાણપત્રોને માન્ય રાખવામાં આવશે તે અધિકારીઓ સત્તાધીશ અને

(ઘ) જ્યાં કર્મચારીઓ સાથે કોઇ કરાર ન થયેલ હોય ત્યાં જહાજમાં કામ કરતાં કિશોરો અંગે જાળવવાનાં રજીસ્ટરનું સ્વરૂપ કે નમૂનો

કલમ ૧૧૩ : (૨) જણાવે છે કે કિનારા પર ચાલતાં જહાજોમાં ટ્રિમર અને સ્ટોકર તરીકે કિશોરોને કામ પર રાખવા અંગેની શરતો અંગેના નિયમો કેન્દ્ર સરકાર જેમના માલિકો અને જહાજો પર કામ કરતા કામદારોનું મહત્તમ પ્રતિનિધિત્વ કરનાર સંગઠન માનતી હોય તેની સાથે પરામર્શ કર્યા પછી ઘડવામાં આવશે.

કલમ ૧૩૬ (૨) : આ કલમોનો ભંગ કરનારને રૂ. ૫૦ નો દંડ ફરમાવે છે.

### ૩.૨૨ મોટર વાહન કામદાર ધારો ૧૯૬૧[40]

તે પછીનું મોટા પ્રમાણમાં રોજગારનું ક્ષેત્ર વાહન વ્યવહાર છે તે સંપૂર્ણ રીતે રાષ્ટ્રીયકૃત ઉધોગ કે જાહેર ઉપક્રમ નથી. તેના મોટા ભાગનું સંચાલન ખાનગી વ્યક્તિઓ (માલિકો દ્વારા) કરવામાં આવે છે. ખાનગી માલિકીના વાહનવ્યવહારનો કામદાર અસંગઠિત હોય છે. એટલે તે સરકારનું ધ્યાન માંગી લે છે. અને આ ઉધોગમાં બાળમજૂરી રોકવી ઘણી મુશ્કેલ છે. કારણ કે તે વિશાળક્ષેત્રમાં ફેલાયેલ છે. અને તેનું કામકાજ વણથંભ્યું ચાલતું રહેતું હોય છે. તેના માટે જરૂરી માણસો ખૂબ જ કૂશળ અથવા અર્ધકુશળ કામદારોની જરૂર નથી હોતી. તેથી આ ક્ષેત્રમાં

---

[40] **મોટર વાહન કામદાર ધારો ૧૯૬૧**

બાળકામદારોની રોજદારીની મોટી શક્યતાઓ રહેલી છે. મટોા ભાગના વાહન વ્યવહર ઉધોગમાં બાળકામદારનું કારણ તેના કર્મચારીઓની મોટા પ્રમાણમાં બાળકોનાં શોષણના લીધે મોટર વાહન કામદાર થાય છે. મોટા પ્રમાણમાં, બાળકોના શોષણના લીધે મોટરવાહન કામદાર ધારો ૧૯૬૧માં તે અંગેની જોગવાઇ કરવામાં આવી. તેમાં કામ જ એ રીતેનું હોય છે કે તેમાં શારીરિક શક્તિ જરૂરી છે.

કલમ ૨ (સી) મુજબ કિશોર એટલે એવી વ્યક્તિ તે જેણે ૧૫મું વર્ષ પૂરુ કર્યું છે, પણ ૧૮મું વર્ષ પૂરૂ નથી કર્યું.

કલમ ૨૧ : તે કોઇપણ મોટર વાહન સંસ્થામાં કોઇપણ કામ પર બાળકને રાખવાની સામે મનાઇ ફરમાવે છે.

કલમ ૨૨ : જણાવે છે કે કિશોરને કોઇપણ વાહનવ્યવહાર કામ ઉપર નોકરીએ રાખી કે કામ કરવા દઇ શકાય નહિ. સિવાય કે તેના સંદર્ભમાં કલમ ૨૩માં જણાવ્યા પ્રમાણે સશકતાનું પ્રમાણપત્ર આપવામાં આવેલ હોય અને તે માલિકનાં કબજામાં હોય. આવા કિશોરે જ્યારે તે કામ પર હોય ત્યારે આવાં પ્રમાણપત્રનો સંદર્ભ આપતો બિલ્લો સાથે રાખવાનો રહે છે. સશકતતાનાં પ્રમાણપત્ર અંગેની જોગવાઇઓ અન્ય કાયદાઓ જેવી છે.

કલમ ૩૦ : તે સશકતતાનાં ખોટાં પ્રમાણપત્રના ઉપયોગ અંગે જણાવે છે કે તેના માટે એક મહિના સુધીની કેદ અને રૂ. ૫૦ સુધીનો દંડ અથવા બન્નેની સજા કરી શકાય છે.

કલમ ૩૧ : તે મુજબ મોટર વાહન કામદારોની રોજગારીને લગતી જોગવાઇનાં ઉલ્લંઘન બદલની સજા ૩ મહિના સુધીની જેલ અથવા રૂ. ૫૦૦ સુધીનો દંડ અથવા બન્ને છે અને ગુનો સાબિત થયા પછી દરરોજના વધારેમાં વધારે રૂ. ૭૫ નો દંડ થઇ શકે છે. પ્રતિબંધ હોવા છતાં મોટર વાહન વ્યવહાર ઉધોગમાં મોટા પ્રમાણમાં બાળકામદોરો રોકાયેલા છે. દરેક નાની મોટર વાહન વ્યવહાર સંસ્થા કે ધંધામાં ૧૧ વર્ષથી ઓછી વયના નાના બાળકામદારો કામ કરતાં જોવા મળશે.

તેનાં મુખ્ય કારણો ગીરીબી તેમજ નિરક્ષરતા તેમજ મોટાં કુટુંબના નાના બાળકની ટૂંકી આવક ઉપર આધાર વગેરે છે. જો આ ઓછી આવક રળનારાઓનું નાનું કુટુંબ હોય તો બાળકામદારો મળી શકે નહી. સાતથી આઠ બાળકો ધરાવનાર મિકેનિક તેમને આઠથી નવ વર્ષની ઉંમરથી કામે લગાડી દેતો જોવા મલે છે. આ નાનાં બાળકો ભવિષ્યની કામદારોની જરૂરિયાત પૂરી કરે છે પણ તે બધા અબુધ, અકુશળ કામદારો હોવાના.

### ૩.૨૩ ધી એપ્રેન્ટીશીપ એકટ ૧૯૫૮[૪૧]

આમ તો બાળકોને કામ પર પ્રતિબંધ છે પણ બાળકો ખાસ કરીને જાહેર સખાવતી સંસ્થાઓ દ્વારા ઉછેરવામાં આવતાં નિરાધાર અને ગરીબ બાકો મોટાં થઇને પોતાનો રોટલો રળી શકે તે માટે તેઓ ધંધા, ઉધોગ એ રોજગાર શીખી શકે તે માટે ૧૮૫૦માં શિખાઉ કામદાર એપ્રિન્ટિસિઝ ધારો ઘડાયેલ ત્યારબાદ ૧૯૬૧ માં ઘડાયેલ એપ્રેન્ટિસિઝિ ધારા જુના કાયદાનો ઉદ્દેશ બદલી નાખવામાં અને એ કાયદાને પણ રદ કરવામાં આવેલ છે. નવો કાયદો દેશના વિકાસ સાથે કુશળ કારીગરોની વધતી જતી માંગને પહોંચી વળવાની દ્ષ્ટિએ ઘડાયો છે.

જો એપ્રિન્ટ સગીર હોય તો તેના વાલી દ્વારા કરાર કરવાની કાયદામાં જોગવાઇ છે. તેમાં એપ્રેન્ટિસોની તાલીમનાં નિયમન અને નિયંત્રણ તેમજ તેની સાથે સંકળાયેલી બાબતો અંગે જોગવાઇ કરેલ છે. તે એપ્રેન્ટિસશીપ એટલે કે તાલીમના આંચળા નીચે ખરેખર બાળ મજૂરી સામે પ્રતિબંધ ફરમાવે છે.

કલમ ૩ એપ્રેન્ટિસ શિખાઉ તરીકે દાખલ થવા માટે જરૂરી લાયકાતો દર્શાવે છે જે નીચે જણાવેલ છે.

કોઇપણ વ્યક્તિ જો ૧૪ વર્ષ કરતાં ઓછી ઉંમરની ન હોય અને નિર્ધારિત શૈક્ષણિક તેમજ શારિરીક ધોરણો ધરાવતો હોય તો તે કોઇપણ નક્કી કરાયેલ વ્યવસાય ધંધામાં એપ્રેન્ટિસ તરીકેની તાલીમ લઇ શકે છે.

---

[૪૧] **ધી એપ્રેન્ટીશીપ એકટ ૧૯૫૮**

કલમ ૪ કરાર દ્વારા જોડાવાની જોગવાઇ ધરાવે છે. આ કલમમાં જણાવવામાં આવેલ છે કે કોઇ પણ વ્યક્તિ અથવા સગીર હોય તો તેમાં વાલી-માલિક સાથે એપ્રેન્ટિસશીપ માટેનો કરાર કરી નહીં, ત્યાં એપ્રેન્સશીપ તાલીમ લેવા માટે દાખલ કરી શકાય નહી.

કલમ ૧૩ : નિર્ધારીત લઘુત્તમ દર કરતાં ઓછું ન હોય તેટલા દરે સ્ટાઇપેન્ડ અપાવવાનું રહે છે. એપ્રેન્ટિસ (તાલીમાર્થી) નું માલિક દ્વારા શોષણ અટકાવવા માટે પેટા કલમ (૨) દાખલ કરવામાં આવી છે જેમાં જણાવવામાં આવેલ છે કે "કોઇપણ એપ્રેન્ટિસ (તાલીમાર્થી) ને તેના માલિક દ્વારા કામના કોઇ આધાર ચૂકવવામાં નહી આવે તેમજ તેઓનો કોઇ ઉત્પાદક બોનસ કે બીજા કોઇ પ્રોત્સાહન યોજનામાં દાખલ કરી શકાશે નહી."

કલમ ૧૮ : સ્પષ્ટ રીતે જણાવે છે કે એપ્રેન્ટિસ કામદાર નથી અને તેને અન્ય કોઇ કામદાર ધારો લાગુ પડશે નહી.

ઉપરોકત કલમ ૧૩(૨) ની જોગવાઇઓનું ચુસ્ત પાલન થાય તે માટે આ જોગવાઇઓના ભંગને છ મહિનાની કેદ અને અથવા દંડની સજાને પાત્ર ગુનો ગણવામાં આવેલ છે.

ટૂકા ગાળાના એપ્રેન્ટિસ સિવાય બીજા કોઇ પણ એપ્રેન્ટિસને રાતના ૧૦ વાગ્યાથી બીજા દિવસના સવારના ૬ વાગ્યા સુધી એપ્રેન્ટિસ સલાહકારની પહેલેથી પરવાનગી લીધા વિના તાલીમ માટે રાખી શકાશે નહી. એપ્રેન્ટિસ સલાહકારને એમ લાગે કે તે એપ્રેન્ટિસની તાલીમનાં હિત તેમજ જાહેર હિતમાં છે, તો તે આ માટે પરવાનગી આપશે.

કલમ ૩૦ : પ્રમાણ જો કોઇ માલિક એપ્રેન્ટિસ તરીકે લેવાના માટે લાયક નથી (એટલે કે તેની ઉંમર ૧૪ વર્ષથી ઓછી હોય) તેને એપ્રેન્ટિસ તરીકે રાખે તો તેને છ મહિનાની કેદ અથવા રૂ. ૫૦૦ સુધીનો દંડ અથવા બંનેની સજા થઇ શકે છે.

### ૩.૨૪ અણુશક્તિધારો ૧૯૬૨[૪૨]

ઉધોગોના વિકાસનું એક તદ્દન નવું ક્ષેત્ર અણુ શક્તિ છે. પણ અણુ શક્તિ હજી એટલી નાથવામાં આવેલ નથી કે સામાન્ય માણસ પણ તેમાં કામ કરી શકે તેથી તેમાં બાળ કામદારોને કામ રાખવાની કોઇ તક નથી.

રોજગારીનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં દ્દષ્ટિપાત કરતાં એ જોવા મળે છે કે બાળમજૂરો બિનકુશળ હોવાથી સસ્તા છે અને તેથી તેમનો કામે રાખવામાં આવે છે. તેઓ ગરીબીના લીધે પૈસાની ખૂબ જ જરૂર અનુભવતા હોવાથી કામ કરે છે. તેથી તેઓનું શોષણ થઇ શકે છે. તેનું એક કારણ વાલીઓ દ્વારા આશ્રિતોનું શોષણ પણ છે. અનાથાશ્રમો જેવી ખાનગી સંસ્થાઓમાં તેના સંચાલકો દ્વારા બાળકોનું શોષણ કરાતું હોય છે. પોતાની છત્રછાયામાંના બાળકોનું આવી સંસ્થાઓના સંચાલિકો શોષણ ન કરી શકે તે માટે બાળ ધારો જેવા કાયદા ઘડવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકારે આ કાયદાની કલમ ૩૦ હેઠળ કિરણોત્સર્ગ (સામે) રક્ષણ નિયમો, ૧૯૭૧ ઘડેલ છે. આ નિયમો નિયમન ૫ કિરણોત્સર્ગ કામદારો તરીકે ૧૮ વર્ષથી નીચેની ઉંમરની કોઇપણ વ્યક્તિને સક્ષમ સત્તા-અધિકારી એટલે કે ભારત સરકાર દ્વારા આ નિયમો હેઠળ આ માટે જાહેરનામાં દ્વારા નીમવામાં આવેલ અધિકારી કે સત્તાની પહેલેથી અપાયેલ લિખિત મંજુરી વિના નોકરીમાં રાખવા પર પ્રતિબંધ ફરમાવે છે.

### ૩.૨૫ બીડી અને સીગારેટ કામદાર (રોજગારી શરતો) ૧૯૬૬[૪૩]

સામાન્ય રીતે મધ્ય ભારતમાં “બીડી” બનાવવી અથવા બીડીનું ઉત્પાદન મોટા ઉધોગો દ્વારા થાય છે. મોટા ભાગનાં ગ્રામીણ કુટુંબો આ કામમાં રોકાયેલાં છે. મોટા ભાગના માલિકો બીડી બનાવવાનું કામ કોન્ટ્રાકટ લેબર (ઠેકેદારી હેઠળના મજૂરો) દ્વારા તેમના ઘેરે કામ કરાવવા પસંદ કરે છે. તેથી આ ક્ષેત્રમાં પણ

---

[૪૨] **અણુશક્તિધારો ૧૯૬૨**

[૪૩] **બીડી અને સીગારેટ કામદાર (રોજગારી શરતો) ૧૯૬૬**

બાળકામદારો માટે મોટું ક્ષેત્ર છે. મોટા ભાગનાં મા-બાપ તેમના બાળકોને વધુ આવક મેળવવા કામે લગાડે છે.

આ કાયદાની કલમ ૨૪ જણાવે છે કે કોઇપણ ઔધોગિક ઇમારતમાં કોઇપણ બાળકામદારને કામ પર રાખવા કે કામ કરવા દેવામાં આવશે નહી.

આકાયદાની કલમ ૨૪ જણાવે છે કે કોઇપણ ઔધોગિક ઇમારતમાં કોઇપણ બાળકામદારને કામ પર રાખવા કે કામ કરવા દેવામાં આવશે નહી.

કલમ ૨૫ : તે સ્ત્રી અને યુવાન કિશોર કાયદાને સાંજે ૭-૦૦ વાગ્યા પથી બીજા દિવસે સવારે ૬-૦૦ વાગ્યા સુધી રોજગાર પર રાખવા પર પ્રતિબંધ ફરમાવે છે.

જેણે ૧૪ મુ વર્ષ પુરું કર્યા હોય પણ ૧૮મું વર્ષ પુરુ ન કર્યું હોય તેવી વ્યક્તિને સાંજના ૭ વગ્યાથી બીજે દિવસે સવારના ૬ વાગ્યા સુધી કામ પર રાખી શકાશે નહી.

આ કાયદામાંની જોગવાઇઓનો ભંગ સજાને પાત્ર બનાવવામાં આવેલ છે.

### ૩.૨૬ વેઠપ્રથા (નાબુદી) ધારો ૧૯૭૬[૪૪]

ગુલામી પ્રથા મૂળભૂત રીતે વ્યક્તિના પોતાના બાળકને પોતાની જરૂરીયાત માટે વેચવાના અધિકારમાંથી જન્મી ગુલામીની પ્રથા આમ જો કે ભારતમાં બ્રિટિશ રાજ્યના પ્રયત્નોને લીધે નાબૂદ થઇ ગઇ પણ તે બીજા સ્વરૂપમાં ગઇ નહી, વેપારીઓ અને રાજ્યકર્તાઓએ સસ્તા દરે બીજાઓની સેવા મળે તે માટે જુદી જુદી પધ્ધતિઓ અને સ્વરૂપો શોધી કાઢયાં. જ્યારે કોઇ દેવાદાર પોતાનું દેવું ચુકવી શકે નહિ. ત્યારે તે વ્યક્તિ તેનાં બાળકો સાથે કામ કરે છે. દેશના જુદા જુદા ભાગોમાં પ્રચલિત જુદાં જુદાં સ્વરૂપો બેઠપ્રથા નાબૂદી ધારો, ૧૯૭૬નીકલમ ૨ (બી) ની સમજૂતી સ્પષ્ટતામાં બતાવવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

કલમ ૨ : કરાર એટલે લેણદાર અને દેણદાર વચ્ચે થયેલ મૌખિક કે લેખિત કે અર્ધલિખિત અને અર્ધમૌખિક કરાર અને તેમાં જેનું અસ્તિત્વ તે વિચારમાં પ્રચલિત

---

[૪૪] **વેઠપ્રથા (નાબુદી) ધારો ૧૯૭૬**

હોય તેવા સામાજિક રિવાજ હેઠળ હોવાનું માની લેવાતું હોય તેવી ફરજિયાત બળજબરીથી કરાવવાની મજૂરી-બેઠની જોગવાઇ હોય તેવા કરારનો પણ સમાવેશ થાય છે. લેણદાર અને દેણદાર વચ્ચે નીચેનાં સ્વરૂપોની ફરજીયાત બળજબરીથી કરાવાતી મજૂરી વેઠ અંગેના સામાજિક રિવાજ હેઠળ કરારનું અસ્તિત્વ સામાન્ય રીતે માની લેવામાં આવે છે.

### ૩.૨૭ ધી એમ્પ્લોયમેન્ટ ઓફ ચિલ્ડ્રન (સુધારા) ધારો ૧૯૭૮[૪૫]

આ કાયદા અનુસાર ૧૫ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓ માટે રેલ્વે પ્રિમાઇસીસમાં કામ પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

### ૩.૨૮ બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬[૪૬]

બાળ મજૂરી પ્રતિબંધ અને નિયમન ધારો, ૧૯૮૬ જુદી જુદી સમિતિઓ જેવી કે ગુરૂપ્રસાદસ્વામિ અને સનત મહેતા સમિતિ તેમજ રાષ્ટ્રીય મજૂર પંચ, ૧૯૬૯ ની ભલામણોના આધાર પર ઘડાયો છે.

બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) ખરડો સંસદનાં બન્ને ગૃહોમાં મુકવામાં આવ્યો હતો. તેમાંથી બાળ કામદારોનાં સંગઠન અંગેની જોગવાઇ પડતી મુકવામાં આવી હતી અને બાળ કામદારોને નિરીક્ષક પાસે જઇને હાજરી પૂરાવવાની જોગવાઇ પણ કાઢી નાખવામાં આવી. માલિકો ઉપર ઉપકર નાખવાની જોગવાઇ પણ પડતી મૂકવામાં આવી. મૂળ ખરડાનાં ધઅયોય નીચે પ્રમાણે હતાં.

૧. જેમને ૧૪ વર્ષ પૂરાં ન થયેલ હોય તેવાં બાળકોને કાયદામાં જણાવેલ ધંધાઓ અને પ્રક્રિયાઓ પર કામ પર રાખવા પર પ્રતિબંધ ફરમાવવો.
૨. પ્રતિબંધિત ધંધાઓ તેમજ પ્રક્રિયાઓનાં પરિશિષ્ટમાં સુધારા વધારા કરવા માટેની પધ્ધતિ નિર્ધારિત કરવી.

---

[૪૫] **ધી એમ્પ્લોયમેન્ટ ઓફ ચિલ્ડ્રન (સુધારા) ધારો ૧૯૭૮**
[૪૬] **બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬**

૩. જે રોજગારમાં બાળકોને જે કામ પર રાખવા પર પ્રતિબંધ નથી તેમાં બાળકોને લગતી શરતોનું નિયમન કરવું.

૪. આ કાયદો તેમજ જેમાં બાળકોને કામ પર રાખવા પર પ્રતિબંધ છે તેવા કાયદાઓનો ભંગ કરીને બાળકોને કામ પર રાખવા સામેની ઔપચારિકતા નક્કી કરવી.

૫. સંબંધિત કાયદાઓમાંની બાળકની વ્યાખ્યામાં એકરૂપતા લાવવી.

બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) ખરડો, ૧૯૮૬ સંસદનાં બન્ને ગૃહોમાં પસાર થયો અને તેને ૨૩-૧૨-૧૯૮૬ના રોજ કાયદાનું સ્વરૂપ મળ્યું.

બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) ધારો, ૧૯૮૬ પસાર થવાથી બાળ રોજગાર ધારો, ૧૯૩૮ રદ થયો. નવો કાયદો જુના કાયદા કરતાં ઘણું વધારે ક્ષેત્ર આવરી લે છે. જુનો કાયદો ફક્ત ગોદી અને રેલવેને આવરી લેતો હતો. હાલનો કાયદો વ્યાપારી સંસ્થાઓ, દુકાનો વર્કશોપ, ખેતરો, રહેઠાણની હોટલો, નાસ્તાગૃહો, ભોજનગૃહો, સિનેમાગૃહો અને અન્ય જાહેર મનોરંજનમાં સ્થળોને લાગુ પડે છે.

બાળકોની કામની શરતોનું નિયમન

કલમ ૬ : તેમાં જણાવે છે કે જ્યાં કલમ ૩ માં જણાવેલ ધંધા અથવા પ્રક્રિયાઓ કરવામાં આવતી ન હોય ત્યાં પણ આભાગની જોગવાઇઓ લાગુ પડશે.

કલમ ૭ : કામના કલાકો અને કામનો ગાળો. કોઇપણ બાળકને એ સંસ્થા કે તેના જેવી સંસ્થા માટે નક્કી કરાયેલ કામના કલાકો કરતાં વધારે વખતે કામ કરવા દેવામાં અથવા વધારે સમય તેની પાસેથી કામ કરાવી શકશે નહી. દરરોજનો તેમાં કામનો ગાળો એવી રીતે નિર્ધારિત કરાવવો જોઇએ કે કોઇપણ બાળકને ત્રણ કલાક કરતાં વધારે સમય કાર્ય કરવું ન પડે. તેમાં તેનો ૧ કલાકનો ઓછામાં ઓછો આરામ માટેનો મધ્યાન્તર મળી રહે.

બાળકામદારોના કામના કલાકોની ગોઠણી એવી રીતે થવી જોઇએ તેનો મધ્યાંતર અને કોઇક દિવસ કામ માટે રાહ જોવાના સમયને ગણતાં કામનો કુલ ગાળો ૬ કલાકથી વધવો જોઇએ નહી. કોઇપણ બાળકને સાંજના ૭ થી બીજા

દિવસના સવારના ૮ વાગ્યા સુધી કામ પર રાખી અથવા કામ કરવા દઇ શકાય નહી. કોઇપણ બાળકને તેના નિયત સમય કરતાં વધઉ સમય કામ કરાવી કે કરવા દઇ શકાય નહી. કોઇપણ બાળકને જ્યારે તે જ દિવસે એક જગ્યાએ કામ કરેલ હોય ત્યારે તેને તે જ દિવસે બીજી સંસ્થામાં કામે રાખી શકાય નહિ.

કલમ ૮ : દરેક બાળકામદારને દર અઠવાડિયે એક આખા દિવસની રજા આપવી, જેને ઉધોગ-સંસ્થામાં જયાં નજરમાં આવે તેવી રીતે (જાહેર જગ્યાએ) સૂચના લગાડવી જોઇએ અને તેમાં ફેરફાર ત્રણ મહિનામાં એક વખત જ થઇ શકે.

કલમ ૯ :તેમાં નિરીક્ષકને સંસ્થામાં કામે રાખેલ બાળકામદારો અંગેની માહિતી પૂરી પાડવા અંગે જણાવેલ છે.

કલમ ૧૦ : આ કાયદાની કલમ ૧૦ પ્રમાણે જ્યારે બાળકામદારોને કામે રાખનાર સંસ્થાના માલિક અને નિરીક્ષક વચ્ચે કોપિણ બાળકની ઉંમર અંગે પ્રશ્ન ઉદ્ભવે ત્યારે આવાં બાળકની ઉંમર અંગેનું નિર્ધારિત વૈદકીય અધિકારીનં પ્રમાણપત્ર ન હોય તો નિરીક્ષ તેની તપાસ માટે નિયત વૈદકીય અધિકારીને મોકલી શકે છે.

કલમ ૧૧ : તે નિર્ધઆરિત રજીસ્ટર રાખવાની જોગવાઇ કરે છે. દરેક માલિકે પોતાને ત્યાં કામ પર રાખેલ કે જેને કામ કરવા દેતાં હોય તેવાં બાળકો અંગે આ રજીસ્ટર રાખવામાં જોઇએ અને તે નિરીક્ષક દ્વારા કોઇપણ સમયે કામના સમય દરમ્યાન અથવા આવી સંસ્થામાં જ્યારે કામ ચાલતું હોય ત્યારે નિરીક્ષણ માટે ઉપલબ્ધ રાખવું જોઇએ.

કલમ ૧૨ : ઉપરોકત કલમ હેઠળ બાળકામદારોને કામ પર રાખવા પરનો પ્રતિબંધ, તે બાળકોના દંડ વગેરે વિગતોની સ્થાનિક ભાષામાં અને અંગ્રેજી ભાષામાં સંસ્થાના મુખ્ય સ્થળે સૂચના પ્રદર્ષિત કરાવી જોઇએ.

કલમ ૧૩ : તે જણાવે છે કે સરકારે બાળ કામદારોનાં આરોગ્ય અને સલામતી માટે નિયમો ઘડવા જોઇએ.

કલમ ૧૪ : આ કલમમાં આ કાયદાની જોગવાઇઓના ભંગ બદલ સજા દર્શાવાયેલ છે.

કાયદામાં સામેલ કરવામાં આવેલ પરિશિષ્ટ ભાગ-અ માં ધંધાઓ અને પ્રક્રિયાઓ વર્ણવે છે. જે નીચે પ્રમાણે છે.

૧) મુસાફરો, માલ અથવા ટપાલની રેલવે દ્વારા હેરફેર.

૨) રેલ્વેનાં પરિક્ષેત્રમાં પેકીંગ, રાખ ભેરલા ખાડાની સાફ સફાઇ અથવા બાંધકામના કામકાજ અંગેનું કામકાજ.

૩) રેલ્વે સ્ટેશન પરની ખાનપાન અંગેની સંસ્થામાં કામ, જેમાં ફેરિયા તરીકે એક પ્લેટફોર્મથી બીજા પ્લેટફોર્મ પર જવું, પ્લેટફોર્મ પરથી અથવા ચાલતી ગાડીમાં જવું - આવવું.

૪) રેલ્વે સ્ટેશનનાં બાંધકામ અંગેનાં કામકાજ અથવા અન્ય કામ જે રેલ્વે લાઇન નજીક કે વચ્ચે કરવામાં આવતું હોય.

૫) કોઇપણ બંદરની હદમાં, બંદરના વહીવટીતંત્ર હેઠળનું કામ

૬) હંગામી પરવાનો ધરાવતી ફટાકડા અથવા દારૂખાનાની દુકાનોમાં વેચાણ સંબંધી કામકાજ પ્રક્રીયાઓ વગેરે.

પ્રક્રિયાઓ

૧) બીડી બનાવવી

૨) ગાલીચાવણાટ

૩) સિમેન્ટનું ઉત્પાદન તેમજ સિમેન્ટ, કોથળીઓમાં ભરવાનું કામ

૪) કાપડ પર રંગકામ, છાપકામ કે વણાટકામ

૫) દીવાસળી બનાવવી, દારૂખાનું અને સ્ફોટક પદાર્થ બનાવવા

૬) અબરખ કાપવું અને છુંટુ પાડવું.

૭) લાખ બનાવવી

૮) સાબુ બનાવવો.

૯) ચામડું કમાવવું

૧૦) ઉનની સાફસૂફી

૧૧) ચણતર અને બાંધકામ ઉધોગ

૧૨) સ્લેટ અને પેન્સિલ બનાવવી વિગેરે

# પ્રકરણ–૫

# બાળમજૂરીના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે યોજાયેલા વિવિધ સંમેલનો, વિવિધ સમિતિઓની ભલામણો અને વિવિધ યોજનાઓ


૧. પ્રસ્તાવના

૨. **ઔધોગિકરણ પહેલા બાળમજૂરી**

૩. **ઔધોગિકરણની અસરો**

૪. **આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની ભૂમિકા**

**૪.૧ યુવાન વ્યક્તિઓ તેમજ બાળકોની રોજગારી અંગેના આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાના ઠરાવો.**

**૪.૨ ઠરાવો અને ભલામણો વચ્ચેનો ભેદ**

**૪.૩ લઘુત્તમ વયને લગતા ઠરાવો.**

**૪.૩.૧ ૧૯૧૯નો ઠરાવ ક્રમાંક ૫**

**૪.૩.૨ ૧૯૨૦નો ઠરાવ ક્રમાંક ૭**

**૪.૩.૩ ૧૯૨૧ નો ઠરાવ ક્રમાંક ૧૦**

**૪.૩.૪ ૧૯૨૧નો ઠરાવ ક્રમાંક ૧૫**

**૪.૩.૫ ૧૯૩૨નો ઠરાવ ક્રમાંક ૩૩**

**૪.૩.૬ ૧૯૩૬ નો ઠરાવ ક્રમાંક ૫૮**

**૪.૩.૭ ૧૯૩૭ નો ઠરાવ ક્રમાંક ૫૯**

**૪.૩.૮ ૧૯૩૭નો ઠરાવ ક્રમાંક ૬૦**

**૪.૩.૯ ૧૯૬૫નો ઠરાવ ક્રમાંક ૧૨૩**

**૪.૩.૧૦ ૧૯૭૩નો ઠરાવ ક્રમાંક ૧૩૮**

**૪.૪ તબીબી તપાસને વગતા ઠરાવો.**

**૪.૪.૧ ૧૯૨૧ નો ઠરાવ ક્રમાંક ૧૬**

**૪.૪.૨ ૧૯૬૫નો ઠરાવ ક્રમાંક ૧૨૪**

**૪.૫ રાત્રિ દરમ્યાનનાં કામને લગતા ઠરાવો.**

**૪.૫.૧ ૧૯૧૯નો ઠરાવ ક્રમાંક ૬**

**૪.૫.૨ ૧૯૪૬ નો ઠરાવ ક્રમાંક ૭૯**

**૪.૫.૩ ૧૯૪૮નો ઠરાવ ક્રમાંક ૯૦**

૫. **બાળકોના અધિકારો**

૬. **સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણા**

૬.૧ પ્રસ્તાવના

**૬.૨ આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાનો પ્રતિસાદ :**

**૬.૩ સંયુકત રાષ્ટ્રસંઘના પ્રયાસો**

૭. **વૈશ્વિક શિખર સંમેલન**

૭.૧ પ્રસ્તાવના

૭.૧ વૈશ્વિક શિખર સંમેલનના ધ્યેયો

**૭.૩ દુનિયાના બાળકોની હાલત**

**૭.૪ ૧૯૯૨માં પ્રકાશિત થયેલ બાળકો અંગેના વિશ્વ અહેવાલ પ્રમાણે :**

૮. **આંતરરાષ્ટ્રીય બાળમજૂરી નાબૂદી કાર્યક્રમ (આઇપેક)**

**૮.૧ ઉદ્દેશો અને કાર્ય**

**૮.૨ ભારત અને આઇપેક**

**૮.૩ આઇપેકના કાર્યક્રમનાં ક્ષેત્રો**

૯. **સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણા**

૧૦. ભારત સરકાર દ્વારા રચાયેલી વિવિધ સમિતિઓ

૧૦.૧ રોયલ કમિશન

૧૦.૨ ગુરૂપ્રસાદ સમિતિ

૧૧. **રાષ્ટ્રિય બાળનીતિ**

**૧૧.૧ પ્રસ્તાવના :**

**૧૧.૨ નીતિ અને ઉપાય**

**૧૧.૩ કાર્યક્રમ બનાવવામાં પ્રાથમિકતા :**

**૧૧.૪ રાષ્ટ્રિય બાળ મંડળની રચના**

**૧૧.૫ સ્વયં સેવક સંગઠનોની ભૂમિકા :**

**૧૧.૬ વૈધાનિક અને વહીવટી ઉપાય**

૧૨. **નેશનલ એકશન પ્લાન ૧૯૯૨**

૧૨.૧ પ્રસ્તાવના

**૧૨.૨ ૧૯૯૧-૨૦૦૦ દરમ્યાન સ્ત્રી બાળકો માટે ‘સાર્ક’ એકશન પ્લાન:**

૧૩. **નેશનલ ચાઇલ્સ લેબર પોલીસી - ૧૯૮૭**

૧૩.૧ પ્રસ્તાવના

**૧૩.૨ ધારાકીય યોજના (Legislative Action Plan)**

**૧૩.૩ મોજણી અને મૂલ્યાંકન.**

૧૪. **નેશનલ ચાઇલ્ડ પ્રોજેકટ**

**૧૫. બાળ મજૂરી દૂર કરવા માટેની રાષ્ટ્રીય સત્તામંડળ, ૧૯૯૪**
(નેશનલ ઓથોરીટી ફોર એલીમીનેશન ઓફ ચાઇલ્ડ લેબર - ૧૯૯૪)

૧૫.૧ પ્રસ્તાવના

**૧૫.૨ સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન :**

**૧૫.૩ બાળ મજૂરીની નાબૂદી માટે આંતર રાષ્ટ્રીય કાર્યક્રમ :**

**૧૫.૪ શેરીના બાળકો માટે સંકલિત કાર્યક્રમ :**

**૧૫.૫ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોને સેવા (સગવડતા) :**

**૧૫.૬ ચાઇલ્ડ લાઇન સેવા દાખલ કરવી.**

**૧૫.૭ ગુજરાત રાજ્યમાં ચાઇલ્ડ લાઇનની સેવા**

**૧૬. રાષ્ટ્રીય બાળ શ્રમ નીતિ**

**૧૭. નેશનલ ચાઇલ્ડ લેબર પ્રોજેકટ**

**૧૭.૧ NCLP Society**

# પ્રકરણ–૫

# બાળમજૂરીના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે યોજાયેલા વિવિધ સંમેલનો, વિવિધ સમિતિઓની ભલામણો અને વિવિધ યોજનાઓ

## ૧. પ્રસ્તાવના :–

નિઃસંદેહ, બાળમજૂરોની સમસ્યા એક વિશ્વવ્યાપી સમસ્યા છે. ઔદ્યોગીકરણ, બેકારી તથા ગરીબીના કારણે લાખોની સંખ્યામાં બાળકોને વિવિશ થઈ બાળમજૂરી તરફ વળવું પડે છે. બાળકોજ પોતાના રાષ્ટ્રનો નાગરિક સમાન (Civil Society) બનાવે છે અતઃ બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરી સુવિધાઓ તેઓને ઉપલબ્ધ થાય એવું આયોજન કરવું પડે. સાથે સાથે તેઓના વિભિન્ન રીતે થતાં આર્થિક શોષણ ને અટકાવવા માટે કડક કાયદાઓની જોગવાઈ અને એમનો નિષ્ઠાપૂર્વક અમલ કરવો પડે. વર્ષોથી સમાજમાં બાળમજૂરો વિશે સ્થાપિત થયેલ માનસિકતાના કારણે બાળમજૂર પ્રતિબંધ કાયદાનો અમલ અસરકારક રીતે થઈ શકતો નથી.

આમ હોવા છતાં બાળકોના હિતો અને ભાવિને લક્ષ્યમાં રાખી બાળમજૂરીના વ્યાપક બનેલ અનિષ્ટને નાબૂદ કરવા માટે આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય સ્તરે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવામા આવે છે. આ બાબતમાં સંયુકત રાષ્ટ્ર સંઘ, યુનિસેફ અને આઈ.ઓ જેવી સંસ્થાઓ ખૂબ જ સક્રિય છે. બાળમજૂરોની સમસ્યા પર વિચારણા કરવા મળેલ વિવિધ સમિતિઓએ કરેલ

ભલામણો તેમજ વિવિધ યોજનાઓની માહિતી અને ભારતમાં અમલમાં મુકવામાં આવેલ યોજનાઓની વિગતોની અત્રે છણાવટ કરેલ છે.

## ૨. ઔધોગિકરણ પહેલા બાળમજૂરી :-

દરેક પ્રકારના માનવ સમાજમાં બાળકોએ હંમેશાં આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે. જે સમૂહનાં તેઓ સભ્યો હોય તેનાં અસ્તિત્વ માટે તે જરૂરી હતું.

પહેલાંના સમયમાં બાળકો તેમનાં પારિવારિક વર્તુળમાં કામ કરતાં. એ રીતે તેમને તેમના પરિવારોના રૂઢિગત વ્યવસાયોમાં કામની તાલીમ મળી રહેતી, તેમનામાં શારીરિક અને માનસિક પીઢતા આવતી કે જે તેમને પુખ્ત જીવન માટે તૈયાર કરતી.

## ૩. ઔધોગિકરણની અસરો :-

અઢારમી સદીમાં વ્યાપારી વર્ગોએ ઈંગ્લેન્ડ તેમજ અન્ય યુરોપિયન દેશોમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું. નવો બજારો ખૂલ્યાં. માલની માંગમાં વધારો થયો. માંગમાં થયેલા આ વધારાને પહોંચી વળવા માટે ઉત્પાદનની નવી પધ્ધતિઓ દાખલ કરવામાં આવી અને આમ ઔધોગિક ક્રાન્તિની શરૂઆત થઇ.

ઔધોગિક ક્રાન્તિ કે જેની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઇ તેનો ફેલાવો યુરોપનાં બીજાં રાષ્ટ્રો, અમેરિકા તેમજ એશિયામાં થયો. ઔધોગિક ક્રાન્તિથી આર્થિક પ્રગતિને વેગ મળ્યો.

આર્થિક પ્રગતિની સાથે સાથે ઔધોગિક ક્રાન્તિથી ઘણી સમસ્યાઓ પણ ઉદ્‌ભવી જેમ કે:

- નોકરીની શોધમાં લોકોનું ગામડામાંથી શહેરો તરફ સ્થળાંતર.

- શહેરોમાં લોકોના ઘસારાનાં પરિણામે રહેઠાણો તેમજ નાગરિક સુખાકારીની સગવડોની ખેંચ.

- આરોગ્યનાં જોખમો.

- પ્રદૂષણ તેમજ કુદરતી સંપતિનું ધોવાણ.

- નીચા પગારો અને કામની બિનઆરોગ્યપ્રદ પરિસ્થિતિ.

- બાળમજૂરીનો પ્રશ્ન.

- કામદારોની તંદુરસ્તી તેમજ સલામતી તરફ સંપૂર્ણ દુર્લક્ષ.

## ૪. આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની ભૂમિકા

કામદારોનું રક્ષણ આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાનનું હંમેશાં મુખ્ય ધ્યેય રહેલું છે.

૧૯૧૯માં તેની સ્થાપનાથી જ આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા બાળમજૂરી અંગે નીચેની બાબતોમાં ચિંતિત છે.

૧. બાળમજૂરીની ધીરે ધીરે નાબૂદી અને

૨. તેની સક્ષમતાંનો ક્ષેત્રોમાં બાળકોની સુખાકારીને વેગ આપવો.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાનાં બંધારણના આમુખમાં કહેવામાં આવ્યું છે કે, "જેનાથી દુનિયાની શાંતિ અને સુમેળ જોખમાયાં છે તેવી બેચેની પેદા કરી શકે તેવી અન્યાય, મુશ્કેલીઓ તેમજ ભુખમરાવાળી કામની પરિસ્થિતિ વિશ્વના ઘણાબધા લોકો માટે પ્રવર્તે છે. યુવાન વ્યક્તિઓ અને બાળકોનાં રક્ષણ સહિત ઘણાં ક્ષેત્રોમાં આ પરિસ્થિતિમાં તાત્કાલિક સુધારો કરવાનું જરૂરી બની ગયું છે."

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાના ડાયરેકટર જનરલ શ્રી માઇકલ હેન્સનના જણાવ્યા પ્રમાણે આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાને તેના બાળમજૂરી સામેના સંઘર્ષમાં ત્રણ માન્યતાઓએ પ્રેરણા આપી છે.

- બાળપણ એ જીવનની એવી અવસ્થા છે કે જે મજૂરી કરવા પાછળ નહી પણ શિક્ષણ અને તાલીમ પાછળ ખર્ચાવી જોઇએ.
- બાળમજૂરી મૂળથી તેમજ તે જયાં ચાલે છે ત્યાંની કામની પરિસ્થિતિના લીધે બાળકોની સમાજમાં ઉપયોગી તેમજ ઉત્પાદક પુખ્ત સભ્ય બનવાની ક્ષમતાને ઘટાડે છે.
- બાળમજૂરીનો ઉપોયગ અનિવાર્ય નથી, અને જ્યાં તેના વિરોધ માટેની દ્દઢ નિર્ધારવાળી રાજકીય ઇચ્છાશક્તિ છે ત્યાં તેની નાબૂદીમાં પ્રગતિ શકય છે.

## ૪.૧ યુવાન વ્યક્તિઓ તેમજ બાળકોની રોજગારી અંગેના આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાના ઠરાવો.

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા ઠરાવો અને ભલામણોનાં સ્વરૂપમાં આંતરરાષ્ટ્રિય ધોરણો નક્કી કરી બાળકોને રક્ષણ આપવામાં તેનાં ધ્યેયની પ્રાપ્તિમાં પ્રયત્નશીલ છે.

## ૪.૨ ઠરાવો અને ભલામણો વચ્ચેનો ભેદ

ઠરાવ બંધકર્તા સ્વરૂપની જવાબદારી ઉભી કરે છે અને તેના સ્વીકાર કરનારની તેની બધી જ જોગવાઇઓનો સમાવેશ થાય છે કે જે સામાન્ય રીતે અમલ માટેના માર્ગદર્શક સિધ્ધાંતોનાં સ્વરૂપમાં હોય છે અને તેનો અમલ ક્રમશ: રીતે કરી શકાય છે.[૧]

---

[૧] Compilation work, ILO and India, IPEC, Baroda, 2000,p.66.

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની સ્થાપના થઇ તે જ વર્ષમાં યોજાયેલ પ્રથમ આંતરરાષ્ટ્રિય શ્રમ પરિષદમાં ઔધોગિક રોજગારીમાં પ્રવેશ માટે બાળકોની ઓછામાં ઓછી ૧૪ વરસની ઉંમર નક્કી કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

આ ઠરાવોને નીચે પ્રમાણે ત્રણ વિભાગોમાં વહેંચી શકાય.

(૧) લઘુત્તમ વય અંગેના ઠરાવો

(૨) તબીબી તપાસ અંગેના ઠરાવો.

(૩) રાત્રિ દરમિયાન કામ અંગેના ઠરાવો.

આ ઠરાવોના વિસ્તૃત અભ્યાસથી આપણને આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાના બાળમજૂરીના ક્રમિક નાબૂદીના વલણનો ખ્યાલ આવશે.

## ૪.૩ લઘુત્તમ વયને લગતા ઠરાવો.

### ૪.૩.૧૧૯૧૯નો ઠરાવ ક્રમાંક ૫

લઘુત્તમ ઉંમર (ઉધોગ) અંગેનો ઠરાવ (નં.૫) કે જે આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા દ્વારા ૧૯૧૯માં પસાર કરવામાં આવેલો તેની જોગવાઇઓ મુજબ ૧૪ વર્ષથી નાની વયનાં બાળકોને કોઇપણ જાહેર કે ખાનગી ક્ષેત્રનાં ઔધોગિક એકમમાં નોકરીએ રાખવા ન જોઇએ કે કામ કરવા દેવું ન જોઇએ. સિવાય કે આવાં એકમમાં એક જ કુટુંબના સભ્યો કામ પર રોકાયેલા હોય.

આ ઠરાવ હેઠળ "ઔધોગિક એકમ" માં નીચેનાનો સમાવેશ થાય છે.

- ખાણો
- પથ્થરની ખાણો
- ઉત્પાદન કરતા ઉધોગો

- બાંધકામ

- જાળવણી અને મરામત તેમજ

- મુસાફરો કે માલસામાનનું માર્ગ, રેલ્વે કે પછી આંતરિક જળમાર્ગ દ્વારા હેરફેર

આ ઠરાવ જો કે સરકાર દ્વારા માન્ય રખાયેલ કે તેના દ્વારા જેનાં કામકાજનું નિરીક્ષણ કરવામાં આવતું હોય તેવી ટેકનિકલ શાળાઓમાં બાળકો દ્વારા શાળાઓમાં કરવામાં આવતાં કામોને લાગુ પડતો નથી.

આ ઠરાવમાં ભારત માટે વિશેષ જોગવાઇ કરવામાં આવી છે. બીજા દેશો માટે નક્કી કરવામાં આવેલી ૧૪ વર્ષની ઉંમરના બદલે ભારતમાં ૧૦ કે તેથી વધારે માણસો કામ કરતાં હોય. અને જ્યાં શક્તિનો વપરાશ થતો હોય તેવાં ઉત્પાદન કરતાં એકમોમાં, ખાણો કે ખનિજો ખોદી કાઢવામાં કામમાં તેમજ મુસાફરો, માલસામાન કે ટપાલની રેલ્વે દ્વારા હેરફેરનાં કામમાં અથવા ગોદીઓ તેમજ ધક્કાઓ પર માલ ચડાવવા ઉતારવામાં ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કામ પર રાખવાની મનાઇ ફરમાવવામાં આવી છે.

ઉપરનો ઠરાવ ભારત દ્વારા ૯/૯/૧૯૯૫ના રોજ સ્વીકારાયેલ છે.

### ૪.૩.૨૧૯૨૦નો ઠરાવ ક્રમાંક ૭

દરિયામાં બાળકોને કામે રાખવા માટેની ઓછામાં ઓછી ઉંમર નક્કી કરતો ઠરાવ આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા દ્વારા ૧૯૨૦માં પસાર કરવામાં આવ્યો હતો.

આ ઠરાવ હેઠળ જ્યાં એક જ કુટુંબનાં સભ્યો કામ ન કરતાં હોય તેવાં વહાણો પર ૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને કામે રાખી શકાય નહીં. યુધ્ધ જહાજોને આ જોગવાઇમાંથી બાકાત રાખવામાં આવેલાં છે. શાળામાં જહાજો અથવા તો તાલીમી જહાજો પર બાળકા દ્વારા થતાં કામને પણ આ જોગવાઇઓમાંથી

બાકાત રાખવામાં આવ્યાં છે. પણ આવાં કામો માટે સક્ષમ અધિકારીની મંજૂરી મળેલ હોવી જોઇએ તેમજ તેનું તેમના દ્વારા નિરીક્ષણ થતું હોવું જોઇએ.

આ ઠરાવના અમલની સરળતા માટે દરેક જહાજના ઉપરી અધિકારીએ તેનાં જહાજ પર કામ કરતી ૧૬ વર્ષથી નીચેની વ્યની તમામ વ્યક્તિઓનું રજીસ્ટર રાખવું પડે છે.

ઉપરનો ઠરાવ ભારત દ્વારા સ્વીકારવામાં આવ્યો નથી.

### ૪.૩.૩૧૯૨૧ નો ઠરાવ ક્રમાંક ૧૦

આ ઠરાવ ખેતીવાડીમાં બાળકોને કામે રાખવા માટેની લઘુત્તમ વયમર્યાદાને લગતો અને તે આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા દ્વારા ઇ.સ.૧૯૨૧માં પસાર કરવામાં આવ્યો હતો.

આ ઠરાવમાં જોગવાઇ કરવામાં આવી છે કે ૧૪ કે તેનાથી નાની વયનાં બાળકોને કોઇ પણ જાહેર કે ખાનગી ક્ષેત્રનાં ખેતીવાડી એકમોમાં કામે રાખી શકાશે નહીં. શાળામાં હાજરી માટે નક્કી કરેલા સમય સિવાયના સમય દરમ્યાન બાળકો પાસે ખેતીનું કામ કરાવવા માટે આ ઠરાવવામાં મંજૂરી આપવામાં આવી છે. આવા કિસ્સાઓમાં તેના કામથી શાળામાં તેમની હાજરીને વિપરીત અસર ન થવી જોઇએ. ટેકનિકલ શાળાઓમાં બાળકો દ્વારા થતાં કામોને આ ઠરાવ લાગુ પડતો નથી.

આ ઠરાવ હજુ સુધી ભારત દ્વારા સ્વીકારાયેલ નથી.

### ૪.૩.૪ ૧૯૨૧નો ઠરાવ ક્રમાંક ૧૫

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા દ્વારા જહાજોમાં ટ્રીમર તેમજ બોઇલરમાં કોલસા પૂરવાનાં કામ પર યુવાન વ્યક્તિઓને રાખવા માટેની લઘુત્તમ વયમર્યાદા નક્કી કરતો ઠરાવ ઇ.સ.૧૯૨૧માં પસાર કરવામાં આવ્યો હતો.

આ ઠરાવમાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરવાળી વ્યક્તિઓને જહાજ પર સ્ટીમર કે બોઇલરમાં કોલસા નાખવાનાં કામે રાખી શકાશે નહી. જ્યાં બંદર પર સ્ટીમર કે કોલસા નાખનારની જરૂર ન હોય અને ૧૮ વર્ષથી નીચેની ઉંમરની જ તેવી વ્યક્તિઓ પ્રાપ્ત હોય ત્યાં આવી વ્યક્તિઓને કામે રાખી શકાશે  પણ આવા સ્ટીમર કે કોલસા નાખનારને (સ્ટ્રોકર) તરીકે એક પુખ્તવયનાની જરૂર હોય ત્યાં બે યુવાન વ્યકિતઓને કામે રાખવી પડશે. આવી વ્યક્તિઓ ઓછામાં ઓછી ૧૬ વર્ષની ઉંમરની હોવી જોઇએ.

ઠરાવ ક્રમાંક ૧૫ ભારત દ્વારા ૨૦-૧૧-૧૯૨૨ ના રોજ સ્વીકારવામાં આવ્યો હતો.

### ૪.૩.૫ ૧૯૩૨નો ઠરાવ ક્રમાંક ૩૩

આ ઠરાવ બિનઔધોગિક નોકરીમાં બાળકોને કામે રાખવા અંગેની લઘુત્તમ વય મર્યાદાને લગતો છે.

આ ઠરાવમાં રાષ્ટ્રિય કાયદા પ્રમાણે જેમના માટે પ્રાથમિક શિક્ષણ લેવું જરૂરી છે તેવાં ૧૪ વર્ષથી નીચેનાં કે તેનાથી વધારે ઉંમરનાં બાળકોની નોકરી પર રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઠરાવ ૧૨ વર્ષથી ઉપરના બાળકોને શાળાના સમય સિવાયના સમય દરમિયાન કામ પર રાખવા માટે છૂટ આપે છે. જોકે આવું કામ હળવું જોઇએ અને તે બાળકોની તંદુરસ્તી તેમજ તેમના સામાન્ય વિકાસને

હાનિકારક નહીં હોવું જોઇએ. કામ એ રીતનું હોવું જોઇએ કે જે તેમની શાળાની હાજરીને વિપરીત અસર કરતું ન હોય.

આ ઠરાવ સમુદ્રમાંથી માછલાં પકડવાનાં કામને તેમજ તેવા લોકોનાં શિક્ષણ માટેની ટેકનિકલ તેમજ વ્યવસાયિક શાળાઓમાં થતાં કામોને લાગું પડતો નતી.

આ ઠરાવ ભારત દ્વારા સ્વીકારાયેલ નથી.

### ૪.૩.૬ ૧૯૩૬ નો ઠરાવ ક્રમાંક ૫૮

એક જ કુટુંબનાં સભ્યો જેમાં કામે રોકાયેલો હોય તે સિવાયનો જહાજો પર ૧૫ વર્ષથી નીચેનાં બાળકોને નોકરીએ કે કામે રાખવાં નહી. એવી આ ઠરાવમાં જોગવાઇ કરવામાં આવી છે. છતાં રાષ્ટ્રિય કાયદાઓ અથવા તો નિયમનો કેટલાક ખાસ કિસ્સાઓમાં ૧૪ વર્ષથી નીચેની વયના ન હોય તેવાં બાળકોને આવાં કામ પર રાખવા માટે મંજૂરી આપતાં પ્રમાણપત્રો આપવાની જોગવાઇ કરી શકે છે.

શાળાનાં જહાજો અથવા તો તાલીમી જહાજો પર બાળકો દ્વારા થતાં કાર્યોને આ જોગવાઇ લાગુ પડતી નથી. આ ઠરાવ હજુ ભારત દ્વારા સ્વીકારાયો નથી.

### ૪.૩.૭ ૧૯૩૭ નો ઠરાવ ક્રમાંક ૫૯

ઇ.સ.૧૯૩૭ માં આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાએ ઔધોગિક રોજગારી માટે બાળકોની લઘુત્તમ વયમર્યાદા નક્કી કરતો સુધારેલો ઠરાવ ક્રમાંક ૫૯ પસાર કર્યો. તેના હેઠળ ૧૫ વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી છે.

ભારત માટે આ ઠરાવવામાં એવી જોગવાઇ કરવામાં આવી છે કે ૧૦ કરતાં વધારે માણસો જ્યાં કામ કરતા હોય અને શક્તિનો વપરાશ થતો હોય ત્યાં ૧૨ વર્ષથી નીચેની વયનાં બાળકોને નોકરીએ રાખી શકાશે નહીં કે તેમને કામ કરવા દઇ શકાશે નહીં. ૧૩ વર્ષથી નીચેની વયનાં બાળકોને રેલ્વે દ્વારા મુસાફરી કે માલસામાનની હેરફેર તેમજ ગોદીઓ અને ધક્કાઓ પર માલસામાન ચડાવવા

ઉતારવાના કામે રાખવામાં આવશે નહીં. ૧૫ વર્ષથી નીચેની વયનાં બાળકોને ખાણો, પથ્થરની ખાણો વગેરે. તેમજ ભયજનક, હાનિકારક અથવા તો બિનઆરોગ્યપ્રદ ધંધાઓમાં નોકરીએ રાખી શકાશે નહીં. એવી જોગવાઇ પણ કરવામાં આવી છે કે જેણે ૧૨ વર્ષ પુરાં કર્યાં હોય પણ ૧૭ વર્ષની ઉંમર થઇ ન હોય એવી વ્યક્તિને ૧૦ કરતાં વધારે માણસો કામ કરતાં હોય અને શક્તિનો વપરાશ થતો હોય તેવા કારખાનામાં નોકરીએ રાખવામાં નહીં આવે તેમજ જેણે ૧૫ વર્ષ પૂરાં કર્યાં છે પરંતુ જેની ઉંમર ૧૭ વર્ષ થઇ નથી એવી વ્યક્તિની તબીબી તપાસ ન થઇ હોય અને તેમને જે તે કામ કરવાનું શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર મળ્યું ન હોય તો તેમને ખાણોમાં કામે રાખવામાં આવશે નહી.

ભારતે હજુ સુધી આ ઠરાવ સ્વીકાર્યો નથી. તેમ છતાં પણ કારખાનાઓના કાયદા, ખાણોનો કાયદો, મોટર વાહનકામદાર ધારો તેમજ બીડી અને સિગારેટ કામદારોના ધારાની જોગવાઇઓ મહદ્અંશે આ ઠરાવની જોગવાઇઓની જરૂરીયાત પૂરી કરે છે.

### ૪.૩.૮ ૧૯૩૭નો ઠરાવ ક્રમાંક ૬૦

આ ઠરાવ બિન-ઔદ્યોગિક કામોમાં બાળકોને રાખવા અંગેની વયમર્યાદા પરનો સુધારેલ ઠરાવ છે. આ ઠરાવ ભારતમાં લાગુ કરવા અંગે તેમાં વિશેષ જોગવાઇઓ છે.

નીચેના બિન-ઔદ્યોગિક ધંધાઓમાં ૧૩ વર્ષથી નીચેની વયનાં બાળકોને કામે રાખી શકાય નહી.

- દુકાનો
- કચેરીઓ
- હોટલો

- રેસ્ટોરાં, ખાણી-પીણી નાસ્તાગૃહો

- જાહેર મનોરંજનનાં સ્થળો

- આ ઠરાવ હેઠળ આવરી લેવાયેલ હોય તેવો કોઇ પણ બિન-ઔધોગિક ધંધો.

૧૭ વર્ષથી નીચેની ઉંમરની વ્યક્તિને તેની જિંદગી, તંદુરસ્તી ભયજનક હોય તેવા કોઇ પણ બિન ઔધોગિક ધંધા વ્યવસાયમાં કામે રાખી શકાય નહીં.

આ ઠરાવ પણ ભારત દ્વારા હજુ સ્વીકારવામાં આવ્યો નથી.

## ૪.૩.૯ ૧૯૬૫નો ઠરાવ ક્રમાંક ૧૨૩

ભૂગર્ભની ખાણોમાં કામ કરવા માટે યુવાન વ્યક્તિઓની લઘુત્તમ વયમર્યાદા અંગે આ ઠરાવમાં જોગવાઇ કરવામાં આવી છે. તેમાં ઠરાવવામાં આવ્યું છે કે ભૂગર્ભની ખાણોમાં કામ કરવા માટે યુવાન વ્યક્તિઓની લઘુત્તમ વય સંચાલકો તેમજ કામદારોનાં સંગઠનો સાથે ચર્ચા કરીને નક્કી થવી જોઇએ, પણ તે ૧૬ વર્ષ કરતાં ઓછી હોવી જોઇએ નહી.

આ ઠરાવમાં ખાસ જોગવાઇ એ કરવામાં આવી છે કે નક્કી કરેલી લઘુત્તમ વયમર્યાદા કરતાં જેમની ઉંમર બે વર્ષ કરતાં વધારે ન હોય તેવી તમામ યુવાન વ્યક્તિઓનું દફ્તર બનાવવાનું રહેશે અને આવું દફ્તર નિરીક્ષકો તેમજ કામદારોના પ્રતિનિધિઓ દ્વારા જ્યારે માંગવામાં ત્યારે બતાવવાનું રહેશે.

ભારત આ ઠરાવ તા.૨૦-૩-૧૯૭૫ના રોજ સ્વીકારેલ છે.

### ૪.૩.૧૦ ૧૯૭૩નો ઠરાવ ક્રમાંક ૧૩૮

૧૯૭૩માં આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાએ ૧૩૮ નંબરનો ઠરાવ પસાર કર્યો જે બાળમજૂરી અસરકારક રીતે નાબૂદ થાય તે માટે રાષ્ટ્રીય નીતિનાં ઘડતર માટે અનુરોધ કરે છે.

આ ઠરાવ કામ પર રાખવા માટેની લઘુત્તમ વયમર્યાદામાં ક્રમશ: વધારો કરવાનું સુચવે છે. ઠરાવ હેઠળ નક્કી કરવામાં આવેલી લઘુત્તમ વયમર્યાદા, ફરજિયાત, શિક્ષણ પૂરું કરવા માટે નક્કી કરવામાં આવેલી ઉંમર કરતાં ઓછી હોવી જોઇએ નહીં. અને કોઇ પણ સંજોગોમાં તે ૧૫ વર્ષથી ઓછી તો ન જ હોવી જોઇએ. વિકાસ પામતાં રાષ્ટ્રો પ્રારંભિક તબક્કે ૧૪ વર્ષની ઉંમર નક્કી કરી શકે છે.

યુવાન વ્યક્તિઓનાં આરોગ્ય, સલામતી અને ચારિત્ર્ય માટે જોખમી હોય તેવાં કામ અંગે એવું નક્કી કરવામાં આવ્યું છે કે લઘુત્તમ વય ૧૮ વર્ષથી ઓછી હોવી ન જોઇએ.

આ ઠરાવ ખાણો, પથ્થરની ખાણો, ઉત્પાદન કરતાં એકમો, બાંધકામ, બગીચા તેમજ ધંધાકીય હેતુઓ માટે જેમાં ઉત્પાદન કરવામાં આવતું હોય તેવાં ખેત એકમોને લાગુ પડે છે. ભારતે ૧૩૮ નંબરનો ઠરાવ સ્વીકાર્યો નથી. આ ઠરાવ સ્વીકારવામાં આવશે ત્યારે આગળના ઠરાવ ૫, ૧૦, ૫૯, ૬૦ અને ૧૨૩માં પણ સુધારો થશે.

## ૪.૪ તબીબી તપાસને વગતા ઠરાવો.

### ૪.૪.૧ ૧૯૨૧ નો ઠરાવ ક્રમાંક ૧૬

આ ઠરાવમાં સમુદ્ર વચ્ચે કામે રખાયેલ બાળકો તેમજ યુવાન વ્યક્તિઓની ફરજિયાત તબીબી તપાસની જોગવાઇ કરવામાં આવી છે. બધાં એક જ કુટુંબના સભ્યો હોય તેવી વ્યક્તિઓ જે જહાજો પર કામ કરતી હોય તે સિવાયનાં જહાજો

પર કામ કરવાનું હોય તે કામ કરવા માટેની શારીરિક યોગ્યતાનાં તબીબી પ્રમાણપત્ર ન હોય ત્યાં સુધી ૧૮ વર્ષથી નીચેની ઉંમરની વ્યક્તિઓને કામે રાખી શકાય નહિ. સક્ષમ અધિકારીએ માન્ય રાખેલ તબીબી યોગ્યતાનાં આવાં પ્રમાણપત્ર પર સહી કરેલી હોવી જોઇએ.

આવું પ્રમાણપત્ર વધુમાં વધુ એક વરસની મુદત માટે આપી શકાય.

ભારતે આ ઠરાવ તા.૨૦-૧૧-૧૯૨૨ના રોજ સ્વીકારેલ છે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા દ્વારા ૧૯૪૬ માં પસાર કરવામાં આવેલ ઠરાવ નંબર ૭૭ માં જોગવાઇ પ્રમાણે ૧૮ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો અને યુવાન વ્યક્તિઓ અને ભારતના કિસ્સામાં ૧૬ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો તેમજ યુવાન વ્યક્તિઓને કોઇપણ ઔધોગિક એકમમાં જ્યાં સુધી તેમની સંપૂર્ણ તબીબી ચકાસણી પછી તેઓ જે તે કામ કરવાનો યોગ્ય ન જણાય ત્યાં સુધી કામે રાખી શકાય નહી.

જેમાં તંદુરસ્તી માટેનું ઘણું વધારે જોખમ રહેલું હોય એવા વ્યવસાયોમાં આવાં કામ કરવા માટેની શારીરિક યોગ્યતા માટે તબીબી ચકાસણી તેમજ પુન: ચકાસણી ૨૧ વર્ષની ઉંમર સુધી તેમજ ભારતના સંદર્ભમાં ૧૯ વર્ષની ઉંમર સુધી જરૂરી છે.

ભારતે ઠરાવ નંબર ૭૭ હજુ સુધી સ્વીકારેલ નથી.

### ૪.૪.૨ ૧૯૬૫નો ઠરાવ ક્રમાંક ૧૨૪

ઠરાવ નંબર ૧૨ માં ભૂગર્ભમાંની ખાણોમાં કામ કરતી ૨૧ વર્ષથી નીચેની ઉંમરની તમામ વ્યક્તિઓની શારીરિક યોગ્યતા માટે તબીબી ચકાસણીની જોગવાઇ કરવામાં આવી છે.

ભારતે હજુ આ ઠરાવ સ્વીકારેલ નથી.

### ૪.૫ રાત્રિ દરમ્યાનનાં કામને લગતા ઠરાવો.

#### ૪.૫.૧ ૧૯૧૯નો ઠરાવ ક્રમાંક ૬

ઠરાવ નંબર ૬ ઉધોગમાં રાત્રિ દરમ્યાન કામ કરતી યુવાન વ્યક્તિઓને સ્પર્શે છે. આ ઠરાવમાંની જોગવાઇ મુજબ ૧૮ વર્ષથી નીચેની ઉમરની યુવાન વ્યક્તિઓને રાતના કોઇપણ જાહેરક્ષેત્રનાં ઔધોગિક એકમમાં નોકરીએ રાખી શકાય નહી. આ ઠરાવ નીચેના ઔધોગિક એકમોને લાગુ પડે છે.

- ઉત્પાદન કરતાં એકમો
- ખાણો
- પથ્થરની ખાણો
- બાંધકામ
- વાહનવ્યવહાર

ભારતના સંદર્ભમાં ઔધોગિક એકમ શબ્દમાં નીચેનાનો સમાવેશ થાય છે.

- કારખાનાંના કાયદામાંની કારખાનાની વ્યાખ્યા પ્રમાણેનાં કારખાનાં
- ઠરાવમાં બીજાઓ માટે દર્શાવવામાં આવેલી ૧૮ વર્ષની ઉમરને બદલે ૧૪ વર્ષની ઉંમર
- આ ઠરાવના સંદર્ભમાં રાત્રિ શબ્દ રાતના ૧૦ વાગ્યાથી સવારના ૫ વાગ્ય સાધુનો સમય દર્શાવે છે.
- રાત્રિના સમય દરમ્યાન યુવાન વ્યક્તિઓને કામે રાખવા બાબતનો ઠરાવ ક્રમાંક ૬ ભારત દ્વારા ૧૪-૭-૧૯૨૧ના રોજ સ્વીકારવામાં આવ્યો છે.

### ૪.૫.૨ ૧૯૪૬ નો ઠરાવ ક્રમાંક ૭૯

ઠરાવ નંબર ૭૯ બિનૌધોગિક વ્યવસાયોમાં બાળકો તેમજ યુવાન વ્યક્તિઓને રાતના સમયે કામે રાખવા પર પ્રતિબંધ અંગેનો છે.

બિન-ઔધોગિક વ્યવસાયોમાં ઔધોગિક, ખેતિવિષયક તેમજ દરિયાઇ વ્યવસાયો સિવાયના તમામ વ્યવસાયોનો સમાવેશ થાય છે.

ભારતમાં જે રીતે લાગુ પડે છે તે પ્રમાણે આ ઠરાવ પૂર્ણ સમય માટે કે ખંડ સમયની નોકરી માટે પ્રવેશપાત્ર હોય તેવાં ૧૨ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોને રાતના સમયે નોકરી પર રાખવા માટે પ્રતિબંધ ફરમાવે છે.

આ ઠરાવ ૧૨ વર્ષની ઉમરની ઉમરનાં એવાં બાળકોને પણ લાગુ પડે છે કે જેઓ માટે પૂર્ણ સમય માટે શાળઆમાં જવું ફરજીયાત છે તેમજ અન્ય ૧૨ વર્ષની ઉપરની ઉંમરનાં બાળકો કે જેમના માટે પૂર્ણ સમય માટે શાળામાં હાજરી આપવી ફરજીયાત નથી તેમજ ૧૫ વર્ષથી નીચેની ઉંમરની યુવાન વ્યક્તિઓને પણ આ ઠરાવ લાગુ પડે છે.

ભારતે હજુ સુધી બિન ઔધોગિક એકમોમાં રાત્રિના સમય દરમ્યાન બાળકોની રોજગારી પર પ્રતિબંધ મૂકવા આ ઠરાવને સ્વીકાર્યો નથી.

### ૪.૫.૩ ૧૯૪૮નો ઠરાવ ક્રમાંક ૯૦

૯૦ નંબરનો ઠરાવ ઉધોગમાં કામ કરતી યુવાન વ્યક્તિઓના રાત્રિ દરમ્યાન કામ અંગેનો છે. આ ઠરાવ ૧૯૧૯ના ઠરાવ નંબર ૬ને અંશત: સુધારેલ છે.

રાત્રિ શબ્દ ઠરાવ નંબર ૬માં દર્શાવ્યા પ્રમાણે ૧૧ કલાકના બદલે ઓછામાં ઓછા સતત ૧૨ કલાક સૂચવે છે. ૧૮ વર્ષથી નીચેની ઉંમરની યુવાન વ્યક્તિઓને રાત્રિના સમય દરમિયાન કારખાનાં કે તેની શાળામાં કામે રાખી શકાય નહી.

આ ઠરાવમાં ભારત માટે ખાસ જોગવાઇઓ કરવામાં આવી છે. આ જોગવાઇઓ નીચે પ્રમાણે છે.

૧. ઠરાવ નંબર ૯૦ની જોગવાઇઓ કરાખાનાં, ખાણો, રેલ્વે અને બંદરો સહિતનાં ઔધોગિક એકમોને જ લાગુ પડશે.

૨. યુવાન વ્યક્તિઓની નિયત ઉંમરનો અર્થ એ થશે કે એવી વ્યક્તિઓએ ૧૩ વર્ષ પુરાં કર્યાં હોય પણ ૧૫ વર્ષથી નીચેની ઉંમર હોય.

## ૫. બાળકોના અધિકારો :-

ઇ.સ.૧૯૨૪માં લીગ ઓફ નેશન્સ દ્વારા બાળકોના અધિકારો અંગે જિનીવા ઘોષણાને બહાલી આપવામાં આવેલ.

ઘોષણામાં બાળકોના અધિકારોનું અર્થઘટન મર્યાદિત હતું. ઘોષણામાં કહેવામાં આવ્યું છે કે નીચેનાં સામાજિક દૂષણો સામે ઉપાયો હાથ ધરાવા જોઇએ.

- ગુલામી
- બાળમજૂરી
- સગીરોની લે-વેચ (વેપાર) અને વેશ્યાવૃતિ[૨]

---

[૨] International Labour Organization combating child labour : A Handbook for labour inspector, International Labour Office, Geniva, 2006, p. 269.

## ૬. **સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણા :-**

### ૬.૧ પ્રસ્તાવના

ઇ.સ. ૧૯૫૯ ની ૨૦ નવેમ્બરે સંયુકત રાષ્ટ્રસંઘે બાળકોના અધિકારો અંગેનો ઠરાવ ૧૩૮૬ સર્વાનુમતે પસાર કર્યો. આ ઠરાવના આમુખમાં સંયુકત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભાએ મૂળભૂત માનવ હક્કો અને માનવજાતના ગૌરવ અને મહત્વમાંનો તેનો વિશ્વાસ દોહરાવ્યો.

સંયુકત રાષ્ટ્રસંઘના ઠરાવમાં એવી ઘોષણા છે કે જ્ઞાતિ, રંગ, લિંગ ભાષા, ધર્મ રાજકીય કે અન્ય વિચારો, રાષ્ટ્રીય કે સામાજિક મૂળ, સંપતિ જન્મ કે અન્ય દરજ્જાના કોઇ પણ પ્રકારના ભેદભાવ વિના દરેક વ્યક્તિ તમામ અધિકારો અને સ્વાતંત્ર્ય મેળવવા હકદાર છે.

સંયુકત રાષ્ટ્રસંઘના ઠરાવવામાં જણાવવામાં આવ્યું છે કે તેની શારીરિક તેમજ માનસિક અપરિપકવતાનાં પરિણામે બાળકને જન્મ પહેલાં અને જન્મ પછી યોગ્ય કાનુન સાથે ખાસ સલામતી અને સંભાળની જરૂર પડે છે.

આ ઠરાવમાં માતા-પિતા, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્થાનિક સત્તાઓ અને રાષ્ટ્રીય સરકારોને બાળકોના અધિકારોને માન્યતા આપવા અને નીચેના સિધ્ધાંતો ધ્યાનમાં રાખીને તેના અમલ માટે ભરવામાં આવેલાં કાયદાકીય તેમજ અન્ય પ્રગતિશીલ પગલાં માટે સતત પ્રયત્નશીલ રહેલા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. Whereas mankind owes to the child the best it to given આથી નીચે ઉલ્લેખ કર્યા મુજબના સિધ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

સિધ્ધાંત - ૧ : દરેક બાળક કોઇપણ પ્રકારના અપવાદ સિવાય તમામ અધિકારો ભોગવશે.

સિધ્ધાંત - ૨ : બાળકને ખાસ રક્ષણ આપવામાં આવશે. બાળકનો સ્વતંત્ર અને ગૌરવપૂર્ણ પરિસ્થિતિઓમાં શારીરિક, માનસિક, નૈતિક, અધ્યાત્મિક અને સામાજિક

વિકાસ સ્વસ્થ અને સામાન્ય રીતે થાય તે માટે તેને કાયદાકીય તેમજ અન્ય રીતે સગવડો પૂરી પાડવામાં આવશે.

સિધ્ધાંત - ૩ : દરેક બાળકને તેના જન્મથી તેનું નામ અને રાષ્ટ્રિયતા પ્રાપ્ત કરવાનો અધિકાર રહેશે.

સિધ્ધાંત - ૪ : દરેક બાળકને સામાજિક સુરક્ષાના લાભ મળવા જોઇએ. જન્મ પહેલાં અને જન્મ પછીની યોગ્ય કાળજીની સાથે સાથે બાળકને અને તેની માતાને વિશેષ રક્ષણ અને સંભાળ મળવાં જોઇએ.

દરેક બાળકને યોગ્ય આહાર, રહેઠાણ, મનોરંજન અને આરોગ્યની સેવાઓના અધિકારો મળવા જોઇએ.

સિધ્ધાંત - ૫ : જે બાળક શારીરિક, માનસિક કે સામાજિક અપંગતાવાળું હોય તેને તેની ખાસ પરિસ્થિતિનાં અનુસંધાનમાં ખાસ સારવાર, શિક્ષણ અને સંભાળ આપવામાં આવે.

સિધ્ધાંત - ૬ : દરેક બાળકને પ્રેમ અને સમજણની જરૂરિયાત છે. બાળકનો જ્યાં સુધી શકય હોય તો મા-બાપની દેખરેખ હેઠળ કાળજીપૂર્વક અને દરેક કિસ્સામાં સ્નેહ અને નૈતિક તેમજ ભૌતિક સલામતીનાં વાતાવરણમાં ઉછેર થવો જોઇએ.

કુમળી વયનાં બાળકને અપવાદરૂપ સંજોગો સિવાય તેની માતાથી અળગું કરવું જોઇએ નહિ.

જેઓ ગુજરાનનાં યોગ્ય સાધનો વિહોણાં છે તેમની ખાસ સંભાળ રાખવાની સમાજ અને સરકારી અધિકારીઓની ફરજ છે.

સિધ્ધાંત - ૭ : દરેક બાળકને એછામાં ઓછું પ્રાથમિક તબક્કામાં મફત અને ફરજીયાત શિક્ષણ મળી રહેવું જોઇએ. સમાજને ઉપયોગી સભ્ય બનવા માટે બાળકને તેની શક્તિઓ, તેની વ્યક્તિગત વિવેકબુદ્ધિ અને તેની નૈતિક - સામાજિક

જવાબદારીની ભાવનાનો વિકાસ થાય તે માટે સમાન તકના આધારે શિક્ષણ આપવું જોઇએ.

સિધ્ધાંત-૮ : બધા જ સંજોગોમાં બાળકને રક્ષણ અને રાહત સૌ પ્રથમ આપવાં જોઇએ.

સિધ્ધાંત-૯ : દરેક બાળકનું તમામ પ્રકારની બેદરકારી, ક્રૂરતા અને શોષણ સામે રક્ષણ થવું જોઇએ. તેનો કોઇ પણ સ્વરૂપમાં વેપાર ન થવો જોઇએ.

યોગ્ય લઘુત્તમ વય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કોઇ પણ બાળકને કામ પર રાખી શકાશે નહિ.

કોઇપણ સંજોગોમાં બાળકને તેનાં આરોગ્ય અને શિક્ષણ પર અવળી અસર કરે કે તેના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસમાં અંતરાયરૂપ બને તેવાં કામે રાખવામાં આવશે નહિ કે કામ કરવા દેવામાં આવશે નહી.

સિધ્ધાંત - ૧૦ દરેક બાળકનું કોમી, ધાર્મિક કે અન્ય પ્રકારના ભેદભાવો ઉત્પન્ન કરનારી પ્રથાઓ સામે રક્ષણ કરવામાં આવશે. તેનો સમજણ, સહનશીલતા, એકબીજા લોકો વચ્ચેની મૈત્રી, શાંતિ અને વિશ્વબંધુત્વની ભાવના તથા તેની શક્તિ અને કૌશલ્યનો તેના માનવ બાંધવોની સેવાઓમાં ઉપયોગ થશે તેવી પૂર્ણ જાગૃતિ સાથે ઉછેર થવો જોઇએ.

સંયુકત રાષ્ટ્ર સંઘની ઘોષણા અને બાળમજૂરો પર તેની અસર

૧૯૫૯ ની સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણા આદર્શો અને હેતુઓની માત્ર જાહેરાત હોવાથી અને તેને કોઇ કાનુની પીઠબળ ન હોવાથી તેની વિકસિત તેમજ વિકાસશીલ રાષ્ટ્રોનાં બાળકોના અધિકારો પર ખૂબ જ મર્યાદિત અસર થઇ.

૧૯૫૯ની સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણા અને આદર્શો અને હેતુઓની માત્ર જાહેરાત હોવાથી અને તેને કોઇ કાનૂની પીઠબળ ન હોવાથી તેની વિકસિત તેમજ વિકાસશીલ રાષ્ટ્રોનાં બાળકોના અધિકારો પર ખૂબ જ મર્યાદિત અસર થઇ.

૧૯૫૯ ની સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણાનાં બરાબર ૨૦ વર્ષ પછી સંયુકત રાષ્ટ્રસંઘે ૧૯૭૯ના વર્ષને આંતરરાષ્ટ્રીય બાળવર્ષ તરીકે જાહેર કર્યું.

## ૬.૨ આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાનો પ્રતિસાદ :

સંયુકત રાષ્ટ્રસંઘ દ્વારા આંતરરાષ્ટ્રિય બાળવર્ષની ઉજવણીની કરવામાં આવેલી, ઘોષણાને પ્રતિસાદ આપતાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાઓ ફેબ્રુઆરી - માર્ચ, ૧૯૭૯માં તેની કાર્યવાહક મંડળની ૨૦૯ની બેઠકમાં તેને ટેકો જાહેર કર્યો અને સભ્ય રાષ્ટ્રોને બાળકોને નોકરીએ રાખવા માટેની લઘુત્તમ વય તથા તેમના નોકરીની પરિસ્થિતિનાં ધોરણોનો અમલ કરવાનો અનુરોધ કર્યો.

વધારામાં આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાએ નીચેના સિધ્ધાંતો અંગે જરૂરી કાનૂની તેમજ વહીવટી પગલાં લેવાનો સભ્ય રાષ્ટ્રોને અનુરોધ કર્યો.

૧. બાળક એ નાનો પુખ્ત નથી પણ કામ કરીને પૂર્ણતા પ્રાપ્ત કરવાનો અધિકાર ધરાવતી વ્યક્તિ છે.

૨. સરકારોએ બાળમજૂરીની ક્રમશઃ નાબૂદી માટે સંબંધિત તમામ રાષ્ટ્રિય સંસ્થાઓના સહકારથી જરૂરી તમામ સામાજિક અને કાયદાકીય પગલાં ભરવા જોઇએ.

૩. બાળમજૂરી નાબૂદ ન થાય ત્યાં સુધી તેને માનવીય બનાવવી અને નિયંત્રિત કરવી જોઇએ. આઇ. એલ.ઓ સંમેલનના ડાયરેકટર જનરલે ઘોષણા કરી, I,there for declare .....

### ૬.૩ સંયુકત રાષ્ટ્રસંઘના પ્રયાસો

૧૯૮૯ની ૨૦ નવેમ્બરે સંયુકત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાએ બાળકોના અધિકારો પર એક ઠરાવ પસાર કર્યો. આ ઠરાવ બાળકોના નીચેના અધિકારોને સ્વીકારે છે.

૧. દરેક બાળક નાત-જાત, રંગ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય કે અન્ય મતમતાન્તર, સંપત્તિ, જન્મ કે અન્ય કોઇપણ પ્રકારના ભેદભાવ વિના ઠરાવમાં દર્શાવવામાં આવેલ અધિકારો અને સ્વતંત્રતા ભોગવવાને હક્કદાર છે.

૨. દરેક બાળક બાળપણમાં વિશેષ કાળજી અને મદદ મેળવવા હક્કદાર છે.

૩. કુટુંબ તેના સભ્યોના અને ખાસ કરીને બાળકોને વિકાસ અને ભલાં માટેનું સમાજનું પાયાનું એકમ હોવાથી તે સમાજમાં પોતાની જવાબદારીઓ સંપૂર્ણ રીત અદા કરી શકે તે માટે તેને જરૂરી રક્ષણ અને મદદ મળી રહેવાં જોઇએ.

૪. દરેક બાળકનાં સંપૂર્ણ અને સુમેળભર્યા વ્યક્તિત્વના વિકાસ માટે તેનો ઉછેર સુખ, પ્રેમ અને સમજદારીભર્યા કૌટુંબિક વાતાવરણમાં થવો જોઇએ.

૫. દરેક બાળકને સમાજમાં પોતાનું વ્યક્તિગત જીવન જીવવા માટે સંપૂર્ણ રીતે સજ્જ કરવું જોઇએ. અને તેનો સંયુકત રાષ્ટ્રસંઘના ઘોષણા પત્રમાં સમાવિષ્ટ આદર્શોની ભાવના સાથે અને ખાસ તો શાંતિ, ગૌરવ, સહિષ્ણુતા, સ્વાતંત્ર્ય, સમાનતા અને એકતાની ભાવના સાથે ઉછેર થવો જોઇએ.

સંયુકત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા એ બાબતે સભાન હતી કે દુનિયાના બધા જ દેશોમાં એવાં બાળકો પણ છે કે જે અત્યંત વિકટ પરિસ્થિતિમાં જીવન ગુજારે છે અને આવાં બાળકો પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. તેથી સંયુકત રાષ્ટ્રસંઘે તેનાં બાળકોના અધિકારો પરના ઠરાવમાં નીચેની કલમોનો સમાવેશ કર્યો છે.

કલમ-૧ : હાલના ઠરાવ હેઠળ તેને લાગુ પડતા કોઇ કાયદા હેઠળ તેણે પહેલાં પુખ્તતા પ્રાપ્ત કરી હોય તે સિવાય ૧૮ વર્ષથી નીચેની વયનાં તમામ માનવો બાળક ગણાય છે.

કલમ-૨ : કોઇપણ જાતનો ભેદભાવ રાખ્યા સિવાય તેમના કાર્યક્ષેત્રમાં સભ્ય દેશો દરેક બાળકના અધિકારને માન આપશે અને આવા અધિકારો બાળકોને મળી રહે તેનો ખ્યાલ રાખશે.

કલમ-૩ : જાહેર કે ખાનગી, સમાજકલ્યાણ અંગેની સંસ્થાઓ, કાનુની અદાલતો, વહીવટી ખાતાંઓ કે ધારાગૃહો દ્વારા ચલાવવામાં આવતી અને બાળકોને લગતી બધી પ્રવૃત્તિઓમાં બાળકોનાં શ્રેષ્ઠ હિતોને અગ્રિમતા આપવામાં આવશે.

કલમ-૪ : બાળકોના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હકોના અમલ માટે સભ્ય દેશો ઉચિત કાનૂની, વહીવટી તેમજ અન્ય પગલાંઓ હાથ ધરશે.

કલમ-૫ : સભ્ય દેશો સ્થાનિક રિવાજો અથવા કોઇ કાયદા હેઠળ ઠરાવવામાં આવેલી મા-બાપની જવાબદારીઓ, અધિકારો અને ફરજોને માન આપશે.

કલમ-૬ : દરેક બાળકને જીવવાનો અને વિકાસનો મૂળભૂત અધિકાર છે.

કલમ-૭ : બાળકના જન્મ પછી તરત જ તેની નોંધણી થવી જોઇએ, અને તેને જન્મથી જ નામનો, રાષ્ટ્રિયતા પ્રાપ્ત કરવાનો અને શકય હોય ત્યાં સુધી તેનાં માતા-પિતાને ઓળખવાનો અને તેમની કાળજી મેળવવાનો અધિકાર છે.

કલમ-૮ : બાળકની કાયદા દ્વારા માન્ય રાષ્ટ્રીયતા, નામ તેમજ કૌટુંબિક સંબંધોની ઓળખ જળવવી જોઇએ.

જ્યારે બાળકને તેની ઓળખનાં કેટલાંક કે બધાં તત્વોથી ગેરકાનીની રીતે વંચિત રાખવામાં આવ્યું હોય ત્યારે સભ્ય દેશોએ તેને સતર જ યોગ્ય રક્ષણ અને મદદ આપવાં જોઇએ.

કલમ-૯ : સભ્ય દેશોએ એ બાબતનો ખ્યાલ રાખવો જોઇએ કે બાળકને તેનાં મા-બાપથી સક્ષમ અધિકારીએ અમલમાં હોય તેવા કાયદા અને કાર્યવિધિ અનુસાર જેનું ન્યાયિક પુનરાવલોકન થઇ શકે તેમ હોય તેવા નિર્ણય દ્વારા નક્કી કર્યું હોય કે બાળકના ભલા માટે તેને અલગ રાખવું જરૂરી છે તે સિવાય બાળકને તેની ઇચ્છા વિરૂધ્ધ તેનાં મા-બાપથી અળગું કરવામાં નહીં આવે.

કલમ-૧૦ : જેનાં માતાપિતા અલગ અલગ દેશોમાં વસતાં હોય તેવા બાળકને માતા તથા પિતા બંને સાથે સીધો સંપર્ક જાળવવાનો અધિકાર રહેશે.

કલમ-૧૧ : સભ્ય દેશો બાળકોનું ગેરકાયદેસર વિદેશ સ્થળાંતર અને તેમે ત્યાં જ રોકી રાખવાનું અટકાવવા યોગ્ય ઉપાયો હાથ ધરશે.

કલમ-૧૨ : બાળકોની ઉંમર અને પુખ્તતા પ્રમાણે તેનાં મંતવ્યોને યોગ્ય મહત્વ અપાવું જોઇએ.

કલમ-૧૩ : દરેક બાળકને અભિવ્યક્તિનો અધિકાર રહેશે. તેમાં દરેક પ્રકારના વિચારો અને માહિતી મેળવવાના અને આપવાના અધિકારનો સમાવેશ થશે.

કલમ-૧૪ : સભ્ય દેશો, બાળકોના વિચારો, અંતરાત્મા તેમજ ધર્મના અધિકારને માન આપશે.

કલમ-૧૫ : બાળકોના સંગઠન અને શાંતિમય રીતે એકઠા થવાની સ્વતંત્રતાના અધિકારને સભ્ય દેશો માન્યતા આપશે.

કલમ-૧૬ : કોઇપણ બાળકની અંગતજીવન, કૌટુંબિક, ઘર, પત્રવ્યવહાર કે તેવી કોઇ પણ અન્ય બાબતમાં મનસ્વી રીતે કે ગેરકાનૂની રીતે હસ્તક્ષેપ કરવામાં આવશે નહિ, અને તેના માન તેમજ પ્રતિષ્ઠાનું ગેરકાનૂની રીતે ખંડન કરવામાં નહિ આવે. બાળકને આવા હસ્તક્ષેપ અને ખંડન સામે કાનૂની રક્ષણ મેળવવાનો અધિકાર છે.

કલમ-૧૭ : બાળકના હિતને નુકશાનકારક હોય તેવી માહિતી અને સાધનોથી તેનાં રક્ષણ માટે રાજ્યે યોગ્ય દિશાસૂચનોના વિકાસને પ્રોત્સાહિત કરવો જોઇએ.

કલમ-૧૮ : માતા-પિતા બંન્નેની સરખી જવાબદારી છે તે સિધ્ધાંતના સ્વીકારનો ખ્યાલ રાખવા સભ્ય દેશો તેમના શ્રેષ્ઠ પ્રયત્નો કરશે. કામ કરતાં માતા-પિતાનાં બાળકોને બાળસંભાળની સેવાઓ અને સગવડો કે જેને માટે તેઓ પાત્ર છે તે મેળવવાનો હક છે.

કલમ-૧૯ : જાતિય દુરાચાર સહિત તમામ પ્રકારની શારીરિક કે માનસિક હિંસા, પીડન કે દુરૂપયોગ, બેદરકારી કે અવગણનાભર્યા વ્યવહાર, દુર્વ્યવહાર કે શોષણ સામે બાળકોને રક્ષણ આપવા માટે સભ્ય દેશો તમામ પ્રકારના યોગ્ય કાયદાકીય, વહીવટી, સામાજિક તેમજ શૈક્ષણિક ઉપાયો હાથ ધરશે.

કલમ-૨૦ : જે બાળકને હંગામી ધોરણે કે કાયમી ધોરણે તેનાં કૌટુંબિક વાતાવરણથી વંચિત રાખવામાં આવ્યું હોય અથવા તેનાં જ ભલાં માટે તેને તેવાં વાતાવરણમાં રહેવા દઇ શકાય તેમ ન હોય, તો તેને રાજ્ય દ્વારા અપાતું ખાસ રક્ષણ અને મદદ મેળવવાનો અધિકાર છે.

કલમ-૨૧ : બાળકનાં શ્રેષ્ઠ હિતનો ખ્યાલ રાખતી દત્તક પ્રથાઓને સભ્ય દેશો માન્ય રાખશે અથવા મંજૂર રાખશે.

કલમ-૨૨ : સભ્ય દેશો એ બાબતનો ખ્યાલ રાખવાના યોગ્ય ઉપાયો હાથ ધરશે કે કોઇ બાળક શરણાર્થિનો દરજ્જો મેળવવા ઇચ્છતું હોય તો તે તેનાં માતા-પિતાની સાથે હોય કે અન્ય કોઇ વ્યક્તિની સાથે હોય તેને યોગ્ય રક્ષણ અને માનવીય મદદ મળી રહેશે.

કલમ-૨૩ :શારીરિક અને માનસિક ક્ષતિવાળું બાળક તેના ગૌરવની ખાત્રી આપતી આત્મનિર્ભરતાને પ્રેરિત કરતી તેમજ સમાજમાં તે સક્રિય ભાગીદારીને સહાયક થતી પરિસ્થિતિમાં સંપૂર્ણ અને સુખી જીવન ગુજારે તે બાબતનો સભ્ય દેશો સ્વીકાર કરશે.

કલમ-૨૪ : સભ્ય દેશો કોઇપણ બાળક તેનાં આરોગ્યની સંભાળની સેવાઓ મેળવવાના અધિકારથી વંચિત ન રહે તેનો ખ્યાલ રાખવાનો પ્રયત્ન કરશે. માતાઓ

માટે પ્રસૂતિ પહેલાંની અને પછીથી યોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવશે તેમજ આરોગ્ય સંભાળ, માર્ગદર્શન તેમજ કુટુંબ નિયોજન અંગેના શિક્ષણ અને સેવાઓનો વિકાસ કરવામાં આવશે.

કલમ-૨૫ : સભ્ય દેશો સક્ષમ અધિકારી દ્વારા સંભાળ, સુરક્ષા અથવા સારવાર માટે બાળકને ચોક્કસ જગાએ મૂકવામાં આવ્યું હોય, ત્યારે તેને આપવામાં આવેલી સેવાઓ અને તેને આ રીતે મૂકવા પાછળના બીજા તમામ સંજોગોને માન્યતા આપશે.

કલમ-૨૬ : સામાજિક વીમા સહિત સામાજિક સલામતિમાંથી લાભ મેળવવાના દરેક બાળકના અધિકારને સભ્ય દેશો માન્ય રાખશે એ તેમના રાષ્ટ્રિય કાયદાઓને અનુરૂપ આ અધિકાર તેને સંપૂર્ણ રીતે પ્રાપ્ત થાય તે માટે જરૂરી પગલાં લેશે. બાળકની પરિસ્થિતિ અને પ્રાપ્ય સાધનોને ધ્યાનમાં રાખીને આ લાભ આપવામાં આવશે.

કલમ-૨૭ : બાળકના શારીરિક, માનસિક, આધ્યાત્મિક, નૈતિક તેમજ સામાજિક વિકાસ માટે યોગ્ય જીવન સ્તરનો દરેક બાળકો અધિકાર સભ્ય દેશો દ્વારા માન્ય રાખવામાં આવશે.

કલમ-૨૮ : સભ્ય દેશો બાળકના શિક્ષણના અધિકારને માન્ય રાખશે અને આ અધિકારની ક્રમશ: પ્રાપ્તિ માટે તેમજ દરેકને સમાન તકના પાયા પર પ્રાથમિક શિક્ષણ ફરજીયાત બનાવશે તેમજ તે દરેકને મફત ઉપલબ્ધ બનાવશે.

કલમ-૨૯ : દરેક બાળકને તે તેના વ્યક્તિત્વનો તેમજ તેની માનસિક અને શારીરિક શક્તિઓનો સંપૂણ વિકાસ કરી શકે તે રીતે શિક્ષણ અપાવું જોઇએ.

કલમ-૩૦ : એવા દેશો કે જ્યાં સાંસ્કૃતિક, ધાર્મિક કે ભાષાકિય લઘુમતિઓ કે તે દેશના મૂળ વતનીઓ વસતા હોય તેવાં રાજ્યોમાં આવી લઘુમતિઓમાંના કે તે દેશનું મૂળ વતનીનું હોય તેવાં બાળકને તેની પોતાની સંસ્કૃતિ પ્રમાણે રહેવાના,

તેનો પોતોના ધર્મ પાળવાના કે તેની પોતાની ભાષાનો ઉપયોગ કરવાના અધિકારથી વંચિત રાખી શકાશે નહિ.

કલમ-૩૧ : સભ્ય દેશો બાળકના ફૂરસદ અને વિરામના અધિકારને માન્ય રાખશે.

કલમ-૩૨ : બાળકના આર્થિક શોષણ સામે તેમજ તેના માટે ભયજનક અને તેનાં શિક્ષણને અવરોધતાં કે તેનાં આરોગ્ય, શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક કે પછી સામાજિક વિકાસને અવરોધતાં કોઇપણ કામ સામેનાં રક્ષણના અધિકારને સભ્ય દેશો માન્ય રાખશે. સભ્ય દેશો ખાસ કરીને

(અ) કામ પર રાખવા માટેની લઘુત્તમ વયમર્યાદાની જોગવાઇ કરશે.

(બ) કામના યોગ્ય કલાકો તેમજ યોગ્ય પરિસ્થિતિનું નિયમન કરવા માટે જોગવાઇ કરશે.

(ક) અસરકારક અમલ થાય તે માટે યોગ્ય દંડની જોગવાઇ કરશે.

કલમ-૩૩ : સભ્ય દેશો બાળકોને નશીલી દવાઓ અને માનસિક ઉત્તેજના આપતા પદાર્થોના ગેરકાયદેસર સેવનથી રક્ષણ આપવા માટે તેમજ બાળકોના આવા પદાર્થોના ઉત્પાદન તેમજ હેરફેરમાં થતા ગેરકાયદેસર ઉપયોગને અટકાવવા માટે યોગ્ય પગલાં ભરશે.

કલમ-૩૪ : સભ્ય દેશો બાળકોને દરેક પ્રકારના જાતિય શોષણ તેમજ જાતિય દુરૂપયોગ સામે રક્ષણ આપવા યોગ્ય ઉપાયો હાથ ધરશે.

કલમ-૩૫ : સભ્ય દેશો બાળકોનાં કોઇપણ હેતુસર કે કોઇપણ સ્વરૂપનાં જબરજસ્તીથી થતાં અપહરણ, વેચાણ કે પછી હેરાફેરી રોકવા માટે રાષ્ટ્રિય, દ્વિપક્ષીય તેમજ બહુપક્ષીય યોગ્ય પગલાં ભરશે.

કલમ-૩૬ : સભ્ય દેશો બાળકોનાં કલ્યાણને અસર કરતાં વિપરીત એવાં કોઇ પણ પાસાંને વિપરીત અસરકર્તા તમામ પ્રકારનાં અન્ય શોષણ સામે બાળકોને રક્ષણ પૂરું પાડશે.

કલમ-૨૭ : કોઇપણ બાળક પર અત્યાચાર કે અન્ય ઘાતકી અમાનવીય કે પછી તેને હલકો પાડે તેવો વ્યવહાર કે ૧૮ વર્ષથી નીચેની વયની વ્યક્તિએ આચરેલા ગુના માટે મુક્તિની શકયતા ન હોય તેવી કોઇ પણ પ્રકારની આજીવન કેદ સહિતની સજા કરવામાં આવશે નહિ.

કલમ-૩૮ : ૧૫ વર્ષની વય પૂરી ન કરી હોય તેવી કોઇ પણ વ્યક્તિ કોઇ યુધ્ધમાં સીધો ભાગ ન લે તેનો ખ્યાલ રાખવા માટે સભ્ય દેશો સ્પષ્ટ ઉપાયો ધરશે.

કલમ-૩૯ : સભ્ય દેશો કોઇ પણ પ્રકારના તિરસ્કાર, શોષણ, દુર્વ્યવહાર, અત્યારચાર કે કોઇ અન્ય સ્વરૂપનું ધાતકીપણું, અમાનવીય કે તિરસ્કૃત વ્યવહાર કે શિક્ષા કે સશસ્ત્ર સંઘર્ષના ભોગ બનેલ બાળકની શારીરિક તેમજ માનસિક સુધારણા તેમજ તેના સામાજિક પુરાગમનને પ્રેરવા માટે શકય તમામ પગલાં ભરશે.

કલમ-૪૦ : ફોજદારી કાયદાના ઉલ્લંઘનનો આક્ષેપ હોય, આરોપી હોય અથવા ઠરાવાયેલ ગુનેગાર હોય તેવાં બાળક સાથે બાળકની પ્રતિષ્ઠા અને ગૌરવની ભાવનાની જાળવણી સાથે સુસંગત હોય તેવા વ્યવહાર દરેક બાળકના અધિકારને સભ્ય દેશો માન્ય રાખશે.

કલમ-૪૧ : જેના હેઠળ બાળકોને વધારે લાભદાયક અધિકાર મળી શકે તેમ હોય તેવી કોઇ પણ જોગવાઇઓને હાલના ઠરાવથી કોઇ અસર નહિ થાય.

કલમ-૪૨ : યોગ્ય સાધનો દ્વારા બાળકો અને પુખ્તોને સમાન રીતે આ ઠરાવમાંના સિધ્ધાંતો અને જોગવાઇઓની વ્યાપક જાણ થવી જોઇએ.

૧૯૮૯ના નવેમ્બર મહિનાની ૨૦ મી તારીખે સંયુકત રાષ્ટ્રસંઘની સામાન્ય સભા દ્વારા સર્વાનુમતે પસાર કરાયેલ ઉપરોકત ઠરાવને સપ્ટેમ્બર ૧૯૯૦માં સહીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો અને ભારતે આ ઠરાવને સંમતિ આપી છે. [૩]

---

[૩] (સંકલન)આઈ.પેક., બાળ કામદારો, વડોદરા, ૨૦૦૧, પૃ. ૭૭.

## ૭. વૈશ્વિક શિખર સંમેલન :-

### ૭.૧ પ્રસ્તાવના

દુનિયાનાં બાળકો પ્રત્યેની પોતાની સુદ્રઢ અને અડગ પ્રતિબધ્ધતાનો સ્વીકર કરવા માટે ૧૯૯૦ની ૩૦મી સપ્ટેમ્બરે વિશ્વના ૧૫૦ કરતાં વધારે વિકસિત તેમજ વિકાસશીલ દેશના રાજકીય નેતાઓ ન્યૂયોર્કમાં એકઠા થયા.

### ૭.૧ વૈશ્વિક શિખર સંમેલનના ધ્યેયો

આ વૈશ્વિક શિખર સંમેલનમાં ઇ.સ.૨૦૦૦ની સાલ સુધીમાં પાર પાડવાનાં જે સાત ધ્યેયો નક્કી કરવામાં આવ્યાં તે નીચે પ્રમાણે છે.

૧. ૧૯૯૦ નાં વર્ષ દરમ્યાયનનાં પાંચ વર્ષથી નીચેની વ્યનાં બાળકોનાં મૃત્યુનું પ્રમાણ ઘટાડીને ત્રીજા ભાગ જેટલું કરવું અથવા દર હજારે સજીવ જન્મોએ ૭૦ જેટલું નીચું લાવવું. હાલ વિકાસશીલ દેશોમાં દર વર્ષે પાંચ વર્ષથી નીચેની વયનાં આશરે ૧ કરોડ ૪૦ લાખ બાળકો મરણ પામે છે.

૨. ૧૯૯૦નાં વર્ષના પ્રમાણમાં પ્રસૂતિ દરમ્યાન માતાઓનાં મરણનું પ્રમાણ અડધું કરવું. હાલ દર વર્ષે અંદાજે ૫૦૦, ૦૦૦ સ્ત્રીઓ સગર્ભાવસ્થામાં મૃત્યુ પામે છે.

૩. પાંચ વર્ષથી નીચેની વયનાં બાળકોમાં તીવ્ર ભૂખમરો તેમજ અપૂરતાં પોષણનું પ્રમાણ ઘટાડીને અડધું કરવું. હાલ વિકાસશીલ રાષ્ટ્રોમાં દર ત્રણ બાળકે એક બાળત સતત અપૂરતાં પોષણના લીધે શારીરિક તેમજ માનસિક વિકાસથી વંચિત રહે છે.

૪. દરેક જ્ગ્યાએ અને દરેક માટે સ્વચ્છ પીવાનું પાણી તેમજ મળના નિકાલ માટે સ્વચ્છ સગવડ ઉપલબ્ધ બનાવવી.

૫. પ્રાથમિક શિક્ષણની વયનાં બાળકોમાં ઓછામાં ઓછું ૮૦ ટકા શિક્ષણનું પ્રમાણ થાય એ રીતની પ્રાથમિક શિક્ષણની સાર્વત્રિક સગવડ ઉપલબ્ધ બનાવવી. હાલ વિકાસશીલ રાષ્ટ્રોમાં ૫૫ ટકા જેટલાં બાળકો જ શાળામાં ચોથા ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કરે છે.

૬. સ્ત્રી શિક્ષણ પર વિશેષ ભાર મૂકીને પૌઢ નિરક્ષરતાનો દર ૧૯૯૦ના દર કરતાં અડધો કરવો. હાલ વિશ્વમાં લગભાગ ૯૦ કરોડ જેટલાં પ્રોઢો નિરક્ષર છે કે જે લખી વાંચી શકતાં નથી. તેમાંની ૨/૩ ભાગ જેટલી સ્ત્રીઓ છે.

૭. વિષમ પરિસ્થિતિમાં અને તેમાં પણ ખાસ કરીને સશસ્ત્ર સંઘર્ષના સંજોગોમાં બાળકોનું રક્ષણ કરવું. હાલ ૮ કરોડ જેટલાં બાળકોનું કામની જગ્યાએ શોષણ થાય છે અને તેમની આજીવિકા માટે તેમની જાતે જ ફોડી લેવા ૩ કરોડ જેટલાં બાળકો ગલીઓમાં રખડે છે. બીજા લાખો બાળકો યુદ્ધનો ભોગ બનેલાં છે. ખોરાકના પૂરવઠામાં ઉભા થતા અવરોધો, નિશાળો અને દવાખાનાં બંધ થવાથી તેમજ ઘરો, રસ્તાઓ અને પાકના વિનાસથી તેમનો વિકાસ રુંધાય છે.

ઇ.સ.૧૯૯૦નું વૈશ્વિક સંમેલન કે જેમાં ૭૧ રાષ્ટ્રોના પ્રમુખો અને વડાપ્રધાનોએ હાજરી આપીને તેમની બાળકોના અધિકારો પ્રત્યેની પ્રતિબધ્ધતા દોહરાવી હતી તેના સંદર્ભમાં આપણે દુનિયાના બાળકોની હાલની પરિસ્થિતિની ચકાસણી કરીએ.

## ૭.૩ દુનિયાના બાળકોની હાલત

ઠરાવમાં બાળકની વ્યાખ્યા ૧૮ વર્ષથી નીચેની વયની વ્યક્તિ તરીકે આપવામાં આવી છે. સંયુકત રાષ્ટ્રસંઘનો ઠરાવ નાગરિક, રાજકિય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હક્કોને આવરી લે છે. તે બાળકોના નીચે પ્રમાણેના ૩ પાયાના અધિકારો દર્શાવે છે.

૧. જીવન જીવવાનો અધિકાર કે જેનાથી હાલ વર્ષે ૧ કરોડ ૪૦ લાખ જેટલાં બાળકો વંચિત રહે છે.

૨. વિકાસનો હક્ક કે જેની આરોગ્ય અને શિક્ષણની સગવડો સિવાય અપેક્ષા રાખવી શકય નથી.

૩. રક્ષણ મેળવવાનો અધિકાર - મહત્વનો અધિકાર કારણ કે બાળકો કામની જગાએ તમામ પ્રકારના શોષણનાં શિકાર બનતાં હોય છે.

### ૭.૪ ૧૯૯૨માં પ્રકાશિત થયેલ બાળકો અંગેના વિશ્વ અહેવાલ પ્રમાણે :

૧. કુલ સંખ્યાના ૩૦ ટકા બાળકો દર વર્ષે મૃત્યુ પામે છે.

૨. કુલ બાળકોનાં ૩૦ ટકા કે જેમને રોગપ્રતિકારક રસી આપવામાં નથી આવી અને ૪૦ ટકા બાળકો કે જે અપૂરતાં પોષણથી પીડાય છે તે બાંગ્લાદેશ, પાકિસ્તાન અને ભારતમાં છે.

૩. ભારતમાં ૫ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકોનો મૃત્યુદર ૧૨૬ જેટલો ઉંચો છે.

વિકાસના હક્કના સદર્ભમાં પ્રસૃતિ પહેલાંની કાળજી ખૂબ જ મહત્વની છએ. માતા-પિતામાં શિક્ષણના અભાવના લીધે રોગ, અપુરતું પોષણ તેમજ બિનઆરોગ્યપ્રદ વાતાવરણપ્રદ વાતાવરણ જેવા નવા પ્રશ્નો પેદા થાય છે. બાળકને આરોગ્ય, ખોરાક, રોગપ્રતિકારક રસી તેમજ રહેઠાણની જરૂર પડે છે. તેમ છતાં આપણી આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા અપૂરતી છે.

બાળકોના વિકાસ શિક્ષણ વિના અસંભવ છે. ઠરાવમાં મફત અને ફરજીયાત શિક્ષણની વાત કરવામાં આવી છે. ભારતનાં બંધારણના ઘડવૈયાઓએ પણ આ શકયતાને નજરમાં રાખી હતી. (કલમ-૪૫) પણ આઝાદીની અડધી સદી વીતવા છતાં તેમનાં સ્વપ્ના સાકાર થયાં નથી. રક્ષણ મેળવવાના અધિકારનું વિશેષ મહત્વ

છે. ભારતમાં વિશાળ સંખ્યામાં બાળમજૂરો છે. યુનિસેફની આંકડાકીય માહિતી દર્શાવે છે કે બાળકોને શાળાનું શિક્ષણ છોડી દઇ અમાનવીય પરિસ્થિતિઓમાં ખૂબ જ ઓછા વેતને કામ કરવાની ફરજ પાડવામાં આવે છે.

યુનિસેફનાં અંદાજ પ્રમાણે ભારતમાં દર ત્રણ ઘરોમાંથી એક ઘરમાં બાળમજૂર છે. ૧ થી ૫ વર્ષથી વયનાં દર ચાર બાળકોએ એક બાળક મજૂરી કરે છે. એકલાં તાળાં, કાચ તેમજ ગાલીચા ઉધોગમાં જ અંદાજે ૧૫ લાખ જેટલાં બાળકો કામ કરે છે. તેઓ પાસેથી વધારે કલાકો કામ લેવામાં આવે છે. બાળકને તેની મજૂરી પેટે રોજના ફકત રૂ. ૩ થી ૫ મળે છે. તેની આવકનો મોટો ભાગ માતા-પિતાને જાય છે.

બાળકોની રોજગારનું નિયમન કરતા કાયદાઓ તો છે. કારખાનાના માલિકો પણ એ જાણે છે કે બાળકોને નોકરી પર રાખવાથી કારખાનાના કાયદાનો ભંગ થાય છે છતાં પણ તેઓ બાળકોને નોકરી પર રાખવાનું ચાલુ રાખે છે કારણ કે તેમને નોકરી પર રાખવાથી પુખ્તવયના કામદારોની સોદાબાજી કરવાની ક્ષમતા અને નોકરીમાં તેમની સંખ્યામાં ઘટાડો થાય છે. બાળમજૂરોને ઘણા વ્યવસાયજન્ય જોખમોનો ભોગ બનવું પડે છે. જેમકે લાંબા સમય સુધી નિષ્કાળજી પૂર્વક ખતરનાક રસાયણ જેવાં કે પોટેશિયમ સાયનાઇડ, ટ્રાઇડમ અને ફોસ્ફેટ સાથે કામ કરવાથી બાળકો મોતને ભેટે છે. લાંબા સમય સુધી ગરમીમાં કામ કરવાના પરિણામે બાળકો ડીહાઇડ્રેશન (શરીરમાંથી પાણી ઘટી જવું), દાઝવાના તેમજ ગૂંગળામણનો ભોગ બને છે. ધૂળ, ધૂમાડા વિગેરેમાં કામ કરવાથી બાળકો બ્રોન્કો ન્યુમોકિયા, ફેફસાંનું કેન્સર, નાકમાં સાઇનસ, દષ્ટિમાં નબળાઇ, ક્ષય તેમજ કૃમિ (કરમિયાં) વગેરેનો ભોગ બને છે. બિનસરકારી સંસ્થાઓના મતે ભારતના ગાલીચા ઉધોગમાં કુલ કામદારોના ૮૦ ટકા બાળમજૂરો છે.

ભારતમાં બગીચા ઉધોગમાં બાળકોની રોજગારીને કાયદેસર મંજૂરી અપાયેલી છે. તેમાં બીડી, સિગારેટ, ગાલીચા માટે નક્કી કરવામાં આવીલ લઘુત્તમ ૧૪ વર્ષની

ઉંમર કરતાં બે વર્ષ ઓછી ઉંમર નક્કી કરવામાં આવી છે. ડૉ.શરીકકુમાર ભૌમિક દ્વારા ૧૯૯૨માં કરવામાં આવેલ સર્વેક્ષણ દર્શાવે છે કે એકલાં પશ્ચિમ બંગાળમાં જ ૫૫,૦૦૦ જેટલાં બાળમજૂરો ચાના બગીચામાં કાયમી મજૂરો તરીકે કામ કરે છે. અને તેમાં પુખ્ત વયના કામદારને ચૂકવાતું વેતન રાજયમાં ખેતમજૂર માટે નકકી કરવામાં આવેલ લઘુત્તમ વેતન કરતાં ઓછું હોય છે.

ભારતમાં ગ્રામીણ તેમજ શહેરી વસ્તીના ૧૦ ટકા જેટલા લોકો લોહીનાં ઉચા દબાણથી પીડાય છે જે ધીરે ધીરે શરીરનાં મહત્વનાં અંગો જેવાં કે હૃદય, મગજ અને મૂત્રાશય (કિડની) ને અસર કરે છે. જી.એસ.મેડિકલ કોલેજ, મુંબાઇના કાર્ડિયોલોજી વિભાગના વડા ડૉ.એમ.ઇ.યેવલેકરના મતે લોહીનાં ઉંચા દબાણથી બચવાનો એક માત્ર ઉપાય યોગ્ય જીવનપધ્ધતિ અને યોગ્ય ખોરાકની ટેવ છે. શાકભાજી, રમતો અને યોગ (આધ્યાત્મિક કલ્યાણ) લાંબા ગાળે લોહીનાં ઉચા દબાણને અટકાવે છે. મોટા ભાગનાં આપણાં બાળમજૂરો યોગ્ય જીવનપધ્ધતિ, શાકભાજી, રમતો અને યોગથી વંચિત રહે છે.

ગાલીચા વણવા, રત્નોની પોલિશ કરવી, દિવાસળી બનાવવી, દારૂગોળો અને સિમેન્ટનું ઉત્પાદન, દારૂખાનું, બીડી બનાવવી, વગેરે સહિત ૧૫ જેટલા જોખમી વ્યવસાયોમાં પ્રવર્તમાન કાયદાઓ અનુસાર બાળમજૂરી પર પ્રતિબંધ છે. તેમ છતાં લાખો બાળકો આ જોખમી ઉધોગમાં કામ કરે છે.

ઘરકામમાં સૌથી વધારે સંખ્યામાં બાળકો કામ કરે છે. ઘરકામ કરનારાઓમાં સ્ત્રીઓ અને બાળમજૂરોની સંખ્યા મોટી છે. સ્ત્રી બાળકામદારો શારિરીક રીતે તેમજ ઘણા કિસ્સાઓમાં જાતિય રીતે શોષણનો ભોગ બનતાં હોય છે. કેટલાંક ગૃહ-કુટીર ઉધોગ તેમજ બીજા કેટલાંક અન્ય ખાસ ઉધોગોમાં સ્ત્રી-બાળમજૂરોને પસંદ કરવામાં આવે છે. લખનૈમાં તૈયાર કપડાં બનાવવાનાં કારખાનાંઓમાં, શિવકાશીના ફટાકડા ઉધોગમાં, અલીગઢના ઘડિયાળ ઉધોગમાં, જમ્મુ અને કાશ્મીરમાં ગાલીચા ઉધોગમાં તેમજ સમગ્ર ભારતમાં બીડી ઉધોગમાં છોકરીઓ મોટાં પ્રમાણમાં જોવા મળે છે.

જયપુરના રત્ન પોલિશ ઉધોગમાં તેમજ કેરળના કાથી ઉધોગમાં પણ છોકરીઓ કામ કરે છે દિવાસળી બનાવવી, બુક બાઇન્ડિંગ, પ્લાસ્ટિકની વસ્તુઓનું ઉત્પાદન વગેરે જેવાં અન્ય કામોમાં પણ છોકરીઓ કામ કરે છે. દિલ્હીમાં આવેલ તૈયાર કપડાંના ઉધોગોમાં અંદાજે ૧૦,૦૦૦ સ્રીકામદારો કામ કરે છે. તેમાં ૮ થી ૯ વર્ષની ઘણી છોકરીઓ છે કે જેઓ ક્યારેય નિશાળે ગઇ નથી.

દરેક મોટાં શહેરોમાં બાળમજૂરોનો મોટા ભાગ હોટલો, નાસ્તાગૃહો (રેસ્ટોરન્ટ), ચાની લારીઓ, મીઠાઇની દુકાનો તેમજ રસ્તાઓ પર આવેલી દુકાનો પર કામ કરતો જોવા મળે છે.

મોટી સંખ્યાનાં બાળમજૂરોને તેમનાં ઘર નથી હોતાં. આ બાળમજૂરો શેરીઓમાં - રસ્તા પર રહેનારાં બાળકો હોય છે તેમાંના મોટા ભાગનાં રોજ ૧૦ થી ૧૨ કલાક કામ કરે છે. જેઓ ઓછો સમય કામ કરે છે તેઓ તેમની નિશાળ કે ઘરકામ પછીના ખંડ સમય માટે કામ કરે છે. [૪]

## ૮. આંતરરાષ્ટ્રીય બાળમજૂરી નાબૂદી કાર્યક્રમ (આઇપેક)

### ૮.૧ ઉદ્દેશો અને કાર્ય

"આઇપેક" એટલે કે આંતરરાષ્ટ્રિય બાળમજૂરી નાબૂદી કાર્યક્રમ ૧૯૯૦માં બાળમજૂરીનાં સામાજિક દૂષણને ડામવા માટે આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. આઇપેક કાર્યક્રમના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

૧. બાળમજૂરીનાં ક્ષેત્રે ચાલતી આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની ચાલુ પ્રવૃત્તિઓને વધારે વેગ આપવો.

૨. વિનંતી કરનાર આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાના સભ્ય દેશોને તાંત્રિક માર્ગદર્શન સેવાઓ પુરી પાડવી.

---

[૪] એજન, પૃ. ૮૨.

આઇપેક કાર્યક્રમ એવું દ્દઢપણે માને છે કે બાળમજૂરી અસરકારક રીતે ડામી શકાય છે અને ક્રમશ: નાબૂદ કરી શકાય છે.

આઇપેક કાર્યક્રમ હેઠળ નીચેનાં ક્ષેત્રોમાં બાળમજૂરીનાં સહુથી ખરાબ દૂષણને ડામવા સરકારો, કામદારો અને સંચાલકોનાં મંડળો, બિન-સરકારી સંસ્થાઓ, કેળવણીકારો, બાળકો અને તેમનાં માબાપને ઝુંબેશ હાથ ધરવાનો અનુરોધ કરે છે.

- જોખમી કાર્યો
- વેઠિયા બાળમજૂરો
- બળજબરીથી કરાવવામાં આવતી બાળમજૂરી
- ૧૩ વર્ષથી નીચેની ઉંમરનાં કામ કરતાં બાળકો
- છોકરીઓ
- નિરાધાર બાળકો

આઇપેક કાર્યક્રમ હેઠળ પ્રારંભિક તબક્કામાં નીચેના છ દેશોને આવરી લેવામાં આવ્યા હતા.

૧. બ્રાઝિલ
૨. ઇન્ડોનેશિયા
૩. કેનિયા
૪. થાઇલેન્ડ
૫. તૂર્કિસ્તાન
૬. ભારત

હવે આ કાર્યક્રમ હેઠળ નીચેના દેશોને પણ આવરી લેવામાં આવ્યા છે.

૧. પાકિસ્તાન

૨. બાંગ્લાદેશ

૩. ફિલિપાઇન્સ

૪. તાન્ઝાનિયા

આ સહયોગી રાષ્ટ્રોમાં ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓમાં રાષ્ટ્રિય જરૂરિયાત મુજબ તફાવત છે, પણ મહદ્અંશે તે નીચે પ્રમાણે છે.

- રોજગારીનાં કોઇપણ ક્ષેત્રમાંની જોખમી કામગીરીમાં બાળમજૂરી સામે સીધી ઝુંબેશ.

- કામ કરતાં બાળકોની વિકાસની જરૂરિયાતો પુરી કરવા માટેના કાર્યક્રમો

- બાળમજૂરી સામેની નીતિ અને કાર્યક્રમોના ઘડતરમાં સંબંધિત દેશની ારકારને સહાય.

- યોગ્ય સંસ્થાકીય માળખાંની સ્થાપના અથવા જો તે અસ્તિત્વમાં હોય તો એ માળખાં મજબૂત કરવા.

આ પ્રવૃત્તિઓ કરારજન્ય સહમતિ દ્વારા સરકારી સંસ્થાઓ, કામદાર સંગઠનો, સંચાલકોનાં મંડળો અને બિનસરકારી સંસ્થાઓના સહકારથી કાર્યલક્ષી કાર્યક્રમો હેઠળ ચલાવવામાં આવે છે.

આઇપેકનાં સાધનોનાં ૯૦ ટકા જેટલાં રાષ્ટ્રિય નીતિ અને કાર્યક્રમોના ઘડતર માટે ફાળવવામાં આવે છે. જ્યારે બાકીના ૧૦ ટકા જેટલાં સાધનો પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રિય પ્રવૃત્તિઓ માટે ફાળવવામાં આવે છે.

## ૮.૨ ભારત અને આઇપેક

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા અને ભારતે ૧૯૯૨ની સાલમાં આઇપેક અંગેની સમજૂતીપત્ર પર સહીઓ કરી. ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ના રોજ ભારત સરકારનાં મજૂર ખાતાનાં તે વખતના સચિવ શ્રી એસ.ગોપાલન દ્વારા ઔપચારિક રીતે આઇપેક કાર્યક્રમનું મંગળાચરણ કરવામાં આવ્યું. બિનસરકારી સંસ્થાઓ દ્વારા ૧૯૯૪ના અંતમાં ૩૦,૦૦૦ જેટલાં બાળમજૂરોને સાંકળી લેતા ૫૭ જેટલાં કાર્યલક્ષી કાર્યક્રમો આપણા દેશમાં ચલાવવામાં આવતા હતા. આઇપેકના કાર્યક્રમો નીચેની બાબતોને આવરી લે છે.

## ૮.૩ આઇપેકના કાર્યક્રમનાં ક્ષેત્રો

૧) કેન્દ્ર તેમજ રાજ્ય સરકારના અમલ કરનાર અધિકારીઓની તાલીમ.

૨) કામદાર સંગઠનો માટે પ્રેરણાત્મક કાર્યશાળાઓ.

૩) બાળમજૂરીને ડામવા માટેની ઝૂંબેશમાં સામેલ થવા માટે સંચાલકોનાં મંડળો માટેની સચેતનાત્મક કાર્યશાળાઓ.

૪) જાગૃતિ કાર્યક્રમો-બિનસરકારી સંસ્થાઓ દ્વારા બાળમજૂરી વિરોધી ઝૂંબેશ.

૫) વિવિધ તાલિમ અને શૈક્ષણિક સંસ્થાઓના તાલીમ કાર્યક્રમો દ્વારા બાળમજૂરીનાં દૂષણ અંગેની જાગૃતિ.

આઇપેકના કાર્યક્રમો ઉપરાંત આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાએ તેનાં સભ્ય રાષ્ટ્રો માટે તેની તાંત્રિક સહકારીની પ્રવૃત્તિઓ ચાલુ રાખી છે.

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની તાંત્રિક સહયોગ અંગેની પ્રવૃત્તિઓ નીચેનાં ક્ષેત્રોને આવરી લે છે.

૧. માનવ સંસાધન વિકાસ.

૨. કામ અને જીવનની પરિસ્થિતિ.

૩. સામાજિક સંસ્થાઓનું કલ્યાણ અને વિકાસ.

ઉપરનાં ત્રણ મુખ્ય ક્ષેત્રો હેઠળ આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા દ્વારા સરકારો, સંચાલકોનાં મંડળો અને કામદાર સંગઠનો જેવા તેના રાષ્ટ્રિય ભાગીદારો માટે ઘણીબધી તાંત્રિક સહયોગની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે.

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાનની કેટલીક મહત્વની તાંત્રિક સહયોગની પ્રવૃત્તિઓ નીચે મુજબ છે.

- વ્યવસાયિક તાલીમ.
- વહીવટી વિકાસ
- સંસ્થા ઘડતર
- કામદાર શિક્ષણ
- ગ્રામિણ શિક્ષણ
- પરિવાર કલ્યાણ અંગેનું શિક્ષણ
- ઔધોગિકતા અંગેનું શિક્ષણ
- ઉત્પાદકતા અંગેનું શિક્ષણ
- બાળમજૂરીનાં સામાજિક દુષણ સામેના સંઘર્ષમાં આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાના ભાગીદારોને સાંકળવા - વગેરે.

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની અન્ય ક્ષેત્રોની પ્રવૃત્તિઓની જેમ બાળમજૂરીનાં ક્ષેત્રે તાંત્રિક સહયોગની ભૂમિકા રાષ્ટ્રિય કાયદાઓ અને તેનાં અમલને

આંતરરાષ્ટ્રિય શ્રમ ધોરણો દર્શાવવામાં આદર્શ નમૂનાને નજીક લાવવાની છે કે જેથી તેના અમલ અને સ્વીકારને પ્રેરિત કરી શકાય.

આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાના તાંત્રિક સહયોગનો મુખ્ય ઉદ્દેશ સંબંધિત આંતરરાષ્ટ્રિય શ્રમ ધોરણો અને ખાસ કરીને ઠરાવ ક્રમાંક ૧૩૮ તેમજ ભલામણ ક્રમાકં ૧૪૬ સાથે સુસંગત થાય તે રીતે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાના સભ્ય રાષ્ટ્રો દ્વારા બાળમજૂરીની અસરકારક નાબૂદી માટેની પ્રવૃત્તિઓમાં મદદકર્તા થાય તેવાં પગલાંઓને પ્રેરિત કરવાનો અને તેમાં સહાયક બનાવાનો છે.

બાળકામદારોનું રક્ષણ, ખાસ કરીને તેમની કામની પરિસ્થિતિઓમાં સુધારો કરવાની બાબતો તાંત્રિક સહયોગનો બીજો ઉદ્દેશ છે. પણ બાળમજૂરીની નાબૂદીનો સંપૂર્ણ અમલ ચાલુ ન થયા ત્યાં સુધી જ આ ઉદ્દેશનો આગ્રહ રાખવામાં આવે છે. એ દૃષ્ટિએ તે ફકત કામચલાઉ જ છે.

બાળમજૂરીના ઉંડા મૂળ મા-બાપની બેરોજગારી, તાલીમ માટેની મર્યાદિત તકો અને સામાજિક રક્ષણની વ્યવસ્થાની નબળાઇને પરિણામે પેદા થતી ગરીબી શૈક્ષણિક વ્યવસ્થાની ગુણાત્મક તેમજ પરિણામાત્મક ખામીઓ અને વિકાસશીલ રાષ્ટ્રોમાં આ સમસ્યા પ્રત્યેની નિરસતા અથવા તો નિરાશામાં પડેલાં હોવાથી સામાન્ય રીતે એ સ્વીકારી લેવામાં આવેલ છે કે તેની સંપૂર્ણ નાબૂદીને ઘણો વખત લાગશે.

આમ, આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાના તાંત્રિક સહકારની ભૂમિકા નીચે પ્રમાણે છે.

- નાબૂદીની દિશામાં ખરેખર શરૂઆત કરી દેવામાં આવી છે તેની ખાત્રી કરવી અને ખાસ તો
- જે અસહ્ય છે તે હવે કોઇ સંજોગોમાં સહન કરી લેવામાં આવતું નથી.

આ નેમથી તે નીચેનાં ક્ષેત્રોમાં બાળમજૂરીની નાબૂદીને પ્રોત્સાહિત કરવાની તેમજ તેનાં પગલાંઓને સહાયક બનવા પર કેન્દ્રિત કરે છે.

- રોજગારીનો પ્રકાર (દા.ત.ફરજીયાત મજૂરી કે વેઠ)
- ઉધોગોમાં (દા.ત.ખાણો અને કાચનું કામ)
- વ્યવસાયોમાં (દા.ત.વેશ્યાવૃત્તિ અને શેરડી કાપણી) કે જે દેખીતી રીતે ભયજનક છે.

એટલે સંબંધિત બાળકનાં ચારિત્ર્ય, તંદુરસ્તી તેમજ સલામતિને હાનિકારક છે.

આવા ભયજનક ઉધોગો તેમજ વ્યવસાયોમાં વિધિસર કાયદા દ્વારા બાળમજૂરી પર પ્રતિબંધ મુકવામાં ન આવ્યો હોય તો પણ બાળમજૂરીની નાબૂદી માટે આગ્રહ રાખવો જોઇએ. બીજી ધ્યાન આપવાની બાબત એ છે બહુ નાની ઉંમરનાં બાળકો (કે જેઓ ૧૨ વર્ષની ઉંમર કરતાં નાનાં હોય અને આ ઉંમરે પ્રાથમિક શિક્ષણ સામાન્ય રીતે અટકી જતું હોય છે.) મજૂરી કરતાં હોય તેવા કિસ્સાઓ ઘટવા જોઇએ. કારણ કે આ ઉંમરે તેમના પર વધારે પ્રતિકૂળ અસર થઇ શકે તેમ હોય છે.

બાળમજુરોમાં રક્ષણ બાબતે એક બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થાની પ્રવૃત્તિઓનો મહત્વનો ઉદ્દેશ એવાં બાળકો કે જેઓ હજુ અમુક ચોક્કસ ઉંમરનાં થયાં નથી અથવા તેઓ એવાં મજૂરીનાં કામ કરે છે કે જે તેમની નૈતિકતા, સલામતી અને તંદુરસ્તીને માટે જોખમકારક છે તેવી બાળમજૂરી નાબૂદ કરવાનો છે.

આ ધ્યેયને ચુસ્ત રીતે વળગી રહીને આંતરરાષ્ટ્રિય શ્રમ સંસ્થા સરકારોને બાળમજૂરોની પરિસ્થિતિ સુધારવા માટેની પ્રવૃત્તિઓના વિકાસ, અમલ અને મૂલ્યાંકન માટે મદદ કરે છે.

બાળકોના અધિકારો

ઇ.સ.૧૯૨૪માં લીગ ઓફ નેશન્સ દ્વારા બાળકોના અધિકારો અંગે જિનીવા ઘોષણાને બહાલી આપવામાં આવેલ.

- ગુલામી
- બાળમજુરી
- સગીરોની લે-વેચ (વેપાર) અને વેશ્યાવૃત્તિ

## ૯. સંયુકત રાષ્ટ્રસંઘની ઘોષણા :-

ઇ.સ.૧૯૫૯ ની ૨૦મી નવેમ્બરે સંયુક્ત રાષ્ટ્રસંઘે બાળકોના અધિકારો અંગે સર્વાનુમતે પસાર કર્યો. આ ઠરાવના આમુખમાં સંયુકત રાષ્ટ્ર સંઘની સામાન્ય સભાએ મૂળભૂત માનવ હક્કો અને માનવજાતના ગૌરવ અને મહત્વમાંનો તેનો વિશ્વાસ દોહરાવ્યો.

સંયુકત રાષ્ટ્રસંઘના ઠરાવમાં એવી ઘોષણા છે કે જ્ઞાતિ, રંગ, લિંગ, ભાષા, ધર્મ રાજકીય કે અન્ય વિચારો, રાષ્ટ્રિય કે સામાજિક મૂળ, સંપત્તિ જન્મ કે અનય્ દરજ્જાના કોઇપણ પ્રકારના ભેદભાવ વિના દરેક વ્યક્તિ તમામ અધિકારો અને સ્વાતંત્ર્ય મેળવવા હકદાર છે.

## ૧૦. ભારત સરકાર દ્વારા રચાયેલી વિવિધ સમિતિઓ

### ૧૦.૧ રોયલ કમિશન

૧૯૨૯માં રોયલ કમિશને બાળમજૂરો બાબતે વિવિધ પાસાઓની તપાસ કરી હતી ૧૯૩૧માં તેના અહેવાલમાં આઘાતજનક બાબત એ હતી કે બાળમજૂરો

વિપરીત વાતાવરણમાં, અપૂરતી સગવડતામાં કામ કરે છે. કમિશને ઘણા ઉદ્યોગોમાં તપાસ કરી હતી. જેમાં બાળકોએ કેટલો સમય કામ કર્યું છે. ઓછા વેતનો હતા જેમાં ઘણા વેઠિયા બાળમજૂરો હતા જે પ્રથા રદ કરવાની જોગવાઇ માટે ભલામણ કરી હતી.

આ માટે સૌ પ્રથમ કાયદો ચિલ્ડ્રન (પ્લીડિંગ ઓફ લેબર) એકટ-૧૯૩૩માં ઘડવામાં આવેલ હતો તે પછી ઘણા કાયદાઓમાં બાળમજુરી ઉપર વિવિધ વ્યવસાયોમાં મનાઇની જોગવાઇ જોવા મળે છે. અંતે ૧૯૮૬ માં Prohibiton of child Labour Act ઘડવામાં આવેલ છે. જેનાં પરિશિષ્ટનાં ભાગ-અ માં જણાવેલ વ્યવસાયમાં બાળકોને કામે રાખવા ઉપર મંજૂરી નથી. જ્યારે ભાગ-બ માં કેટલીક પ્રક્રિયાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે જેમાં બાળકને કામ ઉપર રાખવાની મનાઇ છે.

ભારતે સંયુક્ત રાષ્ટ્રનાં બાળકોના અધિકાર પત્રનો સ્વીકાર કરેલ છે. આ ખતપત્રમાં પણ રક્ષણ આપવાની વાત નથી પણ તેમાં સતત સુધારણા કરવાની છે. જેનાથી તેમના વિકાસ અને વ્યાપ વધવાથી શાંતિ અને સલામતીના વાતાવરણનું સર્જન થશે આ ખતપત્રમાં બાળકોના નાગરિક અને રાજકિય અધિકાર ઉપરાંત, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને માનવીય અધિકારોના રક્ષણની પણ જોગવાઇ કરેલ છે. આપણે સદરહું ખતપત્રમાં પક્ષકાર થયા ત્યારે નીચે મુજબની જાહેરાત કરેલ હતી.

“આ ખતપત્રમાં સહી કરવાથી તેના ઉદ્દેશ અને હેતુઓમાં બાળકોને લગતાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો આંતરરાષ્ટ્રિય સહકાર ધ્વારા વિકાસશીલ રાષ્ટ્રો પ્રગતિકારક રીતે અમલ કરી શકશે. એવી માન્યતા ધારણા રાખવામાં આવેલ છે કે બાળકોના આર્થિક શોષણ અને તેમને રક્ષણ આપવામાં આવશે. ભારતમાં ઘણા કારણોને લીધે વિવિધ વય ધરાવતાં બાળકો કામ કરે છે. જેમાં ઘણા જોખમી ઉધોગોમાં પણ કામ કરે છે આ માટે કામમાં દાખલ કરવાની વય બાબતે દરેક રોજગાર માટે વ્યવહારૂ રીતે લધુત્તમ વય મર્યાદા નક્કી કરેલ છે.

ભારત સરકાર બાળ અધિકાર ખતપત્રના અનુચ્છેદ ૩૨ના અમલ માટે કટીબધ્ધ છે અને તેમાં પણ ફકરો ૨(એ) માટે રાષ્ટ્રીય કક્ષાના કાયદામાં આવી જ જોગવાઇ કરવામાં આવેલ છે."

## ૧૦.૨ ગુરૂપ્રસાદ સમિતિ

સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોમાં, બાળમજૂરો વ્યાપક પ્રમાણમાં કાર્યરત હોવાથી, ચિંતિત ભારત સરકારના શ્રમ મંત્રાલયે આંતરરાષ્ટ્રીય બાળ વર્ષના સંદર્ભમાં બાળમજૂરોની પરિસ્થિતિનો સર્વગ્રાહી ખ્યાલ મેળવવા ફેબ્રુઆરી ૧૯૭૯ માં ૧૬ સભ્યોની એક સમિતિની રચના કરી. એમ. એસ. ગુરૂપદસ્વામીની અધ્યક્ષતા હેઠળની આ સમિતિમાં કેટલાંક સાંસદો, બાળકોની સમસ્યાઓ માટે કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમદ કેન્દ્ર અને કેટલીક રાજ્ય સરકારોના સંબંધકર્તા વિભાગોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સમિતિ દ્વારા સંગઠીત અને બીન સંગઠીત ક્ષેત્રમાં કામ કરતાં બાળકોના વેતન, કામની શરતો અને કલ્યાણલક્ષી જોગવાઇઓનો અભ્યાસ કરવામાં આવેલ હતો. તેમાં જણાવ્યા મુજબ.

"અસહ્ય ગરીબ લાભદાયક રોજગારીની તકનો અને વચગાળાની આવકનો અભાવ અને નીચું જીવન ધોરણ બાળમજૂરીના એક કારણ તરીકે સર્વત્ર જોવા મળે છે. સંગઠીત ક્ષેત્રમાં બાળમજૂરો શોધી કાઢવા સરળ છે. પણ તેનાથી સમગ્ર ચિત્ર મળતું નથી બાળમજૂરી અસંગઠીત ક્ષેત્રમાં મોટા પાયા પર છે જેના ઉપર ધ્યાન કરવાની જરૂરીયાત છે આ પ્રશ્ન સાર્વત્રિક છે."

સમિતિએ બાળમજૂરોની સમસ્યાઓ (કામના કલાકો, કામના સ્થળનું વાતાવરણ વગેરે) વિશે વધુ અભ્યાસ કરવાની ભલામણ કરી હતી.

અસંગઠીત ક્ષેત્રમાં હજુ મોજણી થઇ નથી. (જોકે શકય પણ નથી) તેવી સત્તાવાર આંકડા મેળવી શકાતા નથી. સારા રાષ્ટ્રના નિર્માણ કરવા માટે

બાળમજૂરીના પ્રશ્નનું સમાધાન થવું ખૂબ જ મહત્વનું અને જરૂરી છે. સમિતિએ કરેલ ભલામણોમાં એક ભલામણ નીચે મુજબની હતી.

"The Committee recommend a more purposeful effort on the part of the media to create greater social consciousness in respect of evils of Child Labour "

પ્રસાર માધ્યમો, બાળમજૂરીન અનિષ્ટોના સંદર્ભમાં વ્યાપક સામાજિક સભાનતાનું સર્જન કરવા માટે વધુ ઉદ્દેશ્યપૂર્ણ પ્રયત્ન કરે.

## ૧૧. રાષ્ટ્રિય બાળનીતિ

ભારત સરકાર ધ્વારા ૨૨ ઓગષ્ટ ૧૯૭૪નાં રોજ રાષ્ટ્રિય બાળનીતિ જાહેર કરેલ છે.

### ૧૧.૧ પ્રસ્તાવના :

રાષ્ટ્રના બાળકો એક સર્વોચ્ચ અને મહત્વપુર્ણ સંપતિ છે તેમની દેખભાળ અને ચિંતા કરવાની જવાબદારી આપણા સહુની છે માનવ સંશોધન વિકાસ માટે આપણી રાષ્ટ્રિય યોજનાઓમાં બાળકોના કાર્યક્રમોને મુખ્ય સ્થાન મળવું જોઇએ, કે જેથી આપણા બાળકો તંદુરસ્ત નાગરિક અને શારીરિક રીતે સક્ષમ, માનસિક રીતે સજાગ અને નૈતિક રીતે સ્વસ્થ અને આપણું લક્ષ્ય એ હોવું જોઇએ કે તેમને આ ગાળામાં વિકાસ માટે સમાન તક મળે. કેમ કે આનાથી અસમાનતા ઓછી કરવા અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવાનો આપણો વિશેષ અને વ્યાપક ઉદ્દેશ પૂર્ણ થશે.

બાળકોની જરૂરિયાત અને તેમના તરફની આપણી જવાબદારી બંધારણમાં નિર્દિષ્ટ કરાએલ છે. સંસદે સ્વીકારેલ રાષ્ટ્રીય શિક્ષા સંકલ્પ બાળકોની શૈક્ષણિક જરૂરિયાતો બાબતમાં રાજ્યની નિતીમાં નિર્દેશ કરે છે. રાષ્ટ્રીય સંશાધનોના કુશળ

ઉપયોગથી આ દસ્તાવેજમાં નિર્દિષ્ટ કરાએલ લક્ષ્ય સિધ્ધ કરી શકાય છે. આ લક્ષ્ય ધ્યાનમાં રાખીને ભારત સરકારે રાષ્ટ્રીય બાળ નિતી બાબતમાં નીચે મુજબ ઠરાવ કરેલ છે.

### ૧૧.૨ નીતિ અને ઉપાય

બાળકોના પૂર્ણ શારિરીક, માનસિક અને સામાજિક વિકાસ સુનિશ્ચિત કરવા માટે, તેમના જન્મપૂર્વ અને ત્યારબાદ તેમના સમગ્ર વિકાસગાળા દરમ્યાન પુરતી સેવાઓ આપવાની રાજ્યની નીતિ રહેશે. રાજ્યઆવી સેવાઓનું કાર્યક્ષેત્ર હંમેશા વધારતું રહેશે જેથી યોગ્ય સમયગાળા દરમ્યાન દેશના તમામ બાળકોને તેમના સંતુલિત વિકાસમાટે સર્વોત્તમ પરિસ્થિતિ પ્રાપ્ત થાય. આ ઉદ્દેશો સર કરવા માટે, ખાસ કરીને નીચે દર્શાવેલા ઉપાયો કરવામાં આવશે.

૧. તમામ બાળકોને એક વ્યાપક આરોગ્ય કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવશે.

૨. બાળકોના ખોરાકમાં ખામી દુર કરવા માટે પોષણ સેવાઓ આપવા માટેના કાર્યક્રમો ચલાવવામાં આવશે.

૩. સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવનાર માતાઓનાં સામાન્ય સ્વાસ્થયમાં સુધારો, તેમની સારસંભાળ, પોષણ તેમજ તેમને પોષણની વાતમાં શિક્ષિત કરવા માટેના કાર્યક્રમો ચલાવવામાં આવશે.

રાજય ૧૪ વર્ષની ઉંમર સુધીના બાળકો માટે નિ:શુલ્ક અને ફરજીયાત શિક્ષણ માટે યોગ્ય ઉપાય કરશે અને રાષ્ટ્રિય સાધનોની પ્રાપ્યતા અનુસાર આ કાર્ય માટે સમયબધ્ધ કાર્યક્રમ ચલાવવામાં આવશે.

જે બાળકો ઔપચારિક શાળા શિક્ષણનો લાભ ઉઠાવી શકવાની સ્થિતિમાં ન હોય તેમની જરૂરિયાતોને અનુરૂપ શિક્ષણની અન્ય રીતો ઉપલબ્ધ કરાવવી જોઇએ.

શાળાઓ, સામુહિક કેન્દ્રો અને આવી જ અન્ય સંસ્થાઓમાં શારીરિક સ્વાસ્થય, શિક્ષણ રમતગમત અને અન્ય મનોરંજક તથા સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવામાં આવશે.

તકોની સમાનતા સુનિશ્ચિત કરવા માટે નબળા વર્ગો જેવા કે અનુસૂચિત જનજાતિઓના બાળકો ગામો અને શહેરોમાં આર્થિક રીતે નબળા વર્ગોને વિશેષ મદદ આપવામાં આવશે.

વિષમ સામાજિક પરિસ્થિતિઓમાં ગુનેગાર બનેલ, ભીખારી બનવાને મજબુર અને અન્ય તકલીફો વચ્ચે જીવન ગુજારી રહેલ બાળકોના શિક્ષણ તાલીમ અને પુનર્વસવાટ કરવામાં આવશે અને દેશના ઉપયોગી નાગરિક બનવા માટે તેમને મદદ કરવામાં આવશે.

બાળકોને ઉપેક્ષા કરતાં અને શોષણથી બચાવવા માટે સુરક્ષિત કરવામાં આવશે.

ચૌદ વર્ષથી ઓછી ઉંમરના બાળકો જોખમી કામોમાં જોડવાની રજા આપવામાં આવશે નહિ કે તેમની પાસે ભારેકામ કરાવવામાં આવશે નહિ.

શારીરિક અને વિકલાંગ, સંવેદનાની રીતે ઉદ્દેશ પામેલ અને મંદ બુદ્ધિનાં બાળકો માટે ખાસ સારવાર, શિક્ષણ પુનર્વસવાટ અને દેખરેખની વ્યવસ્થા કરવામાં આવશે.

આફતો અને રાષ્ટ્રીય કટોકટીના પ્રસંગે રાહત સહાય આપવામાં બાળકોને પ્રાથમિક આપવામાં આવશે.

અત્યંત પ્રતિભાશાળી બાળકો, ખાસકરીને નબળા વર્ગોના આવા બાળકોની માહિતી મેળવીને, પ્રોત્સાહન આપવાની અને તેમની મદદ કરવા માટેના ખાસ કાર્યક્રમો ચલાવવામાં આવશે.

વર્તમાન કાયદાઓમાં સુધારા-વધારા કરવામાં આવશે કે જેથી તમામ પ્રકારની કાયદાકીય તકરારોનાં ભલે તે માતા પિતા વચ્ચે હોય કે સંસ્થાઓ વચ્ચે હોય, બાળકોના હિત પર સૌથી વિશેષ ધ્યાન આપવામાં આવશે.

બાળકો માટે વિવિધ સેવાઓના આયોજનમાં કૌટુંબિક સંબંધોને મજબુત બનાવવાની દિશામાં પ્રયત્ન કરવામાં આવશે. જેથી સામાન્ય કુટુંબ, આડોશ-પાડોશ અને સમુહના વાતાવરણમાં બાળકોની ક્ષમતાઓનો પૂર્ણ વિકાસ થઇ શકે.

### ૧૧.૩ કાર્યક્રમ બનાવવામાં પ્રાથમિકતા :

વિભિન્ન ક્ષેત્રોમાં કાર્યક્રમ બનાવવામાં આ ક્ષેત્રો સાથે સંલગ્ન કાર્યક્રમોને પ્રાથમિકતા આપવામાં આવશે.

(અ) બાળકોના સ્વાસ્થ્ય સાથે સંલગ્ન, રોગનિવારણ અને બહેતર સ્વાસ્થ્ય ઉપાયોને પ્રોત્સાહિત કરવા.

(બ) શાળાએ જવાનું શરૂ થતાં પહેલાં બાળકો અને શિશુઓમાં પોષણની સાથે સગર્ભા મહિલાઓ અને સ્તનપાન કરાવનાર માતાઓના પોષણનો કાર્યક્રમ

(ક) અનાથ બાળકોની સારસંભાળ, શિક્ષણ અને તાલીમની વ્યવસ્થા

(ડ) અનાથ બાળકો માટે સારસંભાળ માટે ઘોડિયાઘર તથા અન્ય સવલતો

(ઇ) વિકલાંગ બાળકો માટે સારસંભાળ, શિક્ષણ, તાલીમ અને પુનર્વસવાટની વ્યવસ્થા

### ૧૧.૪ રાષ્ટ્રિય બાળ મંડળની રચના

પાછલા બે દસકાઓમાં આપણે ઉપરોકત બાળકોમાં સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં ઘણી પ્રગતિ કરેલ છે. સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને કલ્યાણ

પ્રવૃત્તિઓનો નોંધપાત્ર વિસાતર થયો છે. જીવન ધોરણ ઉંચુ બન્યું છે ત્યાં આડકતરી રીતે કેટલાંક અંશે બાળકોની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ થયેલ છે, પરંતુ તમામ કામ માટે એવું કેન્દ્ર બિંદુ અને મંચ હોવો જરૂરી છે જેનાં માધ્યમથી બાળકોની જરૂરિયાતો પુરી કરવામાં જોડાયેલ વિભિન્ન સેવાઓનું નિયોજન, સમીક્ષા અને સમથળ લઇ શકે. એવું જ કેન્દ્ર બિંદુ ઉપલબ્ધ કરાવવા તથા વિભિન્ન સ્તરો પર તમામ આવશ્યક સેવાઓનું નિરંતર નિયોજન, સમીક્ષા અને સમન્વય સુનિશ્ચિત કરવા માટે રાષ્ટ્રીય બાળ મંડળ રચવામાં આવશે. રાજયસ્તરે પણ આવા વિવિધ મંડળો બનાવી શકાય છે.

### ૧૧.૫ સ્વયં સેવક સંગઠનોની ભૂમિકા :

સરકાર એવો પ્રયત્ન કરશે કે જેથી બાળ કલ્યાણ કાર્યક્રમો માટે પુરતા સાધનો જોડાય અને યોગ્ય યોજનાઓ બનાવવામાં આવે તેની પોતાની મેળે અથવા સરકારી મદદથી શિક્ષણ-સ્વાસ્થ્ય, મનોરંજન અને સામાજિક કલ્યાણ સેવાઓના વિકાસની તક મળતી રહે. ભારતમાં સ્વયંસેવી કાર્યની પરંપરા રહી છે. રાજ્યનો પ્રયાસ તથા સ્વયંસેવી પ્રયાસ એક-બીજાના પૂરક બની શકે. બાળ-કલ્યાણ કાર્યક્રમોને ઉત્તેજન આપવા માટે તેના વિકાસ માટે સ્વયંસેવી સંગઠનો, ટ્રસ્ટો, કલ્યાણકારી તથા ધાર્મિક સંસ્થાઓના સંસાધનોનો દરેક રીતે ઉપયોગ કરવામાં આવશે.

### ૧૧.૬ વૈધાનિક અને વહીવટી ઉપાય

આ ઉદ્દેશોની પૂર્તિ માટે રાજ્ય જરૂરી વૈધાનિક તથા વહીવટી સહાય ઉપલબ્ધ કરાવશે વિસ્તારવામાં આવી રહેલ કાર્યક્રમોની જરૂરિયાતો પુરી કરવા તથા સેવાઓની કાર્યક્ષમતા વધારવા માટે સંશોધન કાર્ય તથા કાર્યકરોની તાલીમની સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે.

જનતાની ભાગીદારી

ભારત સરકારને એ વિધાન છે કે આ દસ્તાવેજમાં નિર્દિષ્ટ કરાયેલ જાતિને સમાજના તમામ વર્ગો તથા બાળકો માટે કાર્ય કરી રહેલ તમામ સંગઠનોનું સમર્થન અને સહયોગ મળશે આ ઉદ્દેશોની પૂર્તિ માટે પોતાની ભાગીદારી નિભાવવા માટે ભારત સરકાર પોતાના નાગરિકો અને સ્વયંસેવી સંગઠનોને અપીલ પણ કરે છે.[૫]

## ૧૨. નેશનલ એકશન પ્લાન ૧૯૯૨

### ૧૨.૧ પ્રસ્તાવના

બાળ અધિકારોમાં ખતપત્રનો સ્વીકાર કર્યો તેજ વર્ષે રાષ્ટ્રીય કક્ષાએ એક કાર્યસૂચિનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ખાસ કરીને મુશ્કેલી પરિસ્થિતિમાં બાળકો છે તેમના માટે ખાસ ઉદ્દેશ અને ધ્યેય નક્કી કરવામાં આવેલ હતા જેમ કે,

- મુશ્કેલ પરિસ્થિતિવાળા બાળકોને રક્ષણ આપી સુધાર કરવો.
- એક કે વધુ અશક્તિઓ હોય તેવા બાળકોને મદદ કરવી અને જે બાળકો સમાજથી અલીપ્ત થઇ ગયા હોય તેમને ઉપર લાવવા માટે યોગ્ય પુન:વસનની સેવાઓ પ્રાપ્ત કરાવવી.

ખાસ કરીને મુશ્કેલી પરિસ્થિતીમાં હોય તેવા બાળકોને રક્ષણ પુરું પાડવું અને આવી પરિસ્થિતિ માટેના જવાબદાર કારણો શોધવા અને નિકાલ કરવો આ કક્ષામાં નીચે મુજબના બાળકોમાં સમાવેશ થાય છે.

શારીરિક અપંગ, માનસિક અપંગ, નશીલી દવાની કુટવવાળા, કુદરત કે માનવ સર્જીત હોનારતમાં ભોગ બનેલા બાળકો, નિરાશ્રીત બાળકો, ગંદા વસવાટમાં રહેતા અને સ્થળાંતર કરીને આવેલા બાળકો, અનાથ અને એઇડ્સવાળા બાળકો, વેશ્યાઓના બાળકો, બાળ વેશ્યાઓ, અપરાધી બાળકો અને બાળમજૂરો.

---

[૫] એ. એન. કારીયા, બાળકોના માનવ અધિકારો, અશ્વિની આર્ટસ પ્રા. લી., ગોધરા,૧૯૯૯, પૃ. ૨૯.

વિવિધ કક્ષાના બાળકોમાં મુશ્કેલ પરિસ્થિતિઓમાં બાળ મજૂરો અને અપંગ બાળકો માટે વિશિષ્ટ પ્રવૃત્તિઓ અને વ્યુહરચનાઓ ઘડવામાં આવશે.

**૧૨.૨ ૧૯૯૧-૨૦૦૦ દરમ્યાન સ્ત્રી બાળકો માટે 'સાર્ક' એકશન પ્લાનઃ**

માલીમાં ૧૯૯૦ દરમ્યાન સાર્ક રાષ્ટ્રોની સમિતિ મળી હતી જેમાં ભારત સરકારે સાર્ક દસકા માટે સ્ત્રી બાળકો માટે અલગ આયોજન રજુ કરેલ હતું જેના ઉદ્દેશ નીચે મુજબ હતા.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સ્ત્રી, બાળકોને તેમજ શારિરીક અને માનસિક રીતે નબળા સ્ત્રી બાળકોને, કુદરતી હોનારત કે માનવસર્જીત હોનારતના લીધે તેમની મુશ્કેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઇને આર્થિક અને સામાજિક રીતે હોવાથી ખાસ રક્ષણ પુરુ પાડવાનો ઉદ્દેશ હતો.

## ૧૩. નેશનલ ચાઇલ્સ લેબર પોલીસી - ૧૯૮૭

### ૧૩.૧ પ્રસ્તાવના

ઓગષ્ટ ૧૯૮૭માં નેશનલ ચાલ્ડિ લેબર પોલિસી સ્વીકારવામાં આવેલ હતી જેમાં બાળકો તેમનું તેમજ તેમના કુટુંબનું ગુજરાન ચલાવવા માટે નિયમીત અથવા સતત રીતે ફરજીયાત પણે કામમાં જોડાયેલ હોય છે. આ નિતીમાં સ્વૈચ્છિક સંખ્યાઓને અનૌપચારિક શિક્ષણ વ્યવસાયિક તાલીમ, આરોગ્ય વિષયક જોગવાઇ, પોષણયુકત ખોરાક અને શિક્ષણની બાબતમાં પ્રવૃત્તિમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે તેવી જોગવાઇ હતી. આ પોલીસી

### ૧૩.૨ ધારાકીય યોજના (Legislative Action Plan)

(૧) ચાઇલ્ડ લેબર (Prohibition & Rgulasion) એક્ટ, ૧૯૮૬માં જોખમી વ્યવસાયની યાદી આપેલ છે. તે ઉપરાંત કેન્દ્ર સરકારને સલાહ આપવા માટે "ચાઇલ્ડ લેબર ટેકનીકલ એડવાઇઝરી કમિટી" રચવામાં આવી હતી.

આ યોજનામાં કડક પણે ધારાકીય જોગવાઇઓનું અમલ ઉપર ભાર મુકવામાં આવેલ હતો.

(૨) બાળ મજૂરોમાં સામાન્ય વિકાસ માટે શકય હોય ત્યાં ધ્યાન આપવું.

- ઔપચારિક અથવા બિન ઔપચારિક શિક્ષણ પધ્ધતિ ધ્વારા સારૂ અને અસરકારક ઉપયોગ કરી શકાય તેવું શિક્ષણ આપવું.
- બાળ મજૂરોમાં આરોગ્યની સ્થિતિ સુધારવી.
- બાળકનાં સર્વાંગી વિકાસ માટે પોષણત્તમ ખોરાકની યોજનાની જોગવાઇ.
- ગરીબી વિરોધી કાર્યક્રમોનો અમલ કરવો.

(૩) જયાં બાળ મજૂરોનું કેન્દ્રીકરણ થયેલ છે તેવા વિસ્તારો માટે 'પ્રોજેકટ બેઝ એકશન પ્લાન'

આ કાર્યક્રમની વ્યુહરચનામાં નીચે મુજબના ચાવીરૂપ તત્વો સાથે કાર્યક્રમનો અમલ કરવાનું આયોજન છે.

- બાળ મજૂરી વિરોધી કાયદાનાં અમલ માટે પગલા લેવા.
- બાળ મજૂરોના માતા-પિતાને રોજગાર પૂરો પાડવો.
- ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણનો વ્યાપ વધારવો.
- શાળામાં દાખલ કરવા પ્રોત્સાહન
- લોક જાગૃતિ કેળવવી - વધારવી.

### ૧૩.૩ મોજણી અને મૂલ્યાંકન.

મુશ્કેલ પરિસ્થિતિવાળાં બાળકોના પ્રશ્નો કાર્યક્રમોની દરમ્યાનગીરી કરતા કાયદા ધ્વારા વધુ સારી રીતે દુર કરી શકાય છે. આ ઉપરાંત કાર્યક્રમોની દરમ્યાનગીરીમાં રાજ્યનું ન્યાયધીકાર ક્ષેત્ર રહેવું જરૂરી છે.

### ૧૪. નેશનલ ચાઇલ્ડ પ્રોજેકટ

૧૯૮૭ માં જાહેર કરવામાં નેશનલે ચાઇલ્ડ લેબર પોલીસીના ભાગ રૂપે ૧૯૯૮માં આ પ્રોજેકટ શરૂ કરવામાં આવેલ હતો. આ પ્રોજેકટ ચોક્કસ વિસ્તાર માટે સમય મર્યાદા સાથે સરકારી અને બિનસરકારી સંસ્થાઓ અને સામૂહિક સમાજની સહભાગીદારીથી ઐકિકરણની રીતે, કામ ઉપરથી બાળકોને પરત લઇ તેમના પુન: સેસ્થાપન માટે અને બીજા બાળકોને મજૂરીમાં આવતા અટકાવવા અને પુન: સંસ્થાપનની સગવડોનો વિસ્તાર વધારવાનો હતો.

સને ૧૯૯૯-૨૦૦૦ દરમ્યાન ૯૧ આવા પ્રોજેકટસ ૧૦ રાજયો માટે મંજૂર કરવામાં આવેલ હતા જેમાં ૧.૪૭ ટકા બાળ મજૂરોને આવરી લેવામાં આવેલ હતા. રાજયમાં સમાવેશ કરેલ બાળ મજૂરની ટકાવારી :

- આંધ્રપ્રદેશ ૩.૦૪
- બિહાર ૧.૧૯
- તામિલનાડુ ૨.૯૪
- મધ્યપ્રદેશ ૦૩૨૮
- કર્ણાટક ૦.૨૦
- ઓરિસ્સા ૬.૯૫
- મહારાષ્ટ્ર ૦.૩૦

- વેસ્ટ બંગાળ ૧.૬૩
- રાજસ્થાન ૦.૩૯
- કુલ ૧૦ રાજ્યનો ૧.૪૭
- ઉત્તર પ્રદેશ ૦.૮૩
- ભારતનાં કુલ ૧.૨૯

કુલ બાળ મજૂરોમાંથી ૧.૨૮ ટકા બાળ મજૂરોને આ પ્રોજેકટમાં આવરી લેવામાં આવેલ હતા. બીજી રીતે કહીએ તો દેશના કુલ બાળ મજૂરોનાં ૧.૨૮ ટકા બાળ મજૂરોને આ પ્રોજેકટસમાં આવરી લેવામાં આવેલ હતા. સને ૧૯૯૬થી બહુ જ નજીવા દરે રાષ્ટ્રીય કક્ષાએ પ્રોજેકટમાં બાળ મજૂરોને આવરી શકાયા છે. અને ૧૯૯૬માં ૦.૯૩ ટકા તેમાંથી સને ૧૯૯૯-૨૦૦૦ સુધીમાં ૧.૨૮ ટકા બાળ મજૂરોને જ આવરી શકાયા છે.[૬]

## ૧૫. બાળ મજૂરી દૂર કરવા માટેની રાષ્ટ્રીય સત્તામંડળ, ૧૯૯૪

(નેશનલ ઓથોરીટી ફોર એલીમીનેશન ઓફ ચાઇલ્ડ લેબર - ૧૯૯૪)

### ૧૫.૧ પ્રસ્તાવના

બંધારણીય આદેશના પાલન માટે ૧૫ મી ઓગષ્ટ, ૧૯૯૪ ના રોજ એક મુખ્ય જાહેરાત કરવામાં આવેલ કે જે બાળ મજૂરો જોખમી વ્યવસાયમાં કામ કરી રહ્યા તેમને ત્યાંથી દૂર કરી ખાસ નિશાળો દ્વારા પુનઃ સંસ્થાપાન કરવું જરૂરી છે. આ માટે એક ઉચ્ચ કક્ષાની સમિતિ તરીકે ધ નેશનલ ઓથોરીટી ફોર એલીમીનેશ ઓફ ચાઇલ્ડ લેબર ૨૬ સપ્ટેમ્બર ૧૯૯૪માં કેન્દ્રિય શ્રમ મંત્રીના વડપણ નીચે

[૬] www.labour.nic.in

સ્થાપવામાં આવેલ હતી. જેમાં માહિતી અને પ્રસારણ, સામાજિક ન્યાય અને અધિકારીતા, ગ્રામીણ વિકાસ, કાપડ ઉધોગ, શિક્ષણ, આરોગ્ય, કુટુંબ કલ્યાણ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રીઓ અને વિવિધ વિભાગ આ સમિતિના સભ્યો હતા.

આ સમિતિએ રાજ્યકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ મંત્રાલયો અને વિભાગો કે જે બાળકોને લગતાં કાર્યક્રમનો સાથે સંકળાયેલ હોય, અને સેવાઓ આપે તેમની સાથે કાર્યક્રમો કર્યા હતા. આ સમિતિનો હેતુ વિવિધ મંત્રાલયો અને વિભાગો દ્વારા બાળમજૂરી નાબુદ કરવાના જે કાર્યક્રમો કરવામાં આવે છે, તેમની સાથે સંકલન કરીને સારી સેવાઓ પુરી પાડી જોખમી પ્રક્રિયામાં કામ કરતાં બાળ મજૂરોને ત્યાંથી દૂર કરવાનો હતો.

**૧૫.૨ સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન :**

બાળકોના કલ્યાણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ જે ખર્ચ કરેલ હોય તેના ૭૫ ટકા રકમ અનુદાનમાં આપવાની યોજના હતી. જેમાં અનૌપચારિક શિક્ષણ, પૂરક આરોગ્યપ્રદ આહાર, આરોગ્ય જતન અને વ્યવસાયિક કુશળતા તાલીમનો પણ સમાવેશ અને ૧૯૯૮-૯૯ દરમ્યાન ૮૩ સ્વૈચ્છિક સંસ્થાઓને આ યોજના માટે સહાય આપવામાં આવેલ હતું.

બાળ મજૂર કક્ષને મજબૂત બનાવવો.

બાળ મજૂરી અટકાવવી અને નાબુદ કરવા માટે અસરકારક તંત્ર વ્યવસ્થા હોવી જરૂરી છે. આ જરૂરીયાતને પહોંચી વળવા માટે યુનિસેફ અને ભારત સરકારના સહયોગી વી.વી.ગીરી નેશનલ લેબર ઇન્સ્ટીટયુટમાં, ૧૯૯૦માં નિતી ઘડવા માટે અને કાર્યક્રમોનાં ટેકા બાળમજૂર કક્ષ (Child labour cell) ની સ્થાપના કરવામાં આવેલ હતી. આ બાળમજૂર કક્ષને માર્ચ ૧૯૯૩માં “નેશન

રીસોર્સ સેન્ટર ઓફ ચાઇલ્ડ લેબર" તરીકેનું સ્થાન સ્થાપવામાં આવેલ હતું. બાળમજૂર કક્ષને મજબૂત બનાવવા માટે અલગ ફંડ ફાળવવામાં આવે છે.

## ૧૫.૩ બાળ મજૂરીની નાબૂદી માટે આંતર રાષ્ટ્રીય કાર્યક્રમ : [૭]

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન (ILO) ધ્વારા ડીસેમ્બર, ૧૯૯૧માં એક કાર્યક્રમ બનાવવામાં આવેલ હતો ભારત પહેલો દેશ હતો કે જેને ૧૯૯૨માં મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડીંગ (સમજૂતીપત્ર) માં સહી કરેલી હતી.

આ કાર્યક્રમ અમલ માટે લાંબાગાળાના હેતુઓ માટે ફાળો આપવાની જવાબદારી IPEC ની હતી ૧૯૯૩માં IPEC એ વાસ્તવિક રીતે કાર્યક્ષેત્રમાં અમલી થયું હતું. બીજા તબક્કામાં એવી વ્યુહ રચના નક્કી કરવામાં આવેલ હતી કે લાંબા અને સાતત્ય જાળવી શકે તેવા કાર્યક્રમો નિયત જિલ્લામાં સમગ્રપણે કરવાનાં હતા.

આમ ભારત સરકારનું નેશનલ આઇલ્ડ લેબર પ્રોજેકટ (રાષ્ટ્રીય બાળમજૂર યોજના) આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાન (ILO)નું અંતરીયાળ વિસ્તારમાં પહોંચવા માટેનું એક વાહન બની ગયું છે. (વાર્ષિક અહેવાલ શ્રમ મંત્રાલય, ૧૯૯-૨૦૦૦)

સને ૧૯૯૨-૯૯થી દરમ્યાન IPEC દ્વારા ભારત દેશને ૬.૯ મિલિયન અમેરિકન ડોલર (૬૯૦ લાખ) અંદાજપત્રમાંથી ફાળવવામાં આવેલ હતા. ILO-IPEC ની આ યોજનાની મદદ બીન સરકારી સંગઠનોને સીધી રીતે મળે છે.

સને ૧૯૯૨-૯૯ દરમ્યાન સમગ્રપણે ૧૫૪ અસરકારક કાર્યક્રમો દ્વારા આ યોજનામાં કુલ ૯૦૫૭૪ બાળકોને આવરી લેવામાં આવેલ હતા.

---

[૭] www.ilo.org

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના કાર્યક્રમો અને યોજનાઓ :**

સેન્ટ્રલ એડોપ્શન રીસોર્સ એજન્સી દ્વારા આ યોજના અન્વયે ૮૨ રાષ્ટ્રિય સંસ્થાઓ અને ૨૮૬ વિદેશી સંસ્થાઓને આંતરરાષ્ટ્રીય દત્તક વિધાન માટે માન્યતાઓ આપવામાં આવેલ છે.

આ યોજનામાં ૬ વર્ષની વય ધરાવતાં બાળકોનું દત્તક વિધાન ન થાય ત્યાં સુધી સંસ્થાકીય સારવાર આપવા માટે શિશુગૃહ સ્થાપવા માટે સને ૧૯૯૨-૯૩માં અનુદાન આપવાનું અમલમાં છે સને ૧૯૯૬સુધીમાં ૬૬ (છાસઠ) આવા ગૃહોને આર્થિક સહાય આપવામાં આવેલ છે જે ગૃહના ખર્ચના ૯૦ ટકા સુધીની સહાય હોય છે. કિશોરોનો સામાજીક ખોટી સંગત અટકાવવા અને અંકુશમાં રાખવાની યોજના સને ૧૯૮૬-૮૭થી સામાજીક રીતે ખોટી સોબત સંગતમાં આવી ગયેલા કિશોરની વ્યવસ્થા માટે જુવેનાઇલ જસ્ટીસ એકટ ૧૯૮૬નાં અસરકારક અમલ માટે, રાજ્યો અને કેન્દ્ર અનુશાસિત પ્રદેશોમાં અન્વેષણગૃહો, કિશોરગૃહો અને બીજા અસ્તિત્વમાં હોય તેવા ગૃહોને અદ્યતન કરવા માટે કેન્દ્ર સરકારની મદદ મળે છે આ યોજના અન્વયે ૨૮૦ અન્વેક્ષણગૃહો ૨૫૧ બાળગૃહો, ૩૬ ખાસગૃહો (વિશિષ્ટ ગૃહો) અને ૪૬ ઉત્તર સંભાળ સંસ્થાઓની સ્થાપના કરવામાં આવેલ હતી.

આ યોજનાઓ અન્વયે રૂ. ૧૮.૦૮ લાખ અન્વેક્ષણ ગૃહ માટે, રૂ. ૨૦.૦૦ લાખ બાળગૃહો ખાસ ગૃહો માટે આપવામાં આવેલ હતા. આ યોજનામાં એક અંકેવાસી અને પથારી માટે રૂ. ૧૦૦ પ્રતિવર્ષ આપવામાં આવે છે. આ રકમ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ધ્વારા ૫૦ : ૫૦ ના પ્રમાણથી ફાળવવામાં આવે છે.

**૧૫.૪ શેરીના બાળકો માટે સંકલિત કાર્યક્રમ :**

ગેરલાભ થતો હોય તેવા વર્ગમાં શેરીનાં બાળકોનું પ્રમાણ વધુ હોય છે. આ કાર્યક્રમ જરૂરતમંદ બાળકોને શેરીની રખડતી જીંદગીથી દૂર કરીને યોગ્ય સગવડતા

આપવાના ધ્યેયથી સને ૧૯૯૨થી શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમના લાભાર્થી તરીકે ઘર અને કુટુંબ વગરનાં બાળકો છે કે જેમનો મહ્દઅંશે દુરુપયોગ અને શોષણ કરવામાં આવતું હોય છે. આમાં વેશ્યાઓના બાળકો અને ફૂટપાથ પરના બાળકોનો સમાવેશ થાય છે.

### ૧૫.૫ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોને સેવા (સગવડતા) :

આ યોજના રાજ્યો અને કેન્દ્ર અનુશાસિત પ્રદેશોમાં કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોને સગવડતા આપવા માટે અનુદાનની સહાયથી ચલાવવામાં આવેલ છે. રાજ્ય માટે સ્વૈચ્છિક સંસ્થાને વિશિષ્ટ અનુદાનની સહાય આપવામાં આવે છે. જો કે આ યોજના માત્ર કાગળ ઉપર જ જોવા મળે છે અને ૧૯૯૪ પછી કોઇ ખર્ચ જ કરવામાં આવેલ નથી. (જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એકટ, ૨૦૦૦માં આવા બાળકોને લગતી જોગવાઇઓ કરવામાં આવેલ છે.

### ૧૫.૬ ચાઇલ્ડ લાઇન સેવા દાખલ કરવી.

ચાઇલ્ડ લાઇન ૨૪ કલાક મફત ફોન દ્વારા કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા બાળકોને પ્રત્યે પ્રતિભાવ આપવા માટે શરૂ કરવામાં આવેલ છે. આનું ધ્યેય બાળકોની આકસ્મિક / તાત્કાલિક સહાય માટે મદદરૂપ થવાનું છે જે કોઇપણ બાળક મુશ્કેલીમાં હોય, હતાશામાં હોય ત્યારે ફોન નં. ૧૦૯૮ કરીને સહાય મેળવી શકે છે આ ફોન મફત થાય છે. ચાઇલ્ડલાઇન પ્રયોગાત્મક ધોરણે ટાટા ઇન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સીસ મુંબઇ દ્વારા શરૂ કરવામાં તેની સફળતાના આધારે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા જુન ૨૦૦૨ સુધીમાં મુંબઇ, કલકત્તા, દિલ્હી, હૈદરાબાદ, નાગપુર, ચૈન્નઇ, ભોપાલ, પટણા, જયપુર, કોઇમ્બતુર, ગોવા, ભુવનેશ્વર, વારાણસી, ત્રિવેન્દ્રમ, અમદાવાદ, ભૂજ,

વડોદરા, કટક, કોચીન, લખનૌ, મેંગ્લોર, પુરી, પુના, શિલોગ, ત્રીચી, વિજયવાડા વગેરે શહેરોમાં ચાઇલ્ડ લાઇનની સેવા ઉપલબ્ધ છે.

### **૧૫.૭ ગુજરાત રાજ્યમાં ચાઇલ્ડ લાઇનની સેવા**

ગુજરાત રાજ્યમાં ચાઇલ્ડ લાઇનની સેવા અમદાવાદમાં ડીસેમ્બર ૨૦૦૦, વડોદરામાં ફેબ્રુઆરી ૨૦૦૧, કચ્છમાં ફેબ્રુઆરી ૨૦૦૧થી ઉપલબ્ધ છે.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ગુજરાતમાં આવેલ ભયંકર વિનાશકારી ભૂકંપમાં બાળકોની વિવિધ મુશ્કેલીઓના નિવારણ માટે ૧૯ ફેબ્રુઆરી ૨૦૦૧ ના રોજ ભૂજ જિલ્લાનાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર અંજાર, ભચાઉ, ભૂજ, ગાંધીધામ અને રાપરમાં ચાઇલ્ડ લાઇન સેવા ચાલુ કરવામાં આવેલ છે. તેમજ ગણતર, શેશવ, મારગ, સારસ્વતમ તેમજ ગ્રામ સ્વરાજ સંઘ સંસ્થા દ્વારા તે સંચાલિત છે જેની નોડલ એજન્સી "જનપથ" છે.

## **૧૬. રાષ્ટ્રીય બાળ શ્રમ નીતિ**

"રાષ્ટ્રીય બાળ શ્રમ નીતિ" (National Child Labour Policy) ની ઘોષણા સન - ૧૯૮૭માં કરવામાં આવેલ હતી. આ રાષ્ટ્રીય બાળશ્રમનિતી આધારિત રાષ્ટ્રીય બાળ મજૂરી પરિયોજના (National Child Labour Project) ની શરૂઆત સને ૧૯૮૮માં બાળશ્રમિકોના પૂન:વસન માટે કરવામાં આવેલ છે. પ્રારંભિક તબક્કામાં "બાળ મજદૂરી" ની તીવ્રતા ધરાવતા શોધી કઠાયેલ નવ જિલ્લાઓમાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. આ પરિયોજનાના ના ઉદ્દેશો જોઇએ તો.

- બાળશ્રમિકોને મજુરીમાંથી પરત ખેંચવા

- આવા બાળશ્રમિકોને વધુમાં વધુ ૩ વર્ષ માટે ખાસ શાળાઓમાં દાખલ કરવા.
- આ ખાસ શાળાઓમાં પ્રેરણાત્મક વાતાવરણ પુરું પાડવું.
- આ પ્રેરણાત્મક વાતાવરણ દ્વારા વૈધિક અને અવૈધિક શિક્ષણ પુરું પાડવું.
- વ્યવસાયલક્ષી શિક્ષણ પુરું પાડવું જેથી ભવિષ્યમાં તે પગભર થઇ શકે.
- મધ્યાહન ભોજન પુરું પાડવું.
- માસિક સ્ટાઇપેન્ડ આપવું.
- નિયમિત ધોરણે દર માસે તબીબી તપાસ કરાવવી.

## ૧૭. નેશનલ ચાઇલ્ડ લેબર પ્રોજેક્ટ[૯]

બાળકો આપણા સમાજનો મહત્વનો હિસ્સો છે. તેઓ આપણી મિલકત છે અને આપણું ભવિષ્ય છે. સમાજમાં બાળકોની સારસંભાળ અને ઉછેર કઇ રીતે થાય છે તેના પરથી જે તે દેશના આર્થિક અને સામાજિક વિકાસની કક્ષા નકકી થાય છે. બાળકનું કુદરતી સ્થાન શાળામાં અને રમતના મેદાનમાં છે. તેમ છતાં એવા મોટી સંખ્યામાં બાળકો મળી આવે છે કે જેમનો આનંદિત વિકાસ આ યોગ્ય સ્થાનને બદલે ગરીબી અને અજ્ઞાનતાના કારણે તેમના પરિવારની કૌટુંબિક આવકમાં પૂરક બનવાના બોજાથી લદાઇ ગયેલ છે. આવા મોટી સંખ્યામાં શાળાએ જતાં નથી તેવા બાળકોમાંથી આવા બાળકોને અલગ તારવીને “બાળશ્રમિક” તરીકે ઓળખવામાં આવે છે.

બાળકો શિક્ષણ મેળવે અને તેમના હિતોની રક્ષા થાય અને જીવન જીવવા માટે તેમણે મજુરી ન કરવી પડે તેવી જોગવાઇઓ બંધારણમાં હોવા છતાં કમનસીબે

---

[૯] www.indianembassy.nic.in

“બાળમજદૂરી” ની સમસ્યા સમગ્ર દેશમાં મોટા પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે. ગરીબી અને પૂરતા શિક્ષણનો અભાવ “બાળમજદૂરી”ના મુખ્ય કારણો હોવા ઉપરાંત કેટલાંક સામાજિક-આર્થિક પરિણામોને લીધે પણ આ સમસ્યાનો ફેલાવો થઇ રહ્યો છે.

આવી બહુપરિમાણીય સમસ્યાને ઓળખી “બાળમજદૂરી” ને દેશમાંથી તબક્કાવાર ઘટાડવા માટે કેન્દ્ર સરકારશ્રીએ એક વિવિધલક્ષી અને પવિત્ર કાર્યક્રમ ઘડી કાઢેલ છે. આ કાર્યક્રમનાં પ્રથમ તબક્કામાં જોખમી વ્યવસાય અને પ્રક્રિયાઓમાં રોકાયેલ બાલશ્રમિકોથી આ કાર્યક્રમની શરૂઆત થએલ છે. જે આગળ જતાં બિન જોખમી પ્રકારના તમામ વ્યવસાય અને પ્રક્રિયાઓમાં રોકાયેલા બાળશ્રમિકોને આવરી લેવામાં આવશે.

NCPL કાર્યક્રમની શરૂઆત દેશના નવ જિલ્લાથી થયેલ હતા. જેમાં ક્રમશ: પ્રગતિ કરતાં તેનો ફેલાવો થવા પામેલ છે અને આ કાર્યક્રમને ગતિ આપનાર મહત્વના પરિબળ તરીકે ના.સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ ઐતિહાસિક ચુકાદાને ગણાવી શકાય છે M.C.Mehta V/s. State of Tamilnadu ના કેસમાં આપવામાં આવેલ છે. આ ચુકાદામાં સર્વોચ્ચ અદાલતે ચોક્કસ લક્ષિત ધોરણે દેશમાંથી બાળ મજદૂરી ઘટાડવા માટે કેન્દ્ર અને રાજય સરકારોને અનેક સૂચનાઓ આપવામાં આવેલ છે.

સરકારે આ દિશામાં હકારાત્મક ધોરણે વિવિધ પ્રયાસો હાથ ધરેલ છે. શ્રમ મંત્રાલયની પ્રવૃત્તિઓ અને કુલ વાર્ષિક બજેટનો અડધો હિસ્સો મેળવતો બાળ મજદૂરી નાબુદી કાર્યક્રમ એ એકમાત્ર કાર્યક્રમ છે. ૧૦મી પંચવર્ષિય યોજના દરમ્યાન આ કાર્યક્રમનો અમલ દેશના ૧૦૦ જિલ્લાની સંખ્યાથી વધારીને ૨૫૦ જિલ્લામાં લાગુ પાડવામાં આવેલ છે તે પૈકી ગુજરાત રાજ્યમાં નવ જિલ્લામાં આ કાર્યક્રમનો અમલ હાલ ચાલી રહેલ છે.

જિલ્લાની સંખ્યા વધારવા ઉપરાંત કેન્દ્ર સરકારશ્રીએ આ કાર્યક્રમને અગ્રીમતા આપવાના પુરાવા રૂપે એક હરણફાળ ભરીને ૯મી પંચવર્ષિય યોજનામાં રૂ. ૧૭૮ કરોડની રકમની અંદાજપત્રિય ફાળનણી સામે ૧૦ મી પંચવર્ષિય યોજનામાં રૂ. ૬૦૨ કરોડની રકમની અંદાજ પત્રિય ફાળવણી કરવામાં આવેલ છે. તા.૧-૪-૦૭થી શરૂ થનાર ૧૧મી પંચવર્ષિય યોજનામાં સર્વે કરાવ્યાં બાદ સમગ્ર દેશમાં એક સમાન ધોરણે આ યોજનાનો અમલ શરૂ થશે.

## ૧૭.૧ NCLP Society

બાલ શ્રમિકો માટેની ખાસ શાળાઓનું સંચાલન કરનાર દ્વ.ઁ. માટેની માર્ગદર્શક સૂચનાઓ.

૧) બાળશ્રમિકોની ખાસ શાળાનો સમય બપોરે ૧૧ થી સાંજના ૪ સુધી અથવા ૧૨ થી ૫ સુધીનો રહેશે.

૨) શાળાના મકાનની બહાર શાળાના નામ તથા નંબરનું બોર્ડ લગાવવું પડશે.

૩) શાળામાં રાખવા જરૂરી રજીસ્ટર્સ : ૧) જનરલ રજીસ્ટર ૨) જન્મતારીખનું રજીસ્ટર ૩) શાળાનાં વિદ્યાર્થીઓનું હાજરીપત્રક (ધોરણ અનુસાર) ૪) કર્મચારીઓનું હાજરીપત્રક ૫) મધ્યાહન ભોજનનું રજીસ્ટર ૬) શારીરિક તપાસનું રજીસ્ટર ૭) નિરીક્ષણ રજીસ્ટર ૮) સ્ટોક રજીસ્ટર ૯) શિષ્યવૃત્તિ રજીસ્ટર ૧૦) મુલાકાતીઓનું રજીસ્ટર (વિઝિટ બુક)

૪) સ્ટાઇપેન્ડ : દરેક મહિનાના ૨૦ દિવસ ને ૮૦ ટકા હાજરીમાંની ને ૨૦ દિવસ હાજર રહેનાર વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦-૦૦ માસિક સ્ટાઇપેન્ડ આપવામાં આવશે. અને ૮ દિવસ થી ઓછી હાજરીવાળા વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ આપવામાં આવશે નહી.

૫) મધ્યાહન ભોજન : દરરોજ દરેક વિદ્યાર્થીએક દિવસના રૂ.૫ લેખે પૌષ્ટિક આરોગ્યપ્રદ અને તાજો નાસ્તો આપવાનો રહેશે.

૬) શાળાના કામકાજના દિવસો : દરેક મહિનાના દર રવિવાર તથા જાહેર રજાના દિવસે શાળામાં રજા રહેશે અને તે સિવાય જે પ્રમાણે શાળાનો સમય નિયત કરવામાં આવેલ છે તે અનુસાર શાળા ચાલુ રહેશે.

૭) શૈક્ષણિક શિક્ષણની લધુત્તમ યોગ્યતા : ઉચ્ચત્તર માધ્યમિની પરીક્ષા પાસ, વ્યવસાયિક શિક્ષક - આઇ.ટી.આઇ. પોલીટેકનીક અથવા અન્ય કોઇ સક્ષમ સંસ્થામાંથી લાયકાત મેળવેલ, કલાર્ક કમ એકાઉન્ટન્ટ - ધો.૧૨ મું વાણિજ્ય પ્રવાહ પાસ, (કોમર્સ સ્નાતકને અગ્રતા) પ્યુન કમ હેલ્પર - જે જમવાનું બનાવવામાં જાણકાર હોય, આ તમામને તેમની યોગ્યતા પ્રમાણે હંગામી ધોરણે સંસ્થાએ નોકરી પર રાખવાનાં રહેશે. તેમજ જ્યારે સંસ્થાએ તેઓને છુટા કરવા હશે ત્યારે તેમને અગાઉથી કોઇપણ નોટિસ આપ્યા વગર છુટા કરી શકાશે. સંબંધિત સંસ્થા/સંગઠને જો કોઇપણ માનદ વેતનવાળા આ કર્મચારીને નોકરીમાંથી છુટા કરવા હોય તો NCPL સોસાયટીને જાણ કરવી જરૂરી છે. અપવાદરૂપ કિસ્સામાં NCPL સોસાયટીની પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે.

આ ખાસ શાળાના કર્મચારીઓની ભરતી સંબંધે દરેક NGO જરૂરી પારદર્શકતા જાળવશે અને તેઓની નિમણૂંકનું અનુમોદન NCPL સોસાયટી પાસેથી મેળવી લેવાનું રહેશે.

૮) દરેક શાળામાં બે શિક્ષણિક શિક્ષક, એક વ્યવસાયિક શિક્ષક, એક કલાર્ક - કમ - એકાઉન્ટન્ટ, તથા એક પ્યુન-કમ-હેલ્પર રાખવામાં આવશે. આ તમામ કર્મચારીઓએ બજાવવાની ફરજોનું વર્ણન કરી સંસ્થાએ નિમણૂંક હુકમ આપવાનો રહશે. જેની નકલ NCPL સોસાયટીને આપવાની રહેશે.

૯) શૈક્ષણિક શિક તથા વ્યવસાયિક શિક્ષકનો પગાર રૂ. ૧૫૦૦/- માસિક, કલાર્ક-કમ-એકાઉન્ટન્ટને રૂ. ૧૪૦૦/- માસિક, પ્યુન-કમ-હેલ્પર ને માસિક રૂ. ૮૦૦/- માનદવેતન સ્વરૂપે આપવામાં આવશે. આ કર્મચારીઓને NGO એ પોતાની સંસ્થાના ઓળખપત્ર આપવાના રહેશે.

૧૦) દર મહિને શાળામાં ખર્ચ થવા યોગ્ય મહત્તમ રકમ નીચે મુજબ છે.

૧) મધ્યાહન ભોજન :

પ્રતિદિન દરેક વિદ્યાર્થીને રૂ. ૫/-ના દરથી  શાળાના કામકાજના ૨૬ દિવસો અનુસાર ૬૫૦૦-૦૦

૨) વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ

પ્રતિ માસ દરેક બાળકને રૂ. ૧૦૦/-ના દરથી

૫૦ટ૧૦૦, શાળાના કામકાજના ૨૬ દિવસો અનુસાર

૬૫૦૦-૦૦

૩) શાળાના આકસ્મિક ખર્ચ માટે વાર્ષિક રકમ રૂ.૩૩૩.૦૦ માસિક પ્રમાણે ૩૩૩.૦૦

૪) વ્યવસાયિક તાલીમની સામગ્રી માટે વાર્ષિક રકમ રૂ. ૪૧૬-૦૦ માસિક પ્રમાણે૪૧૬-૦૦

૫) શૈક્ષણિક સામગ્રી માટે વાર્ષિક રકમ રૂ. ૪૧૬ માસિક પ્રમાણે ૪૧૬-૦૦

૬) માનદ વેતન

શૈક્ષણિક શિક્ષક - ૨ દરેક મહિને ૧૫૦૦ ટ ૨    ૩૦૦૦.૦૦

વ્યવસાયિક શિક્ષક - ૧ દરેક મહિને ૧૫૦૦ ટ ૧ ૧૫૦૦.૦૦

કલાર્ક-કમ-એકાઉન્ટન્ટ - ૧ દરેક મહિને ૧૪૦૦ ટ ૧
૧૪૦૦.૦૦

પ્યુન-કમ-હેલ્પર-૧ દરેક મહિને ૮૦૦ ટ ૧ ૮૦૦.૦૦

૭) મકાનભાડુ, લાઇટબીલ, પાણી અને ટેક્ષ સહિત ૧૦૦૦.૦૦

દર માસે મળવાપાત્ર મહત્તમ રકમ ૨૦,૩૬૫.૦૦

૧૧) શિક્ષણ : દરેક શાળામાં દરેક બાલશ્રમિકને મહત્તમ ૩ વર્ષ સુધી જ શિક્ષણ આપવાનું છે તથા ૩ વર્ષ પછી તેમને નિયમિત શાળામાં દાખલ કરવાનાં રહેશે. આથી હાલમાં ક્રમશ: દરેક શાળામાં ત્રીજા ધોરણ, ચોથા ધોરણ તેમજ પાંચમાં ધોરણના સ્તરનું શિક્ષણ આપવાનું રહેશે.

૧૨) આ શાળામાં ૫૦ બાળશ્રમિકોને દાખલ કરવાના અને જાળવી રાખવાના રહેશે. આ બાળશ્રમિકોને શાળામાં પ્રવેશ આપતી વખતે પ્રવેશ ફોર્મ ભરાવવાનું રહેશે. આ બાળશ્રમિકો શાળામાં નિયમીત હાજર રહે તે માટે શાળાના પાંચેય કર્મચારીઓની વચ્ચે ૧૦-૧૦ બાળશ્રમિકોની વહેંચણી કરવાની રહેશે. આ કર્મચારીઓએ તેમને સોંપાયેલ ૧૦ બાળશ્રમિકોની શાળામાં નિયમીતતા જળવાઇ રહે, અભ્યાસમાં પ્રગતિ થાય તેમજ તેના સર્વાંગી વિકાસ પ્રત્યે જરૂરી નિરીક્ષણ રાખી તેના કુટુંબીજનો સાથે જીવંત સંપર્ક જાળવવાનો રહેશે. આ વહેંચણીની જાણ NCPL સોસાયટીને કરવાની રહેશે. દરેક શાળામાં એક વાલી સમિતિ બનાવવાની રહેશે અને તેની સાથે તેઓના અનુકુળ સમયે શાળાના ત્રણેય શિક્ષકોએ સંયુકત રીતે દર માસે નિયમીત પણે બેઠકો યોજવાની રહેશે.

૧૩) ઉંમર દરેક શાળામાં ફકત ૯ થી ૧૪ વર્ષના બાળકોને જ પ્રવેશ આપવામાં આવશે.

૧૪) વ્યવસાયિક તાલીમ : દરેક શાળામાં દરરોજ વ્યવસાયિક શિક્ષક ધ્વારા વ્યવસાયિક તાલીમ આપવાની રહેશે. જેથી જ્યારે પણ વિદ્યાર્થી ત્રણ વર્ષ પછી શાળા છોડીને જાય તો તે પોતાનાં ધંધા-રોજગારની શરૂઆત કરી અર્થોપાર્જન કરી શકે. તેમને વિવિધ રીતે તાલીમ આપવાની રહેશે. પ્રવર્તમાન સમયને અનુરૂપ બજારની માંગ ધ્યાનમાં રાખીને વ્યવસાયિક તાલીમ પણ આપવાની રહેશે.

૧૫) શારીરિક તપાસ : એન.જી.ઓ. ધ્વારા દર મહિને દરેક બાળકોના સ્વાસ્થયનું પરિક્ષણ કરાવવામાં આવશે તેમજ દરેક બાળકોનું તંદુરસ્તી માટેનું અલગ અલગ ‘હેલ્થ કાર્ડ’ પણ બનાવવાનું રહેશે.

૧૬) સ્ટાઇપેન્ડની ચૂકવણી : વિદ્યાર્થીઓને સ્ટાઇપેન્ડ રોકડ સ્વરૂપે આપવામાં નહી આવે પરંતુ શાળાની નજીક આવેલી રાષ્ટ્રીયકૃત બેંક અથવા પોસ્ટ ઓફીસમાં દરેક બાળકનું બચત ખાતું ખોલાવી અથવા તેના વાલીની સાથે સંયુકત ખાતું ખોલાવી તેમાં જમા કરાવવાનું રહેશે. તથા દરેક માસે પાસબુકમાં એન્ટ્રી કરાવી પાસબુક શાળામાં જ રાખવાની રહેશે. નિયમીત શાળામાં દાખલ થનાર વિદ્યાર્થીની પાસબુક તેમના માતા-પિતાને આપવાની રહેશે અને તેની જાણ સોસાયટીને પત્રક સ્વરૂપે કરવાની રહેશે.

૧૭) માસિક ખર્ચની ચૂકવણી : દરેક માસમાં થયેલ ખર્ચની પૂરતી ચકાસણી કર્યા બાદ જ એન.જી.ઓ.ના એક પ્રતિનિધિ તેમજ શાળાના મુખ્ય શિક્ષકની સંયુકત સહીની રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલાવેલ બચત ખાતાના માધ્યમથી થયેલ માસિક ખર્ચની રકમ ચૂકવવામાં આવશે.

૧૮) શાળાના કર્મચારીઓને માનદવેતન : માનદવેતન મેળવનાર શાળાના દરેક કર્મચારીઓનું શાળાની નજીકમાં આવેલ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતું ખોલાવીને તેના માધ્યમથી જ માનદવેતન ચૂકવવાનું રહેશે.

૧૯) NCPL સોસાયટીમાં રજુ કરવા પાત્ર ખર્ચની વિગતો : ૧) કર્મચારીઓના માનદવેતનની એડવાન્સ રસીદ ૨) મધ્યાહન ભોજન ખર્ચની વિગતો (નિયત પત્રકમાં) ૩) સ્ટાઇપેન્ડની વિગતો પત્રક સ્વરૂપે શાળાના સંચાલન માટે ખર્ચ કરવામાં આવેલા અસલ બિલો (વાઉચર્સ નંબર સહિત) શાળામાં સ્થળ પર રાખવાના રહેશે. જે જવાબદાર અધિકારી અથવા સરકારશ્રીના પ્રતિનિધિ મુલાકાત લે ત્યારે બતાવવાના રહેશે. દરેક વાઉચર ઉપર શાળાના મુખ્ય શિક્ષક તેમજ NGO ના પ્રતિનિધિની સહી અનિવાર્ય રહેશે. (FIELD OFFICER) ધ્વારા પ્રમાણિત હોવા જોઇએ.

(૨૦) (અ) આ MOU થવાના દિન-૧૫ની અંદર એન.જી.ઓ.ના પ્રતિનિધિ તેમજ શાળાના મુખ્ય શિક્ષકનું સંયુકત બચત ખાતું શાળાની નજીકની રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલાવી બેંકના એકાઉન્ટનો નંબર તેમજ બેંકનું નામ લખી NCPL સોસાયટી કાર્યાલયમાં આપવાનું રહેશે જેથી તેની ચકાસણી કર્યા બાદ તેમાં જે તે માસની મંજુર થયેલ રકમનું ચૂકવણું થઇ શકે.

(બ) MOU થયાના એક અઠવાડિયાની અંદર શાળાનું નામ, શાળાનો નંબર, શાળાનું પુરેપુરું સરનામું, તેમજ શાળા શરૂ થયાની તારીખ તથા શાળા સંબંધી સંપૂર્ણ વિગતો NCPL સોસાયટીના કાર્યાલયમાં આપવાની રહેશે.

(૨૧) માસિક-ત્રિમાસિક અને વાર્ષિક અહેવાલ તથા ઓડિટ સ્ટેટમેન્ટ : દરેક NGO એમાસિક-ત્રિમાસિક પત્રકો જે NCPL સોસાયટી ધ્વારા નિયત કરવામાં આવેલ છે, તેમાં માહિતી પૂરી પાડવાની રહેશે. તેઓની સંસ્થાનો વાર્ષિક અહેવાલ - જેમાં આ ખાસ શાળામાં સંચાલનનો વાર્ષિક અહેવાલ સામેલ હશે - તે સંબંધિત હિસાબી વર્ષ પુરું થયાના ત્રણ માસમાં રજુ કરવાની રહેશે. આ વાર્ષિક અહેવાલની સાથે ઓડિટરનું આ શાળાના સંચાલનને લગતું ઓડિટ સ્ટેટમેન્ટ પણ રજુ કરવાનું રહેશે.

૨૨) અત્રેથી આપવામાં આવતી વખતો વખતની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.[૯]

નોંધ : સંશોધક દ્વારા પંચમહાલ જિલ્લામાં એન.સી.એલ.પી. પ્રોજેકટ અંતર્ગત ચાલતી તમામ શાળાઓની પ્રત્યક્ષ મુલાકાત લેવામાં આવેલી જેમાં ગોધરા–૪, હાલોલ–૧, કાલોલ–૧, નદીસર–૧, લુણાવાડા–૧ અને સંતરામ પુરમાં ૧ સ્કુલ એમ કુલ ૯ સ્કુલો બાળ મજૂરો માટે ચાલી રહી છે.

મુલાકાત દરમિયાન નીચેની બાબતો ધ્યાનમાં આવેલી છે.

– દરેક શાળાઓ એન.જી.ઓ દ્વારા ચાલે છે.
– દરેક શાળામાં રેગ્યુલર હાજરીનો અભાવ જોવા મળે છે.
– ઘણી ખરી સ્કુલોમાં તેડાગર (લેવા મુકવા) દ્વારા વિદ્યાર્થીઓને લાવવમાાં આવે છે.
– મોટાભાગે એક જ રૂમમાં શાળા ચાલે છે.
– વિદ્યાર્થીઓના વાલી સાથે વાતચીતનો અભાવ જોવા મળે છે.
– વિદ્યાર્થીઓ દ્વારા વસ્તુઓ ખુબ જ સારી રીતે બનાવવામાં આવે છે.
– સંદર્ભસૂચિના અંતે ફોટોગ્રાફસમાં સ્કુલમાં અભ્યાસ કરતા બાળકો અને તેમના દ્વારા બનાવવામાં આવેલ વસ્તુઓ દર્શાવેલી છે.
– પરિશિષ્ટ–૨માં આવા વિદ્યાર્થીઓને સામાજિક અને આર્થિક સ્થિતિ દર્શાવતું મોજણી પત્રક ની ફોટોકોપી સામેલ છે.

[૯] લેબર ડીપાર્ટમેન્ટ, પંચમહાલ જિલ્લો, ગોધરા.

# પ્રકરણ—૬

# બાળ મજૂરીના સંદર્ભમાં ભારતની સુપ્રિમકોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા વિવિધ ચુકાદાઓ

**૧. પ્રસ્તાવના**

૨. સુપ્રિમ કોર્ટ ચુકાદા

૨.૧ ફ્રાન્સિસ મુલીન વિ. પ્રશાસક, કેન્દ્ર શાસિત વિસ્તાર દીલ્હી

૨.૨ ફર્ટીલાઇઝર કોર્પોરેશન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા

૨.૩ સલાલ હાઇડ્રોપ્રોજેકટ વિ. જમ્મુ એન્ડ કશ્મીર રાજ્ય

૨.૪ લક્ષ્મીકાંત વિ. યુનિયન ઓફ ઇન્ડીયા

૨.૫ પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઇટ્સ વિ. યુનિયન ઓફ ઇન્ડીયા

૨.૬ બંધુઆ મુક્તિ મોરચા વિ. ભારત સંઘ

૨.૭ મોહિની જૈન વિ. સ્ટેટ ઓફ કર્નાટક

૨.૮ જે.પી.ઉન્નીક્રિશ્નન વિ. સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ

૨.૯ એમ. સી. મહેતા વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ

**૩. ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ**

૩.૧ સત્યપાલ આનંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત

૩.૨ સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભુપેન્દ્રકુમાર જગજીવનદાસ પટેલ

૩.૩ મે.હરીયા જીંનીગ એન્ડ પ્રેસીંગ ફેકટરી વિ. મામલતદાર અને બીજાઓ.

# પ્રકરણ—૬

# બાળ મજૂરીના સંદર્ભમાં ભારતની સુપ્રિમકોર્ટ અને ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા વિવિધ ચુકાદાઓ

## ૧. પ્રસ્તાવના

આપણે ભારતદેશમાં લેખિત બંધારણનો સ્વીકાર કર્યો છે. તેના આમુખ મુજબ ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાની ખાતરી દરેક વ્યકિતને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર આપવામાં આવેલ છે. તેની પૂર્તતા કરવા માટે સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટસ દ્વારા બંધારણમાં વ્યકત ભાવના સુસંગત હોય એવા ચુકાદાઓ સમયાંતરે આપવામાં આવેલા છે. પ્રસ્તુત પ્રકરણમાં બાળમજૂરીના સંદર્ભે સુપ્રિમ કોર્ટ દ્વારા તેમજ સંશોધકનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજયનો પંચમહાલ જિલ્લો હોઈ ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓની વિસ્તૃત છણાવટ કરવામાં આવેલી છે.

## ૨. સુપ્રિમ કોર્ટ ચુકાદા

ભારતની સર્વોચ્ચ અદાલતે, વકીલ અને સામાજીક સુધારક એવા શ્રી એમ. સી. મહેતાએ ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૪નો ખુલ્લે આમ ભંગ થતો હોવાથી તામીલનાડુ રાજ્ય સામે કરેલ જાહેર હીતની અરજીની સુનાવણી દરમ્યાન અવલોકન કરતાં કહ્યું કે બાળપણ એ બાળકોના ઉછેર અને વિકાસ દ્વારા યોગ્ય ઘડતરનો સમય હોવાથી બંધારણન ભાવના મુજબ બાળકોને કારખાનાઓમાં નોકરી ન આપવી જોઇએ. આ મૂળભૂત બાબતને ધ્યાનમાં રાખી બંધારણના ઘડવૈયાઓએ બંધારણના ભાગ ૪ના અનુચ્છેદમાં રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતને અપનાવી ૧૪ વર્ષની વય પ્રાપ્ત કરે તેને મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ ૧૦ વર્ષમાં આપવાની, સ્પષ્ટત: વિધેયાત્મક જોગવાઇ કરવા જણાવ્યું હતું.

## ૨.૧ ફ્રાન્સિસ મુલીન વિ. પ્રશાસક, કેન્દ્ર શાસિત વિસ્તાર દીલ્હી[1]

આ કેસમાં સુપ્રિમ કોર્ટે અનુચ્છેદ ૨૧નું સ્પષ્ટીકરણ કરતાં ઠરાવેલ કે જે પ્રશ્ન ઉભો થાય છે તે એ છે જીવવનો અધિકાર ફકત તેના શરીર અને ભાનશાનના રક્ષણ પુરતો મર્યાદિત છ ? અમે માનીએ છીએ કે જીવનના અધિકારમાં માનવીય ગૌરવ-માન, સન્માન સાથે જીવન જીવવાનો અધિકાર તેમજ તેમાં પુરતો આહાર, રોટી, કપડાં તેમજ રહેઠાણ જેવી મૂળભૂત જરૂરિયાતો તેમજ વાંચવા લખવાની અને પોતાની શક્તિ બહાર લાવવાની સગવડોનો સમાવેશ થાય છે. બાકી તેમાં કઇ કઇ અને કેટલી બાબતોનો સમાવેશ થઇ શકે તેનો આધાર રાષ્ટ્રએ કરેલા આર્થિક વિકાસના પ્રમાણ પર રહેશે. કોઇપણ દ્દષ્ટિએ તેમાં જીવવની મૂળભૂત જરૂરિયાતો અને એક માનવી તરીકે કરવા પડતા અનિવાર્ય કાર્યો અને પ્રવૃત્તિઓના સમાવેશ પણ થવા જોઇએ.

## ૨.૨ ફર્ટીલાઇઝર કોર્પોરેશન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા[2]

આ કેસમાં સુપ્રિમ કોર્ટે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે લોકપાલ જે પ્રશ્ન અંગે સંસદ ઘણા લાંબા સમયથી કુસ્તી કરી રહેલ છે, તે સ્થપાઇ ત્યાં સુધી સત્તાના પરિસર પર ન્યાયાલય દ્વારા દેખરેખ રખાય તે જોવા સામાજિક ન્યાય પ્રત્યેનો વાસ્તવવાદી અભિગમ અનુચ્છેદ ૩૨ અને ૨૨૬ જેવી જોગવાઇઓ સહીતની બંધારણની જોગવાઇઓ સહીતનું અર્થઘટન કરવા ફરજ પાડે છે. બીજા શબ્દોમાં એવું કહી શકાય કે સર્વોચ્ચ અદાલત બાળકના જીવનના અધિકારી અને તેના ગૌરવ વિકાસ અને શિક્ષણના અધિકાર સાથેના અંતર્ગત સંબંધનો અમલ કરાવી શકે છે. ૧૪ વર્ષની વય સુધી શિક્ષણનો અધિકાર મફત અને ફરજીયાત છે. અને અનુચ્છેદ ૪૫, અનુચ્છેદ ૨૧નું એક પાસું હોવાથી આમુખ અને અનુચ્છેદ ૧૫(૩)

---
[1] એ.આઇ.આર. ૧૯૮૧ સુપ્રિમ કોર્ટ ૭૪૬
[2] એ.આઇ.આર.૧૯૮૧ સુપ્રિમ કોર્ટ ૩૪૪

અને (ઇ અને એફ)ની ઉચ્ચ ભાવનાના સંદર્ભમાં જીવનના અધિકાર સાથે વાંચવાનો છે.

### ૨.૩ સલાલ હાઇડ્રોપ્રોજેકટ વિ. જમ્મુ એન્ડ કશ્મીર રાજ્ય[૩]

આ કેસમાં ના.સુપ્રિમ કોર્ટે ચુકાદો આપતાં જણાવ્યું કે બાંધકામની પ્રવૃત્તિઓ જોખમી પ્રવૃત્તિ ગણાય તેમાં ૧૪ વર્ષથી નીચેની વ્યક્તિઓને કામે ન રાખવા જોઇએ.

### ૨.૪ લક્ષ્મીકાંત વિ. યુનિયન ઓફ ઇન્ડીયા[૪]

આ કેસમાં સુપ્રિમ કોર્ટ જણાવ્યું કે, એક બીજા દેશમાં બાળકને દત્તક લેવા અંગેની માર્ગદર્શક રેખાઓ નક્કી કરી છે. પણ સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત આ માર્ગદર્શક રેખા પરદેશમાં દત્તક લેવાનાર બાળકના પ્રશ્નો કેટલી હદ સુધી હલ કરી શકશે તે કહેવું મુશ્કેલ છે.

### ૨.૫ પીપલ્સ યુનિયન ફોર ડેમોક્રેટિક રાઇટ્સ વિ. યુનિયન ઓફ ઇન્ડીયા[૫]

આ કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે જ્યાં સુધી બંધારણના અનુચ્છેદ ૨૪ જોગવાઇઓના ભંગ બદલ પ્રતિબંધ કે સજાની જોગવાઇ કરતો કાયદો અમલમાં નહી આવે ત્યાં સુધી અનુચ્છેદ ૨૪ સ્વયં કડક પણે અમલી બનશે. અનુચ્છેદ ૨૪ ના અર્થમાં 'કન્સ્ટ્રકશન' નું કામ ભયજનક રોજગાર છે., જેમાં બાળકોને કામે રાખી શકાશે નહી. કેસની સુનાવણી વખતે નોકરીદાતાઓ દ્વારા એ દલીલ કરવામાં આવી કે બાળકો કામ પર આવતા એમના કુટુંબના સભ્યો સાથે હોવાથી આવા બાળકો અને તેમના માતાપિતા ભારપૂર્વક તેમના કામ આપવા વિનંતી કરે છે, પણ સર્વોચ્ચ અદાલતે આ દલીલ ગ્રાહ્ય રાખી ન હતી કેમ કે બંધારણના અનુચ્છેદ ૨૪ દ્વારા ૧૪

---

[૩] એ.આઇ.આર.૧૯૮૪ એસ.સી.૧૪૭૩
[૪] એ.આઇ.આર.૧૯૮૪ સુપ્રિમ કોર્ટ ૪૮૬
[૫] (૧૯૮૬) ૩ એસસીસી ૨૩૫

વર્ષથી ઓછી વયનાને જોખમી કામોમાં રોજગાર આપવા સામે સંપૂર્ણ પ્રતિબંધ મુકેલ છે. દાવા સાથે પ્રસ્તુત હોઇ એવું અવલોકન કરતાં સર્વોચ્ચ અદાલતે જણાવેલ કે જ્યાં સુધી દેશમાંથી ગરીબાઇ અને તંગીને દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી બાળમજુરીના અનિષ્ટની નાબૂદી સંભવ બનશે નહી.

## ૨.૬ બંધુઆ મુક્તિ મોરચા વિ. ભારત સંઘ[૬]

આ કેસમાં અદાલતે જાહેર કર્યું કે બાળકોની કુમળી વયનો ગેર ઉપયોગ કરવો તે હીન અને ગેરકાનુની કૃત્ય છે અને જણાવ્યું કે બાળકોના તંદુરસ્ત રીતે અને સ્વાતંત્ર્યતા તેમજ ગૌરવની પરિસ્થિતિમાં વિકાસ અર્થે, શિક્ષણની સવલતો, યોગ્ય માનવીય કામની પરસ્થિતિ અને પ્રસુતિ સહાય લધુત્તમ જરૂરિયાત છે કે જેથી વ્યક્તિ માન મોભા સાથે જીવી શકે અને કોઇપણ રાજ્યને કેન્દ્ર સરકાર અથવા કોઇપણ રાજય સરકારને વ્યક્તિ આ પાયાની સગવડો ભોગવવાથી વંચિત રહે તેવું કોઇપણ પગલું લેવાનો અધિકાર નથી. બાળ મજૂરીની પ્રથા બાળ શિક્ષણના દુશ્મન સમાન છે અને તરછોડાયેલાં બાળકોની કરૂણ ગાથ છે. શા માટે ? કારણ કે તેઓ અબોલ, મૂંગાં, મતાધિકાર વિહોણાં, નબળાં છે અને જ્યારે વિદેશી હૂંડિયામણની કમાણી નવી વિચારધારા ગણાય છે ત્યારે બલિદાનના બકરા બની શકે છે. ભારતમાં દત્તક લેવા અંગે કાયદો નથી અને એકબીજા દેશમાંથી બાળકો દત્તક લેવાય તેનાં પોતાનાં આગવાં ભયસ્થાનો છે. એક દેશના બાળકને બીજા દેશવાસી દ્વારા દત્તક લેવામાં આવે ત્યારે દત્તક લીધેલા બાળક પોતાના દેશની સંસ્કૃતિની છાપ ગુમાવે છે તેની નાગરિકતા ગુમાવે છે અને બીજા દરજ્જાનો નાગરિક ગણવાની શક્યતા જન્મે છે. બાળત જાતિવાદ સાંસ્કૃતિક ભેદભાવ અને નિસહાયતાનો ભોગ બને છે.

[૬] એ.આઇ.આર.૧૯૯૨ સુપ્રિમ કોર્ટ ૧૮૬૩

## ૨.૭ મોહિની જૈન વિ. સ્ટેટ ઓફ કર્નાટક[૭]

આ કેસમાં ન્યાયમૂર્તિ શ્રી કુલદિપસિંહ બાળ શિક્ષણ અને બીજા સંબંધિત જોગવાઇઓના સંદર્ભમાં ચુકાદો આપેલ છે. તેમણે જણાવ્યું છે કે બંધારણનું આમુખ "ભારતના દરેક નાગરિકને સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય વિચારો અભિવ્યક્તિ, માન્યતા, શ્રધ્ધા અને પૂજાની સ્વતંત્રતાનું વચન આપે છે. તેમાં દરજ્જો અને તકની સમાનતાની જોગવાઇ છે. અને તે જાળવવાની વ્યક્તિની ગૌરવ મળવાની ખાત્રી આપે છે."

## ૨.૮ જે.પી.ઉન્નીક્રિશ્નન વિ. સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ[૮]

આ કેસમાં સુપ્રિમ કોર્ટ દ્વારા સૌપ્રથમ વખત જ શિક્ષણના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે ઠરાવેલ છે. જો કે બંધારણના ભાગ ૩ માં શિક્ષણના અધિકારને મૂળભૂત અધિકાર તરીકે જણાવેલ નથી પરંતુ આ કેસમાં ઠરાવ્યું કે નવા અધિકારનું અનુમાન કરી શકાય છે. આ કેસમાં શિક્ષણના અધિકારને અનુચ્છેદ ૨૧ હેઠળ જીવનના અધિકારના ભાગ તરીકે ગણવામાં આવેલ છે. જીવનના અધીકારમાં શિક્ષણ મેળવવાના અધિકારનો સમાવેશ થાય છે. આ કેસમાં વધુમાં સુપ્રિમ કોર્ટે ઠરાવ્યું કે દરેક બાળકને ૧૪ વર્ષ સુધી મફત શિક્ષણ મળવું જોઇએ. ત્યારબાદ રાજ્યની આર્થિક ક્ષમતા મુજબ શિક્ષણ મેળવવાનો અધિકાર મર્યાદિત બને છે. રાજ્યની આર્થિક ક્ષમતાની મર્યાદામાં રહીને દરેક નાગરિક પોતાના માટે શિક્ષણની સવલતો પુરી પાડવા રાજયને જણાવી શકે.

સર્વોચ્ચ અદાલતે અનુચ્છેદ ૪૧, ૪૫ અને ૪૬ના અનુસંધાને ઠરાવેલ છે કે આઝાદીના ૪૬ વર્ષે પણ અનુચ્છેદ ૪૫ હેઠળની જવાબદારી રાજ્ય દ્વારા પૂર્ણ કરવામાં આવેલ નથી. આથી શિક્ષણને મૂળભૂત અધિકાર તરીકે ઠરાવેલ છે આ કેસમાં વધુમાં ઠરાવાયેલ છે કે શિક્ષણ એ વેપાર, વ્યવસાય કે ધંધો નથી.

---

[૭] એ.આઇ.આર.૧૯૯૩, સુપ્રિમ કોર્ટ ૧૮૫૮

[૮] એ.આઇ.આર.૧૯૯૩ એસ.સી.૪૧૭

## ૨.૯ એમ. સી. મહેતા વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ[૯]

આપણા દેશના બંધારણના ઘડવૈયાઓ સારી રીતે એ વાત જાણતા હતા કે સારા રાષ્ટ્રના ઘડતર માટે શિક્ષણ અને બાળકનો ઉછેર અગત્યનો છે એટલે અનુચ્છેદ ૨૪માં બાળકોમાં શોષણ વિરૂધ્ધ જોગવાઇ કરવાની સાથે અનુચ્છેદ ૪૫ માં વિધેયાત્મક  જોગવાઇ દ્વારા ફરજીયાત અને મફત પ્રાથમિક શિક્ષણ દશ વર્ષમાં આપવાની જોગવાઇ કરેલ હતી. જે આપણે વાસ્તવમાં અમલમાં મુકી શકયા નહી પણ ઉન્નિક્રિષ્નના ચુકાદા (૧૯૯૩) ૧  એસ.સી.સી. (૬૪૫) થી પ્રાથમિક શિક્ષણ અનુચ્છેદ-૨૧ નો ભાગ બની ગયેલ છે આઝાદીના ૫૦ વર્ષ થવા આવ્યા છતાં, બાળકો ઘણા જોખમી અને મનાઇવાળા ઉધોગોમાં કામ કરી રહ્યા છે તે કરૂણ વાસ્તવિકસતા છે.

આમ અનુચ્છેદ ૨૪નો ખુલ્લેઆમ ભંગ થતો હોય, આ અરજી દાખલ કરવામાં આવલે, જેમાં જણાવેલ કે દારૂખાનુ અને દિવાસળી ઉધોગ એ જોખમી ઉધોગ જેમાં વારંવાર અકસ્માતના કારણે ઘણી જાનહાની થાય છે જેથી અનુચ્છેદ - ૩૯ (એફ) અને ૪૫ અન્વયે કારખાનામાં કામ કરતાં બાળકોની સ્થિતિ સુધારવા બાબતે દિશાસુચનની જરૂરીયાત છે.

આ અરસામાં શીવાકાશી માં એક ફટાકડા કારખાનામાં અકસ્માત થયો જેમાં ૩૯ વ્યક્તિઓ મૃત્યુ પામી હતી. જેમાં અદાલતે વળતર ચૂકવવા આદેશ કર્યા હતા. અને અદાલતે ૧૮-૪-૯૧ એક સમિતિ રચી હતી જેમાં (૧) આર.કે. જૈન (૨) શ્રીમતી ઇન્દિર જયસિંહ અને (૩) શ્રી કે. સી. દૂઆ સભ્યો હતા.

આ સમિતિએ તારીખ ૧૧-૧૧-૯૧ના રોજ તેમનો અહેવાલ આપેલ જેના મુખ્ય સૂચનો નીચે મુજબ છે.

૧. તામિલનાડૂ રાજ્ય બાળકોને ફટાકડા બનાવતા કારખાનામાં કામ પર ન રાખવા તેવો આદેશ કરે.

---

[૯] ૧૯૯૬, એસ.સી.સી. પા. નં. ૬–૭૫૬

૨. દિવાસળીના કારખાનામાં અલગ જગ્યાએ પેકિંગ કામમાં બાળકોને રાખી શકાશે.

૩. માલિકો બાળકો પાસેથી એક દિવસમાં છ કલાકથી વધુ સમય કામ લઇ શકશે નહી.

૪. બાળકોને તેમના ઘેરથી કામના સ્થળે અને ત્યાંથી પરત આવવા માટે વાહન વ્યવહારની યોગ્ય સગવડતા માલિકો અને સરકાર ધ્વારા પૂરી પાડવી.

૬. માલિકોએ પ્રાથમિક કક્ષાએ જરૂરી ખોરાક પૂરો પાડવો અને જો તેમ કરવામાં નિષ્ફળ થાય તો સરકારે પ્રાથમિક ખોરાક પૂરો પાડવો. તાલિમનાડૂમાં નિશાળમાં આપવામાં આવતા એક સમયનું ભોજનની યોજના (મધ્યાહન ભોજન યોજના) બાળ મજૂરી સુધી વિસ્તારવી જરૂરી છે.

૭. છુટક કામના દર (પીસ રેટ) પ્રથા બંધ કરવી અને માસિક દરથી ચુકવણી કરવી વેતન બાળકોએ કેટલુ કામ કરેલ છે તેમાં કામનાં પ્રમાણમાં હોવું જોઇએ.

૮. કારખાનું નોંધણી થયેલ હોય કે નોંધણી થયેલ ન હોય, તેમજ ગૃહઉધોગ હોય કે કરાર આધારિત હોય, પણ તેના કામદારોને વિમા યોજનામાં આવરી લેવા.

૯. કલ્યાણ દંડ :

આ સમિતિ સિવાય વડી અદાલતના નિવૃત્ત જજ અથવા તેના સમકક્ષ હોદ્દો ધરાવતી સામાજિક કાર્યકરના વડપણ નીચે એક સમિતિ રચવામાં આવે છે જે વડી અદાલતને જવાબદાર હોય કાયદાઓમાં ફંડમાટે દર માસે રૂ. ૨-૦૦ માલિક ધ્વારા અને તેનો મેચીંગ શેર સરકાર ધ્વારા આપવામાં આવે. આ યોજના તમામ કારખાના કે જે ગૃહઉધોગ હોય કે કરાર આધારિત હોય, નોંધાયેલ હોય કે બિન નોંધાયેલ હોય તેને પણ લાગુ પાડવી. ''રાષ્ટ્રીય કક્ષાનું બાળ કલ્યાણ પંચ રચવામાં આવે અને જે તબક્કાવાર બાળ મજૂરી બંધ કરવાની યોજનાઓ ઘડશે આ પંચ વડી

અદાલતને જવાબદાર રહેશે અને તેનો અહેવાલ પણ નિયત સમયાંતરે જમા કરાવેશ."

બાળકોને કલ્યાણની ભાવનાને પ્રોત્સાહન આપવા, વિશ્વના દેશોને સભાન કરવાના હેતુથી સંયુકત રાષ્ટ્રસંઘની મહાસભાએ ૨૧ ડિસેમ્બર ૧૯૭૬ના રોજ એક ઠરાવ પસાર કરી ૧૯૭૯ને આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ  જાહેર કર્યું. સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રોમાં, બાળમજૂરો વ્યાપક પ્રમાણમાં કાર્યરત હોવાથી, ચિંતિત ભારત સરકારના શ્રમ મંત્રાલયે આંતરરાષ્ટ્રીય બાળ વર્ષના સંદર્ભમાં બાળમજૂરોની પરિસ્થિતિનો સર્વગ્રાહી ખ્યાલ મેળવવા ફેબ્રુઆરી ૧૯૭૯ માં ૧૬ સભ્યોની એક સમિતિની રચના કરી. એમ. એસ. ગુરૂપદસ્વામીની અધ્યક્ષતા હેઠળની આ સમિતિમાં કેટલાંક સાંસદો, બાળકોની સમસ્યાઓ માટે કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓ તેમદ કેન્દ્ર અને કેટલીક રાજ્ય સરકારોના સંબંધકર્તા વિભાગોના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

સમિતિ દ્વારા સંગઠીત અને બીન સંગઠીત ક્ષેત્રમાં કામ કરતાં બાળકોના વેતન, કામની શરતો અને કલ્યાણલક્ષી જોગવાઇઓનો અભ્યાસ કરવામાં આવેલ હતો. તેમાં જણાવ્યા મુજબ.

"અસહ્ય ગરીબ લાભદાયક રોજગારીની તકનો અને વચગાળાની આવકનો અભાવ અને નીચું જીવન ધોરણ બાળમજૂરીના એક કારણ તરીકે સર્વત્ર જોવા મળે છે. સંગઠીત ક્ષેત્રમાં બાળમજૂરો શોધી કાઢવા સરળ છે. પણ તેનાથી સમગ્ર ચિત્ર મળતું નથી બાળમજૂરી અસંગઠીત ક્ષેત્રમાં મોટા પાયા પર છે જેના ઉપર ધ્યાન કરવાની જરૂરીયાત છે આ પ્રશ્ન સાર્વત્રિક છે."

સમિતિએ બાળમજૂરોની સમસ્યાઓ (કામના કલાકો, કામના સ્થળનું વાતાવરણ વગેરે) વિશે વધુ અભ્યાસ કરવાની ભલામણ કરી હતી.

અસંગઠીત ક્ષેત્રમાં હજુ મોજણી થઇ નથી. (જોકે શકય પણ નથી) તેવી સત્તાવાર આંકડા મેળવી શકાતા નથી. સારા રાષ્ટ્રના નિર્માણ કરવા માટે

બાળમજૂરીના પ્રશ્નનું સમાધાન થવું ખૂબ જ મહત્વનું અને જરૂરી છે. સમિતિએ કરેલ ભલામણોમાં એક ભલામણ નીચે મુજબની હતી.

"The Committee recommend a more purposeful effort on the part of the media to create greater social consciousness in respect of evils of Child Labour "

પ્રસાર માધ્યમો, બાળમજૂરીન અનિષ્ટોના સંદર્ભમાં વ્યાપક સામાજિક સભાનતાનું સર્જન કરવા માટે વધુ ઉદ્દેશ્યપૂર્ણ પ્રયત્ન કરે.

લીગ ઓફ નેશનની જોગવાઇ અનુસાર આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (ILO)ની રચના ૧૯૧૯માં કરવામાં આવેલ હતી. જેમાં નિતી ઘડનારાઓએ બાળમજૂરી ઉપર ચર્ચા કરી હતી. અને આ દૂષણની નોંધ લીધી હતી. તે સમયે ૧૨ વર્ષની વય  કામ કરવા માટે નિયત કરવામાં આવેલ હતી અને આ બાબતને બ્રીટીશ ઇન્ડિયા ધ્વારા સ્વીકારવામાં આવેલ હતી જેની ચર્ચાના સમયે ૯ ને બદલે ૧૨ વર્ષ કરવાના હતા ત્યારે ધારાગૃહમાં ઉગ્ર ચર્ચાઓ થયેલ હતી. ૧૯૨૧ ના ફેબ્રુઆરી માસમાં ધારાગૃહમાં શ્રી થોમસ વેલેન્ડના જણાવ્યા મુજબ જો આ વય મર્યાદા વધારવામાં આવશે તો કાપડ ઉદ્યોગને મોટો ફટકો પડશે કારણ કે બાળમજૂરો કાપડ ઉધોગમાં રોજગારી માટે જાય છે જ્યારે બીજા લોકો ફરજીયાત પ્રાથમિક શિક્ષણની વાત ઉપર ભાર મુકતા હતા અંતે ગૃહમાં મતદાન થયું તેમાં ૩૨ સભ્યોએ લધુત્તમ વય વધારવાની તરફેણમાં અને ૪૦ સભ્યોએ વિરૂધ્ધમાં મતદાન કર્યા અંતે ગૃહે ગવર્નર-જનરલ-ઇન કાઉન્સીલને ખતપત્રનો સ્વીકાર કરવા ભલામણ કરી હતી.

આંતર રાષ્ટ્રીય શ્રમ સંસ્થાન તબક્કામાં બાળમજૂરીને દુર કરવા માટે અને બાળકોના રક્ષણ માટે અગત્યનું કાર્ય કરી રહેલ છે જેમ કે.

(૧) બાળ મજૂરી ઉપર મનાઇ

(૨) કામના સ્થાને બાળમજૂરનું રક્ષણ

(૩) બાળમજૂરીના જવાબદર કારણોની ટીકા કરવી.

(૪) બાળકોના ભવિષ્ય માટે મદદ કરવી.

(૫) કામ કરતા માતા - પિતાઓના બાળકોને રક્ષણ આપવું અત્યાર સુધીમાં ૧૮ ખતપત્રો અને ૧૬ ભલામણો વિશ્વના દેશોએ સ્વીકારેલ છે.

૧૯૨૯માં રોયલ કમિશને બાળમજૂરો બાબતે વિવિધ પાસાઓની તપાસ કરી હતી ૧૯૩૧માં તેના અહેવાલમાં આઘાતજનક બાબત એ હતી કે બાળમજૂરો વિપરીત વાતાવરણમાં, અપૂરતી સગવડતામાં કામ કરે છે. કમિશને ઘણા ઉદ્યોગોમાં તપાસ કરી હતી. જેમાં બાળકોએ કેટલો સમય કામ કર્યું છે. ઓછા વેતનો હતા જેમાં ઘણા વેઠિયા બાળમજૂરો હતા જે પ્રથા રદ કરવાની જોગવાઇ માટે ભલામણ કરી હતી.

આ માટે સૌ પ્રથમ કાયદો ચિલ્ડ્રન (પ્લીડિંગ ઓફ લેબર) એકટ-૧૯૩૩માં ઘડવામાં આવેલ હતો તે પછી ઘણા કાયદાઓમાં બાળમજુરી ઉપર વિવિધ વ્યવસાયોમાં મનાઇની જોગવાઇ જોવા મળે છે. અંતે ૧૯૮૬ માં Prohibiton of child Labour Act ઘડવામાં આવેલ છે. જેનાં પરિશિષ્ટનાં ભાગ-અ માં જણાવેલ વ્યવસાયમાં બાળકોને કામે રાખવા ઉપર મંજૂરી નથી. જ્યારે ભાગ-બ માં કેટલીક પ્રક્રિયાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે જેમાં બાળકને કામ ઉપર રાખવાની મનાઇ છે.

ભારતે સંયુક્ત રાષ્ટ્રનાં બાળકોના અધિકાર પત્રનો સ્વીકાર કરેલ છે. આ ખતપત્રમાં પણ રક્ષણ આપવાની વાત નથી પણ તેમાં સતત સુધારણા કરવાની છે. જેનાથી તેમના વિકાસ અને વ્યાપ વધવાથી શાંતિ અને સલામતીના વાતાવરણનું સર્જન થશે આ ખતપત્રમાં બાળકોના નાગરિક અને રાજકિય અધિકાર ઉપરાંત, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને માનવીય અધિકારોના રક્ષણની પણ જોગવાઇ કરેલ છે. આપણે સદરહું ખતપત્રમાં પક્ષકાર થયા ત્યારે નીચે મુજબની જાહેરાત કરેલ હતી.

“આ ખતપત્રમાં સહી કરવાથી તેના ઉદ્દેશ અને હેતુઓમાં બાળકોને લગતાં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો આંતરરાષ્ટ્રિય સહકાર ધ્વારા

વિકાસશીલ રાષ્ટ્રો પ્રગતિકારક રીતે અમલ કરી શકશે. એવી માન્યતા ધારણા રાખવામાં આવેલ છે કે બાળકોના આર્થિક શોષણ અને તેમને રક્ષણ આપવામાં આવશે. ભારતમાં ઘણા કારણોને લીધે વિવિધ વય ધરાવતાં બાળકો કામ કરે છે. જેમાં ઘણા જોખમી ઉધોગોમાં પણ કામ કરે છે આ માટે કામમાં દાખલ કરવાની વય બાબતે દરેક રોજગાર માટે વ્યવહારૂ રીતે લધુત્તમ વય મર્યાદા નક્કી કરેલ છે. ભારત સરકાર બાળ અધિકાર ખતપત્રના અનુચ્છેદ ૩૨ના અમલ માટે કટીબધ્ધ છે અને તેમાં પણ ફકરો ૨(એ) માટે રાષ્ટ્રીય કક્ષાના કાયદામાં આવી જ જોગવાઇ કરવામાં આવેલ છે.”

સદરહુ કાયદામાં જોખમી અને બીન જોખમી પ્રક્રિયાની વ્યાખ્યા આપવામાં આવેલ નથી અને એક જ ઉધોગોમાં આ શબ્દો વચ્ચે તફાવત પાડવો અવ્યવહારૂ અને અવાસ્તવિક છે આ માટે સંપૂર્ણ ઉધોગને જ બાળકોને કામ પર રાખવા ઉપર પ્રતિબંધ મુકવો જોઇએ.

આ કાયદાનો ભંગ કરનારને ૧ વર્ષની જેલની સજા (ઓછામાં ઓછી ૩ માસ) અથવા રૂ. ૨૦,૦૦૦/- સુધીનો દંડ (ઓછામાં ઓછો રૂ. ૧૦,૦૦૦) અથવા બંનેની જોગવાઇ છે આમ છતાં બાળકો ઉધોગોમાં કામ કરે છે. (બાળકોને કામ ઉપર રાખવામાં આવે છે.)

બાળ મજૂરીના કારણો :

(૧) ગરીબી (૨) પુખ્તવયના કામદારોને ઓછા પગાર (૩) બેકારી (૪) કુટુંબલક્ષી યોજનાઓનો અભાવ (૫) શહેરી વિસ્તારમાં સ્થળાંતર (૬) મોટા કુટુંબો (૭) બાળકો ઓછા વેતને મળી રહે છે. (૮) ફરજીયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઇનો અભાવ (૯) માતા-પિતા અશિક્ષિત અને અજ્ઞાની છે. (૧૦) પરંપરાગત વલણો.

ઘણા બધા લેખકો, અભ્યાસીઓ ઉપરોકત બાબત જણાવે છે અને એ વાત પણ સાચી છે કે દરેક માતા-પિતા પોતાના કુમળી વયના સંતાનને તેમનું બાળપણ

ઘેર આનંદથી માણે એવું ઇચ્છતા હોય છે, પણ ગરીબી મુખ્ય કારણ હોવાથી બાળકોને કામ ઉપર મોકલે છે.

બાળમજૂરી અટકાવવા શિક્ષણ આપવું જરૂરી છે માતાપિતા ગરીબ હોવાથી શિક્ષણ આપી શકવાના નથી અને જો શિક્ષણ માટે દબાણ કરવામાં આવશે તો તેમની કુટુંબની જરૂરિયાત પુરી કરી શકવાના નથી માટે જયાં સુધી કુટુંબને આવકની ખાતરી ન આપી શકીએ ત્યાં સુધી બાળ મજુરોનો પ્રશ્ન ભાગ્યે જ હલ કરી શકય અને  બાબતને આપણે હંમેશા દુર્લક્ષ્ય સેવ્યું છે. બંધારણીય જોગવાઇ મુજબ ૧૪ વર્ષની નીચેની વયની વ્યક્તિને જોખમી કારખાના કે ખાણ ઉપર કામે રાખવાની મનાઇ છે તો તેમને હવે શિક્ષણ મૂળભૂત અધિકાર થયેલ હોય તેને અનુચ્છેદ ૩૯ (ઇ) સાથે જોડીને તેને શોષણ મુકત કરીને ૩૬ (એફ) નું પાલન કરવું જરૂરી છે. Child labour Prohibiton of Regulation Act) ૧૯૮૬ માં સુધારો કરવો જરૂરી છે આ જોગવાઇનો ભંગ કરનાર દરેક માલિકે દરેક બાળમજૂરી દીઠ રૂ. ૨૦,૦૦૦ વળતર પેટે કલમ-૧૭ મુજબ નિમાયેલ ઇન્સ્પેકટર પાસે જમા કરાવવાના રહેશે અને આ રકમ આઇલ્ડ લેબર - રીહેબીલીટેશન - કમ - વેલ્ફેર ફંડમાં જમા કરાવવી જોઇએ માલિક બાળમજૂરને દૂર કરે તો પણ જવાબદારીમાંથી મુકત થતો નથી અને આવું વેલ્ફેર ફંડ વિસ્તાર દીઠ કે જિલ્લા દીઠ હોય તે જરૂરી છે. આ ભંડોળનો ઉપયોગ બાળકોના વિકાસ માટે થવો જોઇએ આ ભંડોળ રાષ્ટ્રીયકૃત કલ્યાણલક્ષી કાર્ય કરવાના રહેશે.

આવી જોગવાઇ કરવાથી માતા-પિતા પોતાના સંતાનને કામ ઉપર મોકલશે નહિ તેવું માનવાની જરૂર નથી. આ માટે સક્ષમ સરકારે આગળ આવવું પડશે અને કલમ-૨ (આઇ) મુજબ રેલ્વે, તેલના કુવા અથવા મુખ્ય બંદર અથવા ખાણ માટે કેન્દ્ર સરકાર અને બીજા કિસ્સામાં રાજ્ય સરકાર સક્ષમ સરકાર ગણાશે.

બંધારણના અનુચ્છેદ -૪૧મુજબ (કામનો અધિકાર) અને તેની સાથે અનુચ્છેદ ૨૪ મુજબ લોકોના જીવન ધોરણ અને ૩૯ (ઇ), (એફ) મુજબ નાની વયના બાળકોનું શોષણ નહિ અને તેમના આરોગ્યના વિકાસ માટે તક ઉભી

કરવાની રાજ્યની જવાબદારી છે તે માટે જે બાળક ખાણ કે જોખમી ઉધોગમાં કામ કરતું હતું તેની જગ્યાએ તેના કુટુંબના પુખ્ત વયનાને કામ ઉપર રાખવામાં આવે અને આમ થવાથી અનુચ્છેદ-૪૧ (કામનો અધિકાર) છે. તેનું પણ પાલન થશે જે પચાસ વર્ષથી ફરજીયાત મફત પ્રાથમિક શિક્ષણની જોગવાઇ છે તેનું પાલન પણ થઇ શકશે. બાળ મજૂરોની જગ્યાએ પુખ્ત વયનાને નોકરી રાખવામાં આવે તેવું પણ અમે જણાવતા નથી તેમજ જાહેર નોકરીઓમાં આવું કરવું રાજ્ય માટે પણ શક્ય નથી તેથી તેવો આદેશ કરતા નથી સાથે તે રાજ્યની આર્થિક પરિસ્થિતિ અને વિકાસ ઉપર આધારિત બાબત છે. પુખ્ત વયનાને નોકરી ન અપાવી શકેતો દરેક બાળક દીઠ રૂ. ૫૦૦૦-૦૦ નો ફાળો અગાઉ જણાવેલ ભંડોળમાં આવશે.

આમ થવાથી એક બાળમજૂરી દીઠ રૂ. ૨૫૦૦૦ નું ભંડોળ થશે અને બાળકની જગ્યાએ પુખ્તવયનાને નોકરી અથવા આ ભંડોળની રકમમાંથી થતી આવકને વૈકલ્પિક આવકનું સ્ત્રોત ગણવામાં આવશે જેથી બાળકને કામ ઉપર મોકલવાની જરૂરિયાત રહેતી નથી.

આ માટે નીચે મુજબના દિશા સુચનો છે.

૧. આજની તારીખથી ૬ માસની અંદર આવા કેટલા બાળકો છે તેની મોજણી કરવામાં આવે.

૨. અનુચ્છેદ-૨૪ માં કયાં ઉધોગોનો સમાવેશ જોખમી ઉધોગ તરીકે કરવો તેની યાદી બનાવવામાં આવે અને તેને નક્કી કરવાનો વ્યાપ નિયત કરવામાં આવે વધુ જોખમી ઉધોગોને અગ્રક્રમ ઉપર રાખવામાં આવેત ત્યારબાદ ઓછા જોખમીને રાખવામાં આવે. નેશનલ ચાઇલ્ડ લેબર પોલીસી કે જે ભારત સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલ છે તેમાં અગત્યના ક્રમ માટે નીચે મુજબના ઉધોગોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૧) દિવાસળી ઉધોગ 'શિવાકાશી' તામિલનાડુ

(૨) હીરા સાફ કરવાનો ઉધોગ 'સુરત' (ગુજરાત)

(૩) પથ્થર પોલિસ કરવાનો ઉધોગ 'જયપુર' (રાજસ્થાન)

(૪) કાચ ઉધોગ 'ફિરોઝાબાદ' (ઉત્તરપ્રદેશ)

(૫) પિતળના વાસણનો ઉધોગ 'મુરાદાબાદ' (ઉત્તરપ્રદેશ)

(૬) હાથ વણાટના ગાલીચા ઉધોગ 'મરમીપુર' ભદ્રોહી (ઉત્તર પ્રદેશ)

(૭) તાળા બનાવવાનો ઉધોગ 'અલીગઢ' (ઉત્તર પ્રદેશ)

(૮) સ્લેટ (પાટી) બનાવવાનો ઉધોગ (મરકાપુર) (આંધ્ર પ્રદેશ)

(૯) સ્લેટ ઉધોગ 'મનસૌર' (મધ્ય પ્રદેશ)

રોજગારી તેમના રહેઠાણની નજીકના વિસ્તારમાં આપવી જોઇએ. તેમજ જે કામ બાળક કરતો હતો તેવું જ શારીરિક પ્રકારનું કામ આપવાનું રહેશે જયાં વૈકલ્પિક રોજગાર નહી આપવામાં આવે ત્યાં ભંડોળમાંની ઉપજમાંથી દરેક બાળક દીઠ અલગ-અલગ દર માસે રકમ આપવામાં આવશે અને જ્યારે માતા-પિતા કે વાલી ધ્વારા બાળકને અભ્યાસ માટે મોકલવામાં નહિ આવે ત્યારે જો રોજગારી આપેલ હશે તો તે અથવા તેના વિકલ્પે ભંડોળમાંથી આવેલ ઉપજની રકમ આપવાનું બંધ કરવામાં આવશે.

ઇન્સ્પેકટરની ઉપર દેખરેખ જિલ્લા કલેકટર તકેદારી રાખશે તેમજ આ લક્ષનું કાર્યક્ષેત્ર વિસ્તૃત હોવાથી સક્ષમ સરકાર શ્રમ વિભાગમાં અલગ વિભાગ (સેલ) ઉભો કરે અને તેનું સંચાલન સચિવ-શ્રમ વિભાગ ધ્વારા થાય અને સંપૂર્ણ સંચાલન શ્રમ મંત્રાલય, કેન્દ્ર સરકાર ધ્વારા થાય ત્યારે તે લાભદાયક અને ઉપયોગી સાબિત થશે.

શ્રમ મંત્રાલયના સચિવ એક વર્ષની અંદર સદરહું બાબતોનું પાલન કેટલું થયું છે તેની પણ જાણ અદાલતને કરશે.

અમે એવું વિચારીએ છીએ કે જ્યાં બાળ મજુરો હોય ત્યાં અને મનાઇ હોય ત્યાં ફોજદારી જોગવાઇઓનો ઉપયોગ કરવો જરૂરી છે.

બિન જોખમી કામ ઉપર બાળકો એક દિવસમાં ૬ કલાકથી વધુ કામ ન કરે તે જોવાની અને તેઓ માલિકનાં ખર્ચે ઓછામાં ઓછું દરરોજ બે કલાક શિક્ષણ મેળવે તે જોવાની જવાબદારી ઇન્સ્પેકટરની છે.

આ લક્ષ્ય બહું કપરું છે. પણ સારા રાષ્ટ્રનાં નિર્માણ માટે જરૂરી છે ગરીબીનું કારણ પછાત રાષ્ટ્રોને નડતું નથી. જેમ કે ઝાંબીયા, ધાના, આઇવરી, કોસ્ટારીકા, લીબીયા, મીબાવેવ જેવા રાષ્ટ્રો કે જેમની આવક ભારત દેશની આવક કરતાં ઓછી છે છતાં તેઓ બાળકોને મજુરીથી દૂર રાખે છે અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ અપાવે છે એટલે કે બાળમજૂરીએ સ્ત્રોતની અછત નહીં પણ ઉત્સાહના અભાવના કારણે નડતા પ્રશ્ન છે આ અરજીનો આમ નીકાલ કરવામાં આવે છે.

વીસમી સદીના અંતિમ વર્ષમાં બંધારણે આપેલ વચન આપણા બાળકો પ્રત્યે પાલન કરી બતાવીએ અને એકવીસમી સદીનો બાળકો "હેવન ઓફ ફ્રીડમ" જે રવિન્દ્રનાથ ટાગોર ગીતાંજલીમાં વર્ણવેલ છે તે માણી શકે.

આ ચુકાદાની નકલ દરેક રાજ્ય સરકારનાં અને કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્ય સચિવને શ્રમ મંત્રાલય અને ભારત સરકારે માહિતી સારુ તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારુ મોકલવામાં આવે. (તા.૨૭-૧-૧૯૯૯ના રોજ ભારત સરકારે ભાગ-૧ અને ભાગ-૨માં અનુક્રમે-૬ અને ૩૩ નવા જોખમી વ્યવસાયો અને જોખમી પ્રક્રિયાઓ ઉમેરેલ છે. આ જોખમોમાં માત્ર શારિરીક ઇજા થાય તેવી પ્રક્રિયા તેમજ વ્યવસાયોનો સમાવેશ થાય છે જ્યારે માનસિક, લાગણીશીલ કે મનોવૈજ્ઞાનિક જોખમોને ધ્યાનમાં લેવામાં આવતા નથી વાસ્તવમાં જ્યારે કામને લીધે બાળકું બાળપણ છીનવાઇ જાય છે તે બાબત જ જોખમી જાણવાની જરૂરીયાત છે.

## ૩. ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓ

### ૩.૧ સત્યપાલ આનંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત[૧૦]

આ કેસમાં અરજદાર દ્વારા જાહેર હિતની અરજી ભારતીય બંધારણ અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરવામાં આવેલ જેમાં અરજદરે માંગણી કરી હતી કે રાજ્યના ખર્ચે ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોને શિક્ષણ પ્રાપ્ત કરવાનો મૂળભૂત અધિકાર છે અને રાજ્યની એ જોવાની પવિત્ર ફરજ છે કે ૬ થી ૧૪ વર્ષ વચ્ચેનું કોઇપણ

[૧૦] ૨૦૦૦ (૩) જીએલએચ પાન નં.૧૫૬

બાળક શિક્ષણનો લાભ પ્રાપ્ત કરવામાંથી વંચિત ન રહે. ગરીબી અને નાણાંકીય ભીડ અસાક્ષરતામાં પરિણમવા જોઇએ નહી. રાજ્ય સરકારે શિક્ષણને ફરજીયાત બનાવીને સખત પગલાં લેવા જોઇએ. પ્રાથમિક શિક્ષણના હેતુ માટે પુરુષ અને સ્ત્રી વિદ્યાર્થીઓની ટકાવારી વધારવા માટે કાળજી લેવી જોઇએ. વર્ગખંડને બદલે કોઇપણ બાળક નાજુક ઉંમરે આજીવીકા માટે ચિંતીત થઇ રોજગારીની બીજી જગ્યાએ ન હોવો જોઇએ.

## ૩.૨ સ્ટેટ ઓફ ગુજરાત વિ. ભુપેન્દ્રકુમાર જગજીવનદાસ પટેલ[૧૧]

આ કેસની હકીકત એવી છે કે તા.૧૮-૧૨-૧૯૮૯ના રોજ શ્રી એસ.આર.બોદર કે જેઓ ફેકટરી ઇન્સ્પેકટર તરીકે માણાવદરમાં ફરજ બજાવતા હતા અને તેઓની ફેકટરી તપાસ દરમ્યાન તે ફેકટરીમાંથી જ્યોત્સના પોલાભાઇ નામની ૧૨ વર્ષની એક બાળકામદાર કામ કરતાં પકડાઇ હતી. તે ફેકટરીના મસ્ટર ક્રમ નં. ૨૫ પર એનું નામ હતું. તે ફેકટરીના માલિક પર કેસ દાખલ કરવામાં આવેલ અને માણાવદરની જે.એમ.એફ.સી. અદાલત દ્વારા તે ફેકટરીના માલિકને રૂ. ૨૦૦ જેવો નજીવો દંડ અને પાંચ દિવસની સાદી કેદની સજા કરતાં રાજ્ય સરકાર દ્વારા આ બાબતે ક્રિમીનલ અપીલ ગુજરાત હાઇકોર્ટમાં સજાનો વધારો કરવા માટે દાખલ કરવામાં આવેલી. જે ચાલી જતાં ના.ગુજ. હાઇકોર્ટ દ્વારા નીચલી અદાલતનો ચુકાદો રદ કરેલો અને ઠરાવ્યું કે નીચલી અદાલત બાળમજુર કાયદાની કલમ ૧૪ હેઠળ ઓછામાં ઓછી સજાની જોગવાઇ કરવામાં આવે છે. તે કરવી જોઇતી હતી. જે નીચલી અદાલતે કરેલ નથી. આ કેસમાં ગુજરાત હાઇકોર્ટે માલિક પર રૂ. ૧૦૦૦૦નો દંડ અને ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો.

---

[૧૧] ૨૦૦૧ (૨) જીએલએચ પાન નં.૫૭૨

### ૩.૩ મે.હરીયા જીંનીગ એન્ડ પ્રેસીંગ ફેકટરી વિ. મામલતદાર અને બીજાઓ.[૧૨]

આ કેસની હકીકત એવી છે કે ગાંધિધામ (કચ્છ) ના મામલતદાર અને એકસ ઓફીસીયો લેબર ઇન્સ્પેકટર દ્વારા તા.૨-૫-૧૯૯૭ના રોજ મે.અંજાર જીંનીગ એન્ડ પ્રેસીંગ કંપની અને મે. મે.હરીયા જીંનીગ એન્ડ પ્રેસીંગ ફેકટરીનું ઇન્સપેકશન કરવામાં આવેલું જે દરમ્યાન આ બન્ને કારખાનાઓમાં ૧૪ વર્ષથી નીચેની ઉમરના બાળ મજુરો કામમાં રોકાયેલા હતા જેનાથી ધી ચાઇલ્ડ લેબર (પ્રોહીબીશન એન્ડ રેગ્યુલેશન) એકટ ૧૯૮૬ની કલમ ૧૪નો ભંગ થતો હતો. જે માટે મામલતદાર કમ એકસ ઓફીસીયો લેબર ઇન્સ્પેકટર દ્વારા દરેક બાળ કામદાર દીઠ રૂ. ૨૦,૦૦૦ આસીસ્ટન્ટ લેબર કમીશ્નરને જમા કરાવવાના અને જો એમ ન કરે તો તેમની સામે અન્ય કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

આ કેસના પીટીશન દ્વારા ના.ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન ફાઇલ કરવામાં આવી અને જણાવ્યું કે અમારી ફેકટરી દ્વારા કોઇ કાયદાની કોઇ કલમોનું ઉલ્લંઘન કરવામાં આવેલ નથી. મે.હરીયા જીંનીગ એન્ડ પ્રેસીંગ ફેકટરી દ્વારા એમ પણ જણાવવામાં આવ્યું હતું કે ચાર વ્યક્તિઓ, હસ્તીનાબેન, લીલીબેન, રત્નાબેન અને રાધીબેન કે જેઓ ૧૪ વર્ષની ઉપરની ઉંમરના છે અને અન્ય પાંચ બાળકો કે જેઓ ફેકટરી ઇન્સ્પેકટરની વિઝિટ દરમ્યાન પકડાયેલ તેઓ માત્ર કામદારોને ટીફીન આપવા માટે આવેલા. મે.અંજાર જીંનીગ એન્ડ પ્રેસીંગ મીલ્સ દ્વારા જણાવવામાં આવ્યું કે અમારા દ્વારા કોઇ ખોટું કાર્ય કરવામાં આવેલ નથી. અને જેને બાળમજૂરો તરીકે દર્શાવેલા છે તેઓ અમારા કારખાનામાં કામ કરતા નથી.

આ કેસમાં બન્ને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ ના.ગુજરાત હાઇકોર્ટે જણાવ્યું કે પીટીશનરની પીટીશન મંજુર રાખવામાં આવે છે અને બંને પીટીશન રૂ. ૧૦,૦૦૦ની કોસ્ટ સાથે મંજુર રાખવામાં આવે છે. અને લેબર ડીપાર્ટમેન્ટ દ્વારા આ

---

[૧૨] ૨૦૦૭ (૨) જીએલએચ પાન નં.૭૨૩

રકમ દિન ૧૫માં પીટીશનરને ચુકવવાની રહેશે અને લેબર ડીપાર્ટમેન્ટ પોતાની રીતે કાર્યવાહી કરી શકે છે.

# પ્રકરણ–૭
# બાળ મજૂરીના સંદર્ભે કામકરતી સ્વયં સેવી સંસ્થાઓ અને તેની ભૂમિકા

૧. પ્રસ્તાવના

૨. **બાળમજૂરીને નાથવામાં સક્રિય રીતે પ્રવૃત્ત એવી કેટલીક ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓની અત્રે રૂપરેખા આપી છે.**

**૨.૧ શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ રાજકોટ**

**૨.૨ 'શૈશવ', ભાવનગર**

**૨.૩ બાળકામદારો (છોકરીઓ)નું પુનઃ સ્થાપનઃ અમદાવાદ**

૩. ગુજરાત રાજય સિવાયના અન્ય પ્રકલ્પો

**૩.૧ ભારતીય ગ્રામીણ કામદાર સંસ્થાન (આંધ્રપદેશ)**

**૩.૨ જય રેગેન્દ્ર ચીંથરા ઉપાડનારાઓની પરિયોજના (પ્રકલ્પ), બંગલોર**

# પ્રકરણ–૭
# બાળ મજૂરીના સંદર્ભે કામકરતી સ્વયં સેવી સંસ્થાઓ અને તેની ભૂમિકા

## ૧. પ્રસ્તાવના

નોકરીદાતાઓ અને અન્ય દ્વારા થતાં, બાળકોના શોષણને રોકવા માટે સરકાર કાયદાઓના અને વિભિન્ન યોજનાઓના માધ્યમથી પોતાનાથી બનતા પ્રયાસો કરી રહી છે, એવી છાપ અવશ્ય ઉભી કરે છે પણ વાસ્તવમાં પરિસ્થિતિ સાવ જુદી જ છે. સરકારના કાયદાઓનો અમલ બરાબર થાય છે કે નહિ, એની ચકાસણી કરનાર નિરીક્ષક પૂરતા પ્રમાણમાં નથી. વધૂમાં, બાળમજૂરી સંબંધિત કાયદાઓ મહદંશે સંગઠિત ક્ષેત્રને આવરી લે છે. પણ ગામડાંઓ અને શહેરોના અસંગઠિત ક્ષેત્રો અને કૌટુંબિક એકમોમાં કામ કરતા ૯૦ ટકાને આવરી લેતા નથી.

આ બાબતને લક્ષમાં રાખવી જોઇએ કે સમાજના કેટલાંક લોકો શિક્ષણને જીવન માટે ઉપયોગી હોવાનું માનતા નથી. આવા લોકો પોતાના બાળકોને કુટુંબની આવકમાં વૃધ્ધિ થાય, એ માટે તેઓને કામ ઉપર મોકલે છે. નિરક્ષરતા, અજ્ઞાનતા, ગરીબાઇ અને સામાજિક જીવન વગેરે બામજૂરીના અસ્તિત્વના મૂળમાં હોય છે. બાળમજૂરી ગરીબાઇને કાયમી બનાવે છે પણ એમાં ઘટાડો કરતી નથી. ગરીબ માબાપો પોતાની ખરાબ આર્થિક પરિસિથિતિથી વિવશ થઇ પોતાના બાળકોને અમનવીય આર્થિક શોષણના હવાલે કરે છે. એ નિર્વિવાદ છે કે મોટા ભાગના બાળમજૂરો ગરીબ પરિવારના, મહ્દંશે ગરીબી રેખા નીચેના (બીપીએલ) પરિવારના હોય છે.[૧]

વિકસિત થઇ રહેલ દેશોમાં અસંગઠિત ક્ષેત્રમાં ઘરે બેસીને ઉત્પાદન કરનાર બાળમજૂરોનું પ્રમાણ ખૂબ વ્યાપક છે. આમ છતાં, ઘરે બેસીને કામ કરતાં

---

[૧] N. Prasad Population Growth and Child Labour: The Indian Dilema, Kanishka Publishers, New Delhi: 2001, p. 124.

બાળમજૂરો વિશે ખૂબ જ ઓછી જાણકારી મળે છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (આઇએલઓ)ના ૧૭૭માં સંમેલને આવી પધ્ધતિની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે એવું કોઇ કાર્ય જે કોઇ વ્યક્તિ પોતાના ઘરમાં કે પોતાની પસંદગીના કોઇ સ્થળે, નોકરીદાતાના પોતાના કારખાનામાં જરૂરીયાત મુજબની વસ્તુનું ઉત્પાદન કરવાના બદલે, એનું ઉત્પાદન તે નોકરીદાતાની અથવા પોતાની સાધન-સામગ્રીથી, વેતન પર કે પ્રતિ નંગના દરે કરે છે. ફર્મ, વેપારી કે ઠેકેદાર માટે ઘરે બેસીને કરવામાં આવતા ઉત્પાદનને 'ઇન્ડસ્ટ્રીયલ આઉટવર્ક' કહેવામાં આવે છે. [૨]

નેશનલ સેમ્પલ સર્વેના ૫૫માં રાઉન્ડમાં પ્રથમ વખત જ અસંગઠિત બિન-કૃષિ સાહસોના કરવામાં આવેલ દેશવ્યાપી સર્વે (૧૯૯૯-૨૦૦૦) થી એ સ્પષ્ટ થાય છે કે એ ક્ષેત્રમાં શ્રમિકોની સંખ્યા ૭૯.૭ મિલયન હતી જેમાં ઘેર બેસીને કામ કરનાર સ્ત્રીઓની સંખ્યા ૩૦ મિલિનય હતી. ૨૦૦૪-૦૫માં એમની સંખ્યામાં નજીવો વધારો થયો પણ સ્ત્રીઓની સંખ્યામાં વૃધ્ધિ થઇ છે. [૩] ઘરે બેસીને કામ કરનાર શ્રમ બજારની, ખરેખર, એક લાક્ષણિકતા એ છે કે એમાં સ્ત્રીઓની વિશાળ બહુમતી છે.

બાળમજૂરી એ વ્યાપક પ્રમાણમાં અસ્તિત્વ ધરાવતું એક સામાજિક દૂષણ છે. એને કાયદાના માધ્યમથી નાથવાનું સહેલું અને શકય નથી. બાળમજૂરીની સમસ્યા મુખ્યત્વે સામાજિક - આર્થિક પરિસ્થિતિ સાથે ગાઢ રીતે સંકળાએલ છે. આથી એ સમસ્યાના નિરાકરણમાં " .......Social Protection is likely to more effective" [૪]

સામાજિક સંરક્ષણ વધુ અસરકારક પુરવાર થવાની શકયતા છે. બિન-સરકારી સંસ્થાઓ (એન.જી.ઓ.) એ સમાજની માનસિકતામાં પરિવર્તન લાવવા તેમજ ગરીબીને દૂર કરવા માટે ખૂબ જ સક્રિય રીતે પ્રવૃત્ત થવું પડશે.

---

[૨] M. Biggeri, S. Mehrotra, R. M. Sudershan, "Child Labour in Industrial Outworker Households in India, Economic & Political Weekly, Vol. XLIV, No. 12, March 21-27, 2009, p. 47.

[૩] એજન

[૪] એજન, ૫૫

**૨. બાળમજૂરીને નાથવામાં સક્રિય રીતે પ્રવૃત્ત એવી કેટલીક ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓની અત્રે રૂપરેખા આપી છે.**

૧ શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ રાજકોટ

૨ 'શૈશવ', ભાવનગર

૩ બાળકામદારો (છોકરીઓ)નું પુનઃ સ્થાપનઃ અમદાવાદ

### ૨.૧ શ્રી પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ રાજકોટ[૫]

